BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

# સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર - I

## MAECON 102
## CPIE02
## ECONMJ702



# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઇ.સ. 1994 માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વ વિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબા સાહેબ આંબેડકરની 125 મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOU ના સત્તા મંડળે પણ યુનિવર્સિટીના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડી રોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારિત્ર્યઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગરભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમતા પૂર્વક કરે છે. સમાજના વિશાળ વર્ગને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને પ્રવેશ મેળવતાં છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્ય પુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસ સામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખુ રચી, અભ્યાસ સામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કર કમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે, વિષય નિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘર સુધી શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન આપવા સાથે અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

અસ્તુ !

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**

**કુલપતિ**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર,**

**સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી અમદાવાદ**

| સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર – I ( Macroeconomics –I ) | | |
|---|---|---|
| **નિર્દેશન** | | પ્રો ડૉ યોગેન્દ્ર પારેખ, નિયામક સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોસીયલ સાયન્સીસ,<br>ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **સપાદક** | | ડૉ કૃતિ છાયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **સહસપાદક** | | ડૉ જીવરાજ ઝાંપડીયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ<br>ડૉ દિલીપચંદ્ર ચાવડા, આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **વિષય સમિતિ** | | ડૉ કૃતિ છાયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ<br>ડૉ ગૌરાંગ રામી, પ્રોફેસર અને હેડ, અર્થશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરત<br>ડૉ જી ડી ત્રિપાઠી, પ્રિન્સિપાલ, સી એન આર્ટસ અને બી ડી કોમર્સ કોલેજ, કડી<br>ડૉ મંજુલા લક્ષ્મણ, પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ<br>ડૉ વિજય ઝરીવાલા, એસોસિએટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, એસ પી યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર<br>ડૉ હિમાની જોશી, આસિસ્ટન્ટ પ્રોફેસર, સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝ, પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી, ગાંધીનગર<br>ડૉ રણીતા નાગર, પ્રોફેસર, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગર<br>ડૉ હિમાંશુ પટેલ, આસિસ્ટન્ટ પ્રોફેસર, સ્કૂલ ઓફ કમ્પ્યૂટર સાયન્સ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ<br>ડૉ ઓમ તેરૈયા, એસોસિએટ પ્રોફેસર, આત્મીય યુનિવર્સિટી, રાજકોટ<br>ડૉ મહેન્દ્ર મૈસુરિયા, એસોસિએટ પ્રોફેસર, સિટી સી યુ શાહ કોમર્સ કોલેજ, અમદાવાદ |
| **વિષય પરામર્શન** | | ડૉ મંજુલા લક્ષ્મણ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ<br>ડૉ સંગીતા ઘાટે, પ્રિન્સિપાલ, ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદ<br>ડૉ સુરેશ પરડવા, એસોસિએટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ<br>ડૉ ઈલા જયદેવ, એસોસિએટ પ્રોફેસર, એલ ડી આર્ટસ કોલેજ, અમદાવાદ |
| **લેખક** | | ડૉ મંજુલા લક્ષ્મણ, પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ<br>ડૉ સુનીતા ઠક્કર, આસિસ્ટન્ટ પ્રોફેસર, ડી એન પી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા<br>ડૉ જીજ્ઞેશ પુરબિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, એસ ડી આર્ટસ એન્ડ શાહ બી.આર.કોમર્સ કોલેજ, માણસા<br>ડૉ કેસર ચૌધરી, આસિસ્ટન્ટ પ્રોફેસર, રાષ્ટ્રભાષા આર્ટસ કોલેજ, અમદાવાદ<br>ડૉ મોહન પરમાર, એસોસિએટ પ્રોફેસર, શ્રી એચ કે આર્ટસ કોલેજ, અમદાવાદ<br>ડૉ નરેન્દ્ર પટેલ, આસિસ્ટન્ટ પ્રોફેસર, ભવન્સ શેઠ આર એ કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ, અમદાવાદ<br>ડૉ પ્રકાશ જી પટેલ, આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી એચ કે આર્ટસ કોલેજ, અમદાવાદ<br>ડૉ સંજય પંડ્યા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ<br>ડૉ શૈલેશ ચાવડા, આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી કે એચ માધવાણી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પોરબંદર<br>ડૉ વિજય ઝરીવાલા, એસોસિએટ પ્રોફેસર, એસ પી યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર<br>ડૉ કૈલાશ ભોયે, આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| **ભાષા પરામર્શન** | | ડૉ એ એ શેખ, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, જાદર, તાલુકો ઈડર, બનાસકાંઠા |
| **પ્રકાશક** | | કુલસચિવ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **આવૃત્તિ** | | 2025 |
| **ISBN** | | 978-93-5598-817-1 |


**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે જેના સર્વાધિકાર સુરક્ષિત છે આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે

## Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad
## Syllabus of Macroeconomics

| Sr. No. | Unit Name | Included points |
|---|---|---|
| 1. | Introduction to Macro economics | Concept of Macroeconomics, importance of Macroeconomics study, main variables, different schools of thought, introduction of various macroeconomic variables in reference to India |
| 2. | National Income | Meaning of National Income, Important concepts of National Income, Circular floe of National Income, monetary and real National Income, Per capita income, reference of India |
| 3. | Measurement of National Income | Measurement of National Income, problems in National Income measurement, factors affecting National Income |
| 4. | Circular flow of National Income | Concept of circular flow, stages of circular flow, circular flow and National Income |
| 5. | Consumption function: Keynsian Approach | Concept of Consumption function, Keynes approach to consumption function, limitations of Keynesian approach |
| 6. | Consumption: Theories | Concept of propensity to consume, marginal, average, factors affecting propensity to consume, relative income, permanent income, lifecycle hypothesis |
| 7. | Savings and Investment: Classical and Keynsian Approach | Classical approach to savings and investment, criticism, Keynesian approach for savings And investment, Investment function, factors affecting investment |
| 8. | Marginal Efficiency of capital: | Concept, measurement, factors affecting MEC |
| 9. | Marginal Efficiency of capital and Investment: Short run, long run | Marginal efficiency of capital and marginal efficiency of investment- meaning, difference, affecting factors |
| 10. | Impact of Inflation | Meaning of inflation, Effects of inflation on savings and Investment, concept of Keynesian multiplier and acceleration, relation between multiplier and acceleration. |
| 11. | Supply of Money-I | Concept of Money supply, components of money supply, RBI definition of Money supply, Measures of money supply |
| 12. | Supply of Money-II | High power money, money-multiplier, money supply in India and budget deficit |
| 13. | Monetary policy- I | Monetary policy- meaning, importance, objectives, evaluation of Monetary policy |
| 14. | Monetary policy- II | Instruments of Monetary policy, India’s current monetary policy |

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી

## સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર  અભ્યાસક્રમ

| ક્રમ | એકમ શીર્ષક | સમાવિષ્ટ મુદ્દાઓ |
|---|---|---|
| 1. | સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો પરિચય | સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો ખ્યાલ, મહત્વ, મુખ્ય ચલો, ભિન્ન વિચારશાખાઓ, ભારતીય અર્થતંત્રના સમગ્રલક્ષી ચલોનો પરિચય |
| 2. | રાષ્ટ્રીય આવક | રાષ્ટ્રીય આવકનો અર્થ, રાષ્ટ્રીય આવકના મહત્વના ખ્યાલો, રાષ્ટ્રીય આવકનો ચક્રીય પ્રવાહ, નાણાંકીય અને વાસ્તવિક રાષ્ટ્રીય આવક, ભારતની રાષ્ટ્રીય અને માથાદીઠ આવક |
| 3. | રાષ્ટ્રીય આવકનું માપન | રાષ્ટ્રીય આવક માપવાની પદ્ધતિ, રાષ્ટ્રીય આવકની ગણતરીની મુશ્કેલીઓ, રાષ્ટ્રીય આવકને અસર કરતાં પરિબળો |
| 4. | રાષ્ટ્રીય આવકનો ચક્રીય પ્રવાહ | ચક્રીય પ્રવાહની વિભાવના, ચક્રીય પ્રવાહના તબક્કાઓ, તબક્કાના પ્રકાર, ચક્રીય પ્રવાહ અને રાષ્ટ્રીય આવક |
| 5. | ઉપભોગવિધેય: કેઇન્સિયન અભિગમ | ઉપભોગવિધેયનો ખ્યાલ, કેઇન્સનો ઉપભોગવિધેયનો અભિગમ, કેઇન્સના ઉપભોગ વિધેયના અભિગમની મર્યાદાઓ, |
| 6. | વપરાશના સિદ્ધાંતો | વપરાશવૃત્તિનો ખ્યાલ, સીમાંત, સરેરાશ, વાપ્રશ્રુત્તિને અસર કરતાં પરિબળો, સાપેક્ષ આવક અને કાયમી આવકના ખ્યાલ, જીવનચક્ર પરિકલ્પના |
| 7. | બચત અને રોકાણ: પ્રશિષ્ટ અને કેઇન્સિયન અભિગમ | બચત અને રોકાણ અંગેનો પ્રશિષ્ટ ખ્યાલ, સમીક્ષા; બચત અને રોકાણ અંગે કેઇન્સના વિચારો, કેઇન્સનું રોકાણ વિધેય, રોકાણને અસર કરતાં પરિબળો |
| 8. | મૂડીની સીમાંત કાર્યક્ષમતા | ખ્યાલ, માપન, મૂડીની સીમાંત કાર્યક્ષમતાને અસર કરતાં પરિબળો |
| 9. | મૂડીની સીમાંત કાર્યક્ષમતા અને રોકાણ | મૂડીની સીમાંત કાર્યક્ષમતા અને રોકાણની કાર્યક્ષમતા- અર્થ, તફાવત, અસર કરતાં પરિબળો |
| 10. | ફુગાવાની અસરો | ફુગાવાનો અર્થ, અસરો- બચત અને રોકાણ ઉપરની અસરો, કેઇન્સનો રોકાણ ગુણક અને ગતિવર્ધનનો ખ્યાલ; ગુણક અને ગતિવર્ધન વચ્ચેનો સંબંધ |
| 11. | નાણાંનો પુરવઠો-I | નાણાના પુરવ્થાનો ખ્યાલ, ઘટકો, નાણાના પુરવઠા અંગે રિઝર્વ બેંકના ખ્યાલો, નાણાના પુરવઠાના માપદંડો |
| 12. | નાણાંનો પુરવઠો –II | ઉચ્ચશક્તિ નાણું, નાણા ગુણકનો ખ્યાલ, નાણા ગુણકની રચના, આકૃતિ દ્વારા રજૂઆત, ભારતના સંદર્ભમાં નાણાંનો પુરવઠો અને અંદાજપત્રીય ખાધ |
| 13. | નાણાકીય નીતિ- I | નાણાંકીય નીતિ: અર્થ, મહત્વ, નાણાંકીય નીતિના હેતુઓ, નાણાંકીય નીતિનું મૂલ્યાંકન |
| 14. | નાણાંકીય નીતિ –II | નાણાંકીય નીતિનાં શાખનિયંત્રણના સાધનોનો પરિચય, ભારતની વર્તમાન નાણાંકીય નીતિ |

BAOU Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

## સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર


| એકમ નંબર | એકમનું નામ | પેજ નંબર |
|---|---|---|
| | **બ્લોક – 1 રાષ્ટ્રીય આવક** | |
| એકમ-1 | સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો પરિચય | 1 |
| એકમ-2 | રાષ્ટ્રીય આવક | 15 |
| એકમ-3 | રાષ્ટ્રીય આવકની માપણી | 29 |
| એકમ-4 | રાષ્ટ્રીય આવકનો ચક્રિય પ્રવાહ | 44 |
| | **બ્લોક – 2 ઉપભોગ વિધેય અને મૂડીરોકાણ** | |
| એકમ-5 | ઉપભોગ વિધેય | 56 |
| એકમ-6 | વપરાશવૃત્તિ | 70 |
| એકમ-7 | બચત અને રોકાણ | 93 |
| એકમ-8 | મૂડીની સીમાંત કાર્યક્ષમતા | 111 |
| એકમ-9 | મૂડીની સીમાંત કાર્યક્ષમતા અને રોકાણ | 119 |
| | **બ્લોક – 3 નાણાનો પુરવઠો** | |
| એકમ-10 | ફુગાવાની અસરો | 127 |
| એકમ-11 | નાણાનો પુરવઠો - I | 148 |
| એકમ-12 | નાણાનો પુરવઠો- II | 162 |
| એકમ-13 | નાણાંકીય નીતિ - **I** | 175 |
| એકમ-14 | નાણાંકીય નીતિ - **II** | 185 |

# એકમ - 1 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો પરિચય

-: રૂપરેખા :-

**1.0 ઉદ્દેશો**

**1.1 પ્રસ્તાવના**

**1.2 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રની વિભાવના**

**1.3 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું મહત્ત્વ**

**1.4 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના મુખ્ય ચલો**

**1.5 સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર અંગેની ભિન્ન વિચાર શાખાઓ**

**1.6 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો અલગ અભ્યાસ શા માટે ?**

**1.7 ભારતીય અર્થતંત્રના સમગ્રલક્ષી પરિચય**

**1.8 સારાંશ**

**1.9 ચાવીરૂપ શબ્દો**

**1.10 તમારી પ્રગતિ ચકાસો**

❖ **ઉપયોગી વાચન સંદર્ભ**

❖ **તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

## 1.0 ઉદ્દેશો

*આ એકમના અભ્યાસ પછી તમે શીખશો.*

- *પ્રસ્તુત એકમમાં સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના વિકાસ અને ભિન્ન આર્થિક વિચારશાખાઓના યોગદાનને સમજાવવાનો છે.*
- *સમગ્રલક્ષી અર્થશાસ્ત્રની વિભાવના, સ્વરૂપ અને કાર્યક્ષેત્ર સ્પષ્ટ કરવું.*
- *સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું મહત્ત્વ અને એકમલક્ષી અર્થશાસ્ત્ર સાથે તુલનાત્મક સમજૂતી આપવી.*

## 1.1 પ્રસ્તાવના

*સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર* (Macro Economics) *વિચારશાખા એ અર્થશાસ્ત્રની એવી શાખા છે, જે સમગ્ર આર્થિક ચલો અને તેમાં આવતા પરિવર્તનનો અભ્યાસ કરે છે. જેમ કે એકમલક્ષી અર્થશાસ્ત્ર વ્યક્તિગત ગ્રાહક અને પેઢીની આર્થિક વર્તણૂકનો અભ્યાસ કરે છે કે ચોક્કસ વસ્તુની વધતી કિંમતો સાથે ગ્રાહકની માંગ કેવી રહેશે અથવા પેઢી કેટલો પુરવઠો બજારમાં મૂકશે, તેઓના વ્યક્તિગત આર્થિક નિર્ણયની સાથે ગ્રહકનો તુષ્ટિગુણ અથવા પેઢીના નફાની સ્થિતિનું માપન કરે છે. જ્યારે અસંખ્ય ગ્રાહકોની માંગનો સરવાળો કરીએ ત્યારે કુલ માંગ બને છે જેને બ્રિટિશ અર્થશાસ્ત્રી જોન મેનાર્ડ કેઈન્સ અસરકારક માંગ* (Aggregate demand) *તરીકે ઓળખાવે છે. સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના અલગ અભ્યાસ માટે કેઈન્સે* 1936*માં રજૂઆત કરી હતી. ત્યારબાદ સમગ્ર આર્થિક ચલોના અલગ અભ્યાસનો ઉપક્રમ શરૂ થયો અને ભિન્ન આર્થિક વિચારશાખાઓ ઉદ્દભવી જેમકે કેઈન્સવાદી અર્થશાસ્ત્ર*

(Keynesian Economics) *કેઈન્સોત્તર અર્થશાસ્ત્ર* (Post- Keynesian), *નાણાંવાદ* (Monetarism), *પુરવઠાનું અર્થશાસ્ત્ર* (Supply-side Economics). *તાર્કિક અપેક્ષાઓના સિદ્ધાંતોએ* (Rational Expectation Theory) *સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના વિકાસમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે.*

*અર્થશાસ્ત્રનો પાયો* 1776*માં સ્કોટીશ અર્થશાસ્ત્રી એડમ સ્મિથે રાષ્ટ્રોની સંપત્તિ'નામના ગ્રંથ વડે નાખ્યો. ત્યાર બાદ ડેવિડ રિકાર્ડો, જેમ્સ મિલ, માલ્થસ, જે. બી. સે, જોર્જ મિલ વગેરે અર્થશાસ્ત્રીઓએ તેઓના વિવિધ સિદ્ધાંતો વડે અર્થશાસ્ત્રમાં યોગદાન આપ્યું જેને શિષ્ટ અર્થશાસ્ત્ર તરીકે ઓળખવામાં આવે છે. આલ્ફ્રેડ માર્શલ* (1842-1924*)ના* 1890*માં પ્રસિદ્ધ થયેલ ગ્રંથ* "The Principles of Economics" *દ્વારા અર્થશાસ્ત્રને વિજ્ઞાનની હરોળમાં સ્થાન અપાવ્યું. જેમાં માંગ અને પુરવઠો, માંગનું આંકડાકીય અને આલેખમાં રજૂઆત, માંગણી મૂલ્યસપેક્ષતા, ગ્રહકનો સંતોષ વગેરે. બીજા શબ્દોમાં કહીએ તો માર્શલે એકમલક્ષી અર્થશાસ્ત્રનો પાયો નાખ્યો. જોકે માર્શલ સાથે અન્ય અર્થશાસ્ત્રીઓએ પણ ભિન્ન આર્થિક વર્તણૂકને સમજવા માટે એકમલક્ષી અર્થશાસ્ત્રમાં વિવિધ સિદ્ધાંતો રજૂ કર્યા.*

*પરંતુ એકમલક્ષી અર્થશાસ્ત્રની મર્યાદાઓ* 1929*માં જોવા મળી. જ્યારે યુરોપના રાષ્ટ્રો ખાસ કરીને બ્રિટન, જર્મની, ફ્રાંસ, પોલેન્ડ, વગેરે દેશો અને યુએસએમાં મંદી* (Economic Recession/depression)*ની ઘટના ઉપસ્થિત થઈ. મંદી એવી આર્થિક રાષ્ટ્રીય ઘટના છે જે સમગ્ર રાષ્ટ્રમાં ઘટતું મૂડીરોકાણ, ઉત્પાદન, રોજગારી, આવકો અને માંગમાં અચાનક ; ઘટાડાની પ્રક્રિયા સૂચવે છે. અહી વ્યક્તિ કે પેઢી નહીં પણ સમગ્ર રાષ્ટ્રની કુલ માંગ અને કુલ પુરવઠા, કુલ બચતો, કુલ મૂડીરોકાણ, કુલ રોજગારીમાં થતાં સતત ઘટાડો છે. જેનાથી રાષ્ટ્રની આવકમાં ઘટાડો થાય છે અને આર્થિક નિરાશા, ગરીબી અને શ્રમિકવર્ગ, સામાન્ય નાગરિકોની આર્થિક બેહાલી વધે છે. સતત વધતી મંદીને અટકાવવાના નીતિગત પ્રયાસો પણ કારગર ન નીવડ્યા. મંદીને ખાળવાના ઉકેલ કેઈન્સના બહુચર્ચિત ગ્રંથ* "Theory of Employment, Interest and Money" (1936)*દ્વારા મળ્યો. આ પુસ્તકોમાં કેઈન્સે સમગ્ર અર્થતંત્રના સંદર્ભે રાષ્ટ્રીય આવક, કુલ રોજગારી, કુલ મૂડીરોકાણ, કુલ બચતો અને કુલ વપરાશી ખર્ચનું વિશ્લેષણ કરીને દર્શાવ્યું કે કોઈ રાષ્ટ્રે સતત આર્થિક વૃદ્ધિ કરવા માટે રાજ્યનો અર્થતંત્રમાં હસ્તક્ષેપ આવશ્યક છે. આમ સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર આર્થિક વિચારશાખાનો વિકાસ થયો. ત્યારબાદ જ્હોન હિક્સ, મિલ્ટન ફ્રીડમેન, જેમ્સ ટોબિન, એ.ડબલ્યુ. ફિલિપ્સ, એડમન્ડ ફેલ્પ્સ, રોબર્ટ લુકાસ, ટી.જે. સાર્જન્ટ, રોબર્ટ બેરોસ અને અન્યોએ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં યોગદાન આપ્યું છે. નાણાં અને આર્થિક અપેક્ષાઓના સિદ્ધાંત લુકાસ, સાર્જન્ટ અને બેરોસે આપ્યા જેમને નવ-કેઈન્સ અર્થશાસ્ત્રીઓ કહેવામાં આવે છે.*

*એડમ સ્મિથ સ્કોટલેન્ડની ગ્લાસગો વિશ્વવિદ્યાલયમાં નીતિશાસ્ત્ર* (moral philosophy)*નું અધ્યાપન કાર્ય સતત તેર વર્ષ સુધી કર્યું. ત્યારબાદ ત્યાંથી રાજીનામું આપીને યૂરોપમાં ખાસ કરીને ફ્રાન્સમાં ભ્રમણ કરીને વિવિધ દર્શનિકો સાથે પરામર્શન કર્યું. ત્રણ વર્ષ બાદ પોતાના દેશ અને ગામમાં એકાંતવાસ સાધીને* An Inquiry into the Nature and Causes of the Wealth of Nations*પુસ્તક પ્રસિદ્ધ કર્યું. જે તૈયાર કરવામાં દસ વર્ષ લાગ્યા હતા. આ ગ્રંથ પ્રસિદ્ધ થયાં બાદ એડમ સ્મિથ અર્થશાસ્ત્રના પિતા તરીકે ઓળખાયા. એડમ સ્મિથે તેમના સમગ્ર જીવનગાળામાં માત્ર બે જ ગ્રંથો પ્રસિદ્ધ કર્યા હતા.*

## 1. 2 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રની વિભાવના

*સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર એ અર્થતંત્રના કુલ અથવા સરેરાશ આર્થિક ચલોનો અભ્યાસ કરે છે. જેમ કે કુલ રોજગારી, રાષ્ટ્રીય આવક, રાષ્ટ્રીય ઉત્પાદન, કુલ મૂડીરોકાણ, કુલ વપરાશી ખર્ચ, કુલ બચતો, અસરકારક પુરવઠો અને અસરકારક માંગ, સામાન્ય ભવ સપાટી, ફુગાવો, મંદી-તેજી, વેતન દરો વગેરે. બીજા શબ્દોમાં કહીએ તો સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર એ અર્થતંત્રમાં વિવિધ પ્રકારના ચલોના પરસ્પર સંબંધો, કારણો-અસરો અને તે સંબંધિત નીતિઓનો અભ્યાસ કરે છે. પ્રો. એકલેના મતે "સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર એ બૃહદ સ્વરૂપની આર્થિક ઘટનાઓનો અભ્યાસ કરે છે, જે સમગ્ર આર્થિક જીવનના પરિમાણોને પ્રભાવિત કરે છે, તેની પ્રક્રિયાને એક વિશાળકાય હાથી સાથે સરખાવી શકાય" સમગ્રલક્ષી અર્થશાસ્ત્રને રાષ્ટ્રીય આવક અને રોજગારીના શાસ્ત્ર તરીકે પણ ઓળખવામાં આવે છે. તે બેરોજગારીની સમસ્યા, આર્થિક અસ્થિરતા, ફુગાવો અથવા ઘટતા ભાવો, આંતરરાષ્ટ્રીય વ્યાપાર અને આર્થિક વૃદ્ધિ સંબંધિત પ્રશ્નો સાથે જોડાયેલ છે. સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર એ એકમલક્ષી અર્થશાસ્ત્રથી સંપૂર્ણ ભિન્ન છે, એકમલક્ષી અર્થશાસ્ત્ર વ્યક્તિગત આર્થિક વર્તણૂક-પ્રવૃત્તિઓનો અભ્યાસ કરે છે, જ્યારે સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર રાષ્ટ્રના નાગરિકોની આર્થિક વર્તણૂક-પ્રવૃત્તિનો અભ્યાસ કરે છે. જેમ કે ભારતમાં ફુગાવો (જથ્થાબંધ ભાવસૂચક આંક અને ગ્રાહક ભાવસૂચક આંક) વધતો હોય તો ભારતીય મધ્યસ્થ બેંક તેના ઉપર નિયંત્રણ લેવા માટે નાણાંકીય પગલાં સ્વરૂપે બેંક રેટ વધારી દેશે, જેથી વ્યાપારી બેંકો દ્વારા અપાતી લોન મોંઘી બને (બેંક વ્યાજ દર વધારશે). જેથી અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો ઘટે અને અસરકારક માંગ ઘટે. આમ ભાવસપાટીને નિયંત્રણમાં લેવા માટે ઘણા પરિબળોમાં ફેરફારો અને તેની પરસ્પર આંતર અસરો એક-બીજાને પ્રભાવિત કરે છે.*

## 1.3 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું મહત્ત્વ

*સૈદ્ધાંતિક અને વ્યાવહારિક રીતે સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વિશેષ મહત્ત્વ ધરાવે છે, જે આ મુજબ છે.*

### 1.3.1 અર્થતંત્રની સ્થિતિ જાણી શકાય છે.

*સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર દ્વારા દેશની રાષ્ટ્રીય આવક, ઉત્પાદન, રોજગારીનું સ્તર, સામાન્ય ભાવ સપાટી વગેરેની આંકડાકીય પદ્ધતિસરની માહિતીને આધારે અર્થતંત્રની આર્થિક સ્થિતિ અને પ્રશ્ન જાણી શકાય છે. તેમજ જો પ્રશ્ન હોય તો તેના નિવારણ માટેના પગલાઓ લઈ શકાય છે.*

### 1.3.2 સમગ્રલક્ષી આર્થિક નીતિ અર્થતંત્ર માટે ઉપયોગી બને છે.

*વિકસતા દેશો વિશેષરૂપે વિકાસ સંબંધિત પડકારોનો સામનો કરતાં હોય છે. વિદેશ વ્યાપાર ખાધ, ફુગાવો, મૂડીની અપર્યાપ્તતા, વિદેશી દેવું વગેરે આવા સંજોગોમાં રાજકીય સમગ્રલક્ષી આર્થિક નીતિઓ અર્થતંત્રના વિકાસ માટે મહત્ત્વ ની ભૂમિકા ભજવે છે. તેવી જ રીતે વિકસિત રાષ્ટ્રોને નીચા વૃદ્ધિદર, અસરકારક માંગમાં નીચો વૃદ્ધિદર સાથે મંદીનો ભય તોળાતો રહે છે, ત્યારે મંદીને નિવારવા માટેની સમગ્રલક્ષી નીતિ અર્થતંત્રને અનિશ્ચિતતાઓથી રક્ષણ આપે છે અને સ્થિરતા સાથેના વિકાસને શક્ય બનાવે છે.*

### 1.3.3 સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વ્યક્તિગત નહીં પરંતુ સામુહિક આર્થિક વર્તણૂકને પ્રભાવિત કરે છે.

*જૉન મેનાર્ડ કેઈન્સના મતે વ્યક્તિગત બચત વ્યક્તિના લાભમાં છે. પરંતુ સમગ્ર અર્થતંત્ર માટે નુકશાનકારક છે. વ્યક્તિગત આર્થિક નિર્ણયો સમગ્ર અર્થતંત્ર માટે હમેંશા હકારાત્મક અસર કરતા હોતા નથી. પેઢી માત્ર અસાધારણ નફો જ પ્રાપ્ત થતો હોય તેવી વસ્તુઓમાં મૂડીરોકાણ વધારશે. પરંતુ તે કઈ વસ્તુનું ઉત્પાદન વધારે છે તે સમજવું જરૂરી બને. જો તે મોજશોખની કે વૈભવી વસ્તુઓમાં લોન લઈને મૂડીરોકાણ વધારે તો જીવન જરૂરી ચીજવસ્તુઓ ઉત્પાદન કરતી પેઢીઓને ઓછી લોન પ્રાપ્ત થશે. તેમાં મૂડીરોકાણ ઘટશે અને ફુગાવો વધશે. જે સમગ્ર દેશના મધ્યમવર્ગ અને નીચી આવક ધરાવતા અને ગરીબ વર્ગની આર્થિક તકલીફો વધારશે. આવા સંજોગોમાં નાણાંકીય પગલાઓ વડે મૂડીરોકાણના સ્વરૂપ ઉપર અસર પાડી શકાય છે. પરંતુ સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર દ્વારા સામૂહિક વર્તણૂક અને તેની અસરો વધુ મહત્ત્વની બને છે.*

## 1.4 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના મુખ્ય ચલો

*પ્રસ્તુત વિભાગમાં આપણે સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં પ્રયોજાતા ભિન્ન આર્થિક ચલોની સમજૂતી મેળવીશું. સમગ્ર અર્થશાસ્ત્રમાં મહત્ત્વના ચલો છે રાષ્ટ્રીય આવક, ચોખ્ખી આવક, વપરાશ, બચત વગેરે. કેટલીકવાર બે ચલોના ગુણોત્તરને પોતાનામાં એક ચલ તરીકે ગણવામાં આવે છે. દા.ત., વપરાશ/રાષ્ટ્રીય આવક એક અલગ ચલ છે, જેમ કેવપરાશ કરવાની સરેરાશ વૃત્તિ. ચલો વાસ્તવિક અથવા નામાંકિત હોઈ શકે છે. નામાંકિત ચલો તે છે જે નાણાંના સંદર્ભમાં દર્શાવવામાં આવે છે. સામાન્ય રીતે વર્તમાન કિંમતોના સંદર્ભમાં. વાસ્તવિક ચલો તે છે જે વાસ્તવિક શબ્દોમાં અથવા સતત ભાવમાં વ્યક્ત કરવામાં આવે છે. જેનો અર્થ છે કે તેઓ ભાવ સ્તરમાં સંભવિત વધઘટ માટે 'ડિફ્લેટેડ' અથવા સુધારેલ છે. વપરાયેલ ડિફ્લેટેડ સામાન્ય રીતે સામાન્ય ભાવ સ્તર હોય છે. ચલો જથ્થો અથવા પ્રવાહ સ્વરૂપે હોઈ શકે છે.જથ્થો એક ચલ જે ચોક્કસ સમયે આપેલ જથ્થાને માપે છે. દા.ત. એક પેઢી નાણાંકીય વર્ષમાં જુદા જુદા સમયગાળામાં ઉત્પાદિત કરેલ વસ્તુનો જથ્થાનું પ્રમાણ, નાણાંકીય મૂલ્ય અથવા પ્રાપ્ત કરેલ નફો વગેરે અથવા અર્થતંત્રમાં સરકારે અંદાજપત્રમાં કરેલ વિકાસ આયોજન માટે ફાળવેલ નાણાંકીય સંસાધનોનું પ્રમાણ વગેરે. અહીં કેટલાક મહત્ત્વ પૂર્ણ સમગ્રલક્ષી ચલો નીચે મુજબ છે.*

### 1.4.1 રાષ્ટ્રીય આવક (National Income)અને રોજગારી

*કોઈ પણ રાષ્ટ્રની વાર્ષિક રાષ્ટ્રીય આવકના આધારે અર્થતંત્રની તંદુરસ્તી જાણી શકાય છે. જો રાષ્ટ્રીય આવકમાં સતત વધારો થઈ રહ્યો હોય તો આર્થિક વિકાસ થઈ રહ્યો છે તેમ કહેવાય. આર્થિક વિકાસને માપવા માટેનો રાષ્ટ્રીય આવક એક મહત્ત્વનો માપદંડ છે. કેઈન્સે ધી જનરલ થિયરીમાં રાષ્ટ્રીય આવકની વિગતે સમજૂતી આપી છે. હરિફાઈવાળા અર્થતંત્રમાં રાષ્ટ્રીય આવક કેવી રીતે રોજગારી, મૂડીરોકાણ અને અસરકારક માંગને પ્રભાવિત કરે છે. ટૂંકા ગાળામાં અસરકારક પુરવઠામાં ફેરફાર કરી શકાતો નથી. આથી અસરકારક માંગમાં વધારો કરીને રાષ્ટ્રીય આવક અને રોજગારીમાં વધારો કરી શકાય છે. વિશ્વ બેંક વિશ્વના દેશોને માથાદીઠ રાષ્ટ્રીય આવકના આધારે રાષ્ટ્રોની વિકાસની કક્ષા નક્કી કરે છે. જેમકે ઊંચી આવકવાળા રાષ્ટ્રો અને નીચી આવક ધરાવતા રાષ્ટ્રો.આમ, સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર રાષ્ટ્રીય આવકની વિસ્તૃત ચર્ચા કરે છે.*

- **નાણાંનો પુરવઠો, કુલ માંગ અને કુલ મૂડીરોકાણ, વપરાશી ખર્ચ**

*આધુનિક સમયમાં અર્થતંત્ર નાણાં આધારિત વિનિમય વ્યવસ્થા વડે ચાલે છે. નાણાંનો પુરવઠો સામાન્ય રીતે સરકાર અને તે રાષ્ટ્રની મધ્યસ્થ બેંકના કાર્યક્ષેત્રમાં આવે છે. નાણાં આધારિત અર્થતંત્રોમાં નાણાંના પુરવઠામાં થતાં ફેરફારની સમગ્ર અર્થતંત્રની સામાન્ય ભાવ સપાટી, મૂડી રોકાણ, બચતો, ઉત્પાદનની તરાહ, રોજગારી અને રાષ્ટ્રીય આવક ઉપર પડે છે. સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના કાર્યક્ષેત્રમાં નાણાં પુરવઠો, તેના ઘટકો, તેમાં થતાં ફેરફારોની અસરોને તપાસવામાં આવે છે.*

### 1.4.2 સામાન્ય ભાવ સપાટી અને ફુગાવો

*સામાન્ય ભાવ સપાટી અથવા ફુગાવો એ સમગ્રલક્ષી સ્વરૂપ ધરાવે છે. જ્યારે પેટ્રોલ કે ડીઝલ જેવા મહત્ત્વના ઈંધણના આંતરરાષ્ટ્રીય ભાવોમાં વધારો થાય તો સમગ્ર અર્થતંત્રમાં વિવિધ વસ્તુઓ અને સેવાઓના ભાવમાં વધારો થાય છે. જેને ફુગાવા તરીકે ઓળખવામાં આવે છે. ફુગાવો જથ્થાબંધ અને છૂટક એમ બે માપોમાં હોય છે. ફુગાવામાં લોકોની ખરીદશક્તિ ઘટી જે છે. બાંધી આવક ધરાવનાર જીવન જરૂરી વસ્તુઓ ખરીદી શકતા નથી. આથી અર્થતંત્રમાં ગરીબી અને આર્થિક સમસ્યામાં વધારો થાય છે. ફુગાવાને નિવારવા માટેના નાણાકીય નીતિ અને રાજકોષીય નીતિ હેઠળ સરકાર દ્વારા પગલાંઓ લેવામાં આવે છે.*

### 1.4.3 વ્યાપાર ચક્ર

*વ્યાપાર ચક્ર એ અર્થતંત્રમાં તેજી અને મંદીની ઘટમાળ સૂચવે છે. વિશેષ કરીને મુક્ત હરીફાઈવાળા મૂડીવાદી અર્થતંત્ર ધરાવતા રાષ્ટ્રોમાં મંદીની ભીતિ સતત રહેતી હોય છે. યુરોપના વિકસિત રાષ્ટ્રોમાં* 1936 *અને* 2008*ની મંદીએ અર્થતંત્રોમાં વ્યાપક બેરોજગારીનું સર્જન કરી રાષ્ટ્રીય આવકને ઘટાડી દીધી હતી. તેજી એ અર્થતંત્રમાં સતત વધતાં મૂડીરોકાણ, સામાન્ય ભાવો, રાષ્ટ્રીય આવક અને રોજગારીમાં વધારો સૂચવે છે.*

### 1.4.4 આંતરરાષ્ટ્રીય વ્યાપાર અને વિનિમય દર

*કોઈ દેશનો વિશ્વના અન્ય દેશો સાથે વસ્તુઓ-સેવાઓનો વ્યાપાર થાય છે. જેનું આંતરરાષ્ટ્રીય ચલણ હોય છે. આ વ્યાપારમાં આયાત ચૂકવણી અને નિકાસ કમાણી થાય તેના તફાવતને લેણદેણની તુલા સ્વરૂપે માપવામાં આવે છે. જો લેણદેણની તુલા પુરાંતવાળી હોય તો અર્થતંત્ર માટે સારી બાબત ગણાય તેવી જ રીતે દેશો અન્ય દેશો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ (જેમકે વિશ્વ બેંક, એશિયન ડેવલપમેંટ બેંક વગેરે) પાસેથી વિકાસ આયોજન માટે લોન અથવા અનુદાન ટેકનોલોજી, નાણાં અથવા તજજ્ઞો દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરે છે. જેની પણ દેશના આર્થિક વિકાસ ઉપર નોંધપાત્ર અસર પડે છે. જેમકે સ્વતંત્ર થયા બાદ ભારત દેશે આયોજિત વિકાસ માટે વિશ્વના ધનિક રાષ્ટ્રો અને સંસ્થાઓ પાસેથી મોટા પ્રમાણમાં લોન અને સહાય મેળવી હતી, જેના કારણે ભારતના આંતર માળખાકીય સેવાઓમાં વધારો થયો અને વિકાસને ગતિ મળી. સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં આંતરરાષ્ટ્રીય સંબંધો અને તેની અસરોનો અભ્યાસ કરવામાં આવે છે.*

### 1.4.5 આર્થિક વૃદ્ધિ

*આર્થિક વૃદ્ધિ એ આર્થિક વિકાસની પૂર્વ શરત છે. સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર એ રાષ્ટ્રના અર્થતંત્રના ભિન્ન સમગ્રલક્ષી પાસઓનો અભ્યાસ કરે છે. જે પરસ્પર સંકળાયેલા છે અને એકબીજાને પ્રભાવિત કરે છે અને તે આર્થિક વૃદ્ધિ અને વિકાસમાં પરિણામે છે. સામાન્ય રીતે આર્થિક વૃદ્ધિ દેશની રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવક દ્વારા માપવામાં આવે છે. આ સાથે ટેકનોલોજીમાં ફેરફાર, બચતમાં ફેરફાર, નવા વિચારો, નિયોજક કુશળતા, શ્રમ કુશળતામાં વધારો આર્થિક વૃદ્ધિને પ્રત્યક્ષ વધારો કરે છે. કોઈ પણ દેશ વિકસિત કે વિકસતા, મૂડીવાદી, સમાજવાદી કે સામ્યવાદી આર્થિક પદ્ધતિ ધરાવતા દેશો માટે સતત આર્થિક વૃદ્ધિ પ્રાપ્ત કરવાનું મુખ્ય ધ્યેય હોય છે. આ માટે તેઓ નીતિ, આયોજન અને સાધન ફાળવણી અંગેના સમગ્રલક્ષી નિર્ણયો લેતા હોય છે.*

## 1.5 સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર અંગેની ભિન્ન વિચારશાખાઓ

*સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના મુખ્યત્વે ચાર અભિગમો ધરાવતી આર્થિક વિચારશાખાઓ છે* (1)*કેઈન્સવાદી અર્થશાસ્ત્ર* (2)*નાણાંવાદ* (3) *પુરવઠાભિમુખ અર્થશાસ્ત્ર અને* (4)*તાર્કિક અપેક્ષાઓનો અભિગમ*

### 1.5.1 કેઈન્સવાદી અર્થશાસ્ત્ર

*કેઈન્સવાદી અર્થશાસ્ત્રનો યશ બ્રિટિશ અર્થશાસ્ત્રી જોર્જ મેનાર્ડ કેઈન્સના ફાળે જાય છે.* 1929-30*ની વૈશ્વિક મંદી સર્જનના કારણો અને તેના ઉકેલ તેમણે આપ્યો હતો. વૈશ્વિક મંદી અંગે તેઓ એ નિષ્કર્ષ ઉપર આવ્યા કે મંદીનું મૂળ કરણ અસરકારક માંગમાં થયેલો ઘટાડો છે. અસરકારક માંગમાં ઘટાડા પાછળ ઘટતું સીમાંત વપરાશી ખર્ચ અને વ્યક્તિગત બચતવૃત્તિમાં થયેલો વધારો જવાબદાર હતા.* 1936 *માં તેમના પ્રસિદ્ધ ગ્રંથ* "The General Theory of Employment Interest & Money" *મૂળ તો સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના પાયા સમાન છે. અર્થતંત્રમાં મંદી દૂર કરવા માટે તેમણે મુક્ત હરીફાઈવાળા અર્થતંત્રમાં રાજ્યના હસ્તક્ષેપની ભલામણ કરીને 'ખાધપુરક અંદાજપત્રક'ની ભલામણ કરી, સ્થાપિત કર્યું કે મંદી નિવારણ માટે રાજ્ય અર્થતંત્રમાં જાહેર ખર્ચ વધારીને અસરકારક માંગમાં વધારો કરી શકે છે. જે રોજગારી અને રાષ્ટ્રીય આવકમાં વધારા તરફ લઈ જશે.*

### 1.5.2 નાણાંવાદ

*નાણાંવાદનો ઉદ્ભવ અમેરિકન અર્થશાસ્ત્રી મિલ્ટન ફ્રીડમેન દ્વારા થયો, તેઓ કેઈન્સના સમગ્રલક્ષી અર્થતંત્રના અભિગમ સાથે સહમત થતાં નથી કે, હરિફાઈવાળું બજાર ધરાવતા મૂડીવાદી અર્થતંત્રોમાં આવેલ મંદી માટે અસરકારક માંગ જવાબદાર હતી. તેમણે* 'A Monetary History of the United States' *ઉપરનું મહત્ત્વપૂર્ણ સંશોધન કરીને સાબિત કર્યું કે,* 1930*ની વૈશ્વિક મંદી એ મુક્ત બજારની નિસફળતા ન હતી પરંતુ અમેરિકન કેન્દ્રીય બેંકની નીતિ જવાબદાર હતી. તે નીતિના કારણે અર્થતંત્રમાં નાણાંના પુરવઠાની સમતુલા ન રહેવાથી અર્થતંત્રમાં મંદી સર્જાઈ. આમ તેઓ કેઈન્સના વૈશ્વિક મંદી* 1930 *થી ભિન્ન મત ધરાવે છે.*

### 1.5.3 પુરવઠાભિમુખ અર્થશાસ્ત્ર (Supply-side Economics)

1970ના અને ત્યારબાદના ગાળામાં વિશ્વના અર્થતંત્રોમાં મંદીયુક્ત ફુગાવાની (Stagflation)સમસ્યા જોવા મળી. જેમાં એક તરફ ફુગાવો અને બીજી તરફ વધતી બેરોજગારી એમ બંને લક્ષણો એક સાથે જોવા મળ્યા હતા. કેઈન્સવાદી અર્થશાસ્ત્રીઓ મંદીયુક્ત ફુગાવાને હલ કરવામાં સફળ ન થયાં. આ સંદર્ભે અન્ય અભિગમ/સિદ્ધાંત ઊભો થયો. જેમાં કેન્દ્રીય વિચાર એ હતો કે મંદીયુક્ત ફુગાવા માટે માંગ નહીં પરંતુ પુરવઠા સંબંધિત પરિબળો જવાબદાર હતા. જેમકે પુરવઠા તરફના મોત ફેરફારો/ધક્કાઓના કારણે પુરવઠાની સાંકળની સમતુલા તૂટે છે અને પરિણામે સામાન્ય ભાવસપાટીમાં વધારો થાય છે. જેમકે ખનીજ તેલના પુરવઠામાં ઘટાડો થતાં પેટ્રોલ, ડીઝલની કિંમતોમાં વધારો થાય છે, જે મંદીયુક્ત ફુગાવા માટે જવાબદાર છે. એટલે કે કેઈન્સે મંદી માટે અસરકારક માંગમાં થયેલ ઘટાડો જવાબદાર ગણાવ્યો. નાણાંવાદી અર્થશાસ્ત્રી મિલ્ટન ફ્રીડમેને કેન્દ્રીય બેંકની નાણાકીય નીતિને જ્યારે પુરવઠાભિમુખ અર્થશાસ્ત્ર પુરવઠા તરફી અનિશ્ચિતતાઓ અને પુરવઠા સાધનો, સ્રોતની કિંમતોમાં વધારો, મંદી, બેરોજગારી અને ફુગાવા માટે જવાબદાર માને છે.

### 1.5.4 તાર્કિક અપેક્ષાઓનો અભિગમ, નવશિષ્ટ સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર (Rational Expectations Theory or New Classical Macro economics)

નવશિષ્ટ સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વિચારશાખા મુખ્યત્વે નવશિષ્ટ અર્થશાસ્ત્ર (Neo-Classical Economics)ની ધારણાઓ ઉપર આધારિત છે. નવશિષ્ટ સમગ્રલક્ષી વિચારશાખા એકમલક્ષી અર્થશાસ્ત્રની ગ્રાહક, નિયોજકની તાર્કિકતા અને પૂર્ણ હરીફાઈ યુક્ત બજાર અંગેની ધારણાઓને કેન્દ્રમાં રાખીને સમગ્રલક્ષી ફેરફારોનું વિશ્લેષણ કરે છે, અને તે આધારિત મોડેલો વિકસાવ્યા છે. નવશિષ્ટ અર્થશાસ્ત્રીઓ માને છે કે તમામ આર્થિક એજન્ટો (ગ્રાહક, નિયોજક, વ્યાપારી) તેમના આર્થિક હિતો મહત્તમ કરવાનો પ્રયાસ કરે છે અને તર્કસંગત અપેક્ષાઓ ધરાવે છે. તેઓ એવું પણ માને છે કે બજાર દરેક સમયે હરીફાઈયુક્ત હોય છે, બેરોજગારી મોટે ભાગે સ્વૈચ્છિક હોય છે. આથી રાજકોષીય નીતિ બેરોજગારીના નિવારણ માટે અસરકારક બનતી નથી. પરંતુ ફુગાવાને નાણાકીય નીતિ વડે નિયંત્રિત કરી શકાય છે. નવશિષ્ટ અર્થશાસ્ત્રીઓમાં જૉન મુથ, રોબર્ટ લુકાસ, થોમસ સાર્જન્ટ વગેરેનો સમાવેશ થાય છે.

## 1.6 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો અલગ અભ્યાસ શા માટે?

નવશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ એકમલક્ષી અર્થશાસ્ત્ર દ્વારા વ્યક્તિને આર્થિક એજન્ટ ધારીને જો તે ગ્રાહક છે, તો મહત્તમ તુષ્ટિગુણ અને નિયોજક છે, તો મહત્તમ નફો મેળવવા માટેની વર્તણૂંક કરે છે. આ આર્થિક વર્તણૂક માટે મુક્ત હરીફાઈવાળા બજારમાં કુલ ઉત્પાદન, પુરવઠો, કુલ માંગ, બચત, મૂડીરોકાણ, અને પૂર્ણ રોજગારીની સમતુલા સાધી શકાશે અને અર્થતંત્ર સતત આર્થિક પ્રગતિ કરશે. આથી રાજ્યે કે સરકારે તેમાં હસ્તક્ષેપ કરવાનો નથી તેમ સૈદ્ધાંતિક રીતે સ્વીકારાયું. પરંતુ એકમ સ્તરના આર્થિક નિર્ણયો સમગ્ર અર્થતંત્રની સુખકારીમાં વધારો કરી શકશે, એવી ધારણાઓ વૈશ્વિક મંદી 1929-30માં ખોટી પુરવાર થઈ અને સ્વીકારાયું કે સમગ્ર અર્થતંત્રની પ્રગતિ માટે બજાર વ્યવસ્થા ઉપર આધાર રાખી ન શકાય. દા. ત. વ્યક્તિગત સ્તરે આર્થિક લાભ માટે લેવાતા નિર્ણયો સમગ્ર અર્થવ્યવસ્થા માટે જોખમરૂપ બની શકે. કેઈન્સે ઉદાહરણ આપ્યું હતું કે વ્યક્તિગત બચત કરવી એ ગુણ છે, પરંતુ અર્થતંત્ર માટે નુકશાનકારક છે. જ્યારે વ્યક્તિગત બચતો વધી જાય ત્યારે અર્થતંત્રમાં વપરાશી ખર્ચ, અસરકારક

*માંગ ઘટી જાય, જે મંદી માટે જવાબદાર બને છે. આમ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો અભ્યાસ અલગ કરવા માટેની કેટલીક દલીલો આ મુજબની છે.*

### 1.6.1 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું સ્વરૂપ

*સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર સમગ્ર અર્થતંત્ર અને નાગરિકોના સામાજિક કલ્યાણ સાથે જોડાયેલા પ્રશ્નો અને ઉપયોની ચર્ચા કરે છે. તે વ્યક્તિગત લાભ નહીં પરંતુ અર્થતંત્ર સાથે જોડાયેલ તમામ આર્થિક પ્રવૃત્તિઓ, સંસ્થાઓ, બાહ્ય અર્થતંત્ર એટલે કે આંતરરાષ્ટ્રીય વ્યાપાર સંબંધિત આર્થિક પ્રવૃત્તિઓ, તેની અસરો અને પ્રશ્નોને નિવારવાના ઉપાયો શોધે છે.*

### 1.6.2 અર્થતંત્રની આર્થિક વૃદ્ધિ માટે સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું મહત્ત્વ

*સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર ઉત્પાદનના સાધનોનો ઉપયોગ અને આર્થિક વૃદ્ધિમાં તેની યોગદાન અને કયા પરિબળો આર્થિક વૃદ્ધિને અવરોધક છે, તે તપાસી સતત આર્થિક વૃદ્ધિ પ્રાપ્ત કરવા માટેના માર્ગો સૂચવે છે. જો ફુગાવાની સમસ્યા હોય તો કેવી રીતે કુલ માંગમાં ઘટાડો કરવો અને તે માટે નાણાકીય અને રાજકોષીય નીતિના સાધનોનો ઉપયોગ કરવો, તે અંગેની સમજૂતી સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર પૂરી પાડે છે.*

### 1.6.3 વ્યાપાર ચક્રને સમજાવે છે

*બજાર આધારિત અર્થતંત્રોમાં વ્યાપારચક્ર એ આર્થિક વૃદ્ધિની ચઢ-ઉતર અથવા તેજી-મંદીના ચક્રને સમજાવે છે. જ્યારે તેજી હોય ત્યારે મૂડીરોકાણ, રોજગારી, ઉત્પાદન, વ્યાપાર અને આર્થિક વૃદ્ધિ તેજ થઈને અર્થતંત્રમાં હકારાત્મક વાતાવરણ લાવે છે. જોકે તેમાં ઊંચા ભાવ વધારાનો પ્રશ્ન પણ નડે છે. જ્યારે મંદીના સમયમાં ઉપરોક્ત તમામ આર્થિક પ્રવૃત્તિઓ ધીમી અથવા થંભી જાય છે, જોકે તેજીમાં ઉત્પાદકો, વ્યાપારીઓ, શેરસટ્ટો રમનારાઓને અસાધારણ ફાયદો થાય છે. જ્યારે મંદીમાં શ્રમિકવર્ગ સહુથી વધુ આર્થિક મુશ્કેલીઓનો ભોગ બને છે. સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર દ્વારા બજારના વ્યાપાર ચક્રને સમજીને તેજી-મંદી અંગેના લેવાતા નીતિગત પગલાઓ પણ મહત્ત્વના બને છે.*

### 1.6.4 સરકારની સમગ્રલક્ષી આર્થિક નીતિઓનું નિર્ધારણ

*અર્થતંત્રના સર્વગ્રાહી વિકાસ માટે સરકાર મુખ્યત્વે રાજકોષીય અને નાણાકીય નીતિનો આધાર લે છે. અર્થતંત્રમાં આર્થિક વૃદ્ધિ અને રોજગારી સતત જાળવી રાખવા માટે આ બંને નીતિઓ મહત્ત્વ પૂર્ણ ભૂમિકા ભજવે છે. સાથે ઉત્પાદનના સાધનોની ફાળવણી, નાગરિક કલ્યાણ, આંતરરાષ્ટ્રીય આર્થિક સંબંધો, સ્થળાંતર, રોજગારી કે બાહ્ય સહાય વગેરે બાબતોમાં સર્વગ્રાહી નીતિ અને કાર્યક્રમો મહત્ત્વ ના બને છે. જે માટે સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર માર્ગદર્શન આપે છે.*

### 1.6.5 વ્યાપાર સંબંધિત નિર્ણયોમાં મહત્ત્વ

*સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર ઉત્પાદકો, સંચાલકોને વ્યાપાર સંબંધિત નિર્ણયો લેવામાં માર્ગદર્શન આપે છે. ઉદ્યોગ કે કૃષિ સંબંધિત પ્રક્રિયા માટે ઉદ્યોગપતિ કે ખેડૂતને બજારમાં વસ્તુની કેટલી માંગ છે, આંતરરાષ્ટ્રીય સ્તરે માંગણી કેવી સ્થિતિ છે, નિકાસ અંગે સરકારની કઈ નીતિ છે વગેરે બાબતો સમગ્રલક્ષી સ્થિતિ દ્વારા જ જાણી શકાય. સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર સરકારની નીતિઓ, અર્થતંત્રની કુલ પુરવઠા, રોજગારી, રાષ્ટ્રીય આવક, ખાધ-પુરાંતની અંદાજપત્રીય સ્થિતિ, અસરકારક માંગ અને આર્થિક*


*વૃદ્ધિ વગેરે બાબતો પરસ્પર જોડાયેલ છે. જે સર્વગ્રાહી રીતે કોઈ એક રાષ્ટ્રની આર્થિક છબિ અને વૈશ્વિક દરજ્જો સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર દ્વારા જાણી અને માપી શકાય છે.*

## 1.7 ભારતીય અર્થતંત્રનો સમગ્રલક્ષી પરિચય

*આંતરરાષ્ટીય નાણાં સંસ્થાએ વિશ્વના દેશોને આર્થિક સ્તરે વહેંચતા ભારતનું અર્થતંત્ર એશિયા ખંડમાં ઝડપથી વિકસતા રાષ્ટ્રોમાં સમાવેશ કર્યો છે. તેના મતે ભારત પાંચમી સૌથી મોટી વૈશ્વિક અર્થવ્યવસ્થા તરીકે ઉભરી આવ્યું છે. જે* 2022 *નામાં નાણાકીય વર્ષના અંત સુધીમાં* UUSD2.53. *ટ્રિલિયનના રાષ્ટ્રીય આવકની સાથે સહુથી વધુ આવક ધરાવતા રાષ્ટ્રોમાં પાંચમા ક્રમે આવે છે. સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર દ્વારા આપણે ભારત દેશના અર્થતંત્રના વિવિધ આર્થિક ચલો દ્વારા તેના આર્થિક વૃદ્ધિની કક્ષા અને આંતરરાષ્ટ્રીય સંદર્ભે બીજા રાષ્ટ્રો સાથે સરખામણી કરી શકી છીએ. અહી ભારતીય અર્થતંત્રની સમગ્રલક્ષી કેટલીક મહત્ત્વ ની વિગતો રજૂ કરી છે.*


### 1.7.1 રાષ્ટ્રીય આવક


*ભારત સ્વતંત્ર થયું ત્યારે રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવક ઘણી ઓછી હતી. તેની સાપેક્ષામાં અર્થતંત્રના વિકાસની સાથે રાષ્ટ્રીય આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. નીચેના આલેખમાં* 1980 *થી ત્યારબાદના દશકમાં દેશની વાસ્તવિક રાષ્ટ્રીય આવકને દર્શાવી છે. ચાર્ટમાં જોઈને મહત્ત્વના તારણો તેના નીચે દર્શાવો.*




*સ્રોત* :International Monetary Fund, World Economic Outlook Database, April 2024.


*તારણ*




**1.7.2 સામાન્ય  સામાન્ય ભાવ સપાટી-ફુગાવો**


*અર્થતંત્રની તંદુરસ્તીને ફુગાવાના દર વડે માપી શકાય છે. ઊંચો ફુગાવો આર્થિક અસ્થિરતા અને આર્થિક અસમાનતા વધવાનો સંકેત આપે છે. ફુગાવાને બે રીતે માપવામાં આવે છે. જથ્થાબંધ ફુગાવો* (Whole sale Price Index/WPI) *અને છૂટક અથવા ગ્રાહક ફુગાવો.* (Consumer Price Index/CPI)*ભારતના સંદર્ભે આ બંને પ્રકારના ફુગાવાની વિગત આલેખમાં દર્શાવી છે.*




**સ્રોતઃ આર્થિક સર્વેક્ષણ 2023-24,ભારત સરકાર.**

*તારણ*

1.7.3.*અન્ય સમગ્રલક્ષી આર્થિક ચલોમાં ભારતની રાજકોષીય ખાધ* (Fiscal Deficit ),*આર્થિક વૃદ્ધિનો દર* (GDP Growth Rate), *વિદેશી વિનિમય અનામત ભંડોળ (*Foreign Exchange Reserves)*અને કૃષિ ક્ષેત્ર* (Agriculture) *સંબંધિત છે. જે ગત પાંચ વર્ષના સંદર્ભે ભારતના અર્થતંત્રમાં આ વિવિધ ચલોની આંકડાકીય વિગત દર્શાવી છે.*




**સ્રોતઃ આર્થિક સર્વેક્ષણ 2023-24, ભારત સરકાર.**

## 1.8 સારાંશ

*આપણે સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો પ્રારંભિક પરિચય મેળવ્યો. આપણે જાણ્યું કે સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર એ અર્થશાસ્ત્રની એક શાખા છે. જે અર્થતંત્રના સમગ્ર આર્થિક ચલોનો અભ્યાસ કરે છે. જેમકે કુલ પુરવઠો, કુલ માંગ, રાષ્ટ્રીય આવક, કુલ રોજગારી, કુલ બચતો, કુલ મૂડીરોકાણ, ફુગાવો અથવા સામાન્ય ભાવ સપાટી, વ્યાપાર ચક્રો, આંતરરાષ્ટ્રીય વ્યાપાર, સરકારની રાજકોષીય અને નાણાકીય નીતિઓ વગેરેનો અભ્યાસ સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર કરે છે. આધુનિક સંકુલ આર્થતંત્રોમાં માત્ર ગ્રાહક કે ઉત્પાદકના આર્થિક નિર્ણયોના આધારે સમગ્ર આર્થિક સ્થિતિ માપી કે જાણી શકાય નહીં. સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર રાષ્ટ્ર અને તેના અર્થતંત્રની આર્થિક સ્થિતિ અને પ્રશ્નો અને ઉકેલો આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.*

## 1.9 ચાવીરૂપ શબ્દો

**કેઈન્સવાદી અર્થશાસ્ત્ર** : *ઈંગ્લેન્ડના અર્થશાસ્ત્રી જૉન મેનાર્ડ કેઈન્સ* (1883-1946)*દ્વારા રજૂ થયેલા સમગ્રલક્ષી આર્થિક સિદ્ધાંતો અને તેના પર આધારિત નીતિઓ.*

**પુરવઠાભિમુખ અર્થશાસ્ત્રઃ** *આ એવી આર્થિક વિચારશાખા છે જે પ્રતિપાદિત કરે છે કે, ટૂંકા તેમજ લાંબા ગાળાની રાષ્ટ્રીય પેદાશનો વૃદ્ધિદર નક્કી કરવામાં શ્રમ અને મૂડીની ફાળવણી અને મહત્ત્વનો બને છે.*

**રાષ્ટ્રીય આવક** : *વર્ષ દરમિયાન ઉત્પાદનના સાધનો દ્વારા ઉત્પન્ન કરવામાં આવેલી ચીજવસ્તુઓ અને સેવાઓનું નાણાકીય મૂલ્ય.*

**સમગ્રલક્ષી આર્થિક નીતિ** : *સમગ્ર આર્થિક વિશ્લેષણ કે સિદ્ધાંતોમાંથી ફલિત થતી આર્થિક નીતિ. જેના મુખ્ય ઉદ્દેશ્ય આર્થિક વૃદ્ધિ, ભાવસ્થિરતા, પૂર્ણ રોજગારી, આવકની વહેંચણી વગેરે સિદ્ધ કરવા માટે મુખ્યત્વે નાણાકીય નીતિ અને રાજકોષીય નીતિ જાહેર દેવાના સંચાલન અંગેની નીતિનો અમલ કરવામાં આવે છે.*

**કુલ રોજગારી** : *અર્થતંત્રમાં કોઈ ચોક્કસ સમયે વિવિધ ક્ષેત્રમાં રોકાયેલ માનવશ્રમ.*

**ફુગાવોઃ** *ચોક્કસ સમયગાળા દરમ્યાન સામાન્ય ભાવસપાટીમાં થતો સતત વધારાને ફુગાવો કહેવામાં આવે છે.*

**રાજકોષીય નીતિ** : *સમગ્રલક્ષી નીતિનું એક સાધન છે. જેમાં સરકારના ખર્ચ અને કરવેરા દ્વારા નિશ્ચિત આર્થિક લક્ષ્યાંકો પ્રાપ્ત કરવામાં આવે છે. જ્યારે જાહેર ખર્ચ-જાહેર આવકથી વધી જે ત્યારે જાહેર દેવાનો આધાર લેવામાં આવે છે. જાહેર દેવાની સ્થિતિ અંદાજપત્રમાં રાજકોષીય ખાધ વડે માપી શકે છે.*

**નાણાકીય નીતિ** : *સરકાર આર્થિક ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા માટે નાણાકીય સાધનો થકી જે નીતિ અપનાવે તે નાણાકીય નીતિ કહેવાય. જેમાં સમગ્ર નાણાં પુરવઠા સંબંધિત બાબતો, બેંક રેટ, જામીનગીરી ખરીદ વેચાણ, અનામત પ્રમાણમાં ફેરફારો વગેરે બાબતો જોડાયેલી છે. મધ્યસ્થ બેંક નાણાકીય નીતિ માટે જવાબદાર સંસ્થા છે.*

## 1.10 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચેના પ્રશ્નો માટે સાચો વિકલ્પ પસંદ કરો.**

**1.** *સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર અભ્યાસ કરતું નથી.*

A. *ગ્રાહક* B. *સરકાર*

C. *આંતરરાષ્ટ્રીય વેપાર* D. *ફુગાવો*

**2.** *સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં યોગદાન આપનાર ભિન્ન આર્થિક વિચારશાખાઓમાં કઈ વિચારશાખાએ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રને સ્થાપિત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી?*

A. *કેઈન્સવાદી અર્થશાસ્ત્ર* (Keynesian Economics)

B. *નાણાંવાદ* (Monetarisum)

C. *પુરવઠાનું અર્થશાસ્ત્ર* (Supply-side Economics)

D. *તાર્કિક અપેક્ષાઓના સિદ્ધાંત* (Rational Expectation Theory)

**3.** *સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના મુખ્ય ચલોમાં તેનો સમાવેશ થાય છે.*

A. *રાષ્ટ્રીય આવક અને રોજગારી* B. *વસ્તુની કિંમત*

C. *પેઢીનો નફો* D. *ગ્રાહકનો તુષ્ટિગુણ*

**4.** *અર્થતંત્રમાં આવક અને રોજગારીની સમતુલાનો ખ્યાલ રજૂ કરનાર અર્થશાસ્ત્રી કોણ હતા?*

A. *જોર્જ મેના કેઈન્સ* B. *જોર્જ લુકાસ*

C. *મિલ્ટન ફ્રીડમેન* D. *એડમ સ્મિથ*

**5.** *નાણાંકીય નીતિના સાધનો વડે આર્થિક વૃદ્ધિ સાથેનો લક્ષ્યાંક પ્રાપ્ત કરી શકાય?*

A. *જાહેર આવક* B. *જાહેર ખર્ચ*

C. *બેંક રેટ* D. *જાહેર દેવું*

**6.** *રાષ્ટ્રીય આવક દ્વારા અર્થતંત્રની સ્થિતિ માપી શકાય છે?*

A. *રોજગારી* B. *અસરકારક માંગ*

C. *આંતરરાય દરજ્જો* D. *ઉપરોક્ત તમામ*

- **નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો.**

1. *સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર શું છે? તે એકમ લક્ષી અર્થશાસ્ત્રથી કેવી રીતે જુદું પડે છે?*
2. *સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના ઉદ્દભવની પ્રક્રિયા ચર્ચો.*
3. *સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં કેઈન્સનું અર્થશાસ્ત્ર, પુરવઠાલક્ષી અર્થશાસ્ત્ર અને નાણાંવાદી અર્થશાસ્ત્રના અભિગમો ચર્ચો.*
4. *નવશિષ્ટ અર્થશાસ્ત્રનો પરિચય આપો.*
5. *સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં પ્રયોજાતા આર્થિક ચલો કયા-કયા છે?*
6. *સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું મહત્ત્વ દર્શાવો.*
7. *સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના સંદર્ભે રાજકોષીય અને નાણાંકીય નીતિની ભૂમિકા ચર્ચો.*

- **સંદર્ભ**


1. Ahuja. H.L. (2022) Macro Economics: Theory and Policy. S. Chand Publications, New Delhi, edition, 2011.
2. Jhingan, M. L. (2023). Macro-Economic Theory, Vrinda Publications, Delhi.
3. Dornbusch, Fischer and Startz, Macroeconomics, McGraw Hill, 11th edition, 2010.
4. GhoshChandana and GhoshAmbar, Macroeconomics, PHI Learning Pvt Ltd. 2014.
5. Levacic Rosalind and Rebmann Alexander, Macroeconomics: An Introduction to Keynesian and Neo-Keynesian Controversies, Palgrave Macmillan, 1982.
6. N. Gregory Mankiw. Principles of Macroeconomics: with Course mate, Cengage Publishers, 2014.
7. Principles of Macro Economics,
8. https://openstax.org/d[a]ails/books/principles-macroeconomics-3e.
9. Richard T. Froyen, Macroeconomics, Pearson Education Asia, 10th edition, 2016.
10. Romar (2012).Advanced Macro Economics, McGraw-Hill. New York.
11. Venieris, Y.P. and Sebold F.D., Macroeconomics: Models and Policy, John Wiley and Sons, 1977.
12. William Branson. Macroeconomic Theory and Policy, Indian reprint, East West Press, 3rd edition, 2014.


- **બહુવિકલ્પીય પ્રશ્નોના જવાબ**

**1 (A), 2 (A), 3(A), 4(A), 5(C), 6(A)**

# એકમ - 2 રાષ્ટ્રીય આવક

**- : રૂપરેખા : -**

**2.0 ઉદ્દેશો**

**2.1 પ્રસ્તાવના**

**2.2 રાષ્ટ્રીય આવકનો અર્થ**

**2.3 રાષ્ટ્રીય આવક અને રાષ્ટ્રીય પેદાશ**

**2.4 રાષ્ટ્રીય આવકના મહત્ત્વના ખ્યાલો**

**2.5 રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ**

**2.6 નાણાંકીય રાષ્ટ્રીય આવક અને વાસ્તવિક રાષ્ટ્રીય આવક**

**2.7 ભારતની રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવક**

**2.8 સારાંશ**

**2.9 ચાવીરૂપ શબ્દો**

**2.10 તમારી પ્રગતિ ચકાસો.**

- **ઉપયોગી વાચન સંદર્ભ**
- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

## 2.0 ઉદ્દેશો :-

*આ એકમના અભ્યાસ પછી વિદ્યાર્થીઓમાં નીચેની બાબતોમાં ક્ષમતા કેળવાશે*

- *રાષ્ટ્રીય આવકનો અર્થ સમજાશે.*
- *રાષ્ટ્રીય આવકના વિવિધ ખ્યાલોથી પરિચિત થશે.*
- *રાષ્ટ્રીય આવકના સંદર્ભમાં રૂપિયો બજારમાં કેવી રીતે કામ કરે છે તે અંગેની સમજણ મેળવશે.*
- *માથાદીઠ આવક અને વાસ્તવિક આવક અંગેની સમજણ મળશે.*
- *વિશ્વના વિવિધ દેશોની રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકની ભારતના સદર્ભમાં તુલના કરી શકશે.*
- *વિશ્વમાં રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકની દ્રષ્ટીએ ભારતનો ક્રમ જાણી શકશે.*

## 2.1 પ્રસ્તાવના

*ભારતમાં સ્વતંત્રતાની પ્રાપ્તિ પહેલા રાષ્ટ્રીય આવકના અંદાજ માટે ઘણા બધા અનુમાનો વિવિધ અર્થશાસ્ત્રીઓ દ્વારા કરવામાં આવ્યા હતા. જેમાં દાદાભાઈ નવરોજી* (1868),*વિલિયમ દિગ્બી* (1899), *ફિન્ડલે સિરાસ* (1911, 1922, *અને* 1931) *શાહ અને ખંબાત્તા* (1921),*વી.કે.આર.વી. રાવ* (1925-29*અને* 1931-32),*અને આર.સી. દેસાઈ*(1931-40). *સ્વતંત્રતા પછી ભારત સરકારે ઓગસ્ટ* 1949*માં પ્રોફેસર પી.સી. મહાલનોબિસની અધ્યક્ષતા નીચે એક રાષ્ટ્રીય આવક સમિતિની રચના કરવામાં આવી. જેનો ઉદ્દેશ ભારત દેશની રાષ્ટ્રીય આવકનો અનુમાન લગાવવાનો હતો. આ સમિતિએ એપ્રિલ* 1951*માં તેમના પ્રાથમિક અહેવાલની રજૂઆત કરી. જે અનુસાર* 1948-49*માં દેશની કુલ રાષ્ટ્રીય આવક* 8650

*કરોડ રૂપિયા અને માથાદીઠ આવક રૂપિયા 246.90 હતી. આવક અને માથાદીઠ આવકના પ્રમાણનું ચિત્ર સાવ અલગ જ છે. જે હવે આપણે જોઈશું.*

*આધુનિક સમયમાં અર્થશાસ્ત્ર ક્ષેત્રે રાષ્ટ્રીય આવક એ મુખ્યત્ત્વે બે શબ્દોનો બનેલો એક વિશિષ્ઠ ખ્યાલ છે. જેમાં રાષ્ટ્ર એટલે દેશ અને આવક એટલે દેશના લોકોએ કરેલ આર્થિક પ્રવૃતિના બદલામાં મેળવેલ વળતર. આમ, ખુબ જ સરળ શબ્દમાં કહીએ તો રાષ્ટ્રીય આવક એટલે કે દેશમાં રહેતા લોકોની આવકનો સરવાળો. આ ખ્યાલ અર્થશાસ્ત્રમાં ખુબ જ મહત્ત્વનો તેમજ વ્યવહારિક રીતે પણ ખુબ જ ઉપયોગી છે. રાષ્ટ્રીય આવકની માહિતી પરથી દેશની આર્થિક પરિસ્થિતિ કેવી છે અને દેશમાં કેવા પ્રકારના ફેરફારો થઈ રહ્યા છે તે જાણી શકાય છે. આ ઉપરાંત રાષ્ટ્રીય આવક દ્વારા દેશની પ્રજાની આર્થિક સુખાકારીનો ખ્યાલ પણ રજુ કરી શકાય છે. જેમ કુટુંબ અને વ્યક્તિની આર્થિક સધ્ધરતાનો ખ્યાલ મેળવવા માટે વ્યક્તિની તથા તેની કુટુંબની આવક મહત્ત્વનો ભાગ ભજવે છે. તેવી જ રીતે રાષ્ટ્રીય આવક પરથી કોઈ પણ દેશની આર્થિક સમૃધ્ધિ અને આર્થિક સધ્ધરતા અંગેની માહિતી પ્રાપ્ત થાય છે. જેમ દેશની રાષ્ટ્રીય આવક વધારે તેમ દેશ આર્થિક રીતે વધારે સધ્ધર, સમૃધ્ધ અને આબાદ કહેવાય. રાષ્ટ્રીય આવક એ આર્થિક પ્રગતિનું મુખ્ય માપદંડ છે. દરેક દેશ પોતાના સરકારી ખાતા દ્વારા રાષ્ટ્રીય આવકની ગણતરી કરાવે છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ આ પ્રકારની ગણતરી UNO અને IBRD જેવી સંસ્થાઓ કરે છે. ભારતમાં પણ રાષ્ટ્રીય આવકની ગણતરી આયોજન પંચ, NSSO, CSO વગેરે કરે છે.*

## 2.2 રાષ્ટ્રીય આવકનો અર્થ :-

### 2.2.1 સામાન્ય અર્થ :-

*કોઈ એક દેશના લોકો જુદી-જુદી આર્થિક પ્રવૃતિઓ કરે છે અને તેના પરિણામે દેશમાં ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે. કોઈ એક દેશમાં કોઈ એક ચોક્કસ આપેલ વર્ષ(સમય)ગાળા દરમિયાન દેશના ખેતી, ઉદ્યોગ અને સેવા ક્ષેત્ર દ્વારા જે ચીજ વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે, તેના બજાર મૂલ્યના સરવાળાને રાષ્ટ્રીય આવક કહેવામાં આવે છે. જેને દેશની કાચી રાષ્ટ્રીય આવક કે કાચી રાષ્ટ્રીય પેદાશ તરીકે પણ ઓળખવામાં આવે છે. ધારોકે આપણે જયારે એવું કહીએ કે ભારત દેશની રાષ્ટ્રીય આવક 150લાખ કરોડ રૂપિયા છે, તો તેનો અર્થ એવો થાય કે દેશના ખેતી, ઉદ્યોગ અને સેવા ક્ષેત્ર દ્વારા એક વર્ષ દરમિયાન 150લાખ કરોડ રૂપિયાની ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થયું છે.*

### 2.2.2 આલ્ફ્રેડ માર્શલે આપેલી રાષ્ટ્રીય આવકની વ્યાખ્યા (ઉત્પાદન આધારિત) :-

*'કોઈ દેશના મૂડી અને શ્રમનો દેશની કુદરતી સાધન સંપત્તિ સાથે સહયોગ થવાથી જે ભૌતિક અને અભૌતિક વસ્તુઓ અને સેવાઓનું પ્રતિ વર્ષ જે ચોખ્ખું ઉત્પાદન થાય છે તેને રાષ્ટ્રીય આવક કહેવામાં આવે છે.'*

- *પ્રો. માર્શલની વ્યાખ્યામા જોવા મળતાં મહત્ત્વના તારણો*
- *રાષ્ટ્રીય આવકની ગણતરી વર્ષના સંદર્ભમાં કરવામાં આવે છે.*
- *રાષ્ટ્રીય આવક એ વર્ષ દરમિયાન પેદા થતી ચીજવસ્તુઓ અને સેવાઓનો જથ્થો છે.*
- *વસ્તુઓ અને સેવાઓની બેવડી ગણતરી ન થાય એ માટે માર્શલે અંતિમ વસ્તુઓ પર ભાર મુક્યો છે.*

- *માર્શલે ચીજ વસ્તુઓ અને સેવાઓના ચોખ્ખા ઉત્પાદન ઉપર ભાર મૂક્યો છે. તેથી આ વ્યાખ્યા ઉત્પાદન લક્ષી ગણાય છે.*

❖ *પ્રો. માર્શલની વ્યાખ્યામાં જોવા મળતી કેટલીક ખામીઓ*
  - *માર્શલની વ્યાખ્યામા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કરેલા મૂડીરોકાણમાંથી પ્રાપ્ત થતી આવકને ધ્યાનમાં લીધી નથી.*
  - *માર્શલે ચોખ્ખું ઉત્પાદન ધ્યાનમાં લેવાનું જણાવ્યું. પરંતુ ચોખ્ખા ઉત્પાદન માટે ઘસારા ખર્ચને બાદ કરવાની પધ્ધતિ અને કેટલો ઘસારો ગણવો તે અંગે કોઈ વાત કરી નથી.*
    *સાચા અને વાસ્તવિક આંકડા મેળવવા મુશ્કેલ છે.*

**2.2.3 ઈરવીંગ ફિશર (વપરાશ આધારિત વ્યાખ્યા) :-**

*'ઉપભોક્તા દ્વારા અંતિમ ઉપયોગમાં લેવામાં આવતી ભૌતિક ચીજવસ્તુઓ કે માનવીય સેવાઓનો જ રાષ્ટ્રીય આવકમાં સમાવેશ થાય છે.' ફિશરના મત મુજબ કુલ ઉત્પાદન નહી પણ તેમાંથી જે ભાગ અંતિમ વપરાશમાં આવે તેને જ રાષ્ટ્રીય આવકમાં ગણવો જોઈએ. આમ, ફિશરની વ્યાખ્યા વપરાશ લક્ષી ગણાય છે. આ ઉપરાંત માર્શલની ઉત્પાદનલક્ષી રાષ્ટ્રીય આવકની વ્યાખ્યાની સરખામણીમાં ફિશરની વપરાશલક્ષી વ્યાખ્યા વધારે તાર્કિક છે.*

*ફિશરની રાષ્ટ્રીય આવકની વ્યાખ્યામાં જોવા મળતી કેટલીક મુશ્કેલીઓ*

- *ટકાઉ વપરાશી વસ્તુઓનો રાષ્ટ્રીય આવકમાં કેવી રીતે સમાવેશ કરવો ?*
- *ભારતમાં ગ્રાહકોની સંખ્યા અસંખ્ય છે અને આ અસંખ્ય ગ્રાહકો કેટલાય પ્રકારની વસ્તુઓનો ઉપયોગ કરે છે. માટે આ બધી જ માહિતી મેળવવી ખુબ જ જટિલ છે.*
- *વસ્તુઓની ગુણવત્તા વગેરે જાણવા પણ મુશ્કેલ છે.*

**2.2.4 પ્રોફે. પીગુ (આવક / નાણા આધારિત વ્યાખ્યા) :-**

*'નાણાની મદદથી માપી શકાય તેવી સમાજની વસ્તુલક્ષી આવક એટલે દેશની રાષ્ટ્રીય આવક. જેમાં વિદેશમાંથી પ્રાપ્ત થતી આવકોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.' બીજા શબ્દોમાં કહીએ તો રાષ્ટ્રીય આવક વસ્તુઓ અને સેવાઓનો એવો પ્રવાહ છે કે જેની ચુકવણી નાણા દ્વારા કરવામાં આવી હોય છે અથવા તો વિદેશી આવક સહિતની સમાજની કુલ આવક જે નાણાની મદદ વડે સરળતાથી માપી શકાય છે. તે રાષ્ટ્રીય આવક છે. પ્રો. પીગુની આ વ્યાખ્યામાં નાણા ઉપર ભાર મૂક્યો હોવાથી નાણાલક્ષી વ્યાખ્યા તરીકે ઓળખાય છે.*

**પીગુની રાષ્ટ્રીય આવકની વ્યાખ્યામાં જોવા મળતી કેટલીક મુશ્કેલીઓ**

- *જે વસ્તુઓ અને સેવાઓનાં નાણા દ્વારા વિનિમય થયો હોય તેનો સમાવેશ રાષ્ટ્રીય આવકમાં કરવો જોઈએ.*
- *વિદેશ માંથી પ્રાપ્ત થતી ચોખ્ખી આવકનો રાષ્ટ્રીય આવકમાં સમાવેશ થાય છે.*
- *સ્વ-વપરાશ માટે ઉપયોગમાં લેવામાં આવેલ વસ્તુઓનો સમાવેશ રાષ્ટ્રીય આવકમાં ના કરવો જોઈએ.*
- *નાણાંકીય વળતરની અપેક્ષા વગર કરવામાં આવતી સેવાઓનો સમાવેશ રાષ્ટ્રીય આવકમાં ના કરવો જોઈએ.*

## 2.3 રાષ્ટ્રીય આવક અને રાષ્ટ્રીય પેદાશ :-

*સામાન્ય રીતે રાષ્ટ્રીય આવક-રાષ્ટ્રીય પેદાશને એક જ ગણવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં બંને જુદા છે.*

### 2.3.1 રાષ્ટ્રીય આવક

*વર્ષ દરમિયાન ઉત્પાદનના ચાર સાધનો એ રાષ્ટ્રના ઉત્પાદનમાં આપેલ ફાળા બદલ તેમને મળતી કુલ આવકનો સરવાળો એ રાષ્ટ્રીય આવક છે. માટે રાષ્ટ્રીય આવક = ભાડું + વેતન + વ્યાજ + નફો.*

### 2.3.2 રાષ્ટ્રીય પેદાશ

*વર્ષ દરમિયાન ઉત્પાદનના સાધનોની મદદથી દેશના જુદા-જુદા ક્ષેત્રોમાં ખેતી, ઉદ્યોગ, સેવા અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાઓના કુલ ઉત્પાદન-મૂલ્યનો સરવાળો એટલે રાષ્ટ્રીય પેદાશ છે. વર્ષ દરમિયાન દેશમાં વિવિધ પેઢીઓ દ્વારા કરવામાં આવેલી વસ્તુઓ અને સેવાઓ રાષ્ટ્રીય પેદાશ છે. ટૂંકમાં રાષ્ટ્રીય પેદાશ= ખેતી + ઉદ્યોગ + સેવા ક્ષેત્રનું કુલ ઉત્પાદન.*

*જો રાજ્યનો હસ્તક્ષેપ ન હોય, કરવેરા વગેરે ન હોય અને વિદેશ વેપાર પણ ન હોય એટલે કે, આયાત નિકાસ ન હોય તો રાષ્ટ્રીય આવક અને રાષ્ટ્રીય પેદાશ એક સરખા હોય છે. વસ્તુઓ ઉપરના વેરાને લીધે રાષ્ટ્રીય પેદાશ રાષ્ટ્રીય આવક કરતા વધુ હોય છે. કારણ કે કરવેરાને કારણે કિંમત ઉત્પાદન ખર્ચથી વધારે હોય છે. ઉપરાંત ઉત્પાદકોને સરકાર તરફથી મળતી સબસીડીને કારણે રાષ્ટ્રીય પેદાશ રાષ્ટ્રીય આવકથી ઓછી હોય છે.*

## 2.4 રાષ્ટ્રીય આવકના મહત્ત્વના ખ્યાલો :-

*રાષ્ટ્રીય આવકના વિવિધ પાસાને વર્ણવવા અર્થશાસ્ત્રીઓ અને આંકડાશાસ્ત્રીઓ વિવિધ પરિભાષાનો ઉપયોગ કરે છે. તેના વડે આપેલા સમય ગાળામાં ઉત્પાદનનું માપ મેળવી શકાય છે. જે નીચે પ્રમાણે જોવા મળે છે.*

### 2.4.1 કુલ આંતરિક પેદાશ

*રાષ્ટ્રીય આવકના વિવિધ ખ્યાલોમાં કુલ આંતરિક પેદાશનો ખ્યાલ મહત્ત્વનો છે. વર્ષ દરમિયાન દેશના અને વિદેશના નાગરિકો દ્વારા દેશની હદમાં જે અંતિમ સ્વરૂપની ચીજ વસ્તુઓઅને સેવાઓનું ઉત્પાદન થાય છે. તેના બજાર મૂલ્યના સરવાળાને કુલ આંતરિક પેદાશ અથવા કોઈ ઘરેલુ ઉત્પાદન કહેવામાં આવે છે. કુલ આંતરિક પેદાશની ગણતરીમાં નીચેની બાબતો મહત્ત્વની છે.*

- *દેશમાં કોઈ વર્ષ દરમિયાન થયેલ ખેતી ઉદ્યોગ અને સેવા ક્ષેત્રના કુલ અંતિમ ઉત્પાદનને ધ્યાનમાં લેવામાં આવે છે.*
- *કુલ આંતરિક પેદાશમાં દેશ અને વિદેશના નાગરિકો દ્વારા કુદરત દ્વારા આપણા દેશમાં થયેલ અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને ઉત્પાદન ગણવામાં આવે છે.*
- *કુલ આંતરિક પેદાશનો ખ્યાલ દેશની હદ સાથે સંકળાયેલો છે. આમાં દેશના નાગરિકોએ વિદેશમાં કરેલું ઉત્પાદન અથવા દેશના નાગરિકોએ વિદેશમાંથી મેળવી આવકને ગણતરીમાં લેવામાં આવતી નથી.*
- *અહીં ચીજ વસ્તુઓ અને સેવાઓના મૂલ્યની સ્થિર ભાવો એ ગણતરી કરવામાં આવે છે.*

- દેશની આર્થિક સરખામણી કરવા અર્થતંત્રની પ્રગતિ દર્શાવવા જી.ડી.પી.ના આંકડાઓનો વ્યવહાર ઉપયોગ કરવામાં આવે છે.

### 2.4.2 શુદ્ધ આંતરિક પેદાશ

*ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન સાધનોને લાગતા ઘસારાને કુલ આંતરિક પેદાશમાંથી બાદ કરવાથી શુદ્ધ આંતરિક પેદાશ પ્રાપ્ત થાય છે. જેને* NDP = (Net Domenstic Product) *કહેવાય છે. ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન સાધનોની વપરાશને કારણે યંત્રો મકાનો ઓજારો જેવા મૂડી સાધનોને ઘસારો લાગે છે. અમુક સમય પછી આ સાધનો ઉત્પાદન માટે બિન ઉપયોગી બની જાય છે. ત્યારે આવા સાધનો બદલવાની જરૂર પડે છે. કેટલીક ટેકનોલોજી બદલાતા મુડી સાધનો બદલવામાં આવે છે. આથી વર્ષ દરમિયાન દેશની હદમાં દેશના તેમજ વિદેશના નાગરિકો દ્વારા જે અંતિમ સ્વરૂપની ચીજ વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે. તેમાંથી મૂડી સાધનોને લાગતા ઘસારા ખર્ચને બાદ કરતાં જે શેષ વધે તેને શુદ્ધ આંતરિક પેદાશ કહેવાય છે. તેથી ટૂંકમાં સુત્ર સ્વરૂપે જોઈએ તો, એન.ડી.પી. = જી.ડી.પી.- ઘસારો*

### 2.4.3 કુલ રાષ્ટ્રીય પેદાશ

*દેશના નાગરિકો વર્ષ દરમિયાન જે ઉત્પાદન કરે છે તેના મૂલ્યનો સરવાળો એટલે કુલ રાષ્ટ્રીય પેદાશ. અહીં દેશના નાગરિકોએ દેશની અંદર અથવા તો દેશની સરહદ બહાર વિદેશી ધરતી પર જે કંઈ ઉત્પાદન કર્યું હોય તે તમામ અંતિમ ઉત્પાદનને ધ્યાનમાં લેવામાં આવે છે. જેમાં નીચેની બાબતોને ખાસ ધ્યાનમાં લેવામાં આવે છે.*

- GNP (Gross National Product) *માં ચાલુ વર્ષના ઉત્પાદનનું મૂલ્ય ગણાય છે.*
- *કુલ આંતરિક પેદાશના મૂલ્યમાં વિદેશમાં રહેતા આપણા નાગરિકોની આવક ઉમેરવામાં આવે અને આપણા દેશમાં રહીને કમાતા વિદેશી નાગરિકોની આવક બાદ કરવામાં આવે ત્યારે* GNP (Gross National Product) *મળે છે.*
- *ટૂંકમાં કહીએ તો જીએનપી =* GDP = (Gross Domenstic Product) *વિદેશમાંથી ચોખ્ખી મળેલી આવક. વિદેશમાંથી થતી કુલ આવક- વિદેશને થતી કુલ ચૂકવણી.*
- *સામાન્ય વ્યવહારમાં મોટાભાગે જી.એન.પી.ના આંકડાઓનો ઉપયોગ થાય છે*

### 2.4.4 શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ

- *કુલ રાષ્ટ્ર પેદાશમાંથી ઉત્પાદનના સાધનોનો ઘસારો બાદ કરતા જે શેષ વધે તે મૂલ્ય એટલે શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ એટલે કે અહીં કુલ રાષ્ટ્રીય પેદાશમાંથી ઉત્પાદનના સાધનોને લાગેલો ઘસારો બાદ કરવામાં આવે છે. જેથી શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ મળી રહે છે તેમાં નીચેની બાબતો મહત્ત્વની છે*
- *જી. એન. પી. માંથી ઘસારો બાદ થયા પછીનું ચાલુ વર્ષના ઉત્પાદનનું મૂલ્ય એટલે* NNP (Net National Product)

*એન. એન પી. = જી.એન.પી- ઘસારો*

**(I)** **બજાર કિંમતે રાષ્ટ્રીય આવક :-** *ઉપરોક્ત દર્શાવેલ રાષ્ટ્રીય આવક પૈકીના દરેક ખ્યાલને જ્યારે ચાલુ ભાવે એટલે કે બજાર ભાવે માપવામાં આવે છે, ત્યારે તેને બજાર ભાવે (કિંમતે) રાષ્ટ્રીય આવક તરીકે ઓળખવામાં આવે છે. અહીં ચાલુ ભાવનો અર્થ એ થાય છે કે વર્તમાન નાણાકીય વર્ષનો ભાવ.*

**(II)** **સ્થિર ભાવે રાષ્ટ્રીય આવક :-** *ઉપરોક્ત દર્શાવેલ રાષ્ટ્રીય આવક પૈકીના દરેક ખ્યાલને જયારે ભૂતકાળના કોઈ નાણાકીય વર્ષના ભાવે માપવામાં આવે છે, ત્યારે તેને સ્થિર ભાવે (કિંમતે) રાષ્ટ્રીય આવક તરીકે ઓળખવામાં આવે છે. અહીં, સ્થિર ભાવનો અર્થ એ થાય છે કે ભૂતકાળના કોઈ નાણાકીય વર્ષનો ભાવ.*

**(III)** **સાધન ખર્ચે રાષ્ટ્રીય આવક :-** *સામાન્ય રીતે બજારમાં મળતી ચીજ-વસ્તુઓ અને સેવાઓના ભાવોમાં સરકાર દ્વારા લેવામાં આવતા કરવેરાનો સમાવેશ થયેલો હોય છે. આ ઉપરાંત સરકાર સબસીડી પણ આપે છે. જે વસ્તુઓ અને સેવાઓની કિંમતમાં ફેરફાર લાવે છે. આમ, સાધન ખર્ચે રાષ્ટ્રીય આવક એટલે બજાર કિંમતે રાષ્ટ્રીય આવક માંથી કરવેરાને બાદ કરી તેમાં સબસીડીને ઉમેરવામાં આવે છે. આમ, કરવાનું મુખ્ય કારણ એ છે કે વસ્તુઓ અને સેવાઓમાં કરવેરા લેવાથી વસ્તુઓના ભાવો વધે છે જયારે સબસીડી આપવાથી વસ્તુઓ અને સેવાઓની કિંમતમાં ઘટાડો થાય છે. આમ, રાષ્ટ્રીય આવકનો સાચો ખ્યાલ મળતો નથી. માટે સાધન ખર્ચે રાષ્ટ્રીય આવકની ગણતરી કરવાથી રાષ્ટ્રીય આવકનો સાચો ખ્યાલ પ્રાપ્ત થાય છે.*

**(IV)** **કુલ ઘરેલૂ પેદાશનો સંકોચક (GDP DEFLATOR) :-***કુલ ઘરેલુ પેદાશનો સંકોચક દેશમાં પેદા થતી તમામ નવી અંતિમ વસ્તુઓ અને સેવાઓના સ્તરનું માપ છે. આમ, કુલ ઘરેલૂ પેદાશનો સંકોચક કોઈ દેશમાં કુલ ઘરેલુ ઉત્પાદનની વર્તમાન સ્થિતિ શું છે તે સારી રીતે દર્શાવે છે. કુલ ઘરેલુ પેદાશના સંકોચકમાં તદ્દન નવી વસ્તુઓ અને સેવાઓને પણ ધ્યાનમાં લેવામાં આવે છે, જે અગાઉના નાણાકીય વર્ષના સમયગાળામાં ઉત્પન થઈ ન હતી અને તેના કારણે અગાઉના નાણાકીય વર્ષના સમયગાળામાં રાષ્ટ્રીય આવકની ગણતરીમાં સામેલ થઈ ન હતી. આમ, આ ખ્યાલ બજારમાં મળતી નવી વસ્તુઓ અને સેવાઓને ધ્યાનમાં લે છે.*

$$\text{કુલ ઘરેલુ પેદાશનો સંકોચક} = \frac{\text{સામાન્ય જીડીપી.}}{\text{વાસ્તવિક જી.ડી.પી}} \times 100$$

*જ્યાં, સામાન્ય જીડીપી એટલે ચાલુ ભાવે જીડીપી અને વાસ્તવિક જીડીપી એટલે સ્થિર ભાવે જીડીપી.*

### 2.4.5 માથાદીઠ આવક

*દેશનું સાચું અને વાસ્તવિક આર્થિક સામાજિક સ્થિતિનું ચિત્ર રાષ્ટ્રીય આવક નહીં પરંતુ દેશની માથાદીઠ આવક રજૂ કરે છે. દેશના લોકોની આર્થિક સુખાકારી કે જીવન ધોરણનો સાચો ખ્યાલ કુલ રાષ્ટ્રીય આવક ઉપરથી મેળવી શકાતો નથી. કારણ કે રાષ્ટ્રના લોકોની સુખાકારી લોકો કેટલી આર્થિક ચીજ વસ્તુઓ સેવાઓ પ્રાપ્ત કરી શકે છે તેના ઉપર આધારિત છે. સામાન્ય રીતે જોઈએ તો માથાદીઠ આવક એટલે દેશના લોકોની સરેરાશ આવક. કોઈ એક દેશની રાષ્ટ્રીય આવકને દેશની કુલ વસ્તી વડે ભાગતા જે તે વર્ષની તે દેશની માથાદીઠ આવક પ્રાપ્ત થાય છે.*

*રાષ્ટ્રીય આવક આર્થિક વૃદ્ધિનો એક માપદંડ છે તેમ માથાદીઠ આવક આર્થિક વિકાસનો એક માપદંડ છે. માથાદીઠ આવક સામાન્ય રીતે દેશના લોકોની સરેરાશ આવક છે. દેશના કેટલાક લોકોની આવક માથાદીઠ આવક કરતા વધારે કેટલાકની ઓછી તો કેટલાકને લગભગ તેટલી જ વાર્ષિક આવક હોય શકે છે. સૂત્રમાં નીચે મુજબ કરી શકાય.*

*માથાદીઠ આવક= કુલ રાષ્ટ્રીય આવક*

**માથાદીઠ આવકની ગણતરી :**

*ધારો કે કોઈ એક દેશની કોઈ એક વર્ષની રાષ્ટ્રીય આવક* 60,000 *કરોડ છે અને તે વર્ષે તે દેશની કુલ વસ્તી* 04 *કરોડ છે તો તે દેશની માથાદીઠ આવક*

*માથાદીઠ આવક=* 60,000 *કરોડ*

*દેશની કુલ વસ્તી =* 04*કરોડ સૂત્રમાં કિંમત મુકતા નીચે મુજબનો જવાબ મળે.*

60,000 *કરોડ* ÷ 4 *કરોડ* = 15000 *કરોડ*

*માથાદીઠ આવક =* 15000 *કરોડ રૂપિયા થશે.*

*એટલે કે વર્ષ દરમિયાન આ દેશના લોકોએ સરેરાશ* 15 *હજાર કરોડ રૂપિયા આવક મેળવે છે તેમ કહી શકાય. જો માથાદીઠ આવક ચાલુ વર્ષના ભાવે રાષ્ટ્રીય આવકના માપથી ગણતરીમાં આવે તો તેને ચાલુ ભાવે માથાદીઠ આવક કહેવાય અને જો પાયાના વર્ષના ભાવે રાષ્ટ્રીય આવક ગણતરીમાં આવી હોય તો તે સ્થિર ભાવે માથાદીઠ આવક કહેવાય છે. માથાદીઠ આવક જેમ વધારે તેમ નાગરિકોને પ્રાપ્ત થતી વસ્તુઓ અને સેવાઓનું પ્રમાણ વધારે છે તેમ કહેવાય અથવા તો નાગરિકોનું જીવન ધોરણ ઊંચું છે તેમ કહી શકાય અને તેનાથી ઉલટું... મહત્ત્વની બાબતો:*


- *રાષ્ટ્રીય આવકના વૃદ્ધિદર કરતા વસ્તી વૃદ્ધિનો દર ઊંચો હોય તો માથાદીઠ આવક ઘટે છે.*
- *માથાદીઠ આવક એ સરેરાશ માપ છે.*
- *દેશના આવકની વહેંચણી બદલાવા છતા માથાદીઠ આવકમાં કોઈ ફેર પડતો નથી.*
- *જો દેશમાં આવકની અસમાનતા વધે તો માથાદીઠ આવક વિકાસનો સાચો માપદંડ નથી.*
- *દેશની પ્રગતિનો સાચો માપદંડ રાષ્ટ્રીય આવક નહી પરંતુ માથાદીઠ આવક છે.*
- UNO *પણ પ્રગતિની સરખામણી કરવામાં રાષ્ટ્રીય આવકની સાથે માથાદીઠ આવકના આકડાનો ઉપયોગ કરે છે.*
- *માથાદીઠ આવકથી બે દેશોની તુલના કરી શકાય છે.*
- *માથાદીઠ આવકથી દેશના નાગરિકોના જીવન ધોરણનો અંદાજ મૂકી શકાય છે.*

## 2.5 રાષ્ટ્રીય આવકનો ચકાકાર પ્રવાહ :-

*સૈદ્ધાંતિક સમજૂતીની રીતે અર્થતંત્રના બે પ્રકાર પાડવામાં આવે છે.* 1 *અલિપ્ત અર્થતંત્ર અને* 2. *ખુલ્લુ અર્થતંત્ર*

*અલિપ્ત અર્થતંત્ર એવું અર્થતંત્ર છે જેમાં વિદેશ વેપારને કોઈ ભૂમિકા હોતી નથી. આવા અર્થતંત્રને અન્ય દેશો સાથે આર્થિક વ્યવહારો હોતા નથી. દેશમાં આયાત નિકાસની ગેરહાજરી હોય છે. અલિપ્ત અર્થતંત્ર એટલે સ્વનિર્ભર કે સ્વાવલંબી અર્થતંત્ર છે.*

*જ્યારે ખુલ્લા અર્થતંત્રમાં વિદેશ વેપારની ભૂમિકા હોય છે. અમુક કાર્યો સરકાર કરે છે. બીજા દેશો સાથે અર્થતંત્રને આયાત અને નિકાસના સંબંધો હોય છે. અહીં સરળતા ખાતર રાષ્ટ્રીય આવકના ચકાકાર પ્રવાહની સમજૂતી માત્ર અલિપ્ત અર્થતંત્રના સંદર્ભમાં જ મેળવીશું.*




*ઉત્પાદન આવક ખર્ચનો ચક્રાકાર પ્રવાહ સમજવા માટે આપણે અર્થતંત્રને બે વિશાળ ક્ષેત્રોમાં વહેંચીએ છીએ. ધંધાદારી પેઢીઓ અને સાધનોના માલિકો. ધંધાદારી પેઢીઓ ઉત્પાદન પ્રક્રિયા માટે જરૂરી સાધનો જમીન, મૂડી, શ્રમ, અને નિયોજન કુટુંબો પાસેથી ખરીદે છે અને ધંધામાં તેનો ઉપયોગ કરીને ઉત્પાદન કરે છે આમ સાધનો કુટુંબથી પેઢી તરફ આવે છે. જે ચીજ વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરે છે. સાધનોના ઉપયોગ બદલ પેઢીઓ સાધનના માલિકોને એટલે કે કુટુંબોને અથવા તો ઉત્પાદનના સાધનોને જમીનને ભાડું, શ્રમિકોને વેતન, મૂડીપતિઓને વ્યાજ અને નિયોજકને નફારૂપે વળતર ચૂકવે છે. આમ, પ્રથમ નાણાનો પ્રવાહ ધંધાદારી પેઢી તરફથી કુટુંબો તરફ આવે છે.*

*પેઢીઓ ઉત્પાદનના સાધનોની મદદથી જે ચીજ વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરે છે તેને વેચવા માટે બજારમાં મૂકે છે અને બજારમાંથી કુટુંબો ચીજ વસ્તુઓ અને સેવાઓની ખરીદી કરે છે. આમ વસ્તુ અને સેવાઓનો પ્રવાહ પેઢીઓ તરફથી કુટુંબો તરફ આવે છે. કુટુંબો વસ્તુ અને સેવાની ખરીદી બદલ પેઢીને નાણા ચુકવે છે. તેથી નાણાનો પ્રવાહ કુટુંબો તરફથી ફરી પેઢીઓ તરફ આવે છે. આ નાણાની મદદથી પેઢીઓ ફરીથી ઉત્પાદનના સાધનો ખરીદે છે અને ફરીથી ઉત્પાદન કરે છે અને કુટુંબોને કામના ઉત્પાદન પ્રક્રિયામાં ફાળા સ્વરૂપે નાણાકીય વળતર ચૂકવે છે. આમ પેઢીઓથી કુટુંબો તરફ અને કુટુંબોથી પેઢીઓ તરફ સતત વહેતા આ નાણાંના પ્રવાહને ઉત્પાદન આવક ખર્ચનો એટલે કે રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ કહેવામાં આવે છે. આવકનો આ ચક્રાકાર પ્રવાહ અર્થતંત્રને સતત ધબકતું રાખે છે. ચક્રાકાર પ્રવાહ સૂચવે છે કે રાષ્ટ્રીય આવક ત્રણ રીતે માપી શકાય છે. 1. ઉત્પાદન 2. આવક અને 3. ખર્ચ.*

## 2.6 નાણાંકીય રાષ્ટ્રીય આવક અને વાસ્તવિક રાષ્ટ્રીય આવક :-

*રાષ્ટ્રીય આવકની માપણી નાણાના માપદંડ વડે કરવામાં આવે છે. પરંતુ જો નાણાંરૂપી માપદંડ સ્થિર હોય બીજા શબ્દોમાં કહીએ તો ભાવમાં વધઘટ થતી હોય તો ઉત્પાદન સ્થિર હોવા છતાં રાષ્ટ્રીય આવક વધે કે ઘટે અથવા ઉત્પાદન ઓછું વધુ હોય કે ઘટ્યું હોય છતાં રાષ્ટ્રીય આવક વધારે આવે છે.*

*ત્યારે પ્રશ્ન ઉપસ્થિત થાય કે જેટલું ઉત્પાદન વધ્યું હોય તેટલી જ રાષ્ટ્રીય આવક વધે તો તે માપદંડ સાચું કહેવાય એને સમજવા માટે નાણાકીય રાષ્ટ્રીય આવક અને વાસ્તવિક રાષ્ટ્રીય આવકને સમજવી પડે.*

**2.6.1 નાણાંકીય રાષ્ટ્રીય આવક :**

*ચાલુ ભાવે એટલે કે વર્તમાન ભાવે રાષ્ટ્રીય આવકને ગણવામાં આવે તો તે નાણાકીય રાષ્ટ્રીય આવક કહેવાય છે. વર્તમાનમાં થયેલ તમામ વસ્તુઓના ઉત્પાદનને તે વસ્તુના બજાર ભાવ સાથે ગુણીને જે રાષ્ટ્રીય આવક મળે તે નાણાકીય રાષ્ટ્રીય આવક છે. પરંતુ આ નાણા કે રાષ્ટ્રીય આવક એ વાસ્તવિક રાષ્ટ્રીય આવક નથી. જો કોઈ વર્ષનું ઉત્પાદન કર્યા વગર જેટલું જ હોય અને ભાવ બમણા થયા હોય તો ચાલુ વર્ષની નાણાકીય રાષ્ટ્રીય આવક બમણી આવશે. જે વાસ્તવિક પરિસ્થિતિ દર્શાવતું નથી. કારણ કે ઉત્પાદન તો ગયા વર્ષ જેટલું જ છે. માત્ર ભાવ બમણા થયા છે. પ્રજાના જીવનમાં કોઈ સુધારો થયો નથી તેથી સાચી રાષ્ટ્રીય આવક જાણવાનો રસ્તો વાસ્તવિક રાષ્ટ્રીય આવક જ છે.*

**2.6.2વાસ્તવિક રાષ્ટ્રીય આવક**

*પાયાના વર્ષના ભાવે એટલે કે સ્થિર ભાવો એ રાષ્ટ્રીય આવક ગણવામાં આવે તો તે વાસ્તવિક રાષ્ટ્રીય આવક કહેવાય છે. વર્ષ દરમિયાન થયેલ તમામ વસ્તુઓના ઉત્પાદનને તે વસ્તુના સ્થિર ભાવ સાથે ગુણીને રાષ્ટ્રીય આવક મેળવવામાં આવે છે, તે વાસ્તવિક રાષ્ટ્રીય આવક છે. વાસ્તવિક રાષ્ટ્રીય આવક કે દેશની સાચી આર્થિક સ્થિતિ દર્શાવે છે. વાસ્તવમાં ઉત્પાદન ને બજાર કિંમત બંને વધે છે. તેથી રાષ્ટ્રીય આવકનો અમુક વધારો ઉત્પાદન વધારાને કારણે તો અમુક વધારો કિંમત વધવાને કારણે હોય છે. પણ આવક વધારામાં રસ છે જે ઉત્પાદન વધારાને કારણે વધી છે. કારણ કે ઉત્પાદન વધારાને કારણે રાષ્ટ્રીય આવક વધે તો લોકોની વપરાશ અને જીવન ધોરણ ઊંચું આવે છે.*

**2.7 ભારતની રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવક**

*(વિદ્યાર્થીઓની જાણકારી માટે)*

| India GDP Per Capita Historical Data | | |
|---|---|---|
| **Year** | **GDP Per Capita (US $)** | **Annual Growth Rate (%)** |
| 2022 | $2,411 | 7.72% |
| 2021 | $2,238 | 16.98% |
| 2020 | $1,913 | -6.68% |
| 2019 | $2,050 | 3.84% |
| 2018 | $1,974 | 0.84% |
| 2017 | $1,958 | 14.22% |
| 2016 | $1,714 | 7.80% |
| 2015 | $1,590 | 1,94% |
| 2014 | $1,560 | 8.47% |
| 2013 | $1,438 | 0.28% |

www.worldbank.org

PER CAPITA INCOME

| **CPI Base 2012-100** | | **Growth rate of Per Capita NNI (In %)** | |
|---|---|---|---|
| **Year** | **Inflation based on CPI** | **At Current Prices** | **At Constant (2011- 12) Prices** |
| 2014-15 | 5.93 | 9.5 | 6.2 |
| 2015-16 | 4.91 | 9.4 | 6.7 |
| 2016-17 | 4.52 | 10.6 | 6.9 |
| 2017-18 | 3.59 | 9.9 | 5.5 |
| 2018-19 | 3,41 | 9.3 | 5.2 |
| 2019-20 | 4.77 | 5.1 | 2.5 |
| 2020-21 | 6.16 | -4.0(2nd RE) | -8.9(2nd RE) |
| 2021-22 | 5.51 | 16.9(1st RE) | 7.6(1st RE) |
| 2022-23 | 6.65 | 16.0(PE) | 6.3(PE) |

RF-Revised Estimates, PE- Provisional Estimates
www.worldbank.org

## 2.8 સારાંશ

*આ સમગ્ર પ્રકરણમાં આપણે રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવક ની વિસ્તૃત માહિતી મેળવી. આ ચર્ચા પરથી એ વાત ફલિત થાય છે કે દેશના લોકોની સુખાકારી અને ઊંચા જીવન ધોરણ માટે ઊંચી રાષ્ટ્રીય આવક નહીં પરંતુ ઊંચી માથાદીઠ આવક મહત્ત્વની છે. ભલે દેશની રાષ્ટ્રીય આવક ઊંચી હોય પરંતુ જો દેશની વસ્તી પણ વધારે હોય તો કુલ રાષ્ટ્રીય આવક વસ્તી વડે ભગાતા માથાદીઠ આવક નીચી પ્રાપ્ત થાય છે. અને રાષ્ટ્રીય આવક મધ્યમ અથવા નીચી હોય પરંતુ વસ્તી ઓછી હોય તો કુલ રાષ્ટ્રીય આવક ઓછા લોકો વચ્ચે વહેંચાતા માથાદીઠ આવક ઊંચી મળે છે. એનો ઉત્તમ ઉદાહરણ ભારત અને ફ્રાન્સ છે. બંને દેશની રાષ્ટ્રીય આવક લગભગ એક સમાન હોવા છતાં બંને દેશોની માથાદીઠ આવકમાં જમીન આસમાનનો તફાવત છે. લક્ઝમબર્ગ, મકાઉ, સ્વીઝરલેન્ડ, નોર્વે, આઈસલેન્ડ, કતાર જેવા દેશો વિશ્વમાં મધ્યમ અથવા નીચી રાષ્ટ્રીય આવક ધરાવતા હોવા છતાં અલ્પ વસ્તીને કારણે માથાદીઠ આવકમાં વિશ્વમાં અગ્રસ્થાન ધરાવે છે. આ ઉપરાંત અમેરિકા, બ્રિટન, જાપાન, જર્મની, ફ્રાંસ જેવા દેશો ઊંચી રાષ્ટ્રીય આવક અને મધ્યમ અથવા મધ્યમથી વધારે વસ્તી ધરાવતા હોવાથી માથાદીઠ આવકની દ્રષ્ટિએ વિશ્વના અગ્ર હરોળના દેશોમાં સમાવેશ થાય છે. જ્યારે ચીન અને ભારત જેવા દેશો ઊંચી રાષ્ટ્રીય આવક સાથે અતિ વસ્તી ધરાવતા દેશો હોવાથી માથાદીઠ આવકમાં વિશ્વમાં ઘણા જ પાછળના ક્રમે આવે છે. આ ઉપરાંત સાચા આર્થિક વિકાસ માટે ઊંચી માથાદીઠ આવક ઉપરાંત આવકની સમાન વહેંચણી પણ એટલી જ જરૂરી છે.*

## 2.9 ચાવીરૂપ શબ્દો

**ઉત્પાદન** : *ચોક્કસ સમયે ઉપલબ્ધ ઉત્પાદનના સાધનો દ્વારા જેટલા પ્રમાણમાં ચીજ વસ્તુઓ અને સેવાઓ ઉત્પાદન થાય તેને ઉત્પાદન કહેવાય.*

**રાષ્ટ્રીય આવક** : *વર્ષ દરમિયાન ઉત્પાદનના ચાર સાધનો એ રાષ્ટ્રના ઉત્પાદનમાં આપેલ ફાળા બદલ તેમને મળતી કુલ આવકનો સરવાળો એટલે રાષ્ટ્રીય આવક.*

**રાષ્ટ્રીય પેદાશ** : *વર્ષ દરમિયાન ઉત્પાદનના સાધનોથી દેશના જુદા જુદા ક્ષેત્રોમાં અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાઓના કુલ ઉત્પાદન મૂલ્યનો સરવાળો રાષ્ટ્રીય પેદાશ છે.*

**અલિપ્ત અર્થતંત્ર** : *એવું અર્થતંત્ર જેવા સરકાર અને વિદેશ વેપારની કોઈ ભૂમિકાઓ નથી. અર્થતંત્રને અન્ય દેશો સાથે આર્થિક વ્યવહારો હોતા નથી. આયાત નિકાસ વગરનો અર્થતંત્ર હોય છે.*

**ખુલ્લુ અર્થતંત્રઃ** *એવું અર્થતંત્ર જેમાં સરકાર અને વિદેશ વેપારની ભૂમિકા હોય છે. સરકાર અને કાર્યો કરે છે. દેશ આયાત નિકાસ પણ કરે છે આજના બધા અર્થતંત્ર ખુલ્લા અર્થતંત્ર છે.*

**કુલ આંતરિક પેદાશ** : *વર્ષ દરમિયાન દેશની હદમાં દેશના અને વિદેશના નાગરિકો દ્વારા ની વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે બજાર મૂલ્યને કુલ આંતરિક પેદાશ કહે છે.*

**શુદ્ધ આંતરિક પેદાશ** : *વર્ષ દરમિયાન દેશની હદમાં દેશના અને વિદેશના નાગરિકો દ્વારા જે અંતિમ સ્વરૂપની વસ્તુ અને સેવાઓનું ઉત્પાદન થાય છે તેના બજાર મૂલ્યમાંથી ઘસારો બાદ કર્યા પછીનું નાણાકીય મૂલ્ય શુદ્ધ આંતરિક પેદાશ છે.*

**કુલ રાષ્ટ્રીય પેદાશ** : *વર્ષ દરમિયાન દેશના નાગરિકો ઉત્પન્ન કરેલી વસ્તુઓ અને સેવાઓના નાણાકીય મૂલ્યને દેશની કુલ રાષ્ટ્રીય પેદાશ કહે છે.*

**શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ** : *વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ ઉત્પન્ન કરેલી વસ્તુઓ અને સેવાઓના નાણાકીય મૂલ્યમાંથી ઘસારો બાદ કર્યા પછીનું શેષ નાણાકીય મૂલ્ય એ શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ છે.*

**માથાદીઠ આવક** : *વ્યક્તિદીઠ સરેરાશ આવક કે માથાદીઠ આવક છે. દેશની કુલ રાષ્ટ્રીય આવકને કુલ વસ્તી વડે ભાગતા જે આવક પ્રાપ્ત થાય છે તે માથાદીઠ આવક છે.*

**બેવડી ગ ણતરી** : *જ્યારે રાષ્ટ્રીય આવકની ગણતરીમાં કોઈ વસ્તુ કે સેવાનું મૂલ્ય એક કરતાં વધારે વાર ગણવામાં આવે તો ગણતરી કહે છે.*

**આરોપીત ભાડું** : *પોતાનું મકાન બીજાને ભાડે આપ્યું હોય તો જે ભાડું મળી શકત તેનો અંદાજ આરોપી ભાડું છે.*

**નાણાકીય આવક** : *જે રાષ્ટ્રીય આવક બજાર ભાવે ગણવામાં આવે તેના નાણાકીય રાષ્ટ્રીય આવક તરીકે ઓળખવામાં આવે છે.*

**વાસ્તવિક આવક** : *જે રાષ્ટ્રીય આવક અને પાયાના વર્ષના ભાવે એટલે કે સ્થિર ભાવે ગણવામાં આવે તેને વાસ્તવિક રાષ્ટ્રીય આવક કહે છે.*

**ઘસારો** : *વપરાશને કારણે મૂડી સાધનની કિંમતમાં થતો ક્રમશઃ અને કાયમી ઘટાડો એ ઘસારો છે. યંત્ર મૂડી સાધનોને ઉત્પાદન દરમિયાન ઘસારો લાગતો હોય છે.*

**કરટાળો** : *કાયદાની છટકબારીઓનો ઉપયોગ કરીને કર દાતા કર ભરવાનું ટાળે તો એ કરટાળો છે, કરટાળો કાયદેસર છે.કરચોરી, કરદાતા કર ભરવાની જવાબદારી ચૂકે તે કરચોરી છે. કરચોરી ગેરકાયદેસર પ્રવૃતિ છે.*

## 2.10 તમારી પ્રગતિ ચકાસો

- **પ્રશ્ન - 1આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પ પસંદ કરો.**

1. *વપરાશ આધારિત રાષ્ટ્રીય આવકની વ્યાખ્યા કોણે આપી ?*

   *અ. ફીશર.* *બ. કેઈન્સ*

   *ક. પીગુ.* *ડ. માર્શલ*

2. *નાણા આધારિત રાષ્ટ્રીય આવકની વ્યાખ્યા કોણે આપી ?*

   *અ. માર્શલ.* *બ. સેમ્યુલસન*

   *ક. પીગુ.* *ડ. કેઈન્સ*

3. *ઉત્પાદનના સાધન તરીકે જમીનને કયા સ્વરૂપે વળતર મળે છે ?*

   *અ વ્યાજ.* *બ. ભાડું*

   *ક. નફશે.* *ડ. વેતન*

4. *નીચેનામાંથી કઈ બાબતનો જીડીપીમાં સમાવેશ થતો નથી?*

   *અ. ખેતી ક્ષેત્રનું ઉત્પાદન* *બ. ઉદ્યોગ ક્ષેત્રનું ઉત્પાદન*

   *ક. વકીલની સેવાઓ* *ડ. ઉત્પાદનના સાધનો ઘસારો બાદ કરવો*

5. *રાષ્ટ્રીય આવકની ગણતરીમાં સરકારના કયા ખર્ચાઓ ગણાતા નથી ?*

   *અ. પુલ બનાવવા* *બ. તળાવ ઊંડા કરવા*

   *ક. સંરક્ષણ ખર્ચ* *ડ. બદલા ચુકવણીઓ*

6. *જો કોઈ દેશની રાષ્ટ્રીય આવક* 50000 *કરોડ ડોલર હોય અને કુલ વસ્તી પાંચ કરોડ હોય તો તે દેશની માથાદીઠ આવક કેટલી હોય?*

   *અ.* 10000*ડોલર* *બ.* 50 *લાખ ડોલર*

   *ક.* 15000*ડોલર* *ડ.* 2000 *ડોલર*

7. *ખુલ્લા અર્થતંત્રમાં નીચેનામાંથી કઈ બાબતનો સમાવેશ થતો નથી?*

   *અ. પેઢીઓ* *બ. કુટુંબો*

   *ક. ખેતી ઉદ્યોગો* *ડ. વિદેશ વેપારની ગેરહાજરી.*

- **પ્રશ્ન-2 નીચેના વિધાનો ખરા છે કે ખોટા જણાવો.**

  1. *રાષ્ટ્રીય આવકની ઉત્પાદન આધારિત વ્યાખ્યા પ્રોફેસર પીગુએ આપી છે.*
  2. *અલિપ્ત અર્થતંત્રમાં વિદેશ વેપારની ગેરહાજરી હોય છે.*
  3. *કુલ આંતરિક પેદાશમાંથી મુડી સાધનોને લાગતો ઘસારો બાદ કરતાં શુદ્ધ આંતરિક પેદાશ મળે છે.*
  4. *બેવડી ગણતરી એ રાષ્ટ્રીય આવક માપનની એક મહત્ત્વની મર્યાદા છે.*
  5. *માથાદીઠ આવકની દ્રષ્ટિએ ભારત અમેરિકા કરતાં ઉચ્ચ ક્રમ ધરાવે છે.*

- **પ્રશ્ન -3 ટૂંકમાં જવાબ આપો.**

  1. *રાષ્ટ્રીય આવકની પ્રોફેસર માર્શલે આપેલી વ્યાખ્યા જણાવો.*
  2. *અલિપ્ત અર્થતંત્રનો ખ્યાલ આપો.*
  3. *કુલ આંતરિક પેદાશ એટલે શું?*
  4. *શુદ્ધ રાષ્ટ્રીય પેદાશનો અર્થ આપો.*
  5. *માથાદીઠ આવક શોધવાનું સૂત્ર આપો.*
  6. *આરોપીત ભાડું એટલે શું?*
  7. *રાષ્ટ્રીય આવકની દ્રષ્ટિએ ઉચ્ચ ક્રમ ધરાવતા વિશ્વના કોઈપણ ત્રણ દેશોના નામ આપો.*
  8. *વિશ્વમાં સૌથી વધારે માથાદીઠ આવક ધરાવતા અગ્રક્રમના ત્રણ દેશોના નામ જણાવો.*

- **પ્રશ્ન-4 તફાવત આપો**

  1. *જીડીપી અને એનડીપી*
  2. *જીડીપી અને જીએનપી*
  3. *જીએનપી અને એનએનપી*
  4. *અલિપ્ત તંત્ર અને ખુલ્લુ અર્થતંત્ર*

- **પ્રશ્ન-5 પ્રશ્નોનો મુદાસર જવાબ આપો.**

  1. *રાષ્ટ્રીયઆવકની વિવિધ વ્યાખ્યાઓની સમજૂતી આપો.*
  2. *રાષ્ટ્રીય આવક અને રાષ્ટ્રીય પેદાશનો ખ્યાલ સમજાવો.*
  3. *કુલ આંતરિક પેદાશ અને શુદ્ધ આંતરિક પેદાશનો ખ્યાલ સમજાવો.*
  4. *કુલ રાષ્ટ્રીય પેદાશ અને શુદ્ધ રાષ્ટ્રીય પેદાશનો ખ્યાલ સમજાવો.*
  5. *નાણાકીય રાષ્ટ્રીય આવક અને વાસ્તવિક રાષ્ટ્રીય આવકનો ખ્યાલ સમજાવો.*
  6. *માથાદીઠ આવકનો અર્થ આપી. માથાદીઠ આવકનો ખ્યાલ ઉદાહરણ સહિત સમજાવો.*

- **પ્રશ્ન-6 નીચેના પ્રશ્નોના જવાબ વિસ્તારપૂર્વક આપો.**

  1. *રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ આકૃતિ સહિત સમજાવો.*
  2. *રાષ્ટ્રીય આવક માપવાની જુદી જુદી પદ્ધતિઓ.*

3. *રાષ્ટ્રીય આવક માપવાની મુશ્કેલીઓ મુદ્દાસર સમજાવો.*

4. *રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકની અનુસૂચિત દ્વારા સમજૂતી આપો.*

## ❖ ઉપયોગી વાચન સંદર્ભ


- *અર્થશાસ્ત્ર, ધોરણ*11, *ગુજરાત રાજ્યશાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર.*
- Indian economy, atlantic publisher.
- *ભારતીય અર્થતંત્રનો પરિચય -ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી* –2020


## ❖ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તર

**પ્રશ્ન-1 સાચા વિકલ્પ**

1. *ફિશર*

2. *પીગુ*

3. *ભાડુ*

4. *ઉત્પાદનના સાધનોનો ઘસારો બાદ કરવો*

5. *બદલા ચુકવણીઓ*

6. 10,000*ડોલર*

7. *વિદેશ વ્યાપારની ગેરહાજરી.*

- **પ્રશ્ન-2 ખરા ખોટા જવાબ**

  **1.** *ખોટું* 2.*ખરું* 3.*ખરું* 4.*ખરું* 5.*ખોટું*

# એકમ - 3 રાષ્ટ્રીય આવકની માપણી

**- : રૂપરેખા : -**

**3.0 ઉદ્દેશો**

**3.1 પ્રસ્તાવના**

**3.2 રાષ્ટ્રીય આવક નું માપન**

**3.3 રાષ્ટ્રીય આવકની ગણતરીની મુશ્કેલીઓ**

**3.4 રાષ્ટ્રીય આવકને અસર કરતાં પરિબળો**

**3.4.1 આર્થિક પરિબળો**

**3.4.2 બિનઆર્થિક પરિબળો.**

**3.5 સારાંશ**

**3.6 ચાવીરૂપ શબ્દો.**

- **કેટલાક ઉપયોગી પુસ્તકો.**
- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**3.7 તમારી પ્રગતિ ચકાસો**

## 3.0 ઉદ્દેશો

*આ એકમના અભ્યાસ પછી નીચેની બાબતોમાં વિદ્યાર્થીઓમાં ક્ષમતા કેળવાશે*

- *રાષ્ટ્રીય આવક માપવાની જુદી જુદી પધ્ધતિઓ અંગે સમજ કેળવશે.*
- *રાષ્ટ્રીય આવક તથા માથાદીઠ આવક પર અસર કરતા પરિબળોની સમજણ કેળવશે.*

## 3.1 પ્રસ્તાવના

*અગાઉના પ્રકરણમાં આપણે રાષ્ટ્રીય આવકના વિવિધ ખ્યાલોનો અભ્યાસ કર્યો. પ્રસ્તુત પ્રકરણમાં આપણે રાષ્ટ્રીય આવકને માપવાની વિવિધ પધ્ધતિઓ, રાષ્ટ્રીય આવકની માપણી કરતી વખતે પડતી મુશ્કેલીઓ, રાષ્ટ્રીય આવકને અસર કરતાં પરિબળો વિષે વિસ્તૃત માહિતી મેળવીશું. સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ આર્થિક નીતિના ઘડતર માટે રાષ્ટ્રીય આવકના સત્તાવાર અંદાજોની જરૂર હતી અને તેથી ભારત સરકારે 1949ના ઓગસ્ટ મહિનામાં રાષ્ટ્રીય આવક સમિતિની નિમણૂક કરી હતી તેના સભ્યો તરીકે પ્રોફેસર પી.સી. મહાલનોબીસ, પ્રોફેસર ડી. આર, પ્રોફેસર વી. કે. આર. વી. રાવ હતા. આ સમિતિએ ત્રણ વિદેશથી આવેલા નિષ્ણાંત જે.આર.ડી સ્ટોન સાયમન અને પ્રોફેસર ડૉ. જે. બી. ડી. સેવાઓનો ઉપયોગ કર્યો હતો. આ સમિતિનો પ્રથમ અહેવાલ 1951માં અને આખરી અહેવાલ 1954માં પ્રસિદ્ધ થયો હતો. જેમાં ભારતની રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકના અંદાજોની માહિતી નીચે મુજબ આપવામાં આવેલી.*

**કોષ્ઠક-1 રાષ્ટ્રીયઆવક અને માથાદીઠઆવક**

| વર્ષ | રાષ્ટ્રીયઆવક ( કરોડરૂ.માં) | માથાદીઠઆવક (રૂ. માં) |
|---|---|---|
| 1948-49 | 8650 | 246.9 |
| 1949-50 | 9010 | 253.9 |
| 1950-51 | 9530 | 266.5 |

*અત્રે નોંધવું જોઈએકે 1954માં રાષ્ટ્રીય આવક સમિતિની કામગીરી પૂર્ણ થયા બાદ આ સમિતિને નાબૂદ કરવામાં આવી હતી અને તેના સ્થાને રાષ્ટ્રીય આવકની વાર્ષિક ધોરણે ગણતરી કરવા માટે ભારત સરકારે કેન્દ્રીય આંકડાકીય સંસ્થા (સેન્ટ્રલ સ્ટેટે સ્ટીકલ ઓર્ગેનાઈઝેશન)ની સ્થાપના કરી હતી. રાષ્ટ્રીય આવક તથા માથાદીઠ આવકના આખરી અંદાજો તૈયાર કરવામાં કેટલો સમય લાગતો હોવાથી આ સંસ્થા ઝડપી અંદાજો તૈયાર કરી પ્રકાશિત કરે છે. આ ઉપરાંત સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી, ઈકોનોમિક ટાઈમ્સના રિસર્ચ બ્યુરો જેવી સંસ્થાઓ તરફથી પણ રાષ્ટ્રીય આવકના અંદાજો પ્રકાશિત કરવામાં આવે છે.*

*રાષ્ટ્રીય આવક એ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો પાયાનો ખ્યાલ છે. રાષ્ટ્રીય આવક એ દેશની આર્થિક કામગીરીનું સર્વસ્વ છે. કોઈપણ દેશની આર્થિક પરિસ્થિતિ અને તેમાં કેવા ફેરફારો થઈ રહ્યા છે. તેના અભ્યાસ માટે રાષ્ટ્રીય આવક વિશેષ મહત્ત્વ ધરાવે છે. દેશોમાં ઉત્પાદન પધ્ધતિ દ્વારા રાષ્ટ્રીય આવકની ગણતરી કરવી અનુકૂળ અને પ્રચલિત છે. કોઈપણ દેશમાં વર્ષ દરમિયાન પેદા થતી ચીજવસ્તુઓ અને સેવાઓના નાણાકીય મૂલ્યને કોઈ એક ચોક્કસ આંકડામાં કે માપમાં રજૂ કરવામાં આવે છે ત્યારે તે દેશની રાષ્ટ્રીય આવક તરીકે ઓળખાય છે. દરેક દેશની સરકાર રાષ્ટ્રીય આવકની ગણતરી પોતાના સરકારી ખાતા દ્વારા અથવા શિક્ષણ અને સંશોધન કરતી સંસ્થાઓ દ્વારા કરાવે છે. માથાદીઠ આવકના પ્રમાણનો આધાર જે તે દેશની જનસંખ્યા પર આધારિત છે. દેશની રાષ્ટ્રીય આવક અને દેશની જનસંખ્યાથી ભાગતા માથાદીઠ આવક પ્રાપ્ત થાય છે.*

❖ **રાષ્ટ્રીય આવકનો અર્થ અને વ્યાખ્યાઓ**

*રાષ્ટ્રીય આવક એટલે વર્ષ દરમિયાન ખેતી, ઉદ્યોગ અને સેવાના ક્ષેત્રમાં જે કુલ ઉત્પાદન થાય છે તેનું નાણાકીય મૂલ્ય. આપણે જ્યારે કહીએ છીએ કે ભારતની રાષ્ટ્રીય આવક 166 લાખ કરોડ રૂપિયા છે. તેનો અર્થ એ થાય કે ખેતી, ઉદ્યોગ અને સેવાના ક્ષેત્રમાં એક વર્ષ દરમિયાન 166 લાખ કરોડ રૂપિયાની ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થયું છે.*

- **આલ્ફ્રેડ માર્શલના મતે :-** *વર્ષ દરમિયાન દેશના શ્રમ અને મૂડીનો કુદરતી સંપત્તિ સાથે સહયોગ થવાથી જે ભૌતિક અને અભૌતિક વસ્તુઓનો ચોખ્ખું ઉત્પાદ ન થાય છે, તે દેશની રાષ્ટ્રીય આવક છે.*
- **પ્રોફેસર માર્શલના મતે :-** *:- આ વ્યાખ્યામાં ચીજ અને સેવાઓના ચોખ્ખા ઉત્પાદન ઉપર ભાર મૂક્યો છે તેથી આ વ્યાખ્યા ઉત્પાદન લક્ષી ગણાય છે.*
- **ઈરવિંગ ફિશરના મતે :-***વર્ષ દરમિયાન દેશના નાગરિકો એ જેટલા પ્રમાણમાં વસ્તુઓ અને સેવાઓની પ્રત્યક્ષ વપરાશ કરી હોય તેના પ્રમાણને રાષ્ટ્રીય આવક કહેવાય છે. આ વ્યાખ્યામાં ફીશરે ભૌતિક અને અભૌતિક વસ્તુઓ સેવાઓને વપરાશ ઉપર ભાર મૂક્યો છે. તેથી આ વ્યાખ્યા વપરાશ લક્ષી ગણાય છે.*

*કોઈપણ દેશની આર્થિક સ્થિતિનું સાચું ચિત્ર રાષ્ટ્રીય આવક નહીં પરંતુ દેશની માથાદીઠ આવક રજૂ કરે છે. દેશના લોકોના આર્થિક કલ્યાણનું ચિત્ર રાષ્ટ્રીય આવક કરતા માથાદીઠ આવક વધુ સારી રીતે રજૂ કરી શકે છે. રાષ્ટ્રીય આવક કરતા માથાદીઠ આવક સરેરાશ માપ રજૂ કરતો હોવાથી વધુ નજીકથી આર્થિક બાબતને રજૂ કરે છે. વર્ષ દરમિયાન દેશની રાષ્ટ્રીય આવકને દેશની કુલ વસ્તી વડે ભાગતા જે તે દેશની માથાદીઠ આવક પ્રાપ્ત થાય છે.*

$$\text{માથાદીઠઆવક} = \frac{\text{કુલરાષ્ટ્રીયઆવક}}{\text{કુલવસ્તી}}$$

*દા.ત. ધારોકે વર્ષ દરમિયાન કોઈ એક દેશની રાષ્ટ્રીય આવક* 1,66,00,000*કરોડ રૂપિયા છે અને કુલવસ્તી* 100 *કરોડ હોય તો દેશની માથાદીઠ આવક.*

*માથાદીઠ આવક=* 1,66,000*કરોડ રૂપિયા છે.*

*અર્થાત વર્ષ દરમિયાન આ દેશના નાગરિકો સરેરાશ* 1,66,000*કરોડ રૂપિયા આવક મેળવે છે તેમ કહી શકાય.*

## 3.2 રાષ્ટ્રીય આવકનું માપન

*રાષ્ટ્રીય આવકના માપન માટે જુદી જુદી પધ્ધતિઓ રજૂ કરવામાં આવી છે. જેમાં મુખ્યત્ત્વે ત્રણ પદ્ધતિઓનો સમાવેશ થાય છે જેની માહિતી નીચે પ્રમાણે મેળવીએ.*

### 3.2.1 ઉત્પાદન પધ્ધતિ

*રાષ્ટ્રીય આવક ગણતરીની ઉત્પાદન પધ્ધતિ પ્રોફેસર માર્શલની વ્યાખ્યા ઉપરથી વિકસાવવામાં આવી છે. અહીં વર્ષ દરમિયાન દેશમાં ખેતી, ઉદ્યોગો અને સેવાક્ષેત્રમાં અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાઓનું જે ઉત્પાદન થયું હોય તેના નાણાકીય મૂલ્યનો સરવાળો કરીને રાષ્ટ્રીય આવક મેળવવામાં આવે છે. ખેતી, ઉદ્યોગ અને સેવા ક્ષેત્રમાં અંતિમ ઉત્પાદનનો જથ્થો જાણીને તેને બજાર કિંમતે ગુણી નાણાકીય મૂલ્ય શોધવામાં આવે છે. વસ્તુ અને સેવાઓના આ નાણાકીય મૂલ્યનો સરવાળો દેશની રાષ્ટ્રીય આવકની ગણતરી છે. જેની ગણતરી માટે નીચેની બાબતો મહત્ત્વની છે.*

**કોષ્ટક નં. 2 રાષ્ટ્રીયઆવક**

| ક્રમ | વિગતો | રૂ. (કરોડમાં) |
|---|---|---|
| 1 | *ખેતી અને તેની સાથે સંકળાયેલી વસ્તુઓ* | 16000 |
| 2 | *ખાણ ઘોગ* | 3000 |
| 3 | *બાંધકામ* | 1000 |
| 4 | *તૈયાર માલ* | 6000 |
| 5 | *વેપારી સેવાઓ* | 3000 |
| 6 | *બેકિંગ-વીમા-વાહન સંદેશાવ્યવહાર* | 35000 |
| 7 | *સરકારી સાહસોની આવક* | 2000 |
| **કુલ ગૃહપેદાશ** | | **34500** |
| 8 | *વિદેશી વેપારમાંથી પ્રાપ્ત થતી ચોખ્ખી આવક (બાદ કરવાની)* | -1000 |
| 9 | *ઘસારો (બાદ કરવાનો)* | -500 |

| | | |
|---|---|---|
| 10 | *પરોક્ષ વેરા (બાદ કરવાના)* | -3000 |
| | **ચોખ્ખીગૃહપેદાશ** | **30000** |

1. **અર્થતંત્રનો જુદા જુદા ક્ષેત્રોમાં વર્ગીકરણ :** *અર્થતંત્રનું ખેતી, ઉદ્યોગ, સેવા, ખાણ, બાંધકામ, મેન્યુફેક્ચરિંગ, વેપાર, વાણિજ્ય, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, બેંકિંગ, શિક્ષણ જેવા અનેક ક્ષેત્રોમાં વર્ગીકરણ કરવામાં આવે છે.*
2. **વસ્તુ કે સેવાની પસંદગી :** *અર્થતંત્રના જુદા જુદા ક્ષેત્રોમાં ઉત્પન્ન થતી માત્ર અંતિમ વપરાશની વસ્તુઓ અને સેવાઓને ગણવામાં આવે છે. વચગાળાના ઉપયોગની વસ્તુઓ ગણવામાં આવતી નથી.*
3. **ગૃહિણીના ઘરકામની સેવા :** *ગૃહિણીના ઘરકામની સેવા બજારમાં વેચાતી નથી, તેનું નાણાકીય મૂલ્ય માપી શકાતું નથી. તે રાષ્ટ્રીય આવકમાં ગણાતી નથી.*
4. **સ્વ-વપરાશ :-** *વપરાશ માટે ઉપયોગમાં લેવામાં આવતી વસ્તુઓ બજારમાં વેચાતી નથી. તેનું નાણાકીય મૂલ્ય આપી શકાતું નથી. માટે તે પણ રાષ્ટ્રીય આવકની ગણતરીમાં લેવાતી નથી. ભારતમાં ખેડૂતે સ્વ-વપરાશ માટે રાખેલ અનાજ અપવાદ તરીકે રાષ્ટ્રીય આવકમાં ગણતરીમાં લેવામાં આવે છે.*
5. **સંરક્ષણપોલીસ :** *સંરક્ષણ પોલીસની સેવાઓના બજાર હોતા નથી. તેનો બજારમાં વિનિમય થતો નથી છતાં ભારતમાં રાષ્ટ્રીય આવકમાં તેની ગણતરી કરવામાં આવે છે.*
6. **આરોપીત ભાડું :** *પોતાનું મકાન બીજાને ભાડે આપ્યું હોય તો જે ભાડું મળી શકત તેને આરોપીત ભાડું કહેવાય છે. તેનું મૂલ્ય રાષ્ટ્રીય આવકમાં ગણવામાં આવે છે*
7. **બેવડી ગણતરી :** *કોઈપણ વસ્તુની બેવડી ગણતરી કરવામાં આવતી નથી. બેવડી ગણતરીથી દૂર રહીને રાષ્ટ્રીય આવકની ગણતરી કરવામાં આવે છે. આ માટે અંતિમ તૈયાર કે વપરાશી વસ્તુના જ મૂલ્યને ગણવામાં આવે છે. જો કોઈ વસ્તુની બેવડી ગણતરી થાય તો રાષ્ટ્રીય આવકનું મૂલ્ય વાસ્તવિકતા કરતા ઓછું આવે છે. જેમકે રાષ્ટ્રીય આવકની ગણતરીમાં દેશમાં વર્ષ દરમિયાન ઉત્પન્ન થયેલા લોખંડ પોલાદના મૂલ્યને ગણવામાં આવે અને સાથે સાથે તેમાંથી બનતા યંત્રો ઓજારોના મૂલ્યોને પણ ગણવામાં આવે તો બેવડી ગણતરી થાય છે. આવી બેવડી ગણતરી દૂર કરવાના બે ઉપાયો છે.*

   A. **માત્ર અંતિમ વસ્તુઓનું મૂલ્ય ગણવું :** *આ પધ્ધતિ અર્ધ તૈયાર વચગાળાનો ઉપયોગ ધરાવતી વસ્તુઓનું મૂલ્ય ગણવાને બદલે માત્ર યંત્ર કે જે અંતિમ વસ્તુ છે અને તેમાં લોખંડનું મૂલ્ય સમાયેલું છે. તેના નાણાકીય મૂલ્યને જ ગણવામાં આવે તો બેવડી ગણતરીનો પ્રશ્ન ઉકેલાઈ જાય છે.*

   B. **મૂલ્ય વૃદ્ધિની પધ્ધતિ :** *ઉત્પાદન પ્રક્રિયામાં જ્યારે વસ્તુ એક તબક્કામાંથી બીજા તબક્કામાં જાય છે, ત્યારે તેનું નાણાકીય મૂલ્ય વધે છે. આ વધેલા મૂલ્યને જુદુ તારવીને તેનો સરવાળો કરીને રાષ્ટ્રીય પેદાશ ગણવામાં આવે તો બેવડી ગણતરીથી બચી શકાય છે. જેમકે સૌ પ્રથમ લોખંડની કિંમત ગણવામાં આવી હોય તો તેમાંથી યંત્ર બનતા તેના મૂલ્યમાં થયેલો વધારે લોખંડની કિંમતમાં ઉમેરતા બેવડી ગણતરી થતી નથી. દા.ત.* 5000*રૂપિયાના લોખંડમાંથી યંત્ર બનાવવામાં આવે તો તેના મૂલ્યમાં* 45000 *રૂપિયાનો વધારો થાય છે તો* 5000 + 45000 = 50000 *એ યંત્રનું અંતિમ મૂલ્ય થયું. આમ મૂલ્ય વૃદ્ધિની પદ્ધતિ દ્વારા પણ બેવડી ગણતરીથી બચી શકાય છે.*

**8. પરોક્ષ વેરા અને સબસીડી :** *વસ્તુની બજાર કિંમતમાં પરોક્ષ કરવેરા સમાયેલા હોવાથી રાષ્ટ્રીય પેદાશ જાણવા તે પરોક્ષ વેરા બાદ કરવામાં આવે છે. અને સરકાર દ્વારા જે સબસીડી અપાતી હોય તે ઉમેરવામાં આવે છે.*

**9. પુન : વેચાણ :** *ભૂતકાળમાં ઉત્પન્ન થયેલ વસ્તુનું જ્યારે ઉત્પાદ ન થયું હોય ત્યારે રાષ્ટ્રીય પેદાશમાં તેનું મૂલ્ય ગણાય છે. તેથી હવે આ વસ્તુ જો ફરીથી વેચવામાં આવે તો તેનું મૂલ્ય ગણાતું નથી અને જો ગણીએ તો આવક વધે છે. જેમકે 2005માં ખરીદવામાં આવેલ મકાન કે ગાડી આજે વેચે તો આ વેચાણ રાષ્ટ્રીય પેદાશ ના ગણાય.*

**10. ઘસારો બાદ કરવો :** *ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન મુડી સાધનોને લાગતા ઘસારાને બાદ કરીને રાષ્ટ્રીય પેદાશ ગણવામાં આવે છે.*

**11. નિકાસ મૂલ્યો ઉમેરવામાં આવે છે :** *અન્ય દેશમાં વર્ષ દરમિયાન નિકાસ થયેલી ચીજવસ્તુઓના કુલ નિકાસ મૂલ્ય અને રાષ્ટ્રીય આવકમાં ઉમેરવામાં આવે છે.*

**12.** *દાણ ચોરી કે ગેરકાયદેસર વસ્તુનું મૂલ્ય ગણતરીમાં લેવાતું નથી.*

### 3.2.2 આવક પધ્ધતિ

*રાષ્ટ્રીય આવક માપવાની આવકની પધ્ધતિ પ્રોફેસર પીગુની વ્યાખ્યા ઉપરથી વિકસાવવામાં આવી છે. વર્ષ દરમિયાન દેશના નાગરિકો અને રાજ્ય આવક પ્રાપ્ત કરે છે તેનો સરવાળો કરવાથી રાષ્ટ્રીય આવક જાણી શકાય છે. રાષ્ટ્રીય આવક માપવાની આવકની પધ્ધતિમાં ઉત્પાદનના ચાર સાધનો જમીન, મૂડી, શ્રમ, અનેનિયોજકને મળતું ભાડું, વ્યાજ, વેતનઅનેનફારૂપી આવકનો સરવાળો કરવામાં આવે છે. આ સરવાળામાં વિદેશમાંથી મળતી આવક ઉમેરવાની અને આપણા દેશમાં વપરાયેલા વિદેશી સાધનોને ચૂકવવામાં આવતા ભાડા, વ્યાજ, વેતન અને નફા-રૂપી વળતરોને બાદ કરવામાં આવે છે.*

**કોષ્ટકનં. 3 રાષ્ટ્રીયઆવક**

| ક્રમ | વિગતો | રૂ. કરોડમાં |
|---|---|---|
| 1 | *વેતન અને પગારમાંથી પ્રાપ્ત થતી આવક* | 20000 |
| 2 | *વ્યાજ નફાના સ્વરૂપની આવક* | 5000 |
| 3 | *ભાડાના સ્વરૂપમાં પ્રાપ્ત થતી આવક* | 3000 |
| 4 | *સરકારી સાહસોનો નફો* | 1000 |
| 5 | *અન્યફંડ* | 1000 |
| 6 | *કુલરાષ્ટ્રીય આવક (આવક પધ્ધતિ દ્વારા)* | 30000 |

- **મહત્ત્વનીબાબતો :**

*આવકની રીતે રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી વખતે નીચેની બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે છે.*

1. *સાધનોની આવક ગણવી ઉત્પાદનના ચાર સાધનોને મળતી નીચે પ્રમાણેની આવક ગણવામાં આવે છે.*

   A. *ભાડાની આવક : જમીન મકાન વગેરે છે ભાડું જ છે આવક તરીકે ગણાય છે. પોતાના મકાનમાં રહેતા હોયની આવક મળે છે. એમ માની આરોપીત ભાડું ગણાય છે. પુસ્તકોના કોપીરાઇટ્સ અને પેટન્ટ જેવા અધિકારોને કારણે મળતી આવક ગણવામાં આવે છે.*

   B. *વ્યાજની આવક : લોકોને વર્ષ દરમિયાન મૂડી પર જે વ્યાજ મળે છે તેને ગણવામાં આવે છે. પરંતુ રાજ્ય તરફથી મળતું વ્યાજ બાકાત રખાય છે. કારણ કે એક કરવેરા દ્વારા આવક મેળવે*

*છે અને વ્યાજ તરીકે તેનું ચુકવણું કરવામાં આવે છે. એટલે અહીં માત્ર નાણાંની હેરફેર થાય છે.*

C. *વેતનની આવક : શ્રમિક અને વર્ષ દરમિયાન તેમના કાર્યના બદલામાં જે વેતન અને પગાર મળે છે તે ગણવામાં આવે છે.*

D. *નફાની આવક : રોકાણકારો નિયોજક અને જેનફા અને ડિવિડન્ડ રૂપી આવક મેળવે છે તેની ગણતરી કરવામાં આવે છે. કંપનીઓના અનામત નફાને તેના ઉપર ચૂકવતા કરવેરાનો સમાવેશ પણ થાય છે.*

2. *ન ગણવામાં આવતી આવકો : આવકપદ્ધતિમાં બક્ષિસ, ઈનામ, ભેટ, લૂંટની આવક, ચોરી, બેકારી ભથ્થાની આવક કે વૃદ્ધાવસ્થાંમાં મળતી સરકારી સહાયની આવક લોટરીની આવક વગેરે જેવી આવકો રાષ્ટ્રીય આવકમાં ગણવામાં આવતી નથી.*
3. *સરકાર દ્વારા આપવામાં આવતી સબસીડી ગણવામાં આવતી નથી.*
4. *વિદેશમાં કરવામાં આવતી આયાત વિકાસનું મૂલ્ય ઉમેરવામાં આવે છે. એટલે કે કુલ નિકાસ મૂલ્યમાંથી આયાત મૂલ્યબાદ કર્યા પછી જે શેષ વધે તે મૂલ્ય ઉમેરવામાં આવે છે.*
5. *વપરાશી માલના સોદામાંથી મળતા કમિશન કે દલાલીની આવક ગણાય છે.*
6. *જે આવકોથી અર્થતંત્રમાં વસ્તુ અને સેવાઓના ઉત્પાદનનો પ્રભાવ વહેતો હોય જેનાથી અર્થતંત્રમાં વસ્તુઓના નાણાકીય મૂલ્યમાં વધારો થતો હોય તેવી આવકનું મૂલ્ય ગણવામાં આવે છે.*
7. *સેકન્ડહેન્ડ વસ્તુઓની આવકનો સમાવેશ થતો નથી.*

*પ્રોફેસર ફિશરની વ્યાખ્યા પરથી આ પદ્ધતિ વિકસાવવામાં આવી છે. વર્ષ દરમિયાન વ્યક્તિઓ, કુટુંબો, પેઢીઓ અને ચીજવસ્તુઓ ઉપર સરકાર જે કુલ નાણાકીય ખર્ચ કરે છે તેનો સરવાળો કરીને રાષ્ટ્રીય આવક માપવામાં આવે છે. આ પદ્ધતિમાં આવક ખર્ચની ધારણા અભિપ્રિત છે. ખર્ચની પદ્ધતિમાં એક નાણાકીય વર્ષ દરમિયાન અંતિમ વસ્તુઓ અને સેવાઓની ખરીદી પાછળ જે ખર્ચ થાય તેનો સમાવેશ કરવામાં આવે છે. એક નાણાકીય વર્ષ દરમિયાન કુલ ખર્ચ જી.ડી.પી.જેટલું હોય છે.*

### 3.2.3 ખર્ચપધ્ધતિ

**કોષ્ટકનં. 3 રાષ્ટ્રીયઆવક**

| ક્રમ | વિગત | રૂ. |
|---|---|---|
| 1 | *વ્યક્તિગત વપરાશી ખર્ચ* | 22000 |
| 2 | *સરકારનું વસ્તુ અને સેવા માટેનું ખર્ચ* | 4000 |
| 3 | *કુલ ખાનગી મૂડી રોકાણ ખર્ચ* | 2500 |
| 4 | *કુલ સરકારી મૂડી રોકાણખર્ચ* | 500 |
| 5 | *ચોખ્ખું વિદેશી મૂડી રોકાણ ખર્ચ* | 1000 |
| **કુલ રાષ્ટ્રીય આવક (ખર્ચ પધ્ધતિ મુજબ)** | | **30000** |

**મહત્ત્વની બાબતો :** *ખર્ચની દ્રષ્ટિએ રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી વખતે નીચેની બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે છે.*

**1. નાણાકીય ખર્ચના ચાર ઘટકો છે.**

a. **વપરાશી ખર્ચ :** *દેશના નાગરિકો કુટુંબકારી પેઢીઓ દ્વારા વપરાતી વસ્તુઓ પાછળ થતો ખર્ચ ગણવામાં આવે છે. ટીવી, સ્કૂટર કાર જેવી ટકાવ વસ્તુઓ અનાજ, ફળ શાકભાજી જેવી નાશવંત વસ્તુઓ તેમજ શિક્ષણ ડોક્ટરી સારવાર વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર જેવી સેવાઓ પાછળ થતા ખર્ચનો સમાવેશ થાય છે.*

b. **મૂડી રોકાણ ખર્ચ :** *નાગરિકો કુટુંબો ધંધાદારી પેઢીઓ જે મૂડી રોકાણ ખર્ચ કરે છે તેની ગણતરી થાય છે. કારખાનાનું મકાન પ્લોટયંત્ર સામગ્રી વ્યવસાય માટે જરૂરી વસ્તુઓ સાધનો પર થયેલ ખર્ચ મૂડી રોકાણ ખર્ચ તરીકે ગણાય છે.*

c. **સરકારી ખર્ચ :** *કેન્દ્ર સરકાર રાજ્ય સરકાર અને સ્થાનિક સ્વરાજની સંસ્થા વગેરેનું વપરાશી ખર્ચ મૂડી રોકાણ ખર્ચ વહીવટી ખર્ચ વગેરેનો સમાવેશ થાય છે.*

d. **ચોખ્ખું નિકાસ ખર્ચ :** *દેશના નાગરિકોનો વિદેશી વસ્તુઓ પાછળનું ખર્ચે દેશનું છે અને આપણી નિકાસ વિદેશના નાગરિકોનો ખર્ચ છે. એ બંને વચ્ચેનો તફાવત એ ચોખ્ખી નિકાસો છે. જેનો સમાવેશ રાષ્ટ્રીય આવકમાં થાય છે. ટૂંકમાં કહીએ તો કુલ રાષ્ટ્રીય આવક = વપરાશી ખર્ચ, મૂડીરોકાણ ખર્ચ, સરકારી ખર્ચ, ચોખ્ખું નિકાસ ખર્ચ.*

**1. રાષ્ટ્રીય આવકમાં ન ગણાતા ખર્ચાઓ :** *ખર્ચની રીતે રાષ્ટ્રીય આવકની ગણતરી કરતા અમુક પ્રકારના ખર્ચાઓને રાષ્ટ્રીય આવકમાં ગણવામાં આવતા નથી. જેમકે સેકન્ડ હેન્ડ વસ્તુઓની ખરીદી પાછળનો ખર્ચ, હેરફેરનું ખર્ચ વગેરે હેરફેરના ખર્ચમાં પેન્શન, બેકારી ભથ્થુ, વિધવાઓને મળતી સહાય દેશના કોઈપણ માણસને મળતી સરકારી સહાય વગેરેનો સમાવેશ રાષ્ટ્રીય આવકમાં થતો નથી. જુના શેરની ખરીદી પાછળનું ખર્ચ વચગાળાની વપરાશી વસ્તુઓ પાછળનો ખર્ચ પણ રાષ્ટ્રીય આવકમાં ગણવામાં આવતો નથી. આ ઉપરાંત સબસીડી જેવા ખર્ચાઓને પણ રાષ્ટ્રીય આવકમાં ગણવામાં આવતા નથી.*

**2. રાષ્ટ્રીય આવક ગણવામાં મુશ્કેલી :** *વિશાળ જનસંખ્યા ધરાવતા દેશમાં રોજબરોજ લોકો અનેક વસ્તુઓ અને સેવાઓ પાછળ ખર્ચ કરતા હોય છે. જેના આધાર ભૂત આંકડા મળતા નથી. જેથી આ પદ્ધતિ દ્વારા રાષ્ટ્રીય આવક ગણવામાં મુશ્કેલી સર્જાય છે.*

- **ત્રણેય પધ્ધતિઓની સમીક્ષા**

*રાષ્ટ્રીય આવક ગણવા માટે ઉપરની પદ્ધતિઓમાંથી ગમે તે પદ્ધતિને દેશ અપનાવી શકે. જો પ્રાપ્ત માહિતી હોય તો તે ગમે તે પદ્ધતિ રાષ્ટ્રીય ગણતરી કરવામાં આવે તો પણ રાષ્ટ્રીયઆવકનું માપ સરખું આવશે. દરેક પદ્ધતિની કોઈને કોઈ ખામી તો છે જ ! તેથી એમ કહેવાય કે આ પદ્ધતિઓ પરસ્પર એકબીજાની પૂરક છે. દા. ત. ઉત્પાદન પદ્ધતિએ રાષ્ટ્રીય આવક ગણીને ખર્ચને રીત દ્વારા તેની સચ્ચાઈની ચકાસણી કરી શકાય. ભારત જેવા વિકસતા રાષ્ટ્ર માટે ઉત્પાદનની તો અમેરિકા, રશિયા જેવા દેશો માટે આવક અને ખર્ચની પદ્ધતિ અનુકૂળ છે.*

## 3.3 રાષ્ટ્રીય આવકની ગણતરીની મુશ્કેલીઓ

*ભારતમાં 1954થી કેન્દ્રીય આંકડા કે સંગઠન રાષ્ટ્રીય આવકનું માપન કરે છે. પરંતુ રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી વખતે કેટલીક સમસ્યાઓ મુશ્કેલીઓ સર્જાય છે. જે નીચે મુજબ છે.*

**1. બેવડી ગણતરીની સમસ્યા :**

*રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી વખતે બેવડી ગણતરી થવાની શક્યતા રહેલી છે. જેમકે અર્ધ તૈયાર વસ્તુના મૂલ્યની ગણતરી થાય અને તૈયાર વપરાશી વસ્તુના મૂલ્યોની ગણતરી રાષ્ટ્રીય આવકમાં થાય તો રાષ્ટ્રીય આવકનું સાચું માપ જાણી શકાતું નથી. જેવા વિશાળ દેશમાં જ્યાં અનેક જગ્યાએ નાના પાયે મોટા પાયે ઉત્પાદન થતું હોય ત્યાં ઘણીવાર બેવડી ગણતરીની સમસ્યા સર્જાય છે. રાષ્ટ્રીય આવકની ગણતરી વખતે આ મર્યાદાથી બચવા ઘણી જ તકેદારી રાખવી પડે છે.*

**1. સ્વવપરાશની મુશ્કેલી :**

*સ્વવપરાશમાં લેવામાં આવતી વસ્તુઓનો બજારમાં વિનિમય થતો નથી. તેથી તેનું નાણાકીય મૂલ્ય આપી શકાતું નથી. તેને રાષ્ટ્રીય આવકની ગણતરીમાં ધ્યાનમાં લેવામાં આવતી નથી. ભારતમાં ખાસ કરીને ખેડૂતો અને પશુપાલકો પોતાના ઉત્પાદનમાંથી અનાજ કે દૂધનો મોટા પાય સ્વવપરાશ કરતા હોય છે. જેનું મૂલ્ય અનેક ઘણું ઊંચું હોય છે. ભારતમાં અનાજના સ્વવપરાશને રાષ્ટ્રીય આવકમાં ગણતરીમાં લેવામાં આવે છે. પરંતુ ભારત જેવા અતિ વસ્તી અને અનેક નાના નાના ખેડૂત પરિવારો ધરાવતા દેશમાં ખેડૂતો કેટલું ઉત્પાદન સ્વવપરાશમાં વાપરે છે, તેના સચોટ આંકડા જાણી શકાતા નથી. રાષ્ટ્રીય આવક માપવાની આ એક મોટી મર્યાદા કહી શકાય.*

**3. ઘસારો જાણવાની મુશ્કેલી :**

*આવકની ગણતરી કરતી વખતે રાષ્ટ્રીય આવકમાંથી ઉત્પાદનના સાધનોને લાગતો ઘસારો બાદ કરવામાં આવે છે. ઉત્પાદનના સાધનોને લાગતા ઘસારાનું ચોક્કસ મૂલ્ય જાણી શકાતું નથી. ઉપરાંત કેટલીકવાર 10 લાખના યંત્રનો દસ વર્ષનું સરેરાશ આયુષ્યને દર વર્ષે તેનો એક લાખ રૂપિયાના ઘસારા મૂલ્યને રાષ્ટ્રીય આવકમાંથી બાદ કરવામાં આવે છે. પરંતુ પાંચ વર્ષ પછી નવી ટેકનોલોજી વાળું યંત્ર બજારમાં આવતા કંપનીના માલિક દ્વારા જુના સાધનને ઉત્પાદન પ્રક્રિયામાંથી દૂર કરી નવું સાધન ખરીદવામાં આવે ત્યારે જુના સાધનનું સાચું ઘસારા મૂલ્ય બાદ થતું નથી. તેમ ચોક્કસ પણે કહી શકાય.*

**4. કરચોરી :**

*દેશમાં લોકો કર ચોરી કરવા ટેવાયેલા છે. ડિઝાઈનમાં મોટા ભાગના લોકો કર ચોરીની વૃદ્ધિ ધરાવે છે અને દેશમાં મોટા પાયે કર ચોરી થાય છે. આવી કર ચોરીને કારણે દેશના લોકોની સાચી આવક જાણી શકાતી નથી કે સાચું ઉત્પાદન પણ જાણી શકાતું નથી. આવા સમયે આપણને રાષ્ટ્રીય આવકનો સચોટ કે સાચું મૂલ્ય જાણી શકાતું નથી.*

**6. ગેરકાયદેસરની આવક :**

*ભારત દેશમાં મોટા પાયે ભ્રષ્ટાચાર વ્યાપેલો છે. લોકો પોતાના કામ ગેરકાયદેસર રીતે કરાવવા કે અધિકારીઓ પોતાની સત્તાનો ઉપયોગ કરી લોકોના કામ કરી આપવા મોટા મોટા ભ્રષ્ટાચાર આચરતા હોય છે. આ ભ્રષ્ટાચારને કારણે દેશના લોકોને સાચી આવક મળી શકતી નથી, પરિણામે સાચી રાષ્ટ્રીય આવક પણ મળતી નથી.*

**7. ચોખ્ખી વિદેશી આવકની સમસ્યા :**

*ભારતના અનેક લોકો વિદેશમાં અમેરિકા, ઓસ્ટ્રેલિયા, કેનેડા, ન્યૂઝીલેન્ડ, બ્રિટન, યુરોપ અને આફ્રિકાના દેશોમાં તથા અન્ય આરબ દેશોમાં રહે છે. આ બધા વ્યક્તિઓ અને કુટુંબો દ્વારા અનેક ગણો*

*વિદેશીના ઓનલાઈન અથવા તો રોકડ સ્વરૂપે ભારતમાં હસ્તાંતરિત કરવામાં આવે છે. જો આ બધી રકમનો ચોક્કસ આંકડો ન પ્રાપ્ત થાય તો સાચી રાષ્ટ્રીય આવક જાણી શકાતી નથી.*

**8. ગણતરી હિસાબો રાખવાની સમસ્યા :**

*ભારત જેવા વિશાળ દેશમાં જ્યાં નાના પાયા અનેક લોકો દ્વારા ઉત્પાદન પ્રક્રિયા થતી હોવાથી હિસાબો રાખવામાં જુદા જુદા પ્રકારની સમસ્યા સર્જાય છે. જે નીચે પ્રમાણે છે.*

**A. નિરક્ષરતા :**

*ભારતમાં 2011ની વસ્તી ગણતરી પ્રમાણે કુલ શિક્ષણનું પ્રમાણ લગભગ 74 ટકા હતું. એટલેકે આજે પણ દેશની લગભગ 26% વસ્તી અક્ષર જ્ઞાન ધરાવતી નથી. આવા નિરક્ષર લોકોને પોતાના રોજબરોજના ઉત્પાદન આવક અને ખર્ચનો હિસાબ ગણતરી રાખવામાં મુશ્કેલી પડે છે. જેથી આ હિસાબો મળવાની સંભાવના ઘટી જાય છે.*

**B. નાના પાયે ઉત્પાદન વેચાણ :**

*ભારતની કુલ વસ્તી 130કરોડથી પણ વધારે છે. આટલી વિશાળ જન સંખ્યાને કારણે દેશના લોકો નાના પાયે ઉત્પાદન પ્રક્રિયામાં જોડાયેલા છે. જેમકે નાના ખેડૂતો અને ગૃહ ઉદ્યોગો, બિન સંગઠિત કામદાર વર્ગ છૂટક મજૂરી કરનાર મજૂર વર્ગ વગેરે રીતે લોકો પોતાની રીતે ઉત્પાદન પ્રક્રિયામાં ફાળો આપી વેતન, વ્યાજ, નફા અને ભાડા તરીકે નાણાકીય વળતર મેળવે છે. આથી આ તમામ લોકોની આવક ખર્ચ અને તેમના સાચા ઉત્પાદનની માહિતી મેળવવામાં અનેક મર્યાદાઓ રહેલી છે.*

**C. સાટાપદ્ધતિ :**

*વર્તમાન સમયે નાણાકીય વિનિમય પ્રથામાં નાણા આધારિત અર્થવ્યવસ્થા તેમજ બેંકિંગ ક્ષેત્રનો અદભુત વિકાસ થયો હોવા છતાં પણ આજે અંતરિયાળ ગ્રામીણ વિસ્તાર અને પછાત આદિવાસી વિસ્તારોમાં અંશે નાણાંને બદલે સાટા પધ્ધતિથી ચીજ વસ્તુઓની લેવડ દેવડ થાય છે. એટલેકે વસ્તુઓનો નાણા દ્વારા વિનિમય થતો નથી. આમ આવી સાટા પધ્ધતિ દ્વારા થતી વિનિમય પ્રથામાં આવક, ખર્ચ અને ઉત્પાદન અંગે સચોટ કહી શકાય તેવા આંકડા પ્રાપ્ત થતા ન હોવાથી રાષ્ટ્રીય આવકનું સાચું મૂલ્ય જાણવા મળતું નથી.*

**D. એક કરતાં વધુ વ્યવસાયમાં રોકાયેલા લોકો :**

*એક કરતાં વધારે આર્થિક પ્રવૃત્તિઓમાંથી આવક મેળવતો હોય ત્યારે પણ તેની દરેક પ્રવૃત્તિમાંથી પ્રાપ્ત આવક તેની પાછળનું ખર્ચ દરેક પ્રવૃત્તિમાંથી કુલ ઉત્પાદન વગેરે અંગે ચોક્કસ હિસાબો ગણતરી કરવામાં મુશ્કેલી રહે છે. ભારતમાં ખાસ કરીને લોકો ખેતી સાથે પશુપાલન, ખાનગી કે સરકારી નોકરી છૂટક વેપાર, છૂટક મજૂરી,વાહન વ્યવહાર જેવા અનેક નાના નાના વ્યવસાયોમાં જોડાયેલા હોય છે. જેના કારણે દરેક વ્યવસાયના હિસાબો ગણતરીની સચોટ માહિતી મળતી નથી. પરિણામે રાષ્ટ્રીય આવકની પણ સાચી કે વિશ્વાસપાત્ર માહિતી મળતી નથી.*

*ઉપરોક્ત સમસ્યાઓ હોવા છતાં રાષ્ટ્રીય આવક ગણવામાં ચોકસાઈ રાખીને સાચી આવક મેળવવાનો પ્રયાસ સી. એસ. ઓ. (સેન્ટ્રલ સ્ટેટેસ્ટિકલ ઓર્ગેનાઈઝેશન) કેન્દ્રીય આંકડાકીય સંસ્થા દ્વારા કરવામાં આવે છે.*

- **રાષ્ટ્રીય આવકની ગણતરીનું મહત્ત્વ :**

રાષ્ટ્રીય આવકની ગણતરીના અંદાજોનું મહત્ત્વ, ઉત્પાદન, બચત તથા મૂડી રોકાણ વિશે માર્ગદર્શન મળે છે. અર્થતંત્રની સ્વરૂપ સમજવામાં મદદરૂપ થાય છે. આંતરરાષ્ટ્રીય સરખામણી કરવામાં ખૂબ ઉપયોગી છે. આવકની વહેંચણી અંગેના ખ્યાલ આવે છે. યોજનાઓના ઘડતર અને મૂલ્યાંકન માટે ખૂબ મદદરૂપ થાય છે.

રાષ્ટ્રીય આવકની ગણતરીનું મહત્ત્વ અનેક રીતે ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. વિશ્વના આજે બધા જ દેશોમાં દર વર્ષે રાષ્ટ્રીય આવક તેમજ માથાદીઠ આવકની ગણતરી નિયમિત રીતે કરવામાં આવે છે. રાષ્ટ્રીય આવકની ગણતરી દ્વારા જુદા જુદા અર્થશાસ્ત્રીઓ, સંશોધકો ઉત્પાદક વર્ગ, ગ્રાહક મંડળ આ ઉપરાંત રાજકીય શાસકો પોત પોતાની રીતે રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકનો ઉપયોગ કરે છે. રાષ્ટ્રીય આવકના અંદાજના કેટલાક મહત્ત્વના પાસા નીચે મુજબ જોવા મળે છે.

- આર્થિક વિકાસના નિર્દેશક તરીકે રાષ્ટ્રીય આવકની માહિતી મેળવવાનો મહત્ત્વનો ઉદ્દેશ એ છે કે કોઈપણ એક દેશનું અર્થતંત્ર વિકસિત છે. અલ્પ વિકસિત છે કે વિકાસશીલ છે તે જાણી શકીએ છીએ. જો લાંબા ગાળા સુધી કોઈપણ એક દેશની રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકમાં વધારો થતો હોય તો તેનો અર્થ એવો થઈ શકે છે કે આ અર્થતંત્ર આર્થિક રીતે વિકાસ કરે છે. આ ઉપરાંત તે પણ કહી શકાય કે જો રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકના લાંબાગાળા સુધી દર વર્ષે કોઈ ફેરફાર ન થતો હોય એટલેકે રાષ્ટ્રીય આવક કોઈ વધારો થતો ન હોય તો આપણે અર્થતંત્રને સ્થગિત છે તેમ કહી શકીએ છીએ. આમ કોઈ પણ દેશના આર્થિક વિકાસના આધાર ભૂત માપદંડ તરીકે રાષ્ટ્રીય આવક ખૂબજ ઉપયોગી સાબિત થાય છે.

- રાષ્ટ્રીય આવકના માપદંડ કે ગણતરી દ્વારા આવકની વહેંચણી અંગેની માહિતી પ્રાપ્ત થાય છે. રાષ્ટ્રીય આવકના હિસાબમાં વેતન, વ્યાજ, નફો અને ભાડું વગેરેનો સમાવેશ થાય છે. આમ, અર્થતંત્રમાં આવક અને સંપત્તિની વહેંચણી કેવી છે તેમાં વધારો થાય છે કે ઘટાડો થાય છે કે સ્થિરતા જોવા મળે છે. આ તમામ વિગતોની માહિતી આપણને રાષ્ટ્રીય આવક દ્વારા પ્રાપ્ત થાય છે. જો અર્થતંત્રમાં કોઈ એક બાજુ વેતનની આવકો વધતી હોય બીજી બાજુ ભાડું, વ્યાજ અને નફાની આવક ઘટતી હોય તો આપણે એવું કહી શકીએ છે કે કોઈ એક દેશની આવક અને સંપત્તિમાં અસમાનતા ખૂબ જ વધારે જોવા મળે છે. તેથી આવકની અસમાનતા ઘટાડવા માટે પણ રાષ્ટ્રીય આવક ઉપયોગી સાબિત થાય છે.

- રાષ્ટ્રીય આવક દ્વારા અર્થતંત્રના માળખાની માહિતી મળે છે. સામાન્ય રીતે દરેક દેશની અંદર વધતા ઓછા પ્રમાણમાં ત્રણ ક્ષેત્ર જોવા મળે છે. જેમાં ખેતી ક્ષેત્ર, ઉદ્યોગ ક્ષેત્ર અને સેવા ક્ષેત્રનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય આવકની ગણતરી આપણે એ ધ્યાનમાં રાખીએ છીએ કે કુલ દેશની રાષ્ટ્રીય આવકમાં ખેતી ક્ષેત્રનો કેટલો હિસ્સો છે ,ઉદ્યોગ ક્ષેત્રનો હિસ્સો કેટલો છે અને સેવા ક્ષેત્રનો હિસ્સો કેટલો છે તે આપણે જાણી શકીએ છીએ અને તેના આધારે આપણે કહી શકીએ છે કે કોઈ દેશ કૃષિ પ્રધાન છે કે ઉદ્યોગ પ્રધાન છે કે કોઈ સેવા ક્ષેત્રે ખૂબ વધારે પડતું વિકાસ કરી રહ્યું છે. આમ, અર્થતંત્ર કઈ દિશામાં આગળ વધી રહ્યું છે ? તે અંગેની માહિતી રાષ્ટ્રીય આવક દ્વારા પ્રાપ્ત થાય છે.

- રાષ્ટ્રીય આવકની ગણતરી દ્વારા આપણને માથાદીઠ આવક અંગેનો પણ અંદાજ મળે છે, એટલે તેને બીજી ભાષામાં પ્રજાના ભૌગોલિક કલ્યાણની માહિતી આપવી રાષ્ટ્રીય આવક છે કે રાષ્ટ્રીય આવકની

*માહિતીને આપણે દેશની કુલ વસ્તી વડે ભાગીએ છીએ ત્યારે આપણને માથાદીઠ આવક પ્રાપ્ત થાય છે. રાષ્ટ્રીય આવકની માહિતી અર્થતંત્રની ઉત્પાદન ક્ષમતાનો અંદાજ પણ આપે છે. પ્રજાના ભૌતિક કલ્યાણનો આધાર દેશની માથાદીઠ આવક ઉપર છે અને માથાદીઠ આવક જાણવા માટે રાષ્ટ્રીય આવક હોવી તે ખૂબ જરૂરી છે.*

- *સૌથી અગત્યનો અને અંતિમ મુદ્દો રાષ્ટ્રીય આવક દ્વારા જુદા જુદા દેશોની આર્થિક સ્થિતિની તુલના કરી શકે છે. આજે દરેક દેશ પોતાના દેશની રાષ્ટ્રીય આવકની ગણતરી કરાવે છે. રાષ્ટ્રીય આવકની માહિતી પરથી આપણને જાણવા મળે છે કે, લોકોના જીવન ધોરણમાં ભૌતિક સુખાકારીમાં તથા માથાદીઠ આવકની તુલના પણ આપણે કરી શકીએ છે. રાષ્ટ્રીય આવકના આધારે જ દુનિયાના દેશોને અલ્પવિકસિત દેશ, વિકસતા દેશ કે વિકાસશીલ દેશ અને વિકસિત દેશ એમ ત્રણ વર્ગમાં વિભાજીત કરી શકે છે. આમ, જોવા જઈએ તો રાષ્ટ્રીય આવક એ અર્થતંત્ર માટે ખૂબ જરૂરી છે. સરકારની યોજનાઓના હેતુઓ અને લક્ષ્યાંકો કેટલા અંશે સિદ્ધ થયા છે. કેટલા અંશે સિદ્ધ થવાના બાકી છે. આ ઉપરાંત હવે આવનારા સમયમાં ઉદ્દેશો અને લક્ષ્યાંકો તૈયાર કરવા માટે રાષ્ટ્રીય આવક ખૂબ જરૂરી છે.*
- *આયોજનની સિદ્ધિનો આધાર પણ રાષ્ટ્રીય આવક ઉપર છે. અર્થતંત્રમાં ઉત્પાદનના સાધનોની યોગ્ય અને કાર્યક્ષમ ફાળવણી કરવા માટે રાષ્ટ્રીય આવકનો ખ્યાલ ખૂબ જ જરૂરી છે. સરકારના કાર્ય પદ્ધતિની સિદ્ધિ અને નિષ્ફળતાનું માપદંડ પણ રાષ્ટ્રીય આવક જ છે.*

## 3.4 રાષ્ટ્રીય આવકને અસર કરતા પરિબળો

### 3.4.1 આર્થિક પરિબળો

- **કુદરતી પરિબળો**

*કુદરતી સંસાધનો એટલે એવા સંસાધનો કે જે કોઈપણ દેશને કુદરત તરફથી ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલ છે. જે દેશમાં વિપુલ માત્રામાં રહેલ કુદરતી સંસાધનો વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનનો મુખ્ય સ્ત્રોત હોય તે દેશની રાષ્ટ્રીય આવકનું કદ ઊંચું રહે છે. જોકે કુદરતી સંસાધનોના ઉપયોગની મર્યાદા ટેકનોલોજી અને મૂડી રોકાણના પ્રમાણ પર આધારિત છે. જોકે ટેકનોલોજી અને મૂડી દ્વારા દેશમાં કુદરતી સંસાધનોનો યોગ્ય ઉપયોગ કરી શકાય છે. જે દેશમાં લોકો અશિક્ષિત નિરક્ષર અને અજ્ઞાની હોય તેવા દેશોમાં કુદરતી સંસાધનો વણવપરાયેલા પડી રહે છે અથવા તેનો દુરુપયોગ થાય છે. પરિણામે આવા દેશોમાં રાષ્ટ્રીય આવક ઘણી નીચી રહે છે.*

- **શ્રમની કાર્યક્ષમતા**

*જે દેશમાં શ્રમિકોની કાર્યક્ષમતા ઊંચી હોય, શ્રમિકો કાર્યમાં નિપુણ હોય, સખત મહેનતુ અને પ્રમાણિક હોય તે દેશમાં રાષ્ટ્રીય આવક ઊંચી રહે છે. જો શ્રમિકો શારીરિક રીતે નબળા અને માનસિક રૂપે અસ્વસ્થ હોય તો તેમની કાર્યમાં નિષ્ઠા રહેતી નથી અને ઉત્પાદન વધારી શકાતું નથી. કાર્યક્ષમ શ્રમિકો દેશની સાચી મૂડી કહેવાય છે. આમ, કહી શકાય કે રાષ્ટ્રીય આવક અને શ્રમની કાર્યક્ષમતા સીધી રીતે એકબીજાથી સંબંધિત છે.*

- **મૂડીનું પ્રમાણ**

*કોઈપણ દેશની ઊંચી રાષ્ટ્રીય આવક માટે પર્યાપ્ત માત્રામાં મૂડી પૂર્વ શરત છે. જ્યારે દેશમાં મૂડીનો ભંડાર વધુ હોય તો રાષ્ટ્રીય આવક વધારે રહે છે. રાષ્ટ્રીય આવક એ કુદરતી સંસાધનોને મૂડીના જથ્થાની સહાયથી ઉત્પાદિત થયેલ ચીજવસ્તુઓ અને સેવાઓમાં સરવાળો છે. જો દેશમાં મૂડીનો જથ્થો ઓછો હોયતો વિવિધ ક્ષેત્રોમાં ઉત્પાદન વધારવું શક્ય નથી. નીચા મૂડીના ભંડારને કારણે કુદરતી સંસાધનોનો પૂરતો ઉપયોગ કરી શકાતો નથી અને કુદરતી સંસાધનો પણ વપરાયેલા પડી રહે છે.*

- **ટેકનોલોજીકલ જ્ઞાન**

*નવી ઉત્પાદન પદ્ધતિઓ તથા સંસાધનોનો ઉપયોગ કરવાની નવી તકનીકો વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનમાં વધારો કરે છે. ઉત્પાદન ખર્ચ ઘટાડવામાં સૌથી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આમ, નવ પ્રવર્તન અને નવીન સંશોધનો રાષ્ટ્રીય આવક તથા માથાદીઠ આવકને વધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જે દેશમાં ટેકનોલોજીકલ જ્ઞાનનું પ્રમાણ ઊંચું હોય છે તે દેશની રાષ્ટ્રીય આવક ઊંચી જોવા મળે છે.*

- **ઔદ્યોગિક સાહસિકતા**

*દીર્ઘ દ્રષ્ટિવાળા મહત્ત્વકાંક્ષી અને સબળ નેતૃત્ત્વ શક્તિ ધરાવતા સાહસિકો રાષ્ટ્રીય આવકને અવરોધતા પરિબળોને નિર્મૂલ કરી રાષ્ટ્રીય આવકને ટોચ પર લઈ જાય છે. જે દેશમાં ઉદ્યોગ સાહસિકો જોખમ અને અનિશ્ચિતતા વહન કરે છે તે દેશમાં રાષ્ટ્રીય આવકનો પ્રમાણ વધુ રહે છે.*

*જે ઉત્પાદનમાં પહેલ કરે છે તથા ઉત્પાદન બાબતોમાં રસ લે છે તે નફો મેળવે છે. જ્યારે આળસુ નિયજકો ઉત્પાદનની ગતિને વેગ આપી શકતા નથી.*

- **વિદેશી મૂડી**

*વિદેશી સહાય તથા વિદેશી મૂડી રોકાણ દેશની રાષ્ટ્રીય આવક વધારવામાં મહત્ત્વની સાબિત થાય છે. ઘરેલું અપર્યાપ્ત બચત તથા ઉત્પાદનમાં વધારાતી વિદેશી યંત્રસામગ્રી પ્રાપ્ત કરવા વિદેશી મૂડી રામબાણ છે. આમ, વધારે વિદેશી મૂડી ઉત્પાદનને વધારે વેગ મળતા રાષ્ટ્રીય આવક ઓછી રહે છે. ભારત દેશમાં બચત ઉત્પાદકીય મૂડી રોકાણ માટે અપૂરતી છે. આથી દેશને વિદેશી મૂડી પર વધારે આધાર રાખવો પડે છે.*

**3.4.2 બિન આર્થિક પરિબળો.**

- **સામાજિક-ધામિક પરિબળો**

*સમાજમાં રહેલ અંધવિશ્વાસ રૂઢી ચૂસ્તા જાતિવાદ પરિવર્તન સામે વિરોધ વગેરે કારણોથી ઉત્પાદન પર વિપરીત અસર કરે છે. જે રાષ્ટ્રીય આવકને નીચી રાખે છે. જ્યારે આવા સમાજમાં સામાજિક અને ધાર્મિક સંસ્થાઓનું નવનિર્માણ થાય. વિચારોનું વૈજ્ઞાનિકીકરણ થાય ત્યારે દેશમાં રાષ્ટ્રીય આવક વધે છે.*

- **રાજકીય સ્થિરતા**

*રાજકીય સ્થિરતા દેશમાં વ્યાપાર ઉદ્યોગના વ્યાપમાં વધારો થાય છે. જે દેશમાં રાજકીય સ્થિરતા હોય તે દેશમાં સરકાર પર પ્રજાને વધુ વિશ્વાસ હોય છે. રાજકીય સ્થિરતાથી દેશના કાયદાઓમાં મોટા*

*ફેરફારો થતા નથી તથા યોજનાઓમાં સળંગસૂત્રતા જળવાય છે. જે ધંધાકીય જોખમો ઘટાડે છે અને ઉત્પાદન પ્રવૃત્તિ વેગવંતી બનાવે છે. આમ રાજકીય સ્થિરતા ધરાવતા દેશમાં રાષ્ટ્રીય આવક વધુ રહે છે.*

- **આંતરરાષ્ટ્રીય સંબંધ**

*રાષ્ટ્રીય આવક વધારવામાં સારા આંતરરાષ્ટ્રીય સંબંધો પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સારા સંબંધોથી જરૂરીયાતો વધે છે સાથે નિકાસમાં પણ બહોળા પ્રમાણમાં વધારો થાય છે. જેથી રાષ્ટ્રીય આવક ઓછી રહે છે. જ્યારે યુદ્ધ જેવી પરિસ્થિતિ ધરાવતા આંતરરાષ્ટ્રીય સંબંધો રાષ્ટ્રીય આવકની વૃદ્ધિ માટે અવરોધરૂપ રહે છે.*

- **આંતરિક શાંતિ**

*રાષ્ટ્રીય આવક વધારવામાં આંતરરાષ્ટ્રીય સંબંધોની જેમ આંતરિક સંબંધો પણ મહત્ત્વના પુરવાર થાય છે. દેશમાં વર્ગવિગ્રહ, હડતાળો, હુલ્લડો જેવી પરિસ્થિતિ વધુ હોયતો ઉત્પાદનનું પ્રમાણ ઘટતા રાષ્ટ્રીય આવકનું પ્રમાણ નીચું રહે છે. હુલ્લડ, હડતાળો તથા આંતરિક વર્ગવિગ્રહને કારણે ઉત્પાદન પ્રવૃત્તિઓ બંધ પડે છે તથા વિદેશી મૂડી રોકાણનું અલ્પપ્રમાણ જોવા મળે છે. જેથી રાષ્ટ્રીય આવક નીચી રહે છે.*

- **વસ્તી વધારાનો દર**

*અતિ વસ્તી રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકને ઘટાડે છે. દેશમાં રાષ્ટ્રીય આવકના વૃદ્ધિ દર કરતા વસ્તી વૃદ્ધિ દર વધુ હોય તો માથાદીઠ આવકમાં ઘટાડો થાય છે. જો દેશમાં બિનઉત્પાદક વય જૂથનું પ્રમાણ વધુ હોય તો રાષ્ટ્રીય આવક સાથે માથાદીઠ આવકનું પ્રમાણ નીચું રહે છે. અતિ વસ્તીથી સમાજમાં સમસ્યાઓનું પ્રમાણ વધારે રહે છે. જે રાષ્ટ્રીય આવક અને માથાની નીચે રાખે છે. આમ, અતિ વસ્તી રાત્રીનો ચોર છે જે દેશમાં થયેલા ઉત્પાદન અને આવકને અદ્રશ્ય કરી નાખે છે. પરિણામે વધારે વસ્તી ધરાવતા દેશો વસ્તી ઘટાડવા માટે સતત કાર્યશીલ રહે છે.*

- **કુશળ અને કાર્યક્ષમ વહીવટી તંત્ર**

*સરકાર તથા કાર્યક્ષમ અને પ્રમાણિક વહીવટી તંત્ર એ રાષ્ટ્રીય આવક વધારવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. નબળી સરકાર તથા ભ્રષ્ટ વહીવટી તંત્રથી ઉત્પાદનની ગતિમાં ઘટાડો થાય છે. બિનકુશળ અને બિનકાર્યક્ષમ વહીવટી તંત્રથી લોકોને ઉત્પાદન પ્રવૃત્તિમાં રસ રહેતો નથી. આથી રાષ્ટ્રીય આવક નીચી રહે છે.*

- **શિક્ષણનો વ્યાપક પ્રસાર**

*વિશ્વ પર નજર નાખીએ તો તરત જ સમજાઈ જશે કે જે દેશમાં શિક્ષણ વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે તે દેશની રાષ્ટ્રીય આવક પણ વધુ છે. કુશળ, તાલીમ પામેલા શિક્ષિત લોકો દેશની સાચી મૂડી છે. જે રાષ્ટ્રીય આવકને લઈ જાય છે.*

## 3.5 સારાંશ

*ભારતની રાષ્ટ્રીય આવક* 1948-49*માં* 86.50 *કરોડ રૂપિયા હતી.* 2017-18*માં વધીને* 130.10*કરોડ રૂપિયા થઈ. આ સાથે માથાદીઠ આવક ક્રમશ :* 246 *કરોડ રૂપિયાથી વધીને* 98,867 *કરોડ રૂપિયા થઈ હતી. આમ, ભારતે રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવક એ બાબતમાં વૈશ્વિક અર્થતંત્રમાં પોતાની આગવી ઓળખ ઊભી કરે છે. સમગ્ર વિશ્વમાં પ્રથમ* 10 *દેશોમાં પોતાનું સ્થાન બનાવ્યું છે.*

*રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકને જો હજુ પણ તેજગતિ આપવી હોય તો માનવ મૂડીમાં વધારે રોકાણની આવશ્યકતા છે. રાષ્ટ્રીય આવકને વધારવામાં સૌથી મહત્ત્વના પરિબળ છે. તેમજ આજે વર્તમાન સમયે દેશમાં સ્થિરતા અને આંતરિક શાંતિને પણ ધ્યાનમાં લેવાની તાતી જરૂર છે.*

## 3.6 ચાવીરૂપશબ્દો

| | | |
|---|---|---|
| **રાષ્ટ્રીય આવક** | : | *દેશમાં વર્ષ દરમિયાન પેદા થતી ચીજવસ્તુઓ અને સેવાઓના નાણાકીય મૂલ્યનો સરવાળો એટલે રાષ્ટ્રીય આવક.* |
| **માથાદીઠ આવક** | : | *દેશની કુલ રાષ્ટ્રીય આવકને દેશની કુલ વસ્તી વડે ભાગતા જે સરેરાશ આવે તે માથાદીઠ આવક છે.* |
| **કુદરતી સંસાધનો** | : | *પૃથ્વી પર મળી આવતા અને માનવીને ઉપયોગમાં આવતા કુદરતી પદાર્થોને કુદરતી સંસાધનો કહે છે.* |
| **બિન ઉત્પાદક વય જૂથ** | : | *ઉત્પાદનમાં કોઈપણ પ્રકારનો ફાળો આપતા નથી તેઓ બાળકોને વૃદ્ધિ અને બિનઉત્પાદક વય જૂથ કહે છે.* |

## 3.7 તમારી પ્રગતિ ચકાસો

**A. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. 1949*માં કોના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રીય આવક સમિતિની રચના કરવામાં આવી હતી?*
2. *રાષ્ટ્રીય આવકના પ્રમાણમાં ભારતનો ક્રમ વિશ્વમાં કયા નંબરે આવે છે?*
3. *અકુશળ શ્રમિકોની રાષ્ટ્રીય આવક પર કેવી અસર થાય છે?*
4. *કુદરતી સંસાધનો એટલે શું?*
5. *દેશની રાષ્ટ્રીય આવકની ગણતરી કોણ કરે છે?*
6. *વર્ષ* 2017*માં વિશ્વમાં રાષ્ટ્રીય આવકમાં પ્રથમ ક્રમે કયો દેશ આવે છે?*
7. *ભારતની માથાદીઠ આવક કરતા ઓછી માથાદીઠ આવક ધરાવતા દેશોના નામ જણાવો.*
8. *વર્ષ* 2017*માં ભારતની રાષ્ટ્રીય આવક કરતા અમેરિકન રાષ્ટ્રીય આવક કેટલી ઘણી વધુ છે?*
9. *ઔદ્યોગિક સાહસિકોના લક્ષણો જણાવો.*
10. *રાષ્ટ્રીય આવકની ઉત્પાદનલક્ષી વ્યાખ્યા જણાવો.*
11. *અલિપ્ત અર્થ તંત્ર એટલે શું તેની વ્યાખ્યા આપો.*
12. *માથાદીઠ આવકનું સૂત્ર જણાવો.*
13. *શુદ્ધ આંતરિક પેદાશ એટલે શું?*
14. *બદલા ચુકવણીઓ કોને કહેવામાં આવે છે. તેની વ્યાખ્યા ઉદાહરણ સહીત જણાવો.*
15. *આરોપીત ભાડું એટલે શું?*
16. *ભારતમાં રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી સંસ્થાઓના નામ આપો.*
17. *પ્રોફેસર પીગુના મતે રાષ્ટ્રીય આવક એટલે શું?*
18. *રાષ્ટ્રીય આવકની ગણતરીમાં ઉદ્દભવતી સમસ્યાઓ જણાવો.*
19. *રાષ્ટ્રીય આવકનું મહત્ત્વ જણાવો.*
20. *બેવડી ગણતરીનો અર્થ રાષ્ટ્રીય આવકના સંદર્ભમાં સમજાવો.*

**B. નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

1. *દેશમાં રોગચાળો ફાટી નીકળે તો રાષ્ટ્રીય આવકમાં ઘટાડો થાય છે.*
2. *જો કુદરતી સંસાધનો બિનઉપયોગી પડી રહેતા હોય તો તેની રાષ્ટ્રીય આવક પર અનુકૂળ અસર થાય છે.*
3. *સરકાર સતત બદલાતી હોય તો રાષ્ટ્રીય આવક પર વિપરીત અસર થાય છે.*
4. *રાષ્ટ્રીય આવક વૃદ્ધિ દર કરતાં વસ્તી વૃદ્ધિ દર વધુ હોય તો માથાદીઠ આવક વધે છે.*
5. *દેશમાં હડતાળો વધવાથી રાષ્ટ્રીય આવક ઘટે છે.*
6. *નવી ટેકનોલોજી રાષ્ટ્રીય આવક પર વિપરીત અસર કરે છે.*
7. *વૈજ્ઞાનિક સંસાધનોથી ઉત્પાદન ખર્ચ ઘટે છે.*

## 3.9 કેટલાક ઉપયોગી પુસ્તકો


- *અર્થશાસ્ત્ર, ધોરણ11, ગુજરાત રાજ્યશાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર.*
- Indian economy, atlantic publisher.
- *ભારતીય અર્થતંત્રનો પરિચય -ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી* –2020


## 3.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**નીચેના વિધાનો ખરાં છે કે ખોટાંના જવાબ**

1. *સાચું.* 2. *ખોટું.* 3. *સાચું* 4. *ખોટું* 5. *સાચું*
6. *સાચું* 7. *ખોટું*

**એકમ - 4** | **રાષ્ટ્રીય આવકનો ચક્રિય પ્રવાહ**

**-: રૂપરેખા : -**

**4.0ઉદ્દેશો**

**4.1પ્રસ્તાવના**

**4.2ચક્રિય પ્રવાહના તબક્કા**

**4.3ચક્રિય પ્રવાહના તબક્કાનાં પ્રકાર**

**4.4ચક્રિય પ્રવાહની વિભાવના**

**4.5પ્રવાહ અને રાષ્ટ્રીય આવક**

**4.6ઉપસંહાર**

**4.7ચાવી રૂપ શબ્દો**

**4.8તમારી પ્રગતિ ચકાસો**

❖ **ઉપયોગી વાંચન સંદર્ભ**

❖ **તમારી પ્રગતિ ચકાસોના સાચા જવાબો**

## 4.0અભ્યાસના ઉદ્દેશોઃ


*આ એકમનો અભ્યાસ કરવાથી તમે આટલું કરી શકશો.*

- *ચક્રીય પ્રવાહ શું છે તેની વિસ્તૃત સમજૂતી મેળવી શકશો.*
- *ચક્રીય પ્રવાહના બે અર્થતંત્ર, ત્રણ અર્થતંત્ર અને ચાર અર્થતંત્રના પ્રવાહની સમજૂતી મેળવી શકાશે.*
- *ખુલ્લા અર્થતંત્રની સમજૂતી.*
- *રાષ્ટ્રીય આવકનો અર્થ અને તેના માપનની પધ્ધતિઓ વિશે જાણી શકાશે.*

## 4.1પ્રસ્તાવના (Introduction):


*આર્થિક પ્રવૃત્તિઓમાં ઉત્પાદન, વપરાશ, આવક અને મૂડી ઉપરાંત અન્ય દેશો સાથે આર્થિક વ્યવહારોની કામગીરી થાય છે. આ પ્રકારની પ્રવૃત્તિઓની પ્રક્રિયા એક જૂથથી બીજામાં ચાલતી રહે છે. આ પ્રવાહ વાસ્તવિક અને નાણાંકીય હોય છે. ઉદાહરણ તરીકે જો એક વ્યક્તિ 2 કિ.ગ્રા. ખાંડ ઉત્પાદક પાસેથી મેળવે છે, આ વસ્તુઓનો પ્રવાહ એક પેઢીમાંથી એક કુટુંબમાં થઈ રહ્યો છે. આવા પ્રવાહ વિવિધ છેડેથી એકત્ર કરવામાં આવે તો તેનો સારાંશ કુલ રાષ્ટ્રીય આવક તરીકે કરી શકાય છે. એક વ્યક્તિથી બીજામાં આર્થિક વ્યવહાર થાય છે. ધારો કે વ્યક્તિ A વ્યક્તિ Bને ઘઉં આપે છે અને વ્યક્તિ B બદલામાં વ્યક્તિ A ને ચોખા આપે છે. આ પ્રક્રિયા ગોળાકાર પ્રવાહ તરીકે ઓળખવામાં આવે છે જે નીચે દર્શાવેલ છે.*

**આકૃતિ :- 4.1વાસ્તવિક પ્રવાહ**




A *વ્યક્તિ* B *વ્યક્તિને ઘઉં આપે છે અને વ્યક્તિ* B *બદલામાં વ્યક્તિ* A *ને ચોખા આપે છે. ઉપરોક્ત ઉદાહરણમાં વસ્તુની આપ-લે કરવામાં આવી છે. જેને વાસ્તવિક પ્રવાહ તરીકે ઓળખવામાં આવે છે. વસ્તુને બદલે જો નાણાંની આપ-લે કરવામાં આવે તો નાણાંકીય પ્રવાહ તરીકે નીચે મુજબ દર્શાવી શકાય.*

**આકૃતિ :- 4.2 નાણાંકીય પ્રવાહ**





*ઉદાહરણ તરીકે* B *ને ઘઉં મળ્યા જેથી* A *ને* B *દ્વારા નાણાં ચુકવણી થઈ એજ રીતે* A *દ્વારા* B*ને પણ નાણાંકીય ચુકવણી થઈ. અહિયા આપણે જોઈએ છે કે વાસ્તવિક પ્રવાહ ઘડિયાળના કાંટાની જેમ ફરે છે અને નાણાંનો પ્રવાહ ઘડિયાળના કાંટાની વિરુદ્ધ દિશામાં જોવા મળે છે.*

## 4.2ચક્રિય પ્રવાહના તબક્કા (Phases of circular flow)

*પ્રવાહના ત્રણ તબક્કા છે.* 1) Generation Phase Production—*ઉત્પાદન* – 2) Disposition Phase -Income – *આવક* 3) Distribution Phase – Expenditure– *ખર્ચ*

**આકૃતિ :- 4.3 ચક્રિય પ્રવાહનાં તબક્કા**




**4.2.1 ઉત્તપાદનનો તબક્કો** (Generation Phase-) Production:*કંપનીઓ ઉત્પાદનના પરિબળો (જમીન, શ્રમ, મૂડી અને નિયોજક) દ્વારા વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરે છે.*

**4.2.2 વહેંચણીનો તબક્કો** (Distribution Phase-) Income: *આ તબક્કામાં પેઢીઓ તરફથી ઉત્પાદનના પરિબળોને (ભાડું,વેતન, વ્યાજ અને નફો) આવકની ચુકવણી કરવામાં આવે છે.*

**4.2.3 ખર્ચનો તબક્કો** (Disposition Phase) Expenditure:*આ તબક્કામાં ઉત્પાદનના પરિબળને પ્રાપ્ત થતી આવક પેઢીઓ દ્વારા ઉત્પાદન કરવામાં આવેલ વસ્તુઓ અને સેવાઓ પર ખર્ચ કરવામાં આવે છે.*

## 4.3. ચક્રીય પ્રવાહના તબક્કાના પ્રકાર (Types of Circular flow):

4.3.1 *વાસ્તવિક પ્રવાહ* (Real Flow):*વાસ્તવિક પ્રવાહમાં વસ્તુઓ અને સેવાઓની આપ-લે કરવામાં આવે છે. વાસ્તવિક પ્રવાહને માપવો મુશ્કેલ છે. કેમકે તેમાં વસ્તુઓનો જથ્થો અથવા સેવાઓ હોય છે. તેને એકત્ર કરવી પણ અશક્ય છે. આ કારણથી નાણાંના પ્રવાહને માપીએ છે.*

4.3.2*નાણાંકીય પ્રવાહ* (Money Flow):*કોઈ પણ વસ્તુ કે સેવા મેળવવા નાણાંની ચુકવણી કરવામાં આવે તેને નાણાંકીય પ્રવાહ તરીકે ઓળખવામાં આવે છે.*

## 4.4 ચક્રીય પ્રવાહની વિભાવના (Definition of Circular flow):

*ચાર બાબતોને ધ્યાનમાં લેવામાં આવે છે.*

4.4.1. *કુટુંબો* (Household Sector):*વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનમાં કુટુંબોની ભાગીદારી જોવા મળે છે. આ કુટુંબોમાંથી જ કેટલાક કુટુંબો ઉત્પન્ન થયેલ વસ્તુઓ અને સેવાઓનો ઉપભોગ કરે છે.*

4.4.2.*ઉત્પાદક પેઢીઓ* (Firms/Business Sector):*વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરે છે.*


4.4.3.*સરકારી અથવા જાહેર ક્ષેત્ર* (Government or Public Sector):*આ સેક્ટરનું કામ કાયદો અને વ્યવસ્થા જાળવવાનું છે. ચોક્કસ નિયમો મુજબ વ્યવસ્થા જળવાય તેનું ધ્યાન રાખવાનું છે.*

4.4.4. *બાહ્ય ક્ષેત્ર અથવા આંતરરાષ્ટ્રીય વેપાર* (Foreign/External Sector): *અન્ય દેશો સાથેના વ્યાપારનો સમાવેશ થાય છે.*

આ ચાર ક્ષેત્રનો ચક્રીય પ્રવાહ આકૃતિ દ્વારા સમજીએ.

શરૂઆતના બે સેક્ટરનો અભ્યાસ કરવામાં આવે તો તેને બે સેક્ટર અર્થતંત્ર (Two Sector Economy) કહે છે.

**આકૃતિ : 4.4આવકનો ચક્રિય પ્રવાહ**





જો ઉત્પાદન અને ખર્ચ ફક્ત કુટુંબો અને પેઢીઓ વચ્ચે થતું હોય તો તેને બે સેક્ટર (Two Sector Economy)અર્થતંત્ર કહે છે. કુટુંબો, પેઢીઓ અને સરકારી ક્ષેત્ર સાથે થતાં વ્યવહાર ત્રણ સેક્ટર (Three Sector Economy)અર્થતંત્ર છે. કુટુંબો, પેઢીઓ, સરકારી ક્ષેત્ર અને બાહ્ય ક્ષેત્ર સાથેના વ્યવહાર ચાર સેક્ટર (Four Sector Economy) અર્થતંત્ર તરીકે ઓળખવામાં આવે છે.

**4.4.1. કુટુંબો અને પેઢીઓ વચ્ચે પ્રવાહઃ બે સેક્ટર અર્થતંત્ર (Two Sector Economy):**

- સૌ પ્રથમ કુટુંબો પેઢીઓને ઉત્પાદનમાં મદદરૂપ બને છે. જમીન, શ્રમ, મૂડી, નિયોજક સ્વરૂપે. જે કામ કરનાર પરિબળ (Factor Service)છે. આવક શરૂ થયા બાદ આ પરિબળો એટલે કે ઉત્પાદનના સાધનોને ચુકવણી કરવામાં આવે છે. જે Factor Paymentછે.
- ઉત્પાદનના સાધનોને જે આવક મળે છે, તે કુટુંબો અથવા તે સિવાયના કુટુંબો જ છે. આમ કુટુંબોને આવક પ્રાપ્ત થાય છે.
- કુટુંબોને આવક પ્રાપ્ત થતાં તે વસ્તુઓ અને સેવાઓનો ઉપભોગ કરશે, આથી સાધનોનો ખર્ચનો સમય પેઢીઓ માટે આવક બને છે. જે લોકો વસ્તુઓ અને સેવાઓ બનાવવામાં જોડાયેલા છે. તેઓ વસ્તુઓ અને સેવાઓનો ઉપભોગ કરે જ છે સાથે-સાથે જે લોકો કામગીરીમાં જોડાયેલા નથી તેઓ પણ આ ઉત્પાદિત વસ્તુઓ અને સેવાઓનો ઉપભોગ કરે છે.
- ઉદાહરણ તરીકે એક શિક્ષક xશાળામાં ભણાવે છે, તે શાળા દ્વારા તેમને આવક આપવામાં આવે છે. જે શાળામાં તેઓ ભણાવે છે એજ શાળામાં તે પોતાના બાળકને પણ ત્યાં જ અભ્યાસ માટે મૂકે છે. અને શાળાની ફી ચૂકવે છે.
- આમ શાળામાં તે કામ કરીને આવક મેળવે છે એજ શાળામાં તે બાળકને ભણાવવા ખર્ચ પણ કરે છે. આ બે સેક્ટર અર્થતંત્ર પ્રવાહ છે.

**આકૃતિ 4.5કુટુંબ અને પેઢીઓ વચ્ચેનો ચક્રિય પ્રવાહ**





Two Sector Economy

- *બે સેક્ટર અર્થતંત્રમાં પેઢીઓ અને કુટુંબો જોવા મળે છે. એ બે વચ્ચે જ વસ્તુઓ અને સેવાઓ તથા નાણાંની આપ-લે થાય છે.*

4.4.2*કુટુંબો, પેઢીઓ અને સરકાર વચ્ચેનો પ્રવાહ: ત્રણ સેક્ટરમાં પ્રવાહ* (Circular flow in Three Sector):*આ ચક્રીય પ્રવાહમાં કુટુંબો* (Household),*ઉત્પાદક પેઢીઓ*(Firm)*અને સરકાર* (Government)*નો સમાવેશ કરવામાં આવે છે. બંધ અર્થતંત્રમાં આ પ્રકારની સ્થિતિ હોય છે.*

**આકૃતિ 4.6ત્રણ સેક્ટર પ્રવાહ**




**1.2 Three Sector Economy**


- *ઉપરોક્ત આકૃતિ* 4.6 *માં ત્રણ સેક્ટર અર્થતંત્રની સ્થિતિ સમજીએ. કુટુંબો દ્વારા સરકારને કરવેરા ચૂકવવામાં આવે છે અને સરકાર દ્વારા કુટુંબોને વેતન ચૂકવવામાં આવે છે. ઉત્પાદન પેઢીઓ પણ સરકારને ટેક્ષ ચૂકવે છે અને સરકાર ઉત્પાદક પેઢીઓ પાસેથી કેટલીક વસ્તુઓ અને સેવાઓ ખરીદે છે.*
- *કુટુંબો કેટલીક બચતો નાણાંકીય બજારમાં બચત અર્થે મૂકે છે એ નાણાં બજાર દ્વારા મૂડીરોકાણ માટે ઉપયોગમાં લેવાય છે. પેઢીઓ આવી નાણાંકીય સંસ્થાઓ પાસેથી નાણાં ઉછીના મેળવીને*

*ઉત્પાદન સાથે જોડાયેલ કુટુંબોને ભાડું, વેતન, વ્યાજ અને નફાની ચૂકવણીઓ કરે છે. કુટુંબોને આવક પ્રાપ્ત થયા બાદ તેઓ ઉત્પાદક પેઢીઓ પાસેથી કેટલીક વસ્તુઓ અને સેવાઓ ખરીદે છે. આ ખર્ચ પેઢીઓની આવક બને છે.*

- *આ પ્રકારની સ્થિતિ ત્રણ સેક્ટર અર્થતંત્રમાં જોવા મળે છે. નાણાંનો પ્રવાહ કુટુંબો, સરકાર અને પેઢીઓ વચ્ચે ફરતો જોવા મળે છે.*

4.4.3. *કુટુંબો, પેઢીઓ, સરકાર અને બાહ્યક્ષેત્ર સાથેનો પ્રવાહઃ ચાર સેક્ટરમાં પ્રવાહ* (Four Sector Economy): *ખુલ્લા અર્થતંત્રમાં* (Open Economy) *આ સ્થિતિ જોવા મળે છે.*

**આકૃતિ 4.7 ચાર સેક્ટર પ્રવાહ**




**1.3 Four Sector Economy**

- *અહી આકૃતિ 4.7 મુજબ શરૂઆતમાં કુટુંબો સરકારને કરવેરા ચૂકવે છે અને સરકાર દ્વારા કુટુંબોને આવક ચૂકવવામાં આવે છે. બીજી બાજુ પેઢીઓ પણ સરકારને કરવેરા ચૂકવે છે અને સરકાર દ્વારા પેઢીઓ પાસેથી વસ્તુઓ અને સેવાઓ ખરીદવામાં આવે છે.*
- *ત્યારબાદ ખર્ચ પછીની જે રકમ કુટુંબો પાસે છે તેનો તે બચત તરીકે ઉપયોગ કરે છે. આ બચતો નાણાંકીય બજાર દ્વારા પેઢીઓને લોન આપવામાં ઉપયોગમાં લેવાય છે. પેઢીઓ દ્વારા પોતાની કુલ રકમમાંથી કેટલીક રકમ ભાડું, વેતન, વ્યાજ અને નફાની ચુકવણી કરે છે.*
    - *ચોથું અને મહત્ત્વનું સેક્ટર અન્ય દેશો સાથેના વ્યવહારનું છે. જેમાં કુટુંબો પોતાની માનવશક્તિ દ્વારા વિદેશોમાં કામ કરે છે અને વિદેશ તરફથી તેમને વેતન ચૂકવવામાં આવે છે. જ્યારે પેઢીઓ પણ વિદેશોમાં કેટલીક વસ્તુઓ તથા સેવાઓની આયાત અને નિકાસ કરે છે.*

- *આ મુજબ આવક અને ખર્ચનો ચક્રીય પ્રવાહ કુટુંબો, પેઢીઓ, સરકાર અને બાહ્ય ક્ષેત્ર સાથે થાય છે. જે ખુલ્લા અર્થતંત્ર તરીકે પણ ઓળખાય છે.*

4.4.4 *ખુલ્લા અર્થતંત્રમાં પ્રવાહ* (Flow in an Open Economy):

- *વિશ્વના અન્ય દેશો સાથે અર્થતંત્રના વ્યવહારો ખુલ્લી અર્થવ્યવસ્થાના પ્રવાહ તરીકે ઓળખાય છે. (એક અર્થવ્યવસ્થાના બાકીના વિશ્વ સાથે આર્થિક વ્યવહારો).*
- *ઉત્પાદિત ઉત્પાદનનો ભાગ અર્થતંત્રની અંદર વપરાશ અને રોકાણના હેતુઓ માટે બાકીના વિશ્વમાં નિકાસ કરવામાં આવે છે.*

## 4.5 ચક્રીય પ્રવાહ અને રાષ્ટ્રીય આવક (Circular Flow and National Income):

- *જે વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે તેની આવક એકઠી થશે. આ એકઠી થયેલ આવકને ઉત્પાદનમાં જોડાયેલા સાધનો સાથે વહેંચણી કરવામાં આવે છે. ઉત્પાદનના સાધનો સાથે આવકની વહેંચણી થયા બાદ ઉત્પાદન પ્રક્રિયામાં જોડાયેલ સાધનોને આવક પ્રાપ્ત થશે. સાધનોને આવક પ્રાપ્ત થયા બાદ તેઓ પોતાના માટે વસ્તુઓ અને સેવાઓ મેળવવા નાણાંનો ઉપયોગ કરશે એટલે ખર્ચ થશે. આ રીતે ઉત્પાદન, આવક અને ખર્ચનો ચક્રીય પ્રવાહ જોવા મળે છે.*
- *કોઈ પણ દેશ દર વર્ષે પોતાની સંપતિ કે સંસાધનોનો અને ઉત્પાદનના સાધનોનો ઉપયોગ કરીને વસ્તુઓ અને સેવાઓ ઉત્પન્ન કરે છે. આ ઉત્પાદનને રાષ્ટ્રીય પેદાશ અથવા રાષ્ટ્રીય આવક તરીકે ઓળખવામાં આવે છે. જે વ્યક્તિની કે દેશની આવક વધુ હોય તે વધુ સમૃદ્ધ કહેવાય.*
- *દેશના અર્થતંત્રમાં જેમ વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન વધુ થાય છે તેમ તેની આવક વધે છે. આવક વધારવા માટે વસ્તુ અને સેવાઓનું ઉત્પાદન વધારવું પડે છે. રાષ્ટ્રીય આવકને વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનના સંદર્ભમાં માપવામાં આવે છે.*
- *આમ, રાષ્ટ્રીય આવકનો ચક્રીય પ્રવાહ થાય છે. ઉત્પાદનના ચાર સાધનો જમીન, શ્રમ, મૂડી અને નિયોજક ઉત્પાદનની પ્રક્રિયામાં જોડાય છે. તેથી તેમને ભાડું, વેતન, વ્યાજ અને નફો વળતર સ્વરૂપે મળે છે જે તેમની આવક છે.*
- *આ આવક દેશના કુટુંબો પાસે આવે છે અને કુટુંબોએ આવકનું વિવિધ વસ્તુઓ અને સેવાઓ પાછળ ખર્ચ કરે છે. તે ઉત્પાદનના સાધનો દ્વારા ઉત્પન્ન થઈ હોય છે. એ ખર્ચ દ્વારા ઉત્પાદન પેઢીઓને નફો પ્રાપ્ત થાય છે અને તેઓ તેમાંથી રોકાણ કરે છે અને ઉત્પાદનના સાધનોને રોજગારી આપે છે. આમ, અર્થતંત્રમાં આવક, ખર્ચ, નફો, રોકાણ, રોજગારી અને પાછી આવકએવો એક ચક્રીય પ્રવાહ રાષ્ટ્રીય આવકના સંદર્ભમાં ઊભો થાય છે. આ ચક્રીય પ્રવાહમાં સરકાર પણ જોડાય છે. કેમકે ઉત્પાદનના સાધનોને જે આવક મળે છે, તેમાંથી કેટલીક આવક સરકાર કરવેરા સ્વરૂપે લઈ લે છે. એ આવક સરકાર વિવિધ વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન પાછળ ખર્ચે છે. અંતે આ આવક કુટુંબો પાસે જ આવક તરીકે પાછી આવે છે. આમ કુટુંબો કરે તે વપરાશી ખર્ચ, ઉત્પાદકો કરે તે રોકાણ ખર્ચ અને સરકાર કરે તે સરકારી ખર્ચ. આ ત્રણેય ખર્ચ રાષ્ટ્રીય આવક પર અસર કરે છે.*

## 4.5.1 કુલ ઘરેલુ ઉત્પાદન (GDP-Gross Domestic Product):

- *વર્ષ દરમિયાન દેશની રાજનીતિક સરહદમાં જે વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરવામાં આવે છે તેનું અંતિમ મૂલ્ય કુલ ઘરેલુ ઉત્પાદન છે. ઉદાહરણ તરીકે દેશમાં* A,B,C,D,*ઉત્પાદનના*

સેક્ટર છે. આ સેક્ટર જુદીજુદી વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરે છે તેનું અંતિમ મૂલ્ય GDPછે.

➢ **Nominal GDP/GDP at Current Price:**

- ઉદાહરણ તરીકે 2020માં 100 વસ્તુઓનું ઉત્પાદન થયું તેની કિંમત 5000 છે. તો 100×5000 =5,00000અને 2014મુજબ100વસ્તુઓનું ઉત્પાદનથતું તેની કિંમત1000 હતી. 100×1000 = 1,00000. આ મુજબગણતરી કરવામાં આવે તો એમ લાગે કે 2014માં જી.ડી.પી. ઓછી હતી અને 2020માં વધુ છે. પરંતુ આ ફુગાવાને કારણે આ સ્થિતિ જોવા મળે છે.
- વાસ્તવિક જી.ડી.પી. જ યોગ્ય સચોટ ગણાય છે.

➢ **Real GDP/GDP at Constant Price:**

- વર્ષ દરમિયાન દેશની સરહદમાં જે વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરવામાં આવે છે તેનું અંતિમ મૂલ્ય કુલ ઘરેલુ ઉત્પાદન છે. કોઈ એક દેશમાં વર્ષ દરમિયાન 100ખુરશી બને છે, દરેક ખુરશીની કિંમત 200 રૂપિયા છે તો GDP 100×200 20,000/-
- ઉદાહરણ તરીકેA=100, B=100અને C = 100 વસ્તુઓનું ઉત્પાદન કરે છે. તો કુલ GDP = 300થશે. ફોર્મુલા મુજબ જોઈએ તો GDP = C + I + G + (X-M)

C = Consumer Expenditure, I = Business Investment, G = Government Expenditure, X =Export, I = Import
100 + 100 + 100 + (10-50)= 310-50

GDP = 260

GNP મેળવવા માટે

GDP = (X-Y) = GNP

કુલ જીડીપી 260 છે અને તેમાં 10 Yરૂપિયા વિદેશમાં રહેતા દેશના નાગરિકે મોકલ્યા છે.

250 + 10 = 260

50 રૂપિયા એ વિદેશી કંપનીએ ઉત્પાદન કર્યું તેના છે માટે તેને બાદ કરીશું તો આપણને

260 - 50 = 210કુલ રાષ્ટ્રીય ઉત્પાદન થયું ગણાય.

GNP = 210

- Factor Cost + NIT Market Price= કોઈપણ વસ્તુની બજાર કિંમત મેળવવા ઉત્પાદનમાં જોડાયેલા સાધનોનું ખર્ચ  ચોખ્ખું અપ્રત્યક્ષ કર = બજાર કિંમત મળે છે. 10 + 2 = 12
- Domestic + NFIA Net Factor Income From Abroad: Gross Domestic Product = Market Price $GDP_{MP}$માંથી ઘસારા ખર્ચ બાદ કરીએ તો $NNP_{FC}$
- Domestic Product : ઈન્ડિયામાં જેટલા પણ સેક્ટર છે એ જે વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરે છે તે Domestic Productછે.
- Domestic Income: આ ઉત્પાદન થયેલ વસ્તુઓ અને સેવાઓનું અંતિમ મૂલ્ય DI છે.
- National Product: રાજકીય સરહદમાં જે વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય તે National Productછે.
- Domestic+ દેશની વ્યક્તિઓ અને કંપનીઓ બહાર હોય તેઓ દ્વારા જે આવક પ્રાપ્ત થાય ational Product કહેવાય છે. NP = DP + NFIA

- National Income: *બધા જ ફેક્ટર એકમોની આવકનો સરવાળો, સામાન્ય વ્યક્તિઓ અને દેશના લોકો દેશ બહાર જઈને કામ દ્વારા જે આવક મેળવે છે અને પરત પોતાના દેશમાં તે આવક મોકલે છે તેનો સમાવેશ પણ રાષ્ટ્રીય આવકમાં કરવામાં આવે છે.*
- **National Product at mp: NNPmp = $NNP_{FC}$+ NIT**
- *વસ્તુઓ અને સેવાઓ ઉત્પાદન કરવા જે લોકો જોડાય છે તેમને આવકની ચુકવણી કર્યા બાદ તેમાં અપ્રત્યક્ષ કરનું પ્રમાણ સામેલ કરવામાં આવે ત્યારે તેને* Net National Product at Market Price *મળે છે.*

**4.5.2. રાષ્ટ્રીય આવકને ઉત્પાદન, આવક અને ખર્ચના પ્રવાહ તરીકે જોવામાં આવે છે National Income Viewed as Production, Income and Expenditure Flows:**

- *વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન તથા વેચાણ અને તેની સાથે આવકનું સર્જન એ સતત ચાલતી પ્રવૃતિ છે. ઉત્પાદન આવક આપે છે અને આવકથી વસ્તુઓ અને સેવાઓની માંગ ઊભી થાય છે. માંગથી ખર્ચ જન્મે છે અને ખર્ચ ઉત્પાદન તરફ દોરાય છે. આ આવકનો ચક્રીય પ્રવાહ છે. તેમાં ત્રણ તબક્કા આવે છે ઉત્પાદન, વિતરણ અને ખર્ચ.*
- *આ ત્રણ તબક્કાથી રાષ્ટ્રીય આવકને ત્રણ રીતે સમજી શકાય છે. વસ્તુઓ અને સેવાઓનો પ્રવાહ, આવકનો પ્રવાહ અને ખર્ચનો પ્રવાહ. આ દરેક રીતે આવકને માપવા માટે જુદી માહિતીની જરૂર પડે છે અને જુદીજુદી પધ્ધતિની જરૂર પડે છે. તેથી રાષ્ટ્રીય આવકને માપવાની ત્રણ પધ્ધતિઓ છે.*

  **1)ઉત્પાદન પધ્ધતિ:** *રાષ્ટ્રીય આવકની ગણતરીની મૂલ્ય વૃધ્ધિ પધ્ધતિમાં દેશમાં કોઈ એક નાણાકીય વર્ષમાં ઉત્પન્ન થયેલી તમામ તૈયાર વસ્તુઓ અને સેવાઓના કુલ ઉત્પાદનને ધ્યાનમાં લેવામાં આવે છે. તેથી જ તેને ઉત્પાદન પધ્ધતિ કહે છે. તેમાં દરેક ઉત્પાદક એકમે દેશના કુલ ઉત્પાદનમાં જે ફાળો આપ્યો હોય તેને ગણતરીમાં લેવાય છે. દરેક ઉત્પાદક એકમ અર્થતંત્રના ત્રણ ક્ષેત્રોમાં વહેંચાય છે.*

  **2)આવક પધ્ધતિ:** *ઉત્પાદનની પ્રવૃતિઓ કરવા ઉત્પાદનના સાધનો કામ લાગે છે. તેમને તેમની આ પ્રવૃતિ બદલ જે વળતર મળે છે, તેને સાધન આવક તરીકે ઓળખવામાં આવે છે. જમીનને ભાડું, શ્રમને વેતન, મૂડીને વ્યાજ અને નિયોજકને નફો સાધન આવક તરીકે મળે છે. આ તમામ સાધનઆવકનો સરવાળો આવક પધ્ધતિમાં કરવામાં આવે છે. સાધન આવક નાણાંમાં માપી શકાય છે અને તેથી તેનો સરવાળો કરી શકાય છે. આ પધ્ધતિમાં તમામ આર્થિક પ્રવૃતિઓમાંથી થતી આવકને ધ્યાનમાં લેવામાં આવે છે.*

  **3)ખર્ચ પધ્ધતિ:***કુટુંબો, ઉદ્યોગ - ધંધા કે સરકાર તેમની આવક વપરાશી વસ્તુઓ અને સેવાઓ પાછળ ખર્ચે છે. તેઓ તેમની આવકનો થોડોક ભાગ બચાવે પણ છે. આવકના જે ભાગની બચત થાય છે તેમાંથી પણ મૂડી રોકાણ થાય છે. વપરાશી ચીજો પાછળ થતું ખર્ચ વપરાશી ખર્ચ કહેવાય છે અને રોકાણ પાછળ થતું ખર્ચ રોકાણ ખર્ચ કહેવાય છે. સામાન્ય રીતે ઉત્પાદન કે વપરાશ થાય ત્યારે સરકાર વેરા વસૂલ કરે છે અને કર આવકમાંથી સરકાર ખર્ચ કરે છે. આ ખર્ચને જ્યારે રાષ્ટ્રીય આવકની ગણતરી કરવામાં આવે ત્યારે તેને ખર્ચ પધ્ધતિ કહે છે. આમ, ખર્ચ પધ્ધતિમાં અર્થતંત્રમાં થતાં ત્રણ પ્રકારના ખર્ચને ધ્યાનમાં લેવામાં આવે છે. વપરાશી ખર્ચ* (C),*રોકાણ ખર્ચ* (I),*સરકારી ખર્ચ*(G).

## 4.6. ઉપસંહાર (Conclusion):

*આ એકમમાં પ્રવાહની વિભાવન અને પ્રવાહના કાર્યનો અભ્યાસ કરીને અર્થતંત્રની રાષ્ટ્રીય આવક કેવી રીતે મેળવી શકાય તે વિશે માહિતી આપી છે. પ્રવાહનો ખ્યાલ વાસ્તવિક વ્યવહારો અથવા નાણાંના પ્રવાહ સાથે સંબંધિત છે. ચકીય પ્રવાહમાં એક જુથમાંથી બીજા જુથમાં વ્યવહારો થાય છે. વાસ્તવિક વ્યવહારોનો પ્રવાહ આપણને વાસ્તવિક વસ્તુઓ અને સેવાઓના બદલામાં વસ્તુઓ અને સેવાઓ આપે છે અને એક જૂથમાંથી બીજા જૂથમાં નાણાંનો પ્રવાહ આપણને નાણાંકીય પ્રવાહ આપે છે.*

*ઉદ્યોગો અને કુટુંબો વચ્ચે વાસ્તવિક અથવા નાણાં પ્રવાહનો અભ્યાસ કરી શકાય છે. તેમના અભ્યાસને અર્થતંત્ર સુધી વિસ્તૃત કરી શકાય છે. જેમાં ઉદ્યોગો, કુટુંબો અને મૂડી ક્ષેત્રોના વ્યવહારો છે. એ જ રીતે, સરકારી ક્ષેત્ર અને બાકીના વિશ્વ ક્ષેત્રનો સમાવેશ કરીને આ અભ્યાસને આગળ લઈ જઈ શકાય છે. એકવાર ઉદ્યોગો, કુટુંબો, મૂડી ક્ષેત્ર, સરકારી ક્ષેત્ર અને બાકીના વિશ્વ ક્ષેત્રનો સમાવેશ થઈ જાય તો તે ખુલ્લા અર્થતંત્રનો પ્રવાહ છે.*

*રાષ્ટ્રીય આવકનો અભ્યાસ ત્રણ રીતે કરી શકાય છે. વસ્તુઓ અને સેવાઓનો પ્રવાહ અથવા આવકના પરિબળ તરીકે અથવા અંતિમ ખર્ચના પ્રવાહ તરીકે, રાષ્ટ્રીય આવક ત્રણમાંથી કોઈપણ રીતે જોતા આપણને સરખી મળે છે.*

## 4.7ચાવીરૂપ શબ્દો (Key Words):

| | | |
|---|---|---|
| **સર્ક્યુલર પ્રવાહ** | : | *તે વસ્તુઓ અથવા સેવાઓ એક વ્યક્તિ કે પાસેથી બીજા પાસે જાય છે.* |
| **ડાયરેક્ટ પર્સનલ ટેક્સ-DIT** | : | *આમાં કુટુંબો પર લાદવામાં આવેલા કર છે. આવકવેરા અથવા સંપત્તિ કરનું સ્વરૂપ.* |
| **એન્ટરપ્રાઈઝ/ઉદ્યોગ** | : | *જે અર્થતંત્રમાં માલસામાન અને સેવાઓનો પેદા કરવા ઉત્પાદનના પરિબળોનો ઉપયોગ કરે છે.* |
| **ઉત્પાદનના સાધન** | : | *પરિબળો દ્વારા આપવામાં આવતી સેવાઓ છે. (જમીન, શ્રમ, મૂડી અને નિયોજક)* |
| **NIT** | **:** | Net Indirect Taxes |
| **GDP** | **:** | Gross Domestic Product |
| **GNP** | **:** | Gross National Product |
| **MP** | **:** | Market Price |
| **FC** | **:** | Factor cost |
| **NFIA** | **:** | Net Factor Income From Abroad |
| **C** | **:** | Consumer Expenditure |
| **I** | **:** | Business Investment |
| **G** | **:** | Government Expenditure |
| **X** | **:** | Export |
| **I** | **:** | Import |

## 4.8 તમારી પ્રગતિ ચકાસો.

**બહુવૈકલ્પિક પ્રશ્નો અને ઉત્તરો.**

- **નીચે આપેલા પ્રશ્નોનો સાચો વિકલ્પ પસંદ કરો.**

**1)** **ચક્રીય પ્રવાહના તબક્કા કેટલા છે ?**

*અ)* 1 *બ)* 2 *ક)* 3

**2)** **ચક્રીય પ્રવાહના તબક્કાના પ્રકાર જણાવો?**

*અ)* 1 *બ)* 2 *ક)* 3

**3)** **વાસ્તવિક પ્રવાહમાં શાની આપ-લે કરવામાં આવે છે?**

*અ) નાણાંની બ) વસ્તુ અને સેવાની ક) બંને*

**4)** **નાણાંકીય પ્રવાહમાં શાની આપ-લે કરવામાં આવે છે?**

*અ) નાણાંની બ) વસ્તુ અને સેવાની ક) બંને*

**5)** **જો ઉત્પાદન અને ખર્ચ ફક્ત કુટુંબો અને પેઢીઓ વચ્ચે થતું હોય તો તે કયા પ્રકારનું અર્થતંત્ર?**

*અ) બે સેક્ટર બ) ત્રણ સેક્ટર ક) ચાર સેક્ટર*

**6)** **કુટુંબો, પેઢીઓ, સરકારી ક્ષેત્ર અને બાહ્ય ક્ષેત્ર સાથેના વ્યવહાર કયા પ્રકારનું અર્થતંત્ર છે?**

*અ) બે સેક્ટર બ) ત્રણ સેક્ટર ક) ચાર સેક્ટર*

**7)** **સ્થાનિક અર્થવ્યવસ્થાના બાકીના વિશ્વ સાથે આર્થિક વ્યવહારો**

*અ) ખુલ્લા અર્થતંત્રમાં પ્રવાહ બ) બંધ અર્થતંત્રમાં પ્રવાહ ક) અ અને બ બંને*

**8)** **રાષ્ટ્રીય આવકને માપવાની પધ્ધતિઓ કેટલી છે?**

*અ)* 1 *બ)* 2 *ક)* 3

- **નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

1) *ચક્રીય પ્રવાહના ત્રણ તબક્કા છે.*
2) *ચક્રીય પ્રવાહના તબક્કાના પ્રકારો છે.*
3) *કોઈ પણ વસ્તુ કે સેવા મેળવવા નાણાંની ચુકવણી કરવામાં આવે તે નાણાંકીય પ્રવાહ છે.*
4) *કુટુંબો અને પેઢીઓ વચ્ચેનો પ્રવાહ ત્રણ સેક્ટર અર્થતંત્ર છે.*
5) *કુટુંબો, પેઢીઓ અને સરકાર વચ્ચેનો પ્રવાહ ત્રણ સેક્ટરનો પ્રવાહ છે.*
6) *જે વ્યક્તિની કે દેશની આવક વધુ હોય તે વધુ સમૃદ્ધ કહેવાય છે.*
7) *વર્ષ દરમિયાન દેશની રાજનીતિક સરહદમાં જે વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરવામાં આવે છે તેનું અંતિમ મૂલ્ય કુલ ઘરેલુ ઉત્પાદન છે.*

- **નીચે આપેલ પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો.**

1) *ચક્રીય પ્રવાહના તબક્કા અને ચક્રીય પ્રવાહના તબક્કાના પ્રકાર સમજાવો.*
2) *ચક્રીય પ્રવાહની વિભાવના સમજાવી બે સેક્ટર અર્થતંત્રની સમજૂતી આપો.*
3) *કુટુંબો, પેઢીઓ અને સરકાર વચ્ચેનો પ્રવાહ તરીકે ત્રણ સેક્ટરના પ્રવાહની સમજૂતી આપો.*

4) *કુટુંબો, પેઢીઓ, સરકાર અને બાહ્યક્ષેત્ર સાથેના પ્રવાહ તરીકે ચાર સેક્ટરના પ્રવાહનીસમજૂતી આપો.*

- **ટૂંક નોંધ લખો.**

1) *ખુલ્લા અર્થતંત્રમાં પ્રવાહ*
2) *બે સેક્ટર અર્થતંત્ર*
3) *ત્રણ સેક્ટરમાં પ્રવાહ*

- **ઉપયોગી વાંચન સંદર્ભ**


1. Studenski, Paul (1972), Income of Nations, (Chap 11-12), Macmillan, New Delhi
2. Beckernan, Wilfred (1980), National Income Analysis, (Chap 1-3), Wiedenfeld and Nicolson: London
3. C.S.O., National Accounts Statistics (relevant pages), Ministry of Statistics and Programme Implementation, Govt. of India, New Delhi.
4. Gwartney, James D.; Stroup, Richard L.: Sobel, Russell S.: Macpherson, David A. (2014). Macroeconomics: Private and Public Choice. Cengage Learning. pp. 173- 175. ISBN 978-1-285-45354-5.
5. Jump up ABC Daraban, Bogdan (2010-06-05). "Introducing the Circular Flow Diagram to
6. Business Students", Journal of Education for Business. 85 (5): 274-279. doi:10.1080/08832320903449527. ISSN 0883-2323.S2CID 154585027.
7. Backhouse, Roger E., and Yann Giraud. "Circular flow diagrams." in: Famous Figures and Diagrams in Economics (2010): 221-230. Chapter 23.
8. Richard Cantillon, Chantal Saucier (translation) & Mark Thornton (editor) (2010) [1755]. An Essay on Economic Theory. Auburn, Alabama: Ludwig von Mises Institute. ISBN 0-415-07577-


- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

| | | | |
|---|---|---|---|
| 1. *(ક)* | 2. *(બ)* | 3. *(બ)* | 4. *(અ)* |
| 5. *(અ)* | 6. *(ક)* | 7. *(અ)* | 8. *(ક)* |

- **ખરા-ખોટના જવાબો**

| | | | |
|---|---|---|---|
| 1. ખરું | 2. ખરું | 3. ખરું | 4. ખોટું |
| 5. ખરું | 6. ખરું | 7. ખરું | |

**એકમ - 5** | **ઉપભોગ વિધેય**

**- :રૂપરેખા : -**

**5.0 ઉદ્દેશો**

**5.1 પ્રસ્તાવના**

**5.2 ઉપભોગ વિધેય**

**5.3 કેઈન્સનુ ઉપભોગ વિધેય**

**5.4 કેઈન્સિયન ઉપભોગ વિધેયના સૈદ્ધાંતિક પાસાંઓ**

**5.5 કેઈન્સનો ઉપભોગ પ્રત્યેનો અભિગમ**

**5.6 કેઈન્સનો મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત**

**5.7 કેઈન્સના ઉપભોગ વિધેયનું મહત્ત્વ**

**5.8 મર્યાદાઓ અને ટીકાઓ**

**5.9 સારાંશ**

**5.10 ચાવીરૂપ શબ્દો**

**5.11 તમારી પ્રગતિ ચકાસો**

❖ **સંદર્ભ**

❖ **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

## 5.0ઉદ્દેશો

*આ એકમ અર્થતંત્રમાં કેઈન્સ દ્વારા આપવામાં આવેલ ઉપભોગ વિધેયની રજૂઆત કરે છે. આ પ્રકરણના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓ…*

- *ઉપભોગ વિધેય શું છે અને કેઈન્સનો ઉપભોગ વિધેયનો ખ્યાલ સમજી શકશે.*
- *ઉપભોગ કઈ રીતે આર્થિક વ્યવસ્થામાં ઉપયોગી છે તે અંગેની સમજ મેળવશે.*
- *મનોવૈજ્ઞાનિક ઉપભોગ અંગેની સમજ પ્રાપ્ત કરશે.*
- *ઉપભોગને નક્કી કરતાં પરિબળોનો ખ્યાલ સ્પષ્ટ થશે.*
- *ઉપભોગ વિધેયની ઉપયોગિતા વિશે વિસ્તૃત જાણકારી પ્રાપ્ત થશે.*
- *ઊભોગ વિધેયની મર્યાદાઓ સમજશે.*
- *આર્થિક નીતિ ઘડતરમાં ઉપભોગ વિધેયની ઉપયોગિતા વિશે સમજ કેળવશે*

## 5.1 પ્રસ્તાવના

*ઉપભોગ આધુનિક અર્થવ્યવસ્થાઓમાં ઉત્પાદન બજારો પરના ખર્ચના મોટા ભાગનું પ્રતિનિધિત્વ કરે છે. રાષ્ટ્રીય આવકના સંદર્ભમાં તેનો હિસ્સો મોટાભાગના વિકસિત અર્થવ્યવસ્થાઓમાં 70ટકા જેટલો છે અને ઓછા વિકસિત દેશોમાં પણ વધુ છે. એકદરે કુલ માગ માટે ઉપભોગ મહત્ત્વપૂર્ણ છે. અર્થતંત્રમાં તમામ માલસામાન અને સેવાઓની કુલ માંગ કેઈન્સીયન સિદ્ધાત મુજબ અર્થતંત્રમાં*

*ઉત્પાદન અને રોજગારનું સ્તર નક્કી કરે છે આપણે જેટલી માગ કરીએ છીએ. તેટલું વધુ ઉત્પાદન થાય છે અને વધુ રોજગારનુ સર્જન થાય છે. ઉપરાંત જે આવકનો ઉપભોગ થતો નથી તેની બચત થાય છે અને બચત અર્થતંત્રના વિકાસ પર મોટી અસર કરે છે. આમ બચત, મૂડી જથ્થો, મૂડી રોકાણ, રોજગાર અને આવક વૃદ્ધિને સમજવા માટે ઉપભોગ મહત્ત્વપૂર્ણ છે. આર્થિક નીતિની અસરકારકતા પણ ઉપભોગ વિધેયની પ્રકૃતિ સાથે નજીકથી સંબંધિત છે.*

*આવક અને વપરાશ વચ્ચેના સબંધ અંગેની ચર્ચા* 1936*માં કેઈન્સના વિખ્યાત પુસ્તક*"The General Theory of Employment Interest and Money" *ના પ્રકાશન બાદ વારંવાર જીવંત બનતી રહી છે. જ્હોન મેનાર્ડ કેઈન્સ દ્વારા* 1936*માં પ્રકાશિત તેમના મુખ્ય પુસ્તક "ધ જનરલ થિયરી ઓફ એમ્પ્લોયમેન્ટ, ઈન્ટરેસ્ટ એન્ડ મની"માં તેમના ઉપભોગના સિદ્ધાંતની રજૂઆત કરી હતી. તેમના ઉપભોગ વિધેય અંગેની ચર્ચાઓ મુખ્યત્વે પ્રકરણ* 8 *"ધ પ્રોપેન્સિટી ટુ કન્ઝયુમ" અને પ્રકરણ* 9 *"ધ ફડામેન્ટલ સાયકોલોજિકલ લો" માં રજૂ કરવામાં આવી છે.*

*આ સમજવા માટે આપણે કેઈન્સનું વિશ્લેષણ ધ્યાનમાં લેવાની જરૂર છે. જેમ કે તેઓનો ઉપભોગનો આધાર વર્તમાન ઉપભોગ લાયક આવક પર આધારિત છે. જે વર્તમાન આવક માંથી કરવેરાને બાદ કર્યા પછી પ્રાપ્ત થાય છે. બદલામાં તે ઉપભોગ કરવાની નજીવી વૃત્તિ (વિવેક બુદ્ધિથી આવકમાં ફેરફારને કારણે ઉપભોક્તા ખર્ચમાં ફેરફાર) સરકારી ખર્ચ અને કરવેરાના ગુણકની તીવ્રતા નક્કી કરે છે. તેને સરળ રીતે કહીએ તો, જ્યારે સરકાર અર્થતંત્રમાં ખર્ચમાં વધારો કરે છે અથવા ઘટાડે છે ત્યારે રાષ્ટ્રીય આવક કેટલી વધે છે અથવા ઘટે છે, તેનો આધાર આપણે ઉપભોગ પર કેટલો ખર્ચ કરીએ છીએ તેના પર છે. તે ખાનગી રોકાણ ગુણકની તીવ્રતા પણ નક્કી કરે છે. તેને સરળ ભાષામાં કહીએ તો અર્થતંત્રમાં ખાનગી રોકાણ વધે કે ઘટે ત્યારે રાષ્ટ્રીય આવક કેટલી વધે છે કે ઘટે છે. તેનો આધાર આપણે ઉપભોગ પર કેટલો ખર્ચ કરીએ છીએ તેના પર છે. આ રાજકોષીય નીતિની અસરકારકતા સૂચવે છે. એટલે કે કરવેરા અને સરકારી ખર્ચમાં ફેરફાર, આર્થિક મંદીને દુર કરવા અને ઉત્પાદિત ઉત્પાદન અને રોજગારમાં મોટી વધઘટ - નાણાકીય ગુણાકના સ્તર સાથે જોડાયેલી છે. કેઈન્સના સિદ્ધાંત મુજબ જ્યારે કુલ પુરવઠો આપવામાં આવ્યો હોય ત્યારે આવકની કક્ષા કે રોજગારીનું સ્તર એ કુલ માંગ દ્વારા નિર્ધારિત થાય છે. જેમ અર્થતંત્રમાં કુલ માંગ વધારે તેમ આવક અને રોજગારીનું સ્તર પણ વધુ. આ સિદ્ધાંત અનુસાર આવક અને રોજગારીના સ્તરને નક્કી કરવામાં કુલ પુરવઠાનો કોઈ ફાળો નથી.*

*કુલ માંગ કેવી રીતે નિર્ધારિત થાય છે ?*

*કુલ માંગમાં બે ભાગોનો સમાવેશ થાય છે- ઉપભોગ માંગ અને મૂડીરોકાણ માંગ. હવે આપણે ઉપભોગ વિધેયનો અર્થ અને તેને અસર કરતાં પરિબળો સમજીશું.*

## 5.2 ઉપભોગ વિધેયનો ખ્યાલ :-

*સમુદાયનો ઉપભોગ આવકના સ્તર પર આધારિત છે. બીજા શબ્દોમાં કહીએ તો ઉપભોગ એ આવકનું વિધેય છે. જ્યારે ગ્રાહકની આવક વધે છે ત્યારે ઉપભોગ પણ વધે છે. આવકના વિવિધ સ્તરે ઉપભોગ વિધેય (ખર્ચ)ની માહિતી નીચે આપેલ કોષ્ટકમાં રજુ કરવામાં આવી છે.*

કોષ્ટક -5.1સુરેખ (રેખીય) ઉપભોગ વિધેય

| **આવક ( કરોડ રૂ. માં)** | **ઉપભોગ (કરોડ રૂ. માં)** | **સરેરાશ ઉપભોગ વૃત્તિ** $(\frac{C}{Y})$ | **સીમાંત ઉપભોગ વૃત્તિ** $(\frac{\Delta C}{\Delta Y})$ |
|---|---|---|---|
| 100 | 75 | $(\frac{75}{100}) = 0.75$ | $(\frac{75}{10}) = 0.75$ |
| 110 | 82.5 | $(\frac{82.5}{110}) = 0.75$ | $(\frac{75}{10}) = 0.75$ |
| 120 | 90 | $(\frac{90}{120}) = 0.75$ | $(\frac{75}{10}) = 0.75$ |
| 130 | 97.5 | $(\frac{97.5}{130}) = 0.75$ | $(\frac{75}{10}) = 0.75$ |
| 140 | 105 | $(\frac{105}{140}) = 0.75$ | $(\frac{75}{10}) = 0.75$ |
| 150 | 112.5 | $(\frac{112.5}{150}) = 0.75$ | $(\frac{75}{10}) = 0.75$ |
| 160 | 120 | $(\frac{120}{150}) = 0.75$ | $(\frac{75}{10}) = 0.75$ |

ઉપભોગ વિધેય એ ઉપભોગ ખર્ચથી અલગ છે.ઉપભોગ વિધેય એ આવકના વિવિધ સ્તરે ઉપભોગ વિધેય અને ઉપભોગની માત્રાથી અલગ છે. ઉપભોગ વિધેય-એવી સમગ્ર સારણી છે જે આવકના વિવિધ સ્તરો પર ઉપભોગ દર્શાવે છે. ઉપભોગની રકમનો અર્થ છે આવકના ચોક્કસ સ્તરે વપરાશી ખર્ચ ઉપરવર્ણવેલ સારણી સમુદાયના ઉપભોગ વિધેયને પ્રતિબિંબિત કરે છે. એટલે કે તે સૂચવે છે કે આવકમાં ફેરફારના પ્રતિભાવમાં ઉપભોગ કેવી રીતે બદલાય છે.

ઉપભોગ વિષયનો ખ્યાલ કેઈન્સના આવક અને રોજગારના સિદ્ધાંતમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કેઈન્સના મતે તમામ પરિબળોમાંથી તે આવકનું વર્તમાન સ્તર કે જે વ્યક્તિ અને સમાજના ઉપભોગને નિર્ધારિત કરે છે. કેઈન્સે ઉપભોગના નિર્ણાયક પરિબળ તરીકે વર્તમાન આવકના સંપૂર્ણ કદ પર ભાર મૂક્યો હતો. જેના માટે તેમના ઉપભોગના સિદ્ધાંતને ઉપભોગની સંપૂર્ણ આવકના સિદ્ધાંત તરીકે પણ ઓળખવામાં આવે છે.

કેઈન્સના ઉપભોગ વિધેયને આ પ્રમાણે દર્શાવી શકાય :

C = a $+bY_d$ ------------------------------------ (1)

જ્યાં,

C = ઉપભોગ ખર્ચ

$Y_d$ = વાસ્તવિક આવક

a =અચળાંક કે જે સ્વાયત ખર્ચ દર્શાવે છે. એટલે કે શૂન્ય આવકની સપાટીએ ઉપભોગ ખર્ચની રકમ દર્શાવે છે.


b =અચળાક કે જે સીમાંત ઉપભોગ વૃત્તિ જે ઉપભોગ જન્ય આવકના એક એકમ દીઠ ફેરફારને પરિણામે ઉપભોગમા થયેલ વધારો માપે છે. ગાણિતિક રીતે : b = MPC = ΔC/ΔYજ્યાં, MPC =સીમાંત ઉપભોગ વૃત્તિ.

ઉપભોગ વિધેયના કેઈન્સીયન ખ્યાલ એ ઉપભોગના મૂળભૂત મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતમાંથી ઉદભવે છે. જે જણાવે છે કે જ્યારે આવક વધે છે ત્યારે લોકોમાં ઉપભોગ પર વધુ ખર્ચ કરવાની સામાન્ય વૃત્તિ હોય છે. પરંતુ આવકમાં વધારો થાય તેટલી હદે નહીં. કારણ કે આવકના એક ભાગની બચત પણ કરવામાં આવે છે.

ઉપભોગનો મૂળભૂત મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત ઉપભોગની વર્તણૂકના સંદર્ભમાં ત્રણ પ્રસ્તાવો પર આધારિત છે.

1. જ્યારે કુલ આવક વધે છે, ત્યારે સમુદાયનો ઉપભોગ ખર્ચ પણ વધશે. પરંતુ પ્રમાણમાં ઓછા પ્રમાણમાં, આર્થિક દ્રષ્ટિએ, આનો અર્થ એ છે કે ઉપભોગ માટે સીમાંત વૃત્તિ એક કરતાં ઓછી છે. પરંતુ શૂન્ય (એટલે કે 1> MPC>O) કરતાં વધુ છે.
2. આવકના વધારાને બચત અને ઉપભોગ વચ્ચે અમુક ગુણોત્તરમાં વિભાજિત કરવામાં આવશે.
3. આવકમાં વધારો, ઉપભોગ અને બચત બંનેમાં વધારો તરફ દોરી જશે.

**આકૃતિ -5.1 આવક અને ઉપભોગ વચ્ચેનો સંબંધ**




**ખર્ચવાપાત્ર આવક**

ઉપરની આકૃતિમાં, સુરેખ ઉપભોગ વિધેયને અંતઃક્ષેપ સાથે દર્શાવાયું છે. સુરેખ (રેખીય) ઉપભોગ વિધેયના આ સ્વરૂપમાં, જોકે ઉપભોગ કરવાની સીમાંત વૃત્તિ (ΔC/ΔY)સ્થિર છે. આવક $Y_1$ અને $Y_2$ ના સ્તરે OAઅને OB રેખાઓના ઢાળ દ્વારા દર્શાવેલ આવકમાં વધારા સાથે ઉપભોગ કરવાની સરેરાશ વૃત્તિ ઘટી રહી છે. અનુક્રમે ઉગમબિંદુમાંથી દોરેલી સીધી રેખા OB ઉચ્ચ આવક સ્તર $Y_2$ પર ઉપભોગ કરવાની સરેરાશવૃત્તિ દર્શાવે છે.નીચા આવક સ્તર$Y_1$ પર ઉગમબિંદુથી Aતરફ દોરેલી સીધી રેખા OA કરતાં પ્રમાણમાં ઓછો ઢાળધરાવે છે.

## 5.3 કેઈન્સનું ઉપભોગ વિધેય

તેમની સામાન્ય સિદ્ધાંત(જનરલ થિયરી)માં, કેઈન્સે(1936) ઉપભોગ ખર્ચને રાષ્ટ્રીય આવકના મહત્ત્વના ઘટક તરીકે વર્ણવ્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે વર્તમાન વપરાશલાયક આવક (કર પછી) ઉપભોગ ખર્ચનો મુખ્ય નિર્ણાયક ઘટક છે. ઉપભોગ પ્રત્યે કેઈન્સના અભિગમને સંપૂર્ણ આવકની પૂર્વધારણા કહેવામાં આવે છે.કારણ કે વર્તમાન વપરાશલાયક આવક માત્ર ઉપભોગનું સ્તર નક્કી કરે છે.તેના આધાર તરીકે કેઈન્સ ઉપભોગ વિધેય સામાન્ય રીતે રેખીય સ્વરૂપમાં આપેલ મુજબ લખવામાં આવે છે.

$$C = a + by …….(2)$$

જ્યાં C ઉપભોગ ખર્ચ છે, Y વર્તમાન વપરાશલાયક આવક છે, a એ ઉપભોગ ખર્ચ છે જે આવકથી સ્વતંત્ર છે (અથવા સ્વાયત્ત ઉપભોગ), અને b એ ઉપભોગ કરવાની સીમાંત વૃત્તિ છે (MPC) અથવા ઉપભોગ ખર્ચમાં અને આવકમાં થતાં ફેરફારનો ગુણોત્તર છે. MPC એ ઉપભોગ વિધેયનો ઢાળ(ઢોળાવ) પણ છે. ટૂંકમાં


$$MPC = \frac{\partial c}{\partial y} = b$$

સરેરાશ ઉપભોગ વૃત્તિ (APC),જે કુલ ઉપભોગ અને કુલ વપરાશલાયક આવકનો ગુણોત્તર છે તે APCતરીકે અહીં આપવામાં આવ્યો છે.

$$APC = \frac{c}{Y} = \frac{a}{Y} = b$$

નીચે આપેલ આકૃતિ દર્શાવે છે તેમ કેઈન્સ ઉપભોગ વિધેયને સરળ રેખાકૃતિ સાથે રજૂ કરી શકાય.

**આકૃતિ -5.2 આવક, ઉપભોગ અને બચત વચ્ચેનો સંબંધ**




આકૃતિમાં ઉપભોગ ખર્ચ (C)ઊભી ધરી (Y)પર દર્શાવવામાં આવ્યો છે. જ્યારે વપરાશલાયક આવક (x)આડી ધરી પર છે. ઉગમબિંદુથી 45· અંશ(ડિગ્રી)ની રેખાના તમામ બિંદુઓ ઉપભોગ અને વપરાશલાયક આવક વચ્ચે સમાનતા દર્શાવે છે. આકૃતિ મુજબ ઉપભોગ a થી શરૂ થાય છે. સંતુલન બિંદુ

*E પર બધી આવક ઉપભોગ પર ખર્ચવામાં આવે છે (Y = C) અને બચત શૂન્ય છે $y_1$ કરતા ઓછી આવકના સ્તરો માટે ઉપભોગ ખર્ચ આવક કરતા વધારે છે અને તેથી બચત નકારાત્મક (ઉધાર) છે. $y_1$ કરતા વધુ આવકના સ્તર માટે ઉપભોગ ખર્ચ આવક કરતા ઓછો છે અને તેથી બચત હકારાત્મક છે. દાખલા તરીકેઉચ્ચ સ્તરની આવક $y_2$ માટે ઉપભોગ આવક કરતા ઓછો છે અને બચત AB અંતરની બરાબર છે.*

*કેઈન્સે MPC હકારાત્મક હોય છે. પરંતુ એક કરતાં ઓછું છે અને આવકમાં વધારો થતા APC ઘટે છે તેવો પોતાનો સ્પષ્ટ મત રજુ કર્યો હતો.*

*આનો અર્થ એ થાય છે કે વધુ આવક ધરાવતા પરિવારો વધુ ઉપભોગ કરશે (તે MPC>0જોતો), વધુ બચત કરશે (તે MPC<1 જોતા), અને તે APC આવક વધવાથી ઘટશે આવકમાં ફેરફાર થતો APCકેવી રીતે બદલાય છે તેના પર આધાર રાખે છે. સામાન્ય કિસ્સામાં (a > 0) , MPC <APCઅને પરિવારો આવકમાં વધારો થતાં તેમની આવકનો ઘટતો હિસ્સો ખર્ચે છે. જો a = 0, MPC = APCઅને ખર્ચ એ આવકનું સતત પ્રમાણ b છે.*

*ફરી એકવાર એ વાત પર ભાર મૂકવો મહત્ત્વપૂર્ણ છે કે કેઈન્સેતેમના ઉપભોગના કાર્યને તર્કસંગત આર્થિક વર્તણૂકના મોડેલ પર બેસાડવામાં રસ ન હતો. તેના બદલે તેમણે એકદંર મનોવૈજ્ઞાનિક વલણોપર આધાર રાખ્યો. કેઈન્સના અભિગમની આર્થિક નીતિની અસરો એકદમ જાણીતી છે. MPC ની તીવ્રતા સરકારી ખર્ચ અને ટેક્સ ગુણકની તીવ્રતા અને આ રીતે સંપૂર્ણ રોજગાર જાળવવા અથવા પુનઃસ્થાપિત કરવા માટે રાજકોષીય નીતિની અસરકારકતા નક્કી કરે છે. બીજા શબ્દોમાં કહીએ તોMPC જેટલી મોટી, ગુણક અસર જેટલી મોટી. તે એ પણ સૂચિત કરે છે કે જેમ જેમ પરિવારો સમાજ વધુ સમૃદ્ધ બને છે તેમ તેમ તેમની આવકનો ઘટતો હિસ્સો ખર્ચે છે. પૂર્ણ-રોજગાર આવક સ્તર જાળવવા માટે રોકાણના મોટા પ્રમાણની જરૂર પડશે. વધુમાં અને તે જોતાં MPC <APC,ઉચ્ચ-આવક જૂથોમાંથી ઓછી આવક ધરાવતા ગ્રાહકોને આવકનું ટ્રાન્સફર એકંદર માંગનું સ્તર વધારશે આ એટલા માટે પણ છે. કારણ કે ઊંચી આવક ધરાવતા જૂથો ઓછી આવક ધરાવતા જૂથો કરતાં ઓછી MPCધરાવે છે. જો કે આવકમાં વધારો થતાં MPCઘટે છે. આવકના પુનઃવિતરણના સાધન તરીકે પ્રગતિશીલ કરવેરાનો કેસ પણ આ દલીલથી વાજબીછે.*

*આવકમાં વધારો થતાં સરેરાશ ઉપભોગની વૃત્તિમાં ઘટાડો એ સૂચવે છે કે દેશની રાષ્ટ્રીય આવકમાં વધારા સાથે બચત કરાયેલ આવકનું પ્રમાણ વધે છે. સમૃદ્ધ પરિવારો દ્વારા ઉપભોગ પર ખર્ચવામાં આવતી આવકનો હિસ્સો ગરીબ પરિવારો કરતા ઓછો છે. બીજા શબ્દોમાં કહીએ તો ગરીબ પરિવારોની સરખામણીમાં સમૃદ્ધ પરિવારો તેમની આવકનો મોટો હિસ્સો બચાવે છે.*

*ઉપભોગ કરવાની સરેરાશ વૃત્તિમાં ઘટાડો થવાની ધારણા એ આવક અને રોજગારના કેઈન્સ સિદ્ધાંતનો નોંધપાત્ર ભાગ છે. આનો અર્થ એવો થાય છે કે જેમ જેમ આવક વધશે તેમ તેમ રાષ્ટ્રીય આવકનો ક્રમશઃ મોટો હિસ્સો બચશે. તેથી આવકના પૂર્ણ-રોજગાર સ્તરે સંતુલન હાંસલ કરવા અને જાળવવા માટે રાષ્ટ્રીય આવકના વધતા પ્રમાણમાં મૂડી રોકાણ કરવું જરૂરી છે. જો મૂડી રોકાણની પૂરતી તકો ઉપલબ્ધ ન હોય તો અર્થતંત્ર મુશ્કેલીમાં મુકાઈ જશે અને તે કિસ્સામાં સંપૂર્ણ રોજગાર જાળવી રાખવું શક્ય બનશે નહીં. કારણ કે કુલ (એકંદર) માંગ પૂર્ણ-રોજગાર કક્ષાના ઉત્પાદન કરતાં ઓછી રહેશે.*

## 5.4 કેઈન્સિયન ઉપભોગ વિધેયના સૈદ્ધાંતિક પાસાઓ

*આપણે જાણીએ છીએ કે વાસ્તવિક જીડીપીને ચાર ઘટક ભાગોમાં વિઘટિત કરી શકાય છે. ઉપભોગ, રોકાણ ખર્ચ, સરકારનો ખર્ચ અને ચોખ્ખી નિકાસ પરનો એકંદર ખર્ચ. આવક ખર્ચ મોડેલ આ ખર્ચ અને વર્તમાન વાસ્તવિક રાષ્ટ્રીય આવક વચ્ચેના સંબંધને ધ્યાનમાં લે છે. રોકાણ પરનો એકંદર ખર્ચ*(I), *સરકારનો ખર્ચ*(G) *અને ચોખ્ખી નિકાસ,* NX, *ને સામાન્ય રીતે સ્વાયત્ત અથવા વર્તમાન આવકથી સ્વતંત્ર તરીકે ગણવામાં આવે છે. અપવાદરૂપ એ ઉપભોગ પરનો એકંદર ખર્ચ છે. કેઈન્સ દલીલ કરે છે કે કુલ ઉપભોગ ખર્ચ મુખ્યત્ત્વે વર્તમાન વાસ્તવિક રાષ્ટ્રીય આવક દ્વારા નક્કી કરવામાં આવે છે. તે સૂચવે છે કે એકંદર ઉપભોગ ખર્ચ સમીકરણ દ્વારા આ રીતે દર્શાવી શકાય છે-*

*કુલ ખર્ચ* = C + MPC (Y)............(2)

*જ્યાં* C *સ્વાયત્ત ઉપભોગ ખર્ચ સૂચવે છે અને* Y *એ વર્તમાન વાસ્તવિક આવકનું સ્તર છે, જે વર્તમાન વાસ્તવિક જીડીપીના મૂલ્યની સમકક્ષ છે. સીમાંત ઉપભોગ વૃત્તિ* (MPC),*જે* Y *નો ગુણાંક છે, તે વાસ્તવિક આવકમાં ફેરફારનો અપૂર્ણાંક છે જેનો હાલમાં ઉપભોગ થાય છે. મોટાભાગની અર્થવ્યવસ્થાઓમાં* MP 0.65*થી* 0.95 *ની વચ્ચે ગમે ત્યાં સુધી ઊંચો હોઈ શકે છે. યાદ રાખો કે જેમ* Y*નું સ્તર વધે છે. તેમ એકંદર ઉપભોગનું સ્તર પણ વધે છે.*

*કુલ એકંદર ખર્ચ.* AE*સમીકરણ તરીકે આ રીતે લખી શકાય છે.*

AE=A + MPC (y)---------------------(3)

*જ્યાં* A *કુલ સ્વાયત્ત ખર્ચ અથવા સૂત્ર*C+I+G+NX*દર્શાવે છે. સ્વાયત્ત ખર્ચના વિવિધ સ્તરો,* A *અને વાસ્તવિક રાષ્ટ્રીય આવક*Y*કુલ એકંદર ખર્ચ* AE *ના વિવિધ સ્તરોને અનુરૂપ છે.*

*આવક-ખર્ચ મોડેલમાં સંતુલન વાસ્તવિક રાષ્ટ્રીય આવક અને વર્તમાન વાસ્તવિક રાષ્ટ્રીય આવક,* Y, *વર્તમાન એકંદર ખર્ચ* AE *ને સમાન કરીને જોવા મળે છે. બીજગણિતીય રીતે સંતુલન સ્થિતિ જે* Y=AE *દ્વારા સૂચિત કરે છે.*

$$Y=A+MPC(Y) \longrightarrow (1=MPC)*Y=A \longrightarrow Y^*= m\,(A)$$

*જ્યાં,* $m = \frac{1}{1-mpc}$

*બીજા શબ્દોમાં કહીએ તો વાસ્તવિક રાષ્ટ્રીય આવકનું સંતુલન સ્તર* $Y^*$ *સ્વાયત્ત ખર્ચના સ્તરની બરાબર છે. જ્યા* A *નો* m *વડે ગુણાકાર એ કેઈન્સીયન ગુણક કહેવાય છે. કારણ કે* MPC*એ વાસ્તવિક રાષ્ટ્રીય આવકમાં ફેરફારનો અંશ છે જેનો ઉપભોગ થાય છે. તે હંમેશા* 0*અને* 1 *વચ્ચેના મૂલ્યો પ્રાપ્ત કરે છે. પરિણામે કેઈન્સ ગુણક,* m. *હંમેશા* 1 *કરતા વધારે હોય છે, જે દર્શાવે છે કે સંતુલિત વાસ્તવિક આવક,* $Y^*$*એ હંમેશા સ્વાયત્ત એકંદર ખર્ચનો ગુણાંક છે.*A *જે સમજાવે છે કે શા માટે* m*ને કેઈન્સ ગુણક તરીકે ઓળખવામાં આવે છે.*

## 5.5 કેઈન્સનો ઉપભોગ પ્રત્યેનો અભિગમ

*આ વિભાગમાં કેઈન્સના મૂળ વિધેયની ચર્ચા કરીશ અને તે કેવી રીતે ઉપભોગ સિદ્ધાંત સાથે સંબંધિત છે. આ ચર્ચા દ્વારા મુખ્ય પ્રવાહના સિદ્ધાંતની મર્યાદાઓ સ્પષ્ટ થશે અને આર્થિક નીતિ માટે તેની એકંદર અપ્રસ્તુતતા સ્પષ્ટપણે દર્શાવવામાં આવશે.કેઈન્સના ઉપભોગમાં ત્રણ મૂળભૂત તત્ત્વો છે.*

*ઉપભોક્તા વર્તણૂકના પ્રમાણભૂત મોડલની તેમની ટીકા, રોજગારના સ્તર માટે ઉપભોગની ભૂમિકા પર તેમનો મોટો ભાર અને એકંદર ઉપભોગ તરાહનું તેમનું વિશ્લેષણ*

## 5.6કેઈન્સનો મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત

*કેઈન્સે દલીલ કરી હતી કે ઉપભોગ મુખ્યત્ત્વે આવકના સ્તર દ્વારા નક્કી કરવામાં આવે છે. તેમનો મુખ્ય ખ્યાલ ઉપભોગનો મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત હતો. જે દર્શાવે છે કે જેમ જેમ આવક વધે છે તેમ તેમ વપરાશ પણ વધે છે, પરંતુ ઘટતા દરે વધે છે. બીજા શબ્દોમાં કહીએ તો ઉપભોગ કરવાની સીમાંત વૃત્તિ* (MPC)-*વપરાશ પર ખર્ચવામાં આવતી વધારાની આવકનો હિસ્સો(અંશ)-આવક વધે તેમ ઘટે છે.*

*કેઈન્સે આ સંબંધને સમજાવવા માટે "ઉપભોગ વિધેય"નો વિચાર રજૂ કર્યો. ઉપભોગ વિધેય સામાન્ય રીતે આ રીતે વ્યક્ત કરવામાં આવે છે*

$$C= a \quad bY \ldots\ldots\ldots\ldots (4)$$

*જ્યાં*

C-*એ કુલ ઉપભોગ છે,*

A - *સ્વાયત્ત (સ્વતંત્ર) ઉપભોગનું પ્રતિનિધિત્વ કરે છે (જ્યારે આવક શૂન્ય હોય ત્યારે વપરાશ),*

b -*એ ઉપભોગ કરવાની સીમાંત વૃત્તિ છે,*

Y-*એ કુલ આવક છે.*

*કેઈન્સે ભારપૂર્વક જણાવ્યું હતું કે આર્થિક વધઘટ અને અર્થતંત્રમાં એકંદર(કુલ) માંગની ભૂમિકાને સમજવા માટે વપરાશ વિધેય આવશ્યક છે. તેમની વિભાવના શાસ્ત્રીય(શિષ્ટ) અર્થશાસ્ત્ર સાથે વિરોધાભાસી છે. જે ઘણી વખત ધારે છે કે ઉપભોગ એ આવકનું સીધું વિધેય છે અને તેની સાથે સીધો સંબંધ ધરાવે છે. જ્યાં ઉપભોગ વિધેય આવકના વિવિધ સ્તરમાં થતાં ફેરફારને ધ્યાને લેતું નથી.*

*ઉપભોગ અંગેની કેઈન્સની આ આંતરદષ્ટિએ આધુનિક સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના સિદ્ધાંત માટે પાયો નાખ્યો હતો અને આર્થિક નીતિ માટે ગહન અસરો ઊભી કરી હતી. ખાસ કરીને એકંદર(કુલ) માંગમાં ફેરફાર દ્વારા કેવી રીતે સરકારી હસ્તક્ષેપ આર્થિક પ્રવૃત્તિને પ્રભાવિત કરી શકે છે.*

*મૂળભૂત મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત જ્હોન મેનાર્ડ કેઈન્સના ઉપભોગના સિદ્ધાંતમાં એક કેન્દ્રિય ખ્યાલ છે. જે "રોજગાર, વ્યાજ અને નાણાંનો સામાન્ય સિદ્ધાંત" માં પ્રસ્તુત છે. આ સિદ્ધાંત ઉપભોક્તા વર્તન અને અર્થતંત્ર પર તેની અસર વિશે કેઈન્સના અવલોકનોને પ્રતિબિંબિત કરે છે.*

### ❖ મૂળભૂત મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતના મુખ્ય ઘટકોઃ

1. *સીમાંત ઉપભોગ વૃત્તિ* (MPC):*કેઈન્સે પ્રસ્તાવ મૂક્યો કે જેમ જેમ આવક વધે છે. તેમ તેમ વપરાશ પર ખર્ચવામાં આવતી વધારાની આવકનું પ્રમાણ ઘટતું જાય છે. સરળ શબ્દોમાં કહીએ તોજેમ જેમ લોકો વધુ ધનવાન બને છે તેમ તેમ તેઓ કોઈપણ વધારાની આવકના મોટા ભાગને ખર્ચ કરવાને બદલે બચાવવાનું વલણ ધરાવે છે.*
2. *ઉપભોગ વિધેયઃ ઉપભોગ વિધેય, કેઈન્સ દ્વારા વર્ણવ્યા મુજબ ઉપભોગતાના વર્તનનું ગાણિતિક પ્રતિનિધિત્વ છે. તે ઘણીવાર આ રીતે વ્યક્ત થાય છે.*

$C = a + bY$

*જ્યાં : Cએ કુલ વપરાશ છે. a સ્વાયત વપરાશ છે (આવક શૂન્ય હોય ત્યારે વપરાશ), b-એ ઉપભોગ કરવાની સીમાંત વૃત્તિ છે (0અને 1વચ્ચેનું મૂલ્ય) Y કુલ આવક છે.*

*કેઈન્સ અનુસારb ઉપભોગ કરવાની સીમાત વૃત્તિ.1કરતા ઓછી છે. જે આ વિચારને પ્રતિબિંબિત કરે છે કે આવક વધે છે. વધારાનો વપરાશ એ વધારાની આવકનો એક નાનો અંશ છે.*

**મનોવૈજ્ઞાનિક આધાર :** *"મનોવૈજ્ઞાનિક" પાસું ગ્રાહકોની વર્તણૂકીય વૃત્તિઓનો સંદર્ભ આપે છે. કેઈન્સે દલીલ કરી હતી કે મનોવૈજ્ઞાનિક પરિબળોજેમ કે ટેવો અને ભાવિ આવક વિશેની અપેક્ષાઓ આ વલણને આગળ ધપાવે છે. લોકો જેમ જેમ શ્રીમત બને છે તેમ તેમ વધુ બચત કરવાનું વલણ ધરાવે છે. કારણ કે તેમની મૂળભૂત જરૂરિયાતો પૂરી થાય છે અને તેઓ ભવિષ્યની અનિશ્ચિતતાઓ અથવા ઈચ્છાઓ માટે બચત કરવા માટે વધુ વલણ ધરાવે છે.*

*આર્થિક સિદ્ધાંત : માટેની અસરો આ સિદ્ધાંત સમગ્રલક્ષી નીતિ માટે નોંધપાત્ર અસરો ધરાવે છે. તે સૂચવે છે કે આવક વધવાથી વપરાશમાં પ્રમાણસર વધારો થશે નહીં, જે આવકના સ્તરમાં ફેરફાર એકંદર આર્થિક પ્રવૃત્તિને કેવી રીતે પ્રભાવિત કરે છે તે અસર કરે છે. દાખલા તરીકે, જો સરકાર ખર્ચમાં વધારો કરે છે અથવા કર ઘટાડે છે. તો ઉપભોગ પરની તાત્કાલિક અસર નિકાલજોગ આવકમાં વધારા કરતા ઓછી હોઈ શકે છે. કારણ કે લોકો વધારાની આવકનો એક ભાગ બચાવશે.*

*સારાંશમાં મૂળભૂત મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત માને છે કે વપરાશ અને આવક વચ્ચેનો સંબંધ રેખીય નથી. જેમ જેમ આવક વધે છે તેમ તેમ ઉપભોગનો દર ધીમો પડી જાય છે. આ ખ્યાલ પ્રશિષ્ટ અર્થશાસ્ત્રને પડકારે છે અને આર્થિક પરિણામોને આકાર આપવામાં એકંદર(કુલ) માંગ અને વપરાશના વર્તનના મહત્ત્વને પ્રકાશિત કરે છે.*

## 5.7કેઈન્સના ઉપભોગ વિધેયનું મહત્ત્વ

*જોકે કેઈન્સ પહેલાંના અન્ય લેખકોએ ઉપભોગ અને આવક વચ્ચેના સંબંધ વિશે અનુમાન લગાવ્યું હતું. તેમ છતાં તેમણે આ સંબંધને સ્પષ્ટ બનાવ્યો હતો અને સમગ્ર અર્થતંત્રના સામાન્ય મોડેલમાં તેનો ઉપયોગ કર્યો હતો. ઉપભોગ વિધેય એ કેઈન્સની આર્થિક વ્યવસ્થાનો એક મહત્ત્વપૂર્ણ ઘટક હતો અને શાસ્ત્રીય અભિગમથી તફાવતનો નોંધપાત્ર મુદ્દો પણ હતો. કેઈન્સ પહેલા પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ દ્વારા રાખવામાં આવેલા સામાન્ય દૃષ્ટિકોણમાં, અર્થતંત્ર હંમેશા સંપૂર્ણ-રોજગાર સંતુલન તરફ સ્વાભાવિક રીતે વલણ ધરાવતું હતું. આ અભિગમ અનુસાર ટૂંકા ગાળામાં આવક બદલાતી નથી. કારણ કે તેનું સ્તર તેના પૂર્ણ- રોજગાર સ્તરે સ્થાપિત થાય છે. તેથી અર્થતંત્રમાં ઉપભોગ અને બચતમાં ભિન્નતા આવકની વિવિધતા સાથે સંબંધિત નથી. તેના બદલે વ્યક્તિ દ્વારા બચત કરેલી આવકની રકમ એ વ્યાજના દર પર આધાર રાખે છે. જેમ આપણે ઉપર સમજાવ્યું છે. આમ આ અભિગમમાં વ્યાજ દર મુખ્ય નિર્ણાયક છે. વર્તમાન અને ભાવિ (આંતરક્ષેપિય) ઉપભોગ (અને બચત) વચ્ચે આવકની ફાળવણી-આ વિચાર અમેરિકી અર્થશાસ્ત્રી ઈરવિંગ ફિશરની (કેઈન્સના સમકાલીન) આંતરક્ષેપિય પસંદગીનો આધાર છે. જેની આપણે ઉપર ચર્ચા કરી છે. તેનાથી વિપરીત, અર્થતંત્ર સંપૂર્ણ રોજગાર તરફ વલણ ધરાવે છે. તેવા વિચારને નકારીને કેઈન્સે આવકના વાસ્તવિક સ્તર અને સંપૂર્ણ-રોજગાર સ્તર વિશે ચર્ચા કરી. કેઈન્સના મતે કુલ (એકંદર) માંગનું સ્તર સંતુલિત આવક નક્કી કરે છે. ઉપભોગ એ કુલ(એકંદર) માંગનો મુખ્ય ભાગ છે તે જોતાં ઉપભોગ ખર્ચના વર્તનનો સિદ્ધાંત રજૂ કરવો જરૂરી હતો.*

*વિવિધ સમગ્રલક્ષી આર્થિક મુદ્દાઓને સમજવા અને તેના ઉકેલ માટે કેઈન્સિયન ઉપભોગ વિધેય નિર્ણાયક છે. તેનું મહત્ત્વ અનેક પરિમાણોમાં વિસ્તરે છે.*

**1.એકંદર(કુલ) માંગને સમજવા**

*કેઈન્સ ઉપભોગ વિધેય એ સમજાવવામાં મદદ કરે છે કે કેવી રીતે એકંદર આવકમાં થતા ફેરફારો કુલ વપરાશને અસર કરે છે. જે એકંદર(કુલ) માંગનો એક મહત્ત્વપૂર્ણ ઘટક છે. કુલ આર્થિક પ્રવૃતિના મોટા ભાગ માટે ઉપભોગનો હિસ્સો હોવાથી, આર્થિક વધઘટની આગાહી કરવા અને તેનું સંચાલન કરવા માટે આ સંબંધને સમજવું મહત્ત્વપૂર્ણ છે.*

**2. નીતિ ઘડતર**

*ઉપભોગ વિધેય રાજકોષીય નીતિના નિર્ણયો અંગેની માહિતી આપે છે. દાખલા તરીકે*
**સરકારી ખર્ચઃ** *જો સરકાર ખર્ચમાં વધારો કરે તો તે એકંદર આવકમાં વધારો કરી શકે છે. ઉપભોગ વિધેયને સમજવાથી એકંદર વપરાશ અને આર્થિક પ્રવૃત્તિ પર આવા ખર્ચની અસરનો અંદાજ કાઢવામાં મદદ મળે છે.*
**કરવેરાઃ** *ઉપભોગ વિધેય કર ફેરફારોની અસરોનું મૂલ્યાંકન કરવામાં સહાય કરે છે. કરમાં ઘટાડો નિકાલજોગ આવકમાં વધારો કરે છે. પરંતુ તે કેટલી હદ સુધી વપરાશમાં વધારો કરે છે તે સીમાંત વપરાશ વૃત્તિ પર આધારિત છે.*

**3.આર્થિક સ્થિરતા**

*કેઈન્સનું ઉપભોગ વિધેય અર્થતંત્રને સ્થિર કરવા માટે સરકારી હસ્તક્ષેપનો ઉપયોગ કરવાના ખ્યાલને સમર્થન આપે છે. મંદી દરમિયાન સરકારી ખર્ચ અને કર કાપ એકંદર (કુલ) માંગ વધારવા અને બેરોજગારી ઘટાડવામાં મદદ કરી શકે છે. તેનાથી વિપરીત તેજી દરમિયાન ખર્ચ ઘટાડવા અથવા કર વધારવાથી માંગ અને પુરવઠાની અસમાનતા અને ફુગાવાને રોકવામાં મદદ મળી શકે છે.*

**4.આર્થિક વર્તણૂકની આગાહી**

*આવકમાં થતા ફેરફારોને વપરાશ કેવી રીતે પ્રતિભાવ આપે છે. તેનું મોડેલિંગ કરીને, કેઈન્સ ઉપભોગ વિધેય અર્થશાસ્ત્રીઓ અને નીતિ નિર્માતાઓને આર્થિક વર્તન અને વલણોની આગાહી કરવામાં મદદ કરે છે. આ આગાહી અસરકારક આર્થિક નીતિઓની રચના કરવા અને આર્થિક આંચકાની સંભવિત અસરને સમજવા માટે જરૂરી છે.*

**5.બચત અને રોકાણ**

*વપરાશ વિધેય બચત કરવાના વર્તન સાથે ગાઢ રીતે સંબંધિત છે. આવકમાં વધારો થતાં ઉપભોગ કરવાની નજીવી વૃત્તિ ઘટતી હોવાથી આવકનું ઊંચું સ્તર સામાન્ય રીતે બચતમાં વધારી તરફ દોરી જાય છે. રોકાણની વર્તણૂંકને સમજવા માટે આ સંબંધ મહત્ત્વપૂર્ણ છે. કારણ કે તે બચત ભંડોળ પૂરું પાડે છે જે રોકાણમાં લઈ શકાય છે.*

**6.ઉપભોગની તરાહ**

*ઉપભોગની વર્તણૂંકમાં કેઈન્સની આંતરદૃષ્ટિ પણ ઉપભોગને સરળ બનાવવાની વિભાવના સાથે સંબંધિત છે. વ્યક્તિઓ સ્થિર જીવનધોરણ જાળવવા માટે સમય જતાં તેમના વપરાશને વિસ્તારવાનું વલણ ધરાવે છે. જે તેમના બચત અને દેવું કરવાના નિર્ણયોને પ્રભાવિત કરી શકે છે. વ્યક્તિઓ આવક અને આર્થિક પરિસ્થિતિઓમાં થતા ફેરફારોને કેવી રીતે પ્રતિભાવ આપે છે, તે આ વર્તણૂક પરની અસર થી જાણી શકે.*

**7.સમગ્રલક્ષી આર્થિક મોડલ્સ**

*કેઈન્સ ઉપભોગ વિધેય સમગ્રલક્ષી આર્થિક મોડલ્સના પાયારૂપ છે.જેમ કે વ્યવસાય ચક્ર અને આર્થિક વૃદ્ધિનું વિશ્લેષણ કરવા માટે વપરાય છે. તે વધુ જટિલ મોડલ માટે એક આધાર પૂરો પાડે છે જે અપેક્ષાઓ, અનિશ્ચિતતા અને વપરાશને અસર કરતા અન્ય પરિબળોને સમાવિષ્ટ કરે છે.*

**8.વર્તણૂકલક્ષી આંતરદૃષ્ટિ**

*ઉપભોગ વિધેયનું મહત્ત્વ તેના વર્તણૂકીય આંતરદૃષ્ટિને પ્રતિબિંબિત કરે છે. જેમ કે લોકો માટે તેમની આવકમાં ફેરફાર કરતાં તેમના ખર્ચને વધુ ધીમેથી સમાયોજિત કરવાની વૃત્તિ. ઉપભોક્તાનો વિશ્વાસ અને આર્થિક સ્થિરતા પર તેની અસરને સમજવા માટે આની અસરો ઉપયોગી હોય છે.*

**9. લાંબા ગાળાની આર્થિક વૃદ્ધિ**

*વપરાશ તરાહને સમજવાથી લાંબા ગાળાની આર્થિક વૃદ્ધિનું મૂલ્યાંકન કરવામાં મદદ મળે છે. વપરાશ એ આર્થિક પ્રવૃતિનો મુખ્ય પ્રેરક હોવાથી ઉપભોગ વિધેયની આંતરદૃષ્ટિએ મૂલ્યાંકન કરવામાં ફાળો આપે છે કે કેવી રીતે આવકના વિતરણ બચત દરો અને રોકાણમાં ફેરફાર આર્થિક વિકાસને અસર કરે છે.*

*સારાંશમાં કેઈન્સ ઉપભોગ વિધેય એ પૃથ્થકરણ માટેનું મુખ્ય સાધન છે કે કેવી રીતે આવકમાં ફેરફાર વપરાશને અસર કરે છે. રાજકોષીય નીતિને આકાર આપે છે અને વ્યાપક આર્થિક ગતિશીલતાને સમજે છે. અસરકારક આર્થિક વ્યવસ્થાપન અને નીતિની રચના માટે તેની અસરો મૂળભૂત છે.*

## 5.8 મર્યાદાઓ અને ટીકાઓ

**1.સ્થિર સીમાંત ઉપભોગવૃતિની (MPC) ધારણાઃ** *ઉપભોગ કરવાની સીમાંત વૃત્તિ સ્થિર રહે છે તેવી ધારણા ઘણીવાર અવાસ્તવિક હોય છે. વાસ્તવમાં સીમાંત ઉપભોગવૃત્તિ* (MPC)*આવક, સંપત્તિ અને આર્થિક પરિસ્થિતિઓના વિવિધ સ્તરો સાથે બદલાઈ શકે છે. ઓછી આવક ધરાવતી વ્યક્તિઓની સરખામણીમાં ઊંચી આવક ધરાવતી વ્યક્તિઓની સીમાંત ઉપભોગવૃત્તિ* (MPC)*ઓછી હોઈ શકે છે.*

**2. સંપત્તિ અસરની અવગણનાઃ** *મૂળ કેઈન્સ ઉપભોગ વિધેય આવક પર ધ્યાન કેન્દ્રિત કરે છે, પરંતુ સંપત્તિની અસરો માટે જવાબદાર નથી. કાયમી આવકની વિભાવના (મિલ્ટન ફ્રીડમેન) અને જીવનચક્ર ની વિભાવના (ફ્રેંકો મોડિગ્લિઆની) જેવા પછીના મોડલ એ વિચારને સમાવિષ્ટ કરે છે કે વ્યક્તિઓના વપરાશના નિર્ણયો તેમની માત્ર વર્તમાન આવક જ નહીં પરંતુ એકંદર(કુલ) સંપત્તિ અને અપેક્ષિત જીવનકાળની આવકથી પ્રભાવિત થાય છે.*

**3.ટૂંકાગાળા નો ખ્યાલ:** *કેઈન્સિયન ઉપભોગ વિધેયને તેના ટૂંકા ગાળાના ખ્યાલ માટે વારંવાર ટીકા કરવામાં આવે છે. તે લાંબા ગાળાના વપરાશની વર્તણૂક માટે પૂરતા પ્રમાણમાં જવાબદાર નથી. જે અપેક્ષિત ભાવિ આવક, વ્યાજ દરો અને આર્થિક અનિશ્ચિતતા જેવા પરિબળોથી પ્રભાવિત થઈ શકે છે.*

**4.વર્તણૂકલક્ષી પાસાઓ:** *કેઈન્સ ઉપભોગ વિધેયનું મોડેલ તર્કસંગત અને સુસંગત વપરાશની વર્તણૂક ધારે છે, પરંતુ વાસ્તવિક-વિશ્વનો વપરાશ મનોવૈજ્ઞાનિક પરિબળો, ટેવો અને અન્ય બિન-આર્થિક વિચારણાઓથી પ્રભાવિત થઈ શકે છે જેને મૂળભૂત કેઈન્સ ઉપભોગ વિધેય સંબોધિત કરતું નથી.*

**5.કુલ વિરુદ્ધ વ્યક્તિગત વર્તણૂક:** *સમગ્રલક્ષી આર્થિક વિશ્લેષણ માટે ઉપયોગી હોવા છતાં કેઈન્સ ઉપભોગ વિધેય વ્યક્તિગત વપરાશના નિર્ણયોને ચોક્કસ રીતે પ્રતિબિંબિત કરી શકશે નહીં. અલગ-અલગ ઘરોમાં તેમના અનોખા સંજોગોથી પ્રભાવિત થઈને વપરાશ અને બચત કરવાની અલગ-અલગ વૃત્તિઓ હોઈ શકે છે.*

## 5.9 સારાંશ

*સમગ્રલક્ષી આર્થિક સિદ્ધાંતમાં કેઈન્સ ઉપભોગ વિધેય એ એક મૂળભૂત ખ્યાલ છે, જે આવક અને વપરાશ વચ્ચેના સંબંધમાં મૂલ્યવાન આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે. નીતિ-નિર્માણમાં તેની સરળતા અને વ્યવહારુ ઉપયોગ એ તેની નોંધપાત્ર શક્તિ છે. જો કે તેની મર્યાદાઓ, ખાસ કરીને ઉપભોગ કરવાની સીમાંત વૃત્તિની સ્થિરતા અને સંપત્તિની અસરોને બાકાત રાખવાના સંબંધમાં આ જટિલતાઓને સંબોધતા વધુ સૂક્ષ્મ મોડલની જરૂરિયાતને પ્રકાશિત કરે છે. ઉપભોગ સિદ્ધાંતમાં અનુગામી વિકાસ કેઈન્સના વિચારોને આગળ ધપાવે છે અને તેને સુધારે છે. જે વપરાશના વર્તન અને આર્થિક ગતિશીલતાની વધુ વ્યાપક સમજ આપે છે.*

## 5.10 ચાવીરૂપ શબ્દો

**1) ઉપભોગ વિધેય**

*ઉપભોગ વિધેય ખર્ચવાપાત્ર આવક તથા વપરાશ વિધેય એ કુલ રાષ્ટ્રીય આવક અને કુલ વપરાશ વચ્ચેનો વિધેયાત્મક (વૈધાનિક) સંબંધ દર્શાવતું એક ગાણિતિક સૂત્ર છે. તે સૌપ્રથમ બ્રિટિશ અર્થશાસ્ત્રી જોન મેનાર્ડ કેઈન્સ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું, જેમણે દલીલ કરી હતી કે આ વપરાશ વિધેયનો ઉપયોગ કુલ વપરાશ ખર્ચની આગાહી કરવા માટે થઈ શકે છે. વપરાશ વિધેય આર્થિક ગતિવિધિઓને સમજવા અને અર્થશાસ્ત્રીઓ તેમજ નીતિ નિર્માતાઓને માર્ગદર્શન આપવા માટે એક મૂલ્યવાન સાધન છે જેના ઉપયોગથી તેઓ રોકાણો, તેમજ નાણાકીય અને રાજકોષીય નીતિ વિશે મુખ્ય નિર્ણયો લઈ શકે છે.*

**2) ખર્ચવાપાત્ર આવક-**

*કરવેરા અને અન્ય ફરજિયાત શુલ્ક ચૂકવી દીધા પછી બાકી રહેલી આવક એટલે વપરાશ જોગ (ખર્ચવાપાત્ર) આવક. ખર્ચવાપાત્ર આવક એ રકમ છે જે વ્યક્તિ અથવા પરિવારે સમવાય, રાજ્ય અને સ્થાનિક સરકારના કર અને અન્ય ફરજિયાત શુલ્ક ચુકવ્યા પછી ખર્ચવા અથવા બચાવવા માટે ઉપલબ્ધ આવક.*

**3) સરેરાશ વપરાશ વૃત્તિ-**

*સરેરાશ વપરાશ વૃત્તિ એ ચીજ-વસ્તુઓ અને સેવાઓ પર ખર્ચવામાં આવતી આવકની ટકાવારી તરીકે ઓળખવામાં આવે છે. તે આવકનું એ પ્રમાણ છે જે વપરાશ કરવામાં આવે છે અને તેની ગણતરી કુલ વપરાશ ખર્ચ* (C) *ને કુલ આવક* (Y) *દ્વારા વિભાજીત કરીને કરવામાં આવે છે*

## 5.11 તમારી પ્રગતિ ચકાસો

❖ **નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

(1) *ઉપભોગ વિધેય એટલે શું ?*

(2) *સીમાંત ઉપભોગ એટલે શું ?*

(3) *સરેરાશ ઉપભોગ એટલે શું ?*

(4) *કેઈન્સનો મનોવૈજ્ઞાનિક ઉપભોગનો ખ્યાલ શું છે ?*

(5) *કેઈન્સનો મનોવૈજ્ઞાનિક ઉપભોગના ખ્યાલનું મહત્ત્વ શું છે ?*

(6) *કેઈન્સનો મનૌવૈજ્ઞાનિક ઉપલોગના ખ્યાલની મર્યાદાઓ કઈ છે ?*

(7) *કેઈન્સનો મનૌવૈજ્ઞાનિક ઉપભોગના ખ્યાલની સૈદ્ધાંતિક સમજૂતી આપો.*

- **નીચેની ખાલી જગ્યા પૂરો..**

1) The General Theory *પુસ્તકનું પ્રકાશન ક્યારે થયું ?*
   (A) 1936
   (B) 1938
   (C) 1926
   (D) 1934

2) The General theory *પુસ્તકના લેખક કોણ છે?*
   (A) *જે. એમ. કેઈન્સ*
   (B) *એડમ સિમથ*
   (C) *ડેવિડ રિકાર્ડો*
   (D) *જે એસ મિલ*

3) *કેઈન્સના વપરાશ વિધેય અનુસાર લોકોની જેમ જેમ આવકમાં વધારો કાય છે. તેમ સીમાંત ઉપભોગ વૃત્તિમાં..*
   (A) *ઘટાડો થાય*
   (B) *વધારો થાય*
   (C) *સ્થિર રહે*
   (D) *ઉપરોક્ત બધાં જ*

4) C =  a bydકેઈન્સના વપરાશ વિધેયમાં a ………… દર્શાવે છે.

(A) શૂન્ય આવકે ઉપભોગ ખર્ચ

(B) સીમાંત ખર્ચ

(C) સરેરાશ ખર્ચ

(D) કુલ ખર્ચ

(5)કેઈન્સના વપરાશ વિધેય અનુસાર ખર્ચવાપાત્ર આવક શૂન્ય હોય ત્યારે ……… ખર્ચ હોય છે.

(A) ઉપભોગ ખર્ચ શૂન્ય

(B) ઉપભોગ ખર્ચ ઘન

(C) Aઅથવા B બન્ને

(D) A અથવા Bકોઈ નહી.

❖ **સંદર્ભ**


- Drakopoulos, S. A. (2021). Theories of consumption.
- https://www.investopedia.com/terms/c/consumptionfunction.asp Accessed on 15/07/2024.
- https://jncollegeonline.co.in/attendence/classnotes/files/1625643467.pdf Accessed on 16/07/2024.
- https://www.shivajicollege.ac.in/sPanel/uploads/econtent/33445eff740332019d15cc5aa73639b5.pdf Accessed on 17/07/2024.
- https://www.reed.edu/economics/parker/s11/314/book/Ch16.pdf Accessed on 08/07/2024.
- Keynes, John Maynard, 1883-1946. (1936). The general theory of employment, interest and money. London: Macmillan,
- Koekemoer, R. (2007). Private consumption expenditure in South Africa: the role of price expectations and learning (Doctoral dissertation, University of Praoria).
- Oke, D. M., &Bokana, K. G. (2017). Understanding the Theory of Consumption in the Context of a Developing Economy. Journal of Economics and Behavioral Studies, 9(5(1), 219-229,


❖ **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

1 (A)
2 (A)
3 (A)
4 (A)
5 (B)

# એકમ - 6 વપરાશવૃત્તિ

**- :રૂપરેખા : -**

**6.0 ઉદ્દેશો**

**6.1 પ્રસ્તાવના:**

**6.2 વપરાશવૃત્તિ**

**6.3 સરેરાશ વપરાશવૃત્તિ**

**6.4 સીમાંત વપરાશવૃત્તિ**

**6.5 વપરાશવૃત્તિ પર અસર કરતાં પરિબળો**

**6.6 વપરાશવૃત્તિ વધારવાના ઉપાયો**

**6.7 વપરાશવૃત્તિનું આર્થિક વિશ્લેષણમાં મહત્ત્વ**

**6.8 વપરાશની વૈકલ્પિક સમજૂતીઓ**

**6.9 સંપૂર્ણ આવક અથવા નિરપેક્ષ આવક કલ્પના**

**6.10 સાપેક્ષ આવક પરિકલ્પના**

**6.11 કાયમી આવક પરિકલ્પના**

**6:12 જીવનચક્ર પરિકલ્પના**

**6.13 સારાંશ**

**6.14 ચાવીરૂપ શબ્દો**

**6.15 તમારી પ્રગતિ ચકાસો**

- **ઉપયોગી વાચન સંદર્ભ**
- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

## 6.0 ઉદ્દેશો (Objectives)

*આ એકમોના અભ્યાસ કર્યા બાદ....*

1. *વપરાશવૃત્તિનો ખ્યાલસમજાવી શકશો.*
2. *સરેરાશ અને સીમાંત વપરાશવૃત્તિવચ્ચે ભેદ જાણી શકશો.*
3. *વપરાશવૃત્તિને અસર કરતાં પરિબળોજાણી શકશો.*
4. *વપરાશવૃત્તિ વધારવાના ઉપાયોજાણી શકશો.*
5. *વપરાશવૃત્તિનું આર્થિક વિશ્લેષણમાં મહત્ત્વસમજી શકશો.*
6. *વપરાશ અંગેની વિવિધ વૈકલ્પિક સમજૂતીઓ વગેરેમેળવી શકશો.*

## 6.1 પ્રસ્તાવના :

*વપરાશ વિધેય એ અર્થશાસ્ત્રમાં એક મહત્ત્વનો ખ્યાલ છે. ગ્રાહકના વર્તનને સમજવા, માંગને સમજવા, આર્થિક વૃદ્ધિ અને સ્થિરતાની આગાહી કરવા અને એકંદર આર્થિક પ્રવૃત્તિને સમજવામાં વપરાશ ખૂબ મહત્ત્વનું પરિબળ છે. લોકો પોતાની આવકને વપરાશ અને બચત વચ્ચે કેવી રીતે ફાળવે છે. આવકમાં થતાં ફેરફારો થી વપરાશ અને બચતોમાં કેવા ફેરફાર થાય છે તે બાબત અર્થતંત્રમાં ઉત્પાદન, આવક અને રોજગારી નક્કી કરવામાં નિર્ણાયક પરિબળ છે. એકંદરે વપરાશ અંગેના સિદ્ધાંતો અર્થશાસ્ત્રમાં સૈદ્ધાંતિક અને વ્યવહારુ બંને માટે મહત્ત્વપૂર્ણ છે. જે વ્યક્તિગત વર્તન અને વ્યાપક આર્થિક ઘટનાઓને સમજવામાં મદદ કરે છે. વપરાશવૃત્તિ ઉપર અનેક પરિબળો અસર કરે છે. વપરાશ ઉપર અસર કરતાં અને તેમના આંતરસંબંધોની રજૂઆત કરતાં સિધ્ધાંતોને વપરાશ વિધેય કહેવામાં આવે છે. નાણાકીય અર્થશાસ્ત્રમાં વપરાશ વિધેયની સમજૂતી આપતા જુદા જુદા અભિગમો છે. વપરાશ અંગેના સિધ્ધાંતોમાં પ્રો.જે.એમ.કેઈન્સે મૂલ્યવાન પ્રદાન કર્યું છે. આમ છતાં જેમ્સ ડયુઝેનબેરીએ સાપેક્ષ આવકની પરિકલ્પના દ્વારા, પ્રો. મિલ્ટન ફ્રિડમેને કાયમી આવકના ખ્યાલ દ્વારા, મોડિગ્લિયાની, બ્રુમબર્ગ અને આલ્બર્ટ એન્ડોનું આજીવન બચત-વપરાશ વિધેય દ્વારા વપરાશ અંગેના સિધ્ધાંતોનો વ્યાપ વધાર્યો છે. તેમજ કેઈન્સના વિચારોમાં રહેલી ખામીઓ દૂર કરવામાં પણ યોગદાન આપ્યું છે. પ્રસ્તુત પ્રકરણમાં આપણે વપરાશવૃત્તિ, તેને અસર કરતાં પરિબળો અને વપરાશ અંગેના વિવિધ સિધ્ધાંતો વગેરેનો અભ્યાસ કરવાના છીએ.*

## 6.2 વપરાશવૃત્તિઃ

*વપરાશવૃત્તિ એ આવક અને વપરાશ વચ્ચેનો સંબંધ દર્શાવે છે. આવકનો જે ભાગ વ્યક્તિ વપરાશ પાછળ ખર્ચે તેને તે વ્યક્તિની વપરાશવૃત્તિ કહેવાય છે. વપરાશવૃત્તિનો ખ્યાલ કોઈ એક વ્યક્તિની વપરાશવૃત્તિના અર્થમાં તેમજ સમગ્ર અર્થતંત્રની વપરાશવૃત્તિના અર્થમાં એમ બંને રીતે પ્રયોજી શકાય છે. જ્યારે એક વ્યક્તિની વાસ્તવિક આવક અને તેના વપરાશ ખર્ચ વચ્ચેનું ગુણોત્તર પ્રમાણ રજૂ કરવામાં આવે ત્યારે તે વ્યક્તિની વપરાશવૃત્તિનું સૂચન કરે છે અને જ્યારે સમગ્ર દેશની આવક અને સમગ્ર દેશના વપરાશ ખર્ચ વચ્ચેનું ગુણોત્તર પ્રમાણ રજૂ કરવામાં આવે ત્યારે તે કુલ વપરાશવૃત્તિનું સૂચન કરે છે. અર્થતંત્રમાં વપરાશનું પ્રમાણ આવકથી નક્કી થાય છે. આવકમાં વધારો થતાં વપરાશમાં વધારો થાય છે અને આવકમાં ઘટાડો થતાં વપરાશમાં ઘટાડો થાય છે. આ રીતે આવક અને વપરાશ વચ્ચે સવળો (ધન)સંબંધ છે. આ બાબતને સૂત્રના રૂપમાં રજૂ કરતાં કહી શકાય કે,*

C =f (Y){Consumption is a function of Income *(વપરાશ ખર્ચ એ આવકનું વિધેય છે.)*} *જેમાં,*

C = *વપરાશ*

Y = *આવક* (Yield)

F = *વિધેય* (Ratio)

## 6.3સરેરાશ વપરાશવૃત્તિ (Average Propensity to Consume)

*કોઈ એક ચોક્કસ સમયે કુલ વપરાશ અને કુલ આવક વચ્ચેના ગુણોત્તર* (ratio)*ને સરેરાશ વપરાશવૃત્તિ કહેવામાં આવે છે. કુલ વપરાશને કુલ આવક વડે ભાગવાથી સરેરાશ વપરાશવૃત્તિ પ્રાપ્ત*

થાય છે. જો કુલ વપરાશ (Consumption) માટે C અને કુલ આવક (Income) માટે Y સંજ્ઞાનો ઉપયોગ કરીએ તો નીચેના સૂત્ર દ્વારા સરેશશ વપરાશવૃત્તિ શોધી શકાય.

$$\text{સરેરાશ વપરાશવૃત્તિ} = \frac{\text{કુલવપરાશ}}{\text{કુલઆવક}} = \frac{C}{Y}$$

જો કોઈ અથતંત્રમાં કુલ આવક **1000** કરોડ રૂપિયા હોય અને તેમાંથી જો તે 800 કરોડ રૂપિયા વપરાશ પાછળ ખર્ચાય તો ઉપરના સૂત્ર દ્વારા નીચે મુજબ સરેરાશ વપરાશ વૃત્તિ શોધી શકાય.

$$\text{સરેરાશ વપરાશવૃત્તિ} = \frac{\text{કુલવપરાશ}}{\text{કુલઆવક}} = \frac{C}{Y} = \frac{800}{1000} = \frac{8}{10} = 80\%$$

આ રીતે આપણે લીધેલા ઉદાહરણ પ્રમાણે અર્થતંત્રમાં 8/10 અથવા 80% સરેરાશ વપરાશવૃત્તિ છે તેમ કહેવાય.

## 6.4 સીમાંત વપરાશવૃત્તિ (Marginal Propensity to Consume):

આવકમાં થયેલ ફેરફાર અને તેને પરિણામે કુલ વપરાશમાં થયેલાં ફેરફાર વચ્ચેના ગુણોત્તર (ration) સીમાંત વપરાશવૃત્તિ કહેવામાં આવે છે. સીમાંત વપરાશવૃત્તિ આવકમાં થતાં ફેરફાર સાથે વપરાશમાં થતો ફેરફાર દર્શાવે છે. વપરાશમાં થતાં ફેરફારને આવકમાં થતાં ફેરફાર વડે ભાગવાથી સીમાંત વપરાશવૃત્તિ પ્રાપ્ત થાય છે. જો વપરાશમાં થયેલાં ફેરફાર માટે ΔC અને કુલ આવકમાં થયેલાં ફેરફાર માટે ΔY સંજ્ઞાનો ઉપયોગ કરીએ તો નીચેના સૂત્ર દ્વારા સીમાંતવપરાશવૃત્તિ શોધી શકાય. જેમાં,

$$\text{સીમાંત વપરાશવૃત્તિ} = \frac{\text{વપરાશમાંફેરફાર}}{\text{આવકમાંફેરફાર}} = \frac{\Delta C}{\Delta Y}$$

C =વપરાશમાં થયેલ ફેરફાર

કમાં થયેલ ફેરફાર

જો કોઈ અથતંત્રમાં કુલ આવક 1000 કરોડ રૂપિયા હોય અને તે વધીને 2000 કરોડ રૂપિયા થાય અને તેને પરિણામે વપરાશ પાછળ ખર્ચ 800 કરોડ રૂપિયાથી વધીને 1200 કરોડ રૂપિયા થાય તો ઉપરના સૂત્ર દ્વારા નીચે મુજબ સીમાંત વપરાશવૃત્તિ શોધી શકાય.

$$\text{સીમાંત વપરાશવૃત્તિ} = \frac{\text{વપરાશમાંફેરફાર}}{\text{આવકમાંફેરફાર}} = \frac{\Delta C}{\Delta Y} = \frac{400}{1000} = \frac{4}{10} = 40\%$$

આ રીતે આપણે લીધેલા ઉદાહરણ પ્રમાણે અર્થતંત્રમાં 4/10 અથવા 40% સીમાંત વપરાશવૃત્તિ છે તેમ કહેવાય.

- **તમારી પ્રગતિ ચકાસો (ક) :**

(1) વપરાશવૃત્તિનો ખ્યાલ સમજાવો ?

(2) સરેરાશ અને સીમાંત વપરાશ વૃત્તિ કોને કહેવાય ? તેની સૂત્રાત્મક રજૂઆત કરો.

(3) જો કોઈ વ્યક્તિની આવક 5000 રૂપિયા થી વધીને 7500 રૂપિયા થાય છે. આ સમયગાળામાં તેનો વપરાશ ખર્ચ 4000 રૂપિયા થી વધીને 5000 રૂપિયા થાય છે તો તેની સીમાંત વપરાશ વૃત્તિ શોધો.

## 6.5 વપરાશવૃત્તિને અસર કરતાં પરિબળો (FactorsaffectingPropensitytoConsume) :

વ્યક્તિ કે સમાજની આવકમાં ફેરફાર થતાં તેની વપરાશવૃત્તિમાં કેવો અને કેટલો ફેરફાર થશે તેનો આધાર કેટલાંક પરિબળો પર હોય છે. વપરાશવૃત્તિને અસર કરતાં (વપરાશવૃત્તિ નક્કી કરતાં) મહત્ત્વના પરિબળોને મુખ્ય ત્રણ વિભાગમાં વહેંચી શકાય. (A) આવક (B) આંતરિક પરિબળો અને (C) બાહ્ય પરિબળો

**(A) આવક(Income):**

*આવક એ વપરાશવૃત્તિને અસર કરનારું અત્યંત મહત્ત્વનું પરિબળ છે. આવકના ફેરફાર (વધઘટ)ની વપરાશ પર અસર થાય છે. આવક વધતાં વપરાશ વધે છે અને આવક ઘટતાં વપરાશ ઘટે છે. પ્રો.કેઈન્સના મતે જેમ આવક વધે છે તેમ વપરાશ ખર્ચ પણ વધે છે. પરંતુ આવકના વધારા કરતાં વપરાશ ખર્ચમાં થતો વધારો ધીમો હોય છે. એટલે કે આવકના વધારા સાથે વપરાશ ખર્ચ ઘટતા દરે વધે છે.*

*આવક ઉપરાંત આવક અને સંપત્તિની વહેંચણી પણ વપરાશવૃત્તિ પર અસર કરે છે. સામાન્ય રીતે સમાજમાં આવકની વહેંચણી સમાન રીતે થયેલ હોતી નથી. જો આવકની વહેંચણી સમાન (અથવા ઓછી અસમાન) રીતે થયેલી હોય તો વપરાશવૃત્તિ ઊંચી રહે છે. જ્યારે સમાજમાં આવક અને સંપત્તિની વહેંચણી અસમાન (અથવા ઓછી અસમાન) રીતે થયેલી હોય તો વપરાશવૃત્તિ ઘટે છે.આ ઉપરાંત ભૂતકાળની આવક અને ભવિષ્યમાં આવક વધવાની શક્યતા પણ વપરાશવૃત્તિને અસર કરે છે.*

**(B) આંતરિક પરિબળો (InternalFactors) :**

*આંતરિક પરિબળોને વ્યક્તિલક્ષી પરિબળો પણ કહેવામાં આવે છે. આંતરિક (વ્યક્તિલક્ષી) પરિબળો વ્યક્તિના વર્તન સાથે સંબંધ ધરાવે છે. લોકોની માનસશાસ્ત્રીય તેમજ સામાજિક બાબતોમાંથી આવા પરિબળો સર્જાય છે. મહત્ત્વના આંતરિક પરિબળો નીચે મુજબ છે.*

**(1) સાવચેતીનો હેતુ :**

*જીવન અનિશ્ચિતતાઓથી ભરેલું છે.આથી આકસ્મિક રીતે આવી પડતી આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવાનાં હેતુથી દરેક વ્યક્તિ બચત કરવા પ્રેરાતી હોય છે. આ બાબત વપરાશવૃત્તિમાં ઘટાડો કરે છે.*

**(2) જીવનધોરણમાં સુધારો કરવાનો હેતુ :**

*સામાન્ય રીતે દરેક વ્યક્તિને પોતાનું અને પોતાના પરિવારનું જીવનધોરણ સુધારવાની મહેચ્છા હોય છે. આથી ભવિષ્યના જીવનધોરણમાં સુધારો કરવાના હેતુથી વર્તમાનમાં બચત કરવા પ્રેરાય છે. કારણ કે વર્તમાનની બચતો ભવિષ્યમાં આવકનું સર્જન કરે છે, જે જીવનધોરણ સુધારવામાં મદદ કરે છે. આ પ્રકારની જીવનધોરણમાં સુધારો કરવાની વૃત્તિ (બચત કરવાની વૃત્તિ) વધારે હોય ત્યાં વપરાશવૃત્તિ ઓછી રહે છે.*

**(3) ભવિષ્યની જરૂરિયાતોને પહોંચી વળવાની દ્રષ્ટિ :**

*લોકો ભવિષ્યની જરૂરિયાતો જેવી કે બાળકોનું શિક્ષણ, વૃધ્ધાવસ્થામાં જીવનનિર્વાહ જેવી લાંબાગાળાની બાબતોનો વિચાર કરતાં હોય છે. આવી ભવિષ્યની જરૂરિયાતોનો વિચાર વર્તમાનમાં વપરાશને સ્વાભાવિક રીતે જ ઘટાડે છે.*

**(4) આર્થિક સ્વાતંત્ર્ય માટે મિલકતનું સર્જન કરવાનો હેતુ :**

*આર્થિક સ્વાતંત્ર્ય મેળવવા માટે લોકો મિલકતનું સર્જન કે વેપાર-ધંધાનું આયોજન કરતાં હોય છે. આર્થિક સ્વાતંત્ર્ય મેળવવાની મહેચ્છા વર્તમાનમાં વપરાશને ઘટાડે છે. આજ રીતે ભવિષ્યમાં વ્યાજની આવક મેળવવા માટે વર્તમાનમાં બચતો કરવામાં આવે તો તે પણ વપરાશને ઘટાડે છે.*

**(5) લોભી સ્વભાવ :**

*લોકો પોતાની આવકમાંથી કેટલો વપરાશ કરશે તેનો આધાર તેના સ્વભાવ ઉપર પણ હોય છે. સ્વભાવથી કંજૂસ હોય તેવા લોકોની વપરાશવૃત્તિ નીચી હોય છે.*

**(C) બાહ્યપરિબળો (External Factors) :**

*વપરાશવૃત્તિ પર અસર કરતાં કેટલાક પરિબળો વ્યક્તિના અંકુશ બહારના હોય છે. આથી આવા પરિબળોને બાહ્ય પરિબળો કે વસ્તુલક્ષી પરિબળો કહેવામાં આવે છે. આવા મહત્ત્વના પરિબળો નીચે મુજબ છે.*

**(1) ભાવ સપાટી :**

*ભાવ સપાટીમાં આવતા પરિવર્તનો લોકોની વપરાશવૃત્તિ પર અસર કરે છે. જો ભાવોમાં વધારો થાય તો વાસ્તવિક આવક ઘટે છે અને તેથી વપરાશવૃત્તિ પણ ઘટે છે. તેનાથી વિરુધ્ધ, જો ભાવોમાં ઘટાડો થાય તો વાસ્તવિક આવક વધે છે અને તેથી વપરાશવૃત્તિ પણ વધે છે.*

**(2) વેતનદર :**

*ભાવસપાટીની જેમ વેતનદરમાં આવતાં પરિવર્તનો પણ વપરાશવૃત્તિને અસર કરે છે. વેતનદરમાં વધારો થતાં વપરાશવૃત્તિ વધે છે અને વેતન દરમાં ઘટાડો થતાં વપરાશવૃત્તિ ઘટે છે.*

**(3) રાજકોષીય નીતિ :**

*રાજકોષીય નીતિ એટલે સરકારના આવક અને ખર્ચ સંબંધી નીતિ. રાજકોષીય નીતિના ફેરફારોની અસર પણ લોકોની વપરાશવૃત્તિ પર પડતી હોય છે. રાજકોષીય નીતિના ભાગરૂપે કરવેરામાં વધારો થાય તો લોકોની આવકો ઘટે છે. આથી વપરાશવૃત્તિ પણ ઘટે છે. જો સરકાર દ્વારા જાહેર ખર્ચમાં વધારો કરવામાં આવે તો લોકોની આવકો વધે છે. આથી વપરાશવૃત્તિ પણ વધે છે.*

**(4) ધારણાઓ કે અપેક્ષાઓમાં ફેરફાર :**

*વર્તમાન પરિસ્થિતી ઉપરાંત લોકોની ભવિષ્ય અંગેની ધારણાઓ કે અપેક્ષાઓ પણ વપરાશવૃત્તિ પર અસર કરે છે. જો વ્યક્તિને એવું લાગતું હોય કે ભવિષ્યમાં તેની આવકો વધશે તો તેની વપરાશવૃત્તિ વધે છે. તેનાથી ઊલટું જો વ્યક્તિને એવું લાગતું હોય કે ભવિષ્યમાં તેની આવકો ઘટશે તો તેની વપરાશવૃત્તિ ઘટે છે. આ ઉપરાંત લોકો ભાવસપાટી અંગેની ધારણાઓ પણ વપરાશવૃત્તિ પર અસર કરે છે. જો લોકોની એવી ધારણા હોય કે ભવિષ્યમાં ભાવો વધશે તે લોકોની વર્તમાન વપરાશ વધે છે. તેનાથી વિરુધ્ધ જો લોકોની ભવિષ્યમાં ભાવો ઘટશે તેવી ધારણા હોય તો વર્તમાન વપરાશ ઘટે છે.*

**(5) આકસ્મિક લાભ કે ગેરલાભ :**

*જો વ્યક્તિને આકસ્મિક રીતે કે અચાનક મોટો લાભ કે ગેરલાભ થાય તો તેની પણ વપરાશવૃત્તિ પર અસર પડે છે. ધારોકે કોઈ વ્યક્તિને શેર અથવા અન્ય સ્વરૂપે રહેલી સંપત્તિ થી અચાનક મોટો લાભ*

*થાય તો તેની આવક વધતાં વપરાશવૃત્તિ વધે છે. એજ રીતે જો વ્યક્તિને અચાનક મોટો ગેરલાભ થાય તો તેની આવક ઘટતાં વપરાશવૃત્તિ ઘટે છે.*

**(6)કંપનીઓની નાણાકીય નીતિ :**

*આજના યુગમાં કંપનીઓની ઘસારા ફંડ, ડિવિડંડ નીતિ વગેરે બાબતો પણ સમાજની વપરાશવૃત્તિ પર અસર જન્માવે છે. પ્રો. કે. કુરિહારાના મતે કંપનીઓની અનામત ભંડોળની નીતિ, ડિવિડંડ ચૂકવણીની નીતિ, નફાના પુનઃરોકાણ અંગેની નીતિ વગેરે બાબતોની અસર શેર હોલ્ડર્સની આવક પર અસર કરે છે. જો કંપનીઓ ઘસારા ફંડ ખાતે વધુ રકમ લઈ જતી હોય, નફામાંથી પુનઃ રોકાણ કરતી હોય, ડિવિડન્ડ જાહેર કરવામાં વધુ પડતી કડક નીતિ અમલમાં મૂકતી હોય તો શેર હોલ્ડરોને ડિવિડન્ડ રૂપે ઓછી આવક પ્રાપ્ત થાય છે. આ રીતે સમાજમાં શેર હોલ્ડર્સની આવકો ઘટતાં વપરાશવૃત્તિ પણ ઘટે છે. ટૂંકમાં, કંપનીઓના કુલ નફા અને ડિવિડંડ વચ્ચેનો તફાવત પણ વપરાશવૃત્તિ પર અસર કરે છે.*

**(7) વ્યાજના દરમાં ફેરફાર :**

*લોકોને પોતાની આવકમાંથી વપરાશ કરવી કે બચત કરવી તે નક્કી કરવામાં વ્યાજનો દર એક અગત્યનું પરિબળ છે. જો વર્તમાન વપરાશને જતી કરી બચત કરવામાં આવે તો તેનાથી ભવિષ્યમાં વ્યાજ સ્વરૂપે આવક મળવાની શક્યતા રહેલી હોય છે. આથી જો વ્યાજનો દર વધે તો લોકો વધેલા વ્યાજ દરનો લાભ લેવા માટે વર્તમાન વપરાશ ઘટાડી બચત વધારવાનું પસંદ કરે છે. પરિણામે તેની વપરાશવૃત્તિ ઘટે છે. જો કે વ્યાજના દરને આધારે બચત કરવાનું પ્રમાણ દરેક વ્યક્તિની અપેક્ષા પરથી નક્કી થાય છે. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓની માન્યતા પ્રમાણે વ્યાજના દર અને બચતને ઘનિષ્ઠ અને પ્રત્યક્ષ સંબંધ છે. જ્યારે પ્રો. કેઈન્સના મતે વ્યાજના દરની બચતોના પ્રમાણ પર થતી અસર અચોક્કસ અને ગૂંચવણ ભરેલી છે. પ્રો. કેઈન્સના મતે ટૂંકા ગાળામાં વ્યાજના દરની વપરાશવૃત્તિ પર ખાસ અસર પડતી નથી. જો કે લાંબાગાળે વપરાશવૃત્તિ વ્યાજના દરથી અસર પામતી હોય છે. આ ઉપરાંત સમાજમાં જો હપ્તે ખરીદો યોજનાઓ વ્યાપક પ્રમાણમાં ઉપલબ્ધ હોય તો વ્યાજના દરના ફેરફારોની વપરાશવૃત્તિ પર નોંધપાત્ર અસર જોવા મળતી હોય છે.*

**(8) અનુકરણવૃત્તિની અસરઃ (Demostration effects)**

*પ્રોજેમ્સ ડયુઝેનબેરી એ એવી રજૂઆત કરી કે દેખાદેખીની અસર કે અનુકરણવૃત્તિની અસર* (Domostation effects) *પણ વપરાશવૃત્તિ વધારવામાં અગત્યનો ભાગ ભજવે છે. સામાન્ય રીતે ઓછી આવક ધરાવતા લોકો વધુ આવક ધરાવતા લોકોની વપરાશવૃત્તિથી પ્રભાવિત થતાં હોય છે અને તેનું અનુકરણ કરવા પ્રેરાય છે. સમાજના ધનિક વર્ગના લોકો જે વસ્તુઓ વાપરતા હોય તેવી વસ્તુઓ ઓછી આવકવાળા વર્ગની આવકમાં વધારો થાય છે ત્યારે વાપરવા પ્રેરાય છે. આ રીતે સમાજના અમુક વર્ગની અનુકરણવૃત્તિથી સમાજના અન્ય વર્ગના લોકો ખરીદી કરે ત્યારે વપરાશવૃત્તિમાં વધારો થાય છે.*

*અનુકરણવૃત્તિની બાબતમાં બીજી રસપ્રદ બાબત એ પણ છે કે સામાન્ય રીતે સમાજના આર્થિક રીતે ઉપલા વર્ગના લોકો જે વસ્તુઓ વાપરતા હોય તે સમાજના નીચલા વર્ગના લોકો વાપરવાનું શરૂ કરે એટલે ધનિક લોકો એ વસ્તુઓની વપરાશ કરવાનું બંધ કરી અન્ય નવી વસ્તુઓ વાપરવાનું શરૂ કરે છે. પરિણામે સમગ્ર સમાજની વપરાશવૃત્તિ વધે છે અને બચતવૃત્તિ ઘટે છે.*

**(9) નવી વસ્તુઓનું વેચાણ :**

*જે અર્થતંત્રમાં સતત નવી નવી વસ્તુઓનું આગમન થતું હોય તો ત્યાં વપરાશવૃત્તિ ઊંચી રહે છે. કારણ કે ગ્રાહકની યાદીમાં નવી વસ્તુઓ સામેલ થતાં વપરાશવૃત્તિ વધે છે.*

**(10) સામાજિક સલામતીની યોજનાઓ :**

*કોઈ પણ અર્થકારણમાં કામ કરતાં લોકોને મળતી સામાજિક સલામતીની યોજનાઓ જેવી કે પેન્શન બોનસ, પ્રોવિડન્ટ ફંડ, અકસ્માત અને માંદગી સમયે મળતું વળતર, વીમા યોજના, બેકારી ભથ્થું વગેરે વપરાશવૃત્તિ નક્કી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. જો આ પ્રકારની સામાજિક સલામતીની યોજનાઓનો ઉધોગ-ધંધા ક્ષેત્રે અસરકારક અમલ થતો હોય તો આ યોજનાઓનો લાભ મળવાથી કામદારોમાં ભાવિ અંગે નિશ્ચિતતા પ્રવર્તે છે. તેથી વર્તમાનમાંથતી આવકમાંથી વધુ વપરાશ કરવાનું વલણ રહે છે. આથી વિરુધ્ધ જો અર્થકારણમાં કામ કરતાં લોકોને સામાજિક સલામતીની યોજનાઓનો લાભ ન મળતો હોય કે અત્યંત ઓછો લાભ મળતો હોય તો લોકો પોતાના ભાવિને સુરક્ષિત કરવા બચતો કરવા માટે પ્રેરાય છે. તેથી વપરાશવૃત્તિ ઘટે છે.*

- **તમારી પ્રગતિ ચકાસો (ખ) :**

(1) *વપરાશવૃત્તિને નક્કી કરવામાં આવક અને તેને સંલગ્ન પરિબળોની ચર્ચા કરો.*

(2) *વપરાશવૃત્તિને નક્કી કરતાં મુખ્ય આંતરિક પરિબળો જણાવો.*

(3) *દેખા દેખીની અસર વપરાશ વૃત્તિ પર કેવી અસર જન્માવે છે? કઈ રીતે ?*

**6.6વપરાશવૃત્તિ વધારવાના ઉપાયો :**

*પ્રો.કેઈન્સના મતે ટૂંકા ગાળામાં વપરાશવૃત્તિ સ્થિર (Stable) રહે છે. પરંતુ લાંબા ગાળે વપરાશવૃત્તિમાં વધારો કરી શકાય છે. અર્થતંત્રને પૂર્ણ રોજગારીની સ્થિતિએ લઈ જવા માટે વપરાશવૃત્તિમાં વધારો કરવો આવશ્યક છે. પ્રો.કેઈન્સ વધુમાં જણાવે છે કે જયારે મૂડીની સીમાંત કાર્યક્ષમતા ઘટી હોય તેમજ મૂડીરોકાણને નિયંત્રિત રાખવાનું હોય ત્યારે વપરાશવૃત્તિ વધારવાના ઉપયોગ લાભકારક નીવડે છે. વપરાશવૃત્તિ વધારવા માટે નીચેના ઉપાયો પ્રયોજી શકાય.*

**(1) આવકની પુનઃવહેંચણી (IncomeRedistribution): (Re-Distribution)**

*દરેક સમાજમાં આવકની અસમાનતા પ્રવર્તતી હોય છે. આથી જો સમાજમાં ગરીબ કે નીચી આવક ધરાવના વર્ગની તરફેણમાં આવકની પુનઃવહેંચણી કરવામાં આવે તો આવકની અસમાનતા ઘટે છે અને વપરાશવૃત્તિ વધે છે. કારણ કે ગરીબ વર્ગની ઘણી જરૂરિયાતો વણસંતોષાયેલી રહેતી હોય છે. આથી જયારે તેઓની આવક વધે ત્યારે તેઓ આવકનો વધુ ભાગ વપરાશ પાછળ ખર્ચવાનું વલણ દર્શાવશે.*

*ગરીબોની તરફેણમાં આવકની પુનઃ વહેંચણી કરવાનું કાર્ય ઘણું કઠિન છે. જો કે કેટલાક પગલાંઓ વિચારી શકાય. એક અસરકારક પગલું ધનિકવર્ગ પાસેથી ઊંચા દરે કરવેરા લઈને આ રકમનો ઉપયોગ ગરીબ વર્ગના લોકો માટે વાપરવામાં આવે તો આવકની અસમાનતા ઘટતાં વપરાશવૃત્તિ વધે છે. જો કે ખૂબ ઊંચા કરવેરાની મૂડીરોકાણ પર માઠી અસર થતી હોય છે તે બાબત પણ ધ્યામાં લેવી જોઈએ.*

*જો ગરીબ વર્ગની ઉત્પાદકતામાં વધારો થાય તો પણ તેઓ વધુ આવક મેળવી શકે અને તે રીતે પણ આવકની અસમાનતા ઘટી શકે. આ માટે ગરીબ વર્ગની ઉત્પાદકતા વધે તેવા શિક્ષણ, તાલીમ, પોષ્ટિક ખોરાક, તબીબી સારવાર, કામની યોગ્ય સગવડ, રહેઠાણ સુવિધાઓ વધારવા તરફ ધ્યાન આપવું જોઈએ.*

**(2) વેતનમાં વધારો :**

*વેતનમાં વધારો થતાં લોકોની આવક વધે છે. તેથી ખરીદશક્તિ વધતાં વપરાશવૃત્તિમાં વધારો થાય છે. આથી વપરાશવૃત્તિ વધારવા માટે કામદારોના નાણાકીય વેતનમાં વધારો કરવો જોઈએ. જો કે વેતનદરમાં વધારો કરતી વખતે એ હકીકત પણ ધ્યાનમાં લેવી જોઈએ કે જો વેતન વધારા સાથે શ્રમિકોની ઉત્પાદકતા ન વધે તો ઉત્પાદન વધતું નથી, જ્યારે ઉત્પાદકોના ખર્ચમાં જરૂર વધારો થાય છે. આથી વસ્તુઓના ભાવો વધે છે. પરિણામે વાસ્તવિક આવક ઘટે છે. જેની વપરાશવૃત્તિ પર માઠી અસર પડે છે. બીજું, ઉત્પાદકતામાં વધારો કર્યા વગરનો વેતન વધારો લાંબા ગાળા સુધી મજૂરોને રોજગારી પૂરી પાડી શકશે નહિ, કેટલાક મજૂરો બેરોજગાર થશે. આ બેરોજગારોની અને પરિણામે એકંદરે સમાજની વપરાશવૃત્તિ પર માઠી અસર પડે છે. ટૂંકા ગાળામાં શ્રમિકોની ઉત્પાદક્તામાં વધારો શક્ય બનતો નથી. આથી ટૂંકા ગાળામાં વેતન વધારા દ્વારા વપરાશવૃત્તિમાં વધારો કરવાનું પગલું ખાસ સફળ. બનતું નથી.. જો કે લાંબા ગાળામાં કુલ રાષ્ટ્રીય આવકમાંથી શ્રમિકોને વેતન સ્વરૂપે મળતો હિસ્સો વધારવામાં આવે તો તેના દ્વારા વપરાશવૃત્તિ વધારી શકાય છે.*

**(3) સામાજિક સલામતીની યોજનાઓ (SchemesforSocialSecurity) :**

*આપણે અગાઉ નોંધ્યું તેમ કોઈ પણ અર્થકારણમાં કામ કરતાં લોકોને મળતી સામાજિક સલામતીની યોજનાઓ જેવી કે પેન્શન, બોનસ, પ્રોવિડન્ટ ફંડ, અકસ્માત અને માંદગી સમયે મળતું વળતર, વીમા યોજના, બેકારી ભથ્થું વગેરેનો જો ઉદ્યોગ-ધંધા ક્ષેત્રે અસરકારક અમલ થતો હોય તો કામદારોમાં ભાવિ અંગે નિશ્ચિતતા પ્રવર્તે છે. આથી તેની વર્તમાન વપરાશવૃત્તિમાં વધારો થાય છે. સરકાર પણ પોતાના નાગરિકોની સામાજિક સલામતીનો વ્યાપ વધારી એકંદરે સમાજની વપરાશવૃત્તિમાં વધારો કરી શકે છે.*

**(4) ધિરાણની સગવડ (CrediFacilities):**

*જો લોકોને ટકાઉ વસ્તુઓ જેવી કે મોટર, સેલફોન, ટીવી, ફ્રીઝ વગેરે જેવી ટકાઉ વસ્તુઓ ખરીદવા માટે ધિરાણની સગવડો વ્યાજબી કિંમતે ઉપલબ્ધ હોય તો વપરાશવૃત્તિ વધે છે. આ ઉપરાંત આવી વસ્તુઓ હપ્તે ખરીદવાની સગવડો હોય તો પણ વપરાશવૃત્તિ વધે છે. કારણ કે આવી પ્રમાણમાં મોંઘી વસ્તુઓ ખરીદવા જરૂરી આવક હાથ ઉપર ન હોય પરંતુ આ પ્રકારની વસ્તુઓ લોકોની જરૂરિયાત હોય છે.તેમજ લોકો તેનો વપરાશ કરવા પણ ઈચ્છા ધરાવતા હોય છે. આથી ધિરાણની સગવડો કે હપ્તે યોજનાનો લાભ મળતાં લોકો આવી વસ્તુઓની ખરીદી કરે છે. તેથી વપરાશવૃત્તિ વધે છે.*

**(5) જાહેરાત અને પ્રચાર (AdvertisementandPublicity):**

*ઘણીવાર અમુક વસ્તુઓની ઉપયોગીતા, અસરકારકતા તેમજ ઘણીવાર ઉપલબ્ધતા વિષે લોકોને જાણકારી હોતી નથી. જાહેરાત દ્વારા વસ્તુઓની ઉપયોગીતા અને વિશિષ્ટતાઓની લોકોને જાણ થાય છે. આથી વસ્તુઓની માંગ વધે છે અને એ રીતે વપરાશવૃત્તિમાં વધારો થાય છે. મોટા ભાગની વપરાશી વસ્તુઓના વેચાણમાં જાહેરાતની વ્યાપક અસર જોવા મળતી હોય છે.*

**(6) શહેરીકરણ (Urbanisation):**

*ગ્રામીણ વિસ્તાર કરતાં શહેરી વિસ્તારમાં લોકોની વપરાશ વૃત્તિ વધારે હોય છે. કારણ કે શહેરોમાં ખર્ચ કરી શકાય તેવી ઘણી સગવડો અને આકર્ષણ હોય છે. આથી જેમ જેમ શહેરીકરણ વધે છે તેમ તેમ વપરાશવૃત્તિમાં વધારે થાય છે.*

**તમારી પ્રગતિ ચકાસો (ગ) :**

(1) *વપરાશવૃત્તિ વધારવામાં આવકની પુનઃવહેંચણી કરવાનું કાર્ય કઈ રીતે કઠીન છે ?*

(2) *ધિરાણની સગવડતો કઈ રીતે વપરાશવૃત્તિમાં વધારો કરે છે ? સમજાવો.*

(3) *વેતન વધારાની ટૂંકા અંગે લાંબા ગાળે વપરાશવૃત્તિ પર કેવી અસર જન્માવે છે.*

## 6.7 વપરાશવૃત્તિનું આર્થિક વિશ્લેષણમાં મહત્ત્વ :

*પ્રો.કેઈન્સે આપેલાં વપરાશવૃત્તિના ખ્યાલનું આર્થિક વિશ્લેષણમાં ખૂબ મહત્ત્વ છે. આર્થિક નીતિનું ઘડતર કરવા તેમજ વ્યવહારુ પ્રશ્નોના ઉકેલ માટે વપરાશવૃત્તિનો ખ્યાલ ઉપયોગી છે. જેની ચર્ચા નીચે મુજબ કરી શકાય.*

**(1) રોજગારીમાં મૂડી રોકાણનું રોકાણનું મહત્ત્વ સમજાવે છે. :**

*કેઈન્સન, મતે "અર્થતંત્રમાં ટૂંકા ગાળામાં વપરાશવૃત્તિ સ્થિર રહેતી હોવાથી રોજગારી વધારવા માટેનો એક માત્ર માર્ગ મૂડીરોકાણના પ્રમાણમાં વધારો કરવાનો છે." વપરાશવૃત્તિનો અભ્યાસ કરવાથી સ્પષ્ટ થાય છે કે ટૂંકા ગાળામાં વપરાશવૃત્તિમાં વધારો થતો નથી. આથી રોજગારી વધારવા માટે આવક અને વપરાશ વચ્ચે જે ગાળો છે તે વધારાના મૂડી રોકાણ દ્વારા દૂર કરવો જોઈએ. આ રીતે વપરાશવૃત્તિનો અભ્યાસ અર્થતંત્રમાં મૂડીરોકાણની અગત્યતાદર્શાવવામાં પણ ઉપયોગી બને છે.*

**(2) અર્થતંત્રમાં બેરોજગારી ઉદ્દભવવાનું કારણ સમજાવે છે :**

*પ્રો.કેઈન્સના વપરાશવૃત્તિના ખ્યાલ અનુસાર આવક વધતાં વપરાશ વધે છે, પરંતુ આવકના વધારા કરતાં વપરાશનો વધારો ઓછો હોય છે. આવકનો બધો ભાગ વપરાશમાં જતો નથી. તેથી પુરવઠા કરતાં માંગ ઓછી રહે છે. પરિણામે મંદી અને બેરોજગારી ઉદ્દભવે છે. આ ખ્યાલ પ્રો.કેઈન્સ પ્રશિષ્ટ આર્થિક વિચારસરણીના મૂળભૂત સિધ્ધાંતોના પાયારૂપ પ્રો. જે.બી.से' ના બજારના નિયમના મૂળમાં ઊંડો ઘા કરે છે. 'પ્રો. જે.બી.से' ના નિયમ મુજબ "પુરવઠો પોતાની માંગ સર્જે છે. પુરવઠો જ પોતાની માંગ ઊભી કરે છે (એટલે કે પુરવઠો વધતા માંગ આપો આપ વધે છે). આથી પુરવઠો=માંગ થાય છે." આથી અર્થતંત્રમાં બેરોજગારી કે મંદી ઉદ્દભવતી નથી. વાસ્તવમાં સમાજમાં બેરોજગારી અને મંદી જોવા મળતા હોય છે. તેનું કારણ પ્રો.કેઈન્સ વપરાશવૃત્તિના ખ્યાલ દ્વારા સમજાવે છે. આમ 'પ્રો. જે.બી.से' ના બજારના નિયમને ખોટો સાબિત કરવામાં અને અર્થતંત્રમાં બેરોજગારી ઉદ્દભવવાનું ખરું કારણ સમજાવવામાં વપરાશવૃત્તિનો ખ્યાલ ઉપયોગી છે.*

**(3) અર્થતંત્રમાં આવતી તેજી-મંદીનું કારણ સમજાવે છે :**

*અર્થતંત્રમાં તેજી-મંદીના તબક્કાઓ કેવી રીતે સર્જાય છે તેમજ અર્થતંત્રમાં શા માટે તેજી લાંબો સમય ટકી શકતી નથી તેની સરળ સમજૂતી વપરાશવૃત્તિનો અભ્યાસ કરવાથી પ્રાપ્ત થાય છે. તેજીના સમયમાં આવકો ખૂબ વધે છે. પરંતુ આ આવકના વધારા જેટલો વપરાશમાં વધારો થતો નથી. કારણ કે ટૂંકા ગાળામાં વપરાશવૃત્તિ સ્થિર રહે છે. આવકનો બધો ભાગ વપરાશમાં જતો નથી. પરિણામે આવક સર્જનનો પ્રવાહ અટકી જાય છે અને તેથી તેજીનો અંત આવે છે. તેજીનો અંત આવવાનું મુખ્ય કારણ એ પણ છે કે તેજીમાં સીમાંત વપરાશવૃત્તિ ખૂબ ઘટી ગઈ હોય છે. આનાથી વિરુધ્ધ મંદીના સંજોગોમાં પણ લોકો અમુક કક્ષાથી વધુ વપરાશ ઘટાડી શકતા નથી. તેથી અર્થતંત્ર ફરી સુધારણા તરફ વળે છે. પ્રો.કેઈન્સ પહેલાના અર્થશાસ્ત્રીઓએ વેપારચક્રની સમજૂતી આપવામાં આ પરિબળની ઉપેક્ષા કરી હતી. વ્યાપાર ચક્રના વિશ્લેષણમાં વપરાશવૃત્તિનો ખ્યાલ મહત્ત્વનું યોગદાન આપે છે.*

**(4) વપરાશવૃતિ દ્વારા ગુણકનું માપન થઈ શકે છે :**

*ગુણકનો ખ્યાલ મૂડી રોકાણના એક એકમમાં વધારો કરવાથી આવકમાં કેટલાં પ્રમાણમાં વધારો થશે તે દર્શાવે છે. સીમાંત વપરાશવૃત્તિને આધારે મૂડી રોકાણ ગુણક કેટલો છે તે જાણી શકાય છે. આથી આ ખ્યાલ આર્થિક વિશ્લેષણમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.*

❖ **તમારી પ્રગતિ ચકાસો (ગ) :**

(1) *વપરાશવૃત્તિ કેવી રીતે તેજી-મંદીનું કારણ સમજાવવામાં ઉપયોગી છે તેની ચર્ચા કરો.*

(2) *કેઈન્સના મતે અર્થતંત્રમાં બેરોજગારી શા માટે ઉદભવે છે ?*

(3) *ટૂંકા ગાળામાં વપરાશવૃત્તિ કેવી રહે છે ? તે માટેનું કારણ જણાવો.*

## 6.8 જે માત્ર વપરાશ અંગેની વૈકલ્પિક સમજૂતીઓ :

*આપણે વપરાશવૃત્તિના ખ્યાલની સમજૂતી મેળવી. પ્રો. જે.એમ.કેઈન્સના મતે વપરાશ એ આવકનું વિધેય છે. અર્થાત્, વપરાશી ખર્ચ આવક સાથે સંબંધ ધરાવે છે. કેઈન્સનો આ મત તો સ્વીકાર્ય બન્યો છે. પરંતુ આવકના ફેરફાર સાથે વપરાશમાં કઈ રીતે અને કેટલા પ્રમાણમાં ફેરફાર થાય છે તે બાબતમાં વિવિધ મંતવ્યો જોવા મળે છે. આ અંગે મુખ્ય ચાર વિચારધારાઓ રજૂ કરવામાં આવી છે.*

## 6.9 સંપૂર્ણ આવક અથવા નિરપેક્ષ આવક કલ્પના (AbsoluteIncomeHypothesis) :

*પ્રો. જે.એમ. કેઈન્સના મતે અર્થતંત્રમાં વપરાશનું પ્રમાણ આવકથી નક્કી થાય છે. આવકમાં વધારો થતાં વપરાશમાં વધારો થાય છે અને આવકમાં ઘટાડો થતાં વપરાશમાં ઘટાડો થાય છે. વપરાશ ખર્ચએ આવકનું વિધેય છે* $C = f(Y)$.*આ રીતે કેઈન્સના મતે જેમ જેમ વ્યક્તિની કુલ આવક વધે છે તેમ તેમ તેનો કુલ વપરાશ ખર્ચ પણ વધે છે. પરંતુ કુલ વપરાશમાં થતો વધારો એ કુલ આવકમાં થતાં વધારા કરતાં ઓછો હોય છે. એટલે કે જેટલી આવક વધે છે તેટલી વપરાશ વધતી નથી. આમ, કેઈન્સના મતે નિરપેક્ષ આવકમાં વધારો થતાં સરેરાશ વપરાશવૃત્તિ ઘટે છે. આ સિધ્ધાંતમાં વપરાશ ખર્ચ માત્ર ટૂંકા ગાળાના કુલ નિરપેક્ષ આવક પર જ આધારિત છે. તેમજ વપરાશ અને આવક વચ્ચેનો સંબંધ બિન પ્રમાણસરનો હોય છે તેમ માનવામાં આવ્યું છે.*

## 6.10 પ્રો.જેમ્સ ડ્યુઝેનબેરીનો સાપેક્ષ આવકનો સિધ્ધાંત / સાપેક્ષ આવકની પરિકલ્પના :(Prof.JamesDuesenberry)

*સાપેક્ષ આવકનો ખ્યાલ સૌ પ્રથમ પ્રો. બ્રેડિ અને પ્રો. રોઝ ફ્રિડમેને રજૂ કર્યો હતો. જો કે આ સિધ્ધાતને વિકસાવવા શ્રેય અમેરિકન અર્થશાસ્ત્રી જેમ્સ સ્ટેમ્બલ ડયુઝેનબેરી* (JamesDuesenberry) *ને જાય છે. તેમણે પોતાના ડોક્ટરેટ થીસિસ*"Income, Saving and the Theory of Consumer Behaviour" *માં જણાવ્યું કે " વ્યક્તિના વપરાશ અંગેની વર્તણૂંક સ્વતંત્ર રીતે નક્કી થતી નથી પરંતુ તે એક બીજાના સંદર્ભમાં કે સાપેક્ષ રીતે નક્કી થતી હોય છે, આ ખ્યાલ એમ જણાવે છે કે વપરાશી ખર્ચ સંપૂર્ણ આવકની સપાટી પર નહીં પરંતુ સાપેક્ષ આવકની સપાટી પર આધાર રાખે છે. પ્રો.ડ્યુઝેનબેરીના મતે વ્યક્તિનું વપરાશ ખર્ચ ટૂંકા ગાળામાં આવકના ફેરફાર સાથે ખાસ બદલાતું નથી પરંતુ સ્થિર રહે છે. તેમની આ માન્યતા માટે તેઓએ 'અનુકરણ વૃત્તિ' અને 'જીવન ધોરણ ટકાવી રાખવા માટેની વૃત્તિ' ને જવાબદાર ગણાવ્યા છે. પ્રો.જેમ્સ ડ્યુઝેનબેરીએ પોતાના માર્ગદર્શક પ્રો.આર્થર સ્મિથનો વપરાશ વિધેયનો ઊર્ધ્વગમનના સિધ્ધાંતનું ખંડન કરી અને પોતાના અલગ વપરાશ વિધેયની રજૂઆત કરી. તેમના મતે વપરાશ અને આવક વચ્ચેનો સામાન્ય સંબંધ સપ્રમાણતાનો જ છે. અને લાંબા ગાળે સીમાંત વપરાશવૃત્તિ = સરેરાશ વપરાશવૃત્તિ (*MPCAPC*) થાય છે. પરંતુ સાપેક્ષ આવક અને પ્રતિગામી અસરોના કારણે આવક વૃદ્ધિ અને વપરાશ વૃધ્ધિ વચ્ચે વિલંબ થતો હોવાથી ટૂંકાગાળામાં સીમાંત વપરાશવૃત્તિ સરેરાશ વપરાશવૃત્તિ કરતાં ઓછી હોય છે.*

### સાપેક્ષ આવકનો સિધ્ધાંત :

*પ્રો.જેમ્સ ડ્યુઝેનબેરી એ અનુકરણ અસર* (DermonstrationEffect) *અને પ્રતિગામી અસર અથવા અનુગામી અસર વગેરેને ધ્યાનમાં લઈને એ બતાવવાનો પ્રયાસ કર્યો કે આવક અને વપરાશ વચ્ચેનો લાંબા ગાળાનો સંબંધ સપ્રમાણ છે.*

### (1) અનુકરણ / દેખાદેખીની અસર (Appearance Effect)

*આવક વધવાની સાથે સીમાંત વપરાશવૃત્તિ ઘટવાનું વલણ ધરાવે છે. પરંતુ સામાન્ય રીતે ઓછી આવક ધરાવતા વર્ગના લોકો વધુ આવક ધરાવતા લોકોની વપરાશવૃત્તિથી પ્રભાવિત થતાં હોય છે અને તેનું અનુકરણ કરવા પ્રેરાય છે. આથી જ્યારે ઓછી આવકવાળા વર્ગની આવકમાં વધારો થાય છે ત્યારે તેને ધનવાન (વધુ આવક વાળા વર્ગની) વપરાશનું અનુકરણ કરવાની તક પ્રાપ્ત થાય છે. ઓછી આવકવાળો વર્ગ જયારે અનુકરણથી આ પ્રકારની વપરાશ કરે છે, ત્યારે સીમાંત વપરાશવૃત્તિ કે જે ઘટવાનું વલણ દર્શાવતી હતી તે ઘટવા પામતી નથી અને પરિણામે લાંબાગાળે આવક અને વપરાશ વચ્ચે સપ્રમાણ સંબંધ જોવા મળે છે. આમ, સમાજના વધુ આવક ધરાવતા વર્ગનું જીવનધોરણ સમાજના નીચી આવક ધરાવતા વર્ગની વપરાશને પ્રભાવિત કરે છે. તેના માટે અમેરિકન પ્રો.અર્થશાસ્ત્રી, પ્રો.જેમ્સ ડ્યુઝેનબેરી* 'DemonstrationEffect' *(નિદર્શન અસર/ અનુકરણ અસર / દેખાદેખીની અસર) શબ્દ પ્રયોગ કરે છે. ટૂંકમાં, ડ્યુઝેનબેરી દ્વારા વિકસાવવામાં આવેલી સાપેક્ષ આવકની પરિકલ્પના એમ જણાવે છે કે છે કે "વ્યક્તિના વપરાશ અને બચત અંગેની વર્તણૂક માત્ર તેમની સંપૂર્ણ આવકના સ્તરથી જ નહીં, પરંતુ તેમના સામાજિક જૂથના અન્ય લોકોની તુલનામાં એટલે કે સાપેક્ષ આવક દ્વારા પણ પ્રભાવિત થાય છે."*

**(2) પ્રતિગામી અસર (Regressive Effect)**

*વપરાશની તરાહ ઘણીવાર ભૂતકાળની આવકના સ્તરના આધારે પણ નક્કી થતી હોય છે. ભૂતકાળમાં ઊંચું જીવન ધોરણ પ્રાપ્ત કર્યું હોય તો લોકો ચોક્કસ સ્તરના જીવનધોરણથી ટેવાઈ જતાં હોય છે. આથી જો મંદીની સ્થિતિમાં આવકો ઘટતી હોય ત્યારે પણ લોકો ભૂતકાળના ઊંચા જીવનધોરણને ટકાવી રાખવા પ્રયત્ન કરે છે. આ માટે જરૂર પડે તો તેઓ ભૂતકાળની બચતો પણ વાપરે છે. આ બાબતને પ્રો.ડ્યુઝેનબેરી વપરાશમાં પ્રતિગામી અસર કહે છે. આ અસરના પરિણામે વપરાશ ખર્ચ આવક વધતાં વધે છે પરંતુ આવક ઘટતાં વપરાશ ખર્ચ ઘટતું નથી અથવા ખૂબ ઓછું ઘટે છે. પરિણામે આવક અને વપરાશ વચ્ચેનો સપ્રમાણ સંબંધ ટૂંકાગાળામાં જળવાતો નથી.*

*તેવી જ રીતે જ્યારે આવક વધે છે ત્યારે શરૂઆતમાં વ્યક્તિ મંદી દરમિયાન વપરાઈ ગયેલી બચતોને સરભર કરવા પ્રયત્ન કરે છે. પરિણામે જેટલી આવક વધે છે તે પ્રમાણમાં વપરાશ ખર્ચ વધતો નથી. તેથી પણ આવક અને વપરાશ વચ્ચેનો સપ્રમાણ સંબંધ ટૂંકા ગાળામાં જળવાતો નથી.આ બાબતને પ્રો.ડ્યુઝેનબેરી વપરાશની અનુગામી અસર કહે છે.*

*પ્રો.ડ્યુઝેનબેરીના મતે પ્રતિગામ અને અનુગામી અસરોને પરિણામે ટૂંકાગાળામાં આવક અને વપરાશ વચ્ચેનો સપ્રમાણ સંબંધ જળવાતો નથી. પરંતુ લાંબાગાળે આવક અને વપરાશ વચ્ચેનો સપ્રમાણ સંબંધ પુનઃસ્થાપિત થાય છે.*

*પ્રો.ડ્યુઝેનબેરીના મતે વ્યક્તિની ભૂતકાળની મહત્તમ વપરાશપાત્ર આવક પણ તેના વપરાશને અસર કરે છે. આ ઉપરાંત વ્યાજનો દર, આવકની વહેંચણી, વસ્તીનું બંધારણ આવક વૃધ્ધિનો દર શહેરીકરણ અને અર્થતંત્રમાં નવી વસ્તુઓનું આગમન પણ વપરાશને અસર કરે છે.*

*પ્રો. જેમ્સ ડ્યુઝેનબેરીનું વપરાશ વિધેય :*

$\frac{C_t}{Y_t} = 1 - \frac{aYt}{Y0} - b$     *જ્યાં*     $C_t$= *ચાલુ વર્ષનું ખર્ચ*

$Y_t$=*ચાલુ વર્ષની આવક*

yo = *ભૂતકાળની મહત્તમ વપરાશ પાત્ર આવક*

$a_t$=*વ્યાજનાદર.*

*આવકની વહેંચણી, વસ્તીનું બંધારણ, આવક વૃધ્ધિનો દર, શહેરીકરણ અને અર્થતંત્રમાં નવી વસ્તુઓનું આગમન વગેર પરિબળોની અસર દર્શાવતો ગુણોતર $b_t$ ટેવાયેલ જીવન ધોરણ અને દેખાદેખીની અસર દ્વારા નક્કી થતો વપરાશનો સહગુણાંક.*

*આ રીતે સાપેક્ષ આવકની પરિકલ્પના અનુસાર મંદીના સમયમાં આવકમાં ઘટાડો થયો હોવા છતાં વપરાશના મહત્તમ બિંદુમાં તાત્કાલિક ઘટાડો થઈ શકતો નથી. તેમજ અનુકરણવૃત્તિ કે દેખાદેખીની અસરને કારણે નીચી આવકવાળો વર્ગ વપરાશ વધારે છે, તો ઊંચી આવક વાળો વર્ગ વધુ સારી વસ્તુઓની વપરાશ કરતો રહે છે. પરિણામે વપરાશ ખર્ચમાં ટૂંકાગાળામાં ઘટાડો થતો નથી. જો. કે લાંબા*

*ગાળે આવકમાં વધારો થતાં લોકોની ટેવો અને વલણો બદલાય છે અને તેથી વપરાશ ખર્ચમાં સપ્રમાણ વધારો થાય છે.*

*આ રીતે પ્રો.ડ્યુઝેનબેરી સામાન્ય અવસ્થામાં અનુકરણનું પરિબળ દર્શાવીને અને મંદીની અવસ્થામાં પ્રતિગામી અસરનો પ્રભાવ દર્શાવીને ટૂંકા ગાળાના વપરાશ વિધેય અને લાંબા ગાળાના વપરાશ વિધેય વચ્ચેના વિરોધાભાસને નિવારવા તેમજ સમન્વય કરવાનો પ્રયત્ન કરે છે.*

**પ્રો.ડ્યુઝેનબેરીના સિધ્ધાંતનું મહત્ત્વ :-**

(1)*પ્રો.ડ્યુઝેનબેરીએ સાપેક્ષ આવકના સિધ્ધાંત દ્વારા પ્રો.કેઈન્સના વપરાશ વિધેયમાં સુધારો કર્યો છે. માનવી સામાજિક પ્રાણી છે. આથી તે માત્ર પોતાની આવક અને પોતાની રસ-રુચિ અને ટેવોને આધારે જ નહિ પરંતુ પાડોશીઓના વપરાશના ધોરણથી પણ અસર પામે છે. આ જ સાચી અનુકરણીય કે નિદર્શન અસર છે. પ્રો. ડયુઝનબેટીએ સાપેક્ષ આવકના સિધ્ધાંત દ્વારા આ મહત્ત્વપૂર્ણ હકીકત સિધ્ધ કરી છે.*

(2)*પ્રો.સાયમન કુઝનેટ્સે* 1968 *થી* 1929 *ના સમયગાળાના અમેરિકાના આવક અને વપરાશ ખર્ચ અંગેના આંકડાઓનો અભ્યાસ કરતાં માલૂમ પડ્યું કે આ સમયગાળામાં/અમેરીકાની રાષ્ટ્રીય આવક ચાર ગણી વધી તો વપરાશ ખર્ચમાં પણ ચાર ગણો વધારો થયો હતો. આથી લાંબે ગાળે આવકના વધારા સાથે વપરાશ ખર્ચ સપ્રમાણ વધે છે.એવું પ્રો. ડ્યુઝેનબેરીનું મંતવ્ય સ્વીકાર્ય બને છે.*

(3)*લોકોના વપરાશ ખર્ચ પર દેખાદેખીની અસર-નિદર્શન અસરથી થાય છે. તેજ રીતે આવકો ઘટી હોય તો પણ લોકો ભૂતકાળની બચતો વાપરીને પણ વપરાશની ઊંચી સપાટી જાળવી રાખતા હોય છે. આ તારણ પણ તર્કબધ્ધ છે અને તેથી સ્વીકાર્ય છે.*

**પ્રો.ડ્યુઝેનબેરીના સિધ્ધાંતની ટીકાઓ :**

*લોકોની વર્તમાન અસર પર તેની ભવિષ્યની આવક્ કાયમી આવક. સંપત્તિ અને કામ કરવાની સંભવિત વય જેવા પરિબળોની અસર થતી હોય છે. આ પરિબળોની પ્રો.ડ્યુઝેનબેરીએ અવગણના કરી છે. તેથી પ્રો.મિલ્ટન ફ્રીડમેન આ સિધ્ધાંતનો અસ્વીકાર કરીને કાયમી આવકની પરિકલ્પના રજૂ કરી છે.*

**તમારી પ્રગતિ ચકાસો (ઘ) :**

(1) *જેમ્સ ડ્યુઝેનબેરીનું વપરાશ વિધેય સમીકરણ લખો. તેના વિવિધ પદો સમજાવો.*
(2) *દેખાદેખીની અસરનો ખ્યાલ સમજાવો. તેની વપરાશ પર કેવી અસર થાય છે.*
(3) *પ્રતિગામી અસર કોને કહેવાય ?*

## 6.11કાયમી આવક કલ્પના (PermanentIncomeHypothesis) : -

**<u>પ્રો. મિલ્ટન ફ્રિડમેનનું વપરાશ વિધેય અથવા કાયમી આવકનો સિધ્ધાંત :</u>**

*કાયમી આવકના ખ્યાલ દ્વારા પ્રો.મિલ્ટન ફ્રિડમેને આવક-વપરાશ સંબંધ અંગે નવો દ્રષ્ટિકોણ પૂરો પાડયો છે. પ્રો. ફ્રીડમેન કાયમી આવકની પરિકલ્પનાની મદદથી ટૂંકાગાળામાં વપરાશવૃત્તિ*(NonProportional) *કેમ જણાય છે તે બાબત સમજાવવા પ્રયત્ન કરે છે. પ્રો. ફ્રિડમેન/ પ્રો.*

*કેઈન્સના વપરાશ વિધેયમાં રહેલ વપરાશ ખર્ચ અને આવક વચ્ચે રહેલ સ્થિર પરંતુ બિનપ્રમાણસરના સંબંધને સ્વીકારતા નથી. તેમજ તેઓ વર્તમાન વપરાશ ખર્ચ માત્ર ચાલુ આવક દ્વારા જ અસર પામે છે, તે બાબત પણ માન્ય ગણાતા નથી. પ્રો. ફ્રિડમેનના મતે "વપરાશ ખર્ચનો આધાર ચાલુ આવક નહી પરંતુ કાયમી આવક છે." આ બાબત સમજાવવા માટે તેઓએ આવક અંગેના બે ખ્યાલ રજૂ કર્યા છે.* (i)*ચાલુ આવક અને* (ii)*કાયમી આવક*

**(i) ચાલુ આવક :** *ચાલુ આવક એટલે અમુક ચોક્કસ સમયગાળા દરમિયાન કે વર્તમાનમાં વ્યક્તિને પ્રાપ્ત થતી આવક. તેને અંકિત આવક તેમજ વર્તમાન આવક તરીકે પણ ઓળખવામાં આવે છે.*

**(i) કાયમી આવક :** *વ્યક્તિ કે કુટુંબ પોતાની સંપત્તિમાં ઘટાડો કર્યા વગર તેના સમગ્ર જીવનકાળ દરમિયાન જે કમાણી કરવાની અપેક્ષા રાખતાં હોય, તેને કાયમી આવક અથવા સરેરાશ અપેક્ષિત આવક કહેવામાં આવે છે. આમ કાયમી આવક એ વ્યક્તિની દીર્ઘદ્રષ્ટિથી નક્કી થયેલી લાંબા ગાળાની કુલ આવકની વાર્ષિક સરેરાશ છે.*

*વર્તમાન આવક એ કાયમી આવક કરતાં વધુ કે ઓછી પણ હોય શકે છે. ઉદાહરણ તરીકે કોઈ વ્યકિત દીર્ઘદ્રષ્ટિથી કરેલ ગણતરી મુજબ તેની* 30*વર્ષની સરેરાશ વાર્ષિક આવક એક લાખ છે તેમ માનતી હોય તો ચાલુ કે વર્તમાન આવક એ આ કાયમી આવક (એક લાખ) કરતાં વધુ હોઈ શકે છે. જેમ કે કોઈ વર્ષ દરમિયાન વ્યક્તિને બોનસ મળે કે અન્ય રીતે વધુ કમાણી થાય તો તે વર્ષની તેની વર્તમાન (ચાલુ) આવક તેની કાયમી આવક કરતાં વધારે રહેવાની. તેનાથી વિરુધ્ધ જો કોઈ એક વર્ષ દરમિયાન અમુક સમય વ્યક્તિ બેરોજગાર રહી હોય તો. તે વર્ષની તેની વર્તમાન (ચાલુ) આવક તેની કાયમી આવક કરતાં ઓછી રહેવાની. ચાલુ આવક અને કાયમી આવક વચ્ચેના તફાવતને પ્રો.ફ્રિડમેન સંક્રાંત આવક* (TransitoryIncome) *કહે છે. આપણે લીધેલ ઉદાહરણ મુજબ જો આ વ્યક્તિનીચાલુ આવક* 1.10*લાખ હોય તો આ કિસ્સામાં તેની ચાલુ આવક કાયમી આવક કરતાં દસ હજાર વધુ છે. આ દસ હજારની રકમ એ 'સંક્રાંત આવક' કહેવાશે. જો કે એ પણ ખરું કે વર્તમાન આવકમાં વધારો થતાં કાયમી આવકમાં વધારો થાય છે અને વર્તમાન આવકમાં ઘટાડો થતાં કાયમી આવકમાં પણ ઘટાડો થાય છે. કાયમી આવક એ લાંબાગાળાની આવક છે કે જે ટૂંકાગાળાની આવકોની સરેરાશ છે. બીજી રીતે કહીએ તો કાયમી આવક એ ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યની આવકની સરેરાશ છે.*

*પ્રો.ફ્રિડમેનના મતે લોકો માત્ર ચાલુ આવક (કે વર્તમાન આવક)ને ધ્યાનમાં રાખીને નહીં પરંતુ કાયમી આવકને ધ્યાનમાં રાખીને વપરાશ કરે છે. તેથી તેઓનો વપરાશ અને આવક વચ્ચેનો સંબંધ ટૂંકા તેમજ લાંબાગાળામાં સ્થિર રહે છે. ફ્રિડમેનના મતે વપરાશનું પ્રમાણ આવક કરતાં ઓછું રહે છે. કારણ કે લોકો ભવિષ્યમાં, ખાસ કરીને નિવૃત્તિના સમયગાળામાં પણ યોગ્ય આવક મળી રહે તે માટે કમાણીના વર્ષોમાં કાયમી આવકનો અમુક ચોક્કસ ભાગ બચાવતા હોય છે. બચત દ્વારા ભવિષ્યમાં પણ યોગ્ય અને એક સરખું જીવનધોરણ ટકાવી રાખવાના ઉદેશથી વ્યક્તિ જ્યારે આવક મેળવતો હોય ત્યારે જે જીવનધોરણ ધરાવતો હોય તેવું જ જીવનધોરણ નિવૃત્તિના સમયમાં કે જીવનના ઉત્તરાર્ધમાં પણ જાળવી શકે તે માટે જ્યારે તેની આવક વધે છે, ત્યારે વપરાશમાં ઓછો વધારો કરીને બચત વધારવાનું વલણ ધરાવતો હોય છે.*

બીજુ પ્રો.મિલ્ટન ફ્રિડમેનના મતે આવકમાં જે ટૂંકા ગાળામાં ફેરફારો થાય છે તેની વપરાશ ખર્ચ પર અસર પડતી નથી. કારણ કે વ્યક્તિની વપરાશ તેની કાયમી આવક દ્વારા નક્કી થાય છે. પ્રો.ફ્રિડમેનના મતે ટૂંકા ગાળામાં ચાલુ આવકમાં ફેરફાર થાય તો પણ લોકો એમ માને છે કે આ ફેરફારો તો ક્ષણિક છે, પોતાની કાયમી આવક તો અંદાજ મુજબ જ રહેવાની છે. આથી તે આવા ક્ષણિક ફેરફારોથી અસર પામીને પોતાની કાયમી આવક અંગેનું આયોજન બદલતો નથી. જેમ કે ચોમાસાની ઋતુમાં કાપડની ઘરાકી ઓછી હોય તો વેપારીની ચાલુ કે વર્તમાન આવક ઘટી હોય તો પણ તેને પોતાની કાયમી આવક ઘટેલી જણાતી નથી. આથી તે સમયે વેપારી પોતાનું વપરાશી ખર્ચ ઘટાડતો નથી. કારણકે લોકો કાયમી આવકના અંદાજ અનુસાર વપરાશી ખર્ચ નક્કી કરે છે. આથી પ્રો.ફ્રીડમેન એવું મંતવ્ય ધરાવે છે કે વપરાશ આવકની સાથે પ્રમાણમાં સ્થિર રહે છે. આ રીતે સંક્રાંતકાલીન આવક અને વપરાશ ખર્ચ વચ્ચે કોઈ સ્પષ્ટ સંબંધ નથી. કાયમી આવક અને વપરાશ ખર્ચ વચ્ચે જ સ્થિર સંબંધ છે.

પ્રો. મિલ્ટન ફ્રિડમેને તેમના કાયમી આવકના ખ્યાલ અંગે ત્રણ સમીકરણો રજૂ કર્યા છે.

(1) Y= $Y_p$+ $Y_t$

જ્યાંY = આવક, Yp =કાયમી આવક અને Yt = સંક્રાંત આવક

જે એવું દર્શાવે છે કે વ્યક્તિની ચાલુ આવકમાં સરેરાશ કાયમી આવક ઉપરાંત ધન કે ઋણ સંક્રાંત આવકનો સમાવેશ થાય છે.

(2) C= $C_p$+$C_t$

જ્યાંC= વપરાશ, $C_p$=કાયમી વપરાશ અને $C_t$= ટૂંકાગાળાની કે અલ્પકાલિન વપરાશ

જે એવું દર્શાવે છે કે વ્યક્તિના ચાલુ વપરાશ ખર્ચમાં સરેરાશ કાયમી વપરાશ ખર્ચ અને આકસ્મિક વપરાશ ખર્ચનોસમાવેશ થાય છે.

(3) $C_p$= K (i.w,u) $Y_p$ (પ્રો. ફ્રિડમેનનું વપરાશ વિધેય)

જ્યાં$C_p$ = કાયમી સરેરાશ વાર્ષિક વપરાશ ખર્ચ.

K =કાયમી આવકનો ભાગ જે સપ્રમાણ રીતે વપરાશમાં પરિણમે છે તે.

I = વ્યાજનો દર

W =અમાનવીય સંપત્તિ અને માનવીય સંપત્તિનો ગુણોત્તર (એટલે કે સંપત્તિમાંથી મળતી આવક અને પોતાના પ્રયત્નોથી મળતી આવક વચ્ચેનો ગુણોત્તર)

U =કાયમી આવકની તુલનામાં અલ્પકાલિન વપરાશ માટેની પસંદગી

$Y_p$=કાયમી સરેરાશ વાર્ષિક આવક

આ સમીકરણ કાયમી આવક અને કાયમી વપરાશ વચ્ચેનો સંબંધ વ્યક્ત કરે છે. તેમજ આ બંને વચ્ચેનો ગુણોત્તર કયા કયા પરિબળો પર આધાર રાખે છે તે પણ દર્શાવે છે. આ સમીકરણ મુજબ કાયમી વપરાશ એ વ્યાજનો દર, સંપત્તિમાંથી મળતી આવક અને પોતાના પ્રયત્નોથી મળતી આવક વચ્ચેનો ગુણોત્તર તથા વ્યક્તિની ટૂંકા ગાળાની વપરાશ માટેની પસંદગી અને કાયમી સરેરાશ વાર્ષિક આવકનું વિધેય છે.

કાયમી વપરાશ ખર્ચ ( $C_p$ )ને અસર કરતાં પરિબળોમાંથી u(કાયમી આવકની તુલનામાં અલ્પકાલિન વપરાશ માટેની સમાજની પસંદગી) લાંબા ગાળે બદલાઈ શકે છે. પરંતુ ટૂંકાગાળામાં તેને સ્થિર ધારી લેવામાં આવી છે. સંપત્તિ ઉપર વ્યાજના દરની અસરને જો ધ્યાનમાં ન લેવામાં આવે તો કોઈપણ દેશમાં સંપત્તિ અમૂક નિશ્ચિત દરે બદલાતી હોય છે. વાસ્તવમાં જોઈએ તો વ્યાજના દર કરતાં આવકની સપાટી વ્યક્તિના વપરાશને વધારે અસર કરતું નિર્ણાયક પરિબળ છે. તેવી જ રીતે સંપત્તિજન્ય આવક અને કુશળતા તેમજ સ્વપ્રયત્નને લીધે મળતી આવકના વપરાશ અંગે થયેલાં સંશોધન અભ્યાસો જણાવે છે કે વપરાશી ખર્ચ મહદઅંશે વ્યક્તિની સંપત્તિજન્ય આવક પર આધાર રાખે છે. જે લોકોને કે વ્યક્તિને સંપત્તિમાંથી વધુ આવક પ્રાપ્ત થતી હોય તે વપરાશ પાછળ વધુ ખર્ચ કરે છે અને બચત ઓછી કરે છે. આ બાબત ઉપરના ત્રીજા સમીકરણમાં કાયમી વપરાશનું મહત્ત્વ સ્પષ્ટ કરે છે. જો કે બજારમાં વ્યાજના દરમાં ફેરફાર થાય તો તેની સંપત્તિના મૂલ્ય પર અસર થાય છે. પરંતુ સમગ્ર રીતે સંપત્તિનું પ્રમાણ ખૂબ વધુ હોવાથી વ્યાજના દરમાં જો સામાન્ય ફેરફાર થયો હશે તો તેની અસર ખૂબ નજીવી હશે. આથી કહી શકાય કે કાયમી આવક અને કાયમી વપરાશ વચ્ચેનો સંબંધ સપ્રમાણ અને આગાહી કરી શકાય તેવો હોય છે. આ ઉપરાંત પ્રો.ફ્રિડમેનના મતે રોકડ નાણું વપરાશની વસ્તુ છે. તેથી રોકડ નાણાંની માંગ અને કાયમી આવક વચ્ચે પણ સપ્રમાણ સંબંધ છે.

**<u>પ્રો. મિલ્ટન ફ્રિડમેનના કાયમી આવકના ખ્યાલની ટીકાઓ :</u>**

(1) પ્રો.ફ્રિડમેનની માન્યતા પ્રમાણે કાયમી આવક અને સંક્રાંત આવક તેમજ કાયમી વપરાશ અને અલ્પકાલિન વપરાશ વચ્ચે સહસંબંધનો અભાવ જોવા મળે છે. આ બાબતનો તેઓ કોઈ તાર્કિક આધાર આપી શકયા નથી.

(2) આ સિધ્ધાંત એવું જણાવે છે કે વ્યક્તિની સંક્રાંત આવકમાં થતાં ફેરફારની તેની ચાલુ વપરાશ પર અસર થતી નથી. વાસ્તવમાં જોઈએ તો વ્યક્તિની આવકમાં થતાં અણધાર્યા ફેરફારો વ્યક્તિની કુલ વપરાશમાં પણણ ફેરફાર લાવતાં હોય છે.

(3) આ ખ્યાલ ગૂંચવાળાભર્યો છે અને તેઓ પ્રો.કેઈન્સના વપરાશ વિધેયની પાયાની વિભાવના (વપરાશ ખર્ચ આવક પર આધાર રાખે છે) માં ખાસ સુધારો કરી શક્યા નથી. જેમ પ્રો.કેઈન્સનું વપરાશ વિધેય બધી પરિસ્થિતિમાં લાગુ પડતું નથી. તેમ પ્રો.ફ્રિડમેનનો કાયમી આવકનો ખ્યાલ પણ સર્વસામાન્ય નથી.

(4) આ સિધ્ધાંત એવું જણાવે છે કે ઊંચી આવકવાળા અને નીચી આવકવાળા કુટુંબો પોતાની આવકનું કોઈ નિશ્ચિત પ્રમાણ વપરાશ પાછળ ખર્ચ કરે છે અને બચત કરે છે. આ બાબત સાચી નથી. કારણ કે નીચી આવક ધરાવતા કુટુંબોની કાયમી આવક ગમે તે હોવા છતાં તેણે જીવન નિર્વાહ માટે જરૂરી વપરાશ ખર્ચ કરવો જ પડતો હોય છે. આ વર્ગ તેમની વર્તમાનની તીવ્ર પ્રાથમિક જરૂરિયાતોના

ભોગે બચત કરવા માટે ભાગ્યેજ પ્રેરાતાં હોય છે. આથી ધનિક વર્ગ કરતાં ગરીબ વર્ગની વપરાશવૃત્તિ ઊંચી હોય છે.

(5) પ્રો.ફ્રિડમેનના કાયમી આવકના ખ્યાલની ટીકા કરતાં પ્રો.રોબર્ટ ફેર્બર અને પ્રો.આર. રોડકી જણાવે છે કે કાયમી આવક પણ બદલાતો ખ્યાલ છે. તેમજ ટૂંકોગાળો પણ નિશ્ચિત અને સ્થિર ખ્યાલ નથી. આથી પ્રો.મિલ્ટન ફ્રિડમેને કરેલી રજૂઆત અવાસ્તવિક બની જાય છે.

(6) પ્રો.રોબર્ટસન અને પ્રો.હિક્સના મતે કોઈ પણ સમયે સમાજમાં થતી વપરાશ તેના ભૂતકાળના સમયની આવકને આભારી હોય છે. એટલે કે વર્તમાન વપરાશ એ ભૂતકાળની આવકનું પરિણામ હોય છે. આથી જે સમયે આવક વધે છે તે જ સમયે વપરાશવૃત્તિ વધતી ન હોવાથી આવક અને વપરાશ વચ્ચે ગાળો (lag) રહે છે.

(7) પ્રો.ફ્રિડમેન પછી વપરાશ વિધેય અંગે થયેલાં સંશોધનો દર્શાવે છે કે પ્રો.ફ્રિડમેનના કાયમી આવકના ખ્યાલની પરિકલ્પના એ વપરાશ ખર્ચ અંગેના નિર્ણાયક પરિબળોની શોધમાં ખાસ કોઈ યોગદાન આપ્યું નથી.

(8) પ્રો.ફ્રિડમેને કાયમી આવકની પરિકલ્પનામાં વપરાશ ઉપર અસર કરતાં આવક સિવાયના જે પરિબળો દર્શાવ્યા છે, તેનું માપન ખૂબ મુશ્કેલ છે. તેમજ અસ્થાયી આવકનો ભાગ પણ માપવો મુશ્કેલ છે. આમ, ગૂંચવાળા ભરેલી વ્યાખ્યા અને માપી ન શકાય તેવા પરિબળોને કારણે કાયમી આવકનું વપરાશ વિધેય વ્યાવહારિક રીતે ઉપયોગી બનતું નથી. તે માત્ર એક માનસિક કસરત બની રહે છે તેવી પણ તેની ટીકા કરવામાં આવે છે.

ઉપરોક્ત મર્યાદાઓ હોવા છતાં પ્રો.ફ્રિડમેને આપેલ કાયમી આવકની કલ્પના આવક-વપરાશ સંબંધના વિશ્લેષણમાં એક મહત્ત્વનું સિમાચિન્હ ગણવામાં આવે છે. પ્રો.કેઈન્સના મતે કાયમી આવકની પરિકલ્પનાનો અમુક ભાગ ખરો પુરવાર ન થતો હોવા છતાં પણ તેની રજૂઆત વપરાશ વિધેય અંગેના સંશોધનને નવો આકાર અને દિશા આપે છે. આ સિધ્ધાંત અનુભવમૂલ્ય પરિણામો સાથે બંધ બેસતાઓ હોવાથી તે આધુનિક અર્થશાસ્ત્રમાં ખાસ સ્થાન પ્રાપ્ત કરી શક્યો છે.

**તમારી પ્રગતિ ચકાસો (ચ) :**

(1) કાયમી આવક, ચાલુ આવક અને સંક્રાંત આવકના ખ્યાલો સમજાવો.

(2) કાયમી આવકનું સમીકરણ લખી તેના પદો સમજાવો.

(3) મિલ્ટન ફ્રિડમેનના કાયમી આવકના ખ્યાલનું એક મહત્ત્વ અને એક મોટી મર્યાદા જણાવો.

## 6.12જીવનચક્રની કલ્પના (LifeCycle Hypothesis):

પ્રો.મોડિગ્લિયાની/ પ્રો.બ્રુમબર્ગ અને પ્રો.આલ્બર્ટ એન્ડોનું આજીવન બચત-વપરાશ વિધેય (જીવનપટલલક્ષી સિધ્ધાંત):

જીવનચક્રની કલ્પના (જીવનપટલલક્ષી સિધ્ધાંત)ની રજૂઆત પ્રો.ફ્રેંકો મોડિગ્લિયાની/ પ્રો.બ્રુમબર્ગ અને પ્રો.આલ્બર્ટ એન્ડો જેવા અર્થશાસ્ત્રીઓએ કરી છે. આ અર્થશાસ્ત્રીઓ કાયમી આવક અને વપરાશ વચ્ચેના સ્થિર સંબંધને તેમજ પ્રો.મિલ્ટન ફ્રિડમેનની કાયમી આવકની પરિકલ્પનાનો વિરોધ

*કરવાને બદલે આ ખ્યાલોને સ્વીકારે છે. આ સિધ્ધાંત મુજબ વ્યક્તિની ચાલુ આવક કરતાં તેના સમગ્ર જીવનકાળ દરમિયાનની આવક વપરાશ વિધેય પર વધુ અસર કરે છે. આ રીતે જીવનચક્રની કલ્પના વપરાશ વિધેયને સમગ્ર જીવનકાળ દરમિયાનની આવક સાથે સાંકળે છે. આ માટે તેઓએ સામાન્ય આવકનો ખ્યાલ રજૂ કર્યો છે. જે પ્રો.ફ્રિડમેનની કાયમી આવકના ખ્યાલ સાથે મળતો આવે છે. આમ છતાં તેઓ આવક અને વપરાશ વચ્ચે સપ્રમાણ સંબંધ છે તેમ સ્વીકારતા નથી. તેમના મતે લોકો આવકમાંથી વિવિધ હેતુસર બચત કરે છે તેમજ તેનું પ્રમાણ વધારતા હોય છે. આ સિધ્ધાંત મુજબ વ્યક્તિની આજની બચત એ તેમની ભવિષ્યની વપરાશ માટેનું આયોજન હોય છે. અર્થાત્ વ્યક્તિ જયારે બચત કરે છે ત્યાર તે ભવિષ્યની વપરાશનું આયોજન કરે છે.*

*આ સિધ્ધાંત મુજબ વ્યક્તિ પોતાના સમગ્ર જીવનકાળ દરમિયાન તમામ સ્ત્રોતોમાંથી મળનાર આવકના પ્રવાહને ધ્યાનમાં રાખીને સમગ્ર જીવનકાળ દરમિયાન કુલ વપરાશમાંથી મહત્તમ સંતોષ કે તુષ્ટિગુણ મળે તે રીતે આયોજન કરે છે. આ તુષ્ટિગુણ માત્ર વર્તમાન વપરાશ પર જ આધારિત નથી પરંતુ વ્યક્તિ તેના સમગ્ર જીવનકાળ દરમિયાન જે ઈષ્ટતમ વપરાશ કરી શકે તેના પર આધારિત છે. તેવી જ રીતે આ આજીવન મહત્તમ સંતોષ કે તુષ્ટિગુણનો આધાર પણ માત્ર ચાલુ આવક ઉપર નથી, પરંતુ સમગ્ર જીવનકાળ દરમિયાનની આવક પર હોય છે.*

*આ સિધ્ધાંતમાં કાયમી આવકને બદલે કાયમી સંપત્તિની પરિકલ્પના કરવામાં આવી છે. વ્યક્તિ તેના સમગ્ર જીવનકાળ દરમિયાન વપરાશનું ક્યુ સ્તર મેળવી શકશે, તેનો આધાર ચાલુ આવક અને સંપત્તિજન્ય આવક તેમજ ભાવિ આવકને નિશ્ચિત બનાવવા અને વારસદારોને વર્તમાન સંપત્તિ કરતાં કંઈક વધુ આપી જવાની મહેચ્છાથી જે બચતો કરે છે, તેના તફાવત પર આધારીત છે.*

*આ રીતે આ સિધ્ધાંતના પુરસ્કર્તાઓના માટે વ્યક્તિની સામાન્ય આવક અને તેના વપરાશ વચ્ચે સ્થિર સંબંધ હોય છે. પરંતુ આ સંબંધ સપ્રમાણ હોતો નથી. કારણ કે ભવિષ્યમાં ખાસ કરીને નિવૃત્તિ પછી ઉદ્દભવનારી આવકની અનિશ્ચિતતાને પહોંચી વળવા તેમજ પોતાના વારસદારોને સારી એવી સંપત્તિ આપી જવાની માનવ સહજ ઈચ્છાથી તે બચતો કરે છે.*

*આજીવન વપરાશ વિધેય :*

$$CL = F\frac{Y_t + rA_t + c_1 ton - AL}{L_t}$$

$C_t$ *ચાલુ વપરાશ ખર્ચ*

Yt = *ચાલુ વર્ષની (વર્તમાન) આવક*

Q = *ભૂતકાળની મહત્તમ વપરાશ પાત્ર આવક*

Rat =*વર્તમાન અસ્કયામતોને વ્યાજના દરે વટાવતાં પ્રાપ્ત થનાર આવક*

$C_1$,tom =*આગામી અને તે પછીના આવક પ્રાપ્ત થઈ શકે તેવા સમયગાળા દરમિયાનની આવક*

AL= વારસદારોને વારસામાં આપી જવા માટેની અસ્કયામતો

$L_t$ =બાકીના શેષ જીવનના વર્ષો

આ રીતે આજીવન વપરાશની પરિકલ્પના મુજબ ચાલુ વપરાશને $C_t$ ચાલુ વર્ષની (વર્તમાન) આવક $Y_t$ વર્તમાન અસ્કયામતોને વ્યાજના દરે વટાવતાં પ્રાપ્ત થનાર આવક. $C_1$,tomઆગામી અને તે પછીના આવક પ્રાપ્ત થઈ શકે તેવા સમયગાળા દરમિયાનની આવક). AL વારસદારોને વારસામાં આપી જવા માટેની અસ્કયામતો) અને $L_t$બાકીના શેષ જીવનના વર્ષો) આ મુખ્ય પાંચ પરિબળો અસર કરે છે. પ્રો.કેઈન્સે માત્ર ચાલુ વર્ષની કે વર્તમાન આવક $Y_t$ને જ ધ્યાનમાં લીધી હતી. આ દ્રષ્ટિએ આ સમીકરણ પ્રો.કેઈન્સના વપરાશ વિધેયમાં સુધારો કરે છે તથા મિલ્ટન ફ્રીડમેનના ગૂંચવાળાભર્યા કાયમી આવકના વિધેય કરતાં ઘણું સરળ વિધેય રજૂ કર્યું છે.

**આજીવન વપરાશ વિધેયની ટીકાઓ :**

આ સિધ્ધાંતની નીચે મુજબ ટીકાઓ કરવામાં આવે છે.

(1) આ વિધેય પણ પ્રો. ફ્રિડમેનના વિધેયની જેમ વ્યાવહારિક દ્રષ્ટિએ ઉપયોગી નથી.

(2) ભવિષ્યની જરૂરિયાતો અનુમાનિત હોય છે. જ્યારે વર્તમાનની જરૂરિયાતોની તીવ્રતા ભાવિ બચતો કરતાં પ્રબળ હોય છે.

(3) વ્યક્તિના સમગ્ર જીવનકાળને ધ્યાનમાં રાખીને કુલ તુષ્ટિગુણ મહત્તમ કરવા ઈચ્છે છે તેમ માની લઈએ તો પણ તુષ્ટિગુણ માપી શકાતો નથી. પરિણામે આ સિધ્ધાંત તર્કસંગત બની શકતો નથી.

(4) આ સિધ્ધાંત અનુસાર વપરાશનું આયોજન કરતી વખતે વ્યક્તિની વર્તણૂકને ખૂબ તર્કબદ્ધ અને બુધ્ધિપૂર્વકની હોય છે. જેમ કે લોકો નિવૃત્તિ પછીનું આયોજન અને વારસદારોને સંપત્તિ આપવા માટે યોગ્ય બચતો અને વર્તમાન વપરાશ વચ્ચે સંતુલન કરતાં હોય છે. વાસ્તવમાં ઘણીવખત આવું બનતું નથી.

(5) આજીવન વપરાશ વિધેયના સમીકરણમાં દર્શાવેલાં પરિબળોની ગણતરી કરવી મુશ્કેલ છે.

(6) આ સિધ્ધાંત જ્યારે વ્યક્તિની આવકમાં આકસ્મિક વધારો થતો હોય ત્યારે તેની વપરાશમાં થતાં ફેરફારને સમજાવી શકતો નથી.

(7) જ્યારે વસ્તી વધતી હોય અને ઉત્પાદકતામાં વૃધ્ધિ થતી હોય ત્યારે વપરાશનો સપ્રમાણ સંબંધ વાસ્તવિક આવક વૃધ્ધિના દર સાથે હશે, કાયમી આવક સાથે નહીં.

આ ઉપરાંત ઉત્પાદકતા વધતી હોય ત્યારે વ્યક્તિગત આવકમાં પણ વધારો થતો હોય છે. તેની અસર પણ વપરાશ અને બચતો ઉપર પડતી હોય છે. તે અંગે આ સિધ્ધાંત કશું કહેતો નથી.

આ સિધ્ધાંત વર્તમાન બચતો અને તેથી વર્તમાન વપરાશ ઉપર અપેક્ષિત ભવિષ્યની વપરાશ અને આવકોની અસર પડે છે તે તરફ આપણું ધ્યાન દોરે છે. એ પણ વાસ્તવિક જણાય છે કે વ્યક્તિનું વર્તમાન વપરાશ અંગેનું વર્તન તેની ભાવિ અંગેની ગણતરીઓથી અલગ હોતુ નથી. જો કે આજીવન વપરાશની પરિકલ્પના તાર્કિક લાગતી હોવા છતાં તેના આયોજન વિષેની અભિધારણા વ્યાવહારિક જણાતી નથી.

**તમારી પ્રગતિ ચકાસો**

(1) *જીવન ચક્ર આવકની કલ્પનાનો ખ્યાલ સમજાવો.*
(2) *આજીવન વપરાશ વિધેયનું સમીકરણ લખી તેના પદો સમજાવો.*
(3) *આજીવન વપરાશ વિધેયન માપનમાં રહેલી મુશ્કેલીઓ જણાવો.*

**6.13સારાંશ :**

*વપરાશવૃત્તિ, વપરાશવૃત્તિ પર અસર કરતાં પરિબળો તેમજ આવક સાથે વપરાશ કેટલા પ્રમાણમાં ફેરફાર પામે છે તે અંગેની મુખ્ય ચાર વિચારધારાઓ કે પરિકલ્પનાઓનો અભ્યાસ કર્યો. લાંબા અને ટૂંકાગાળાની વપરાશવૃત્તિમાં જે ફેરફાર જણાય છે તેની સમજૂતી વિવિધ પરિકલ્પનાઓ અનુસાર આપી શકાય છે. વિવિધ સમયની ખાંકડા વિષયક ચકાસણીમાં બધી જ પરિકલ્પનાઓ સાચી ઠરે છે. આથી કઈ પરિકલ્પના વધુ ઉપયોગી કે સાચી છે તે કહેવું મુશ્કેલ છે. દરેક સિધ્ધાંતે વપરાશ વિધેય અંગેના સાહિત્યમાં નોંધપાત્ર ઉમેરો કર્યો છે તેમ જરૂર કહી શકાય.*

**6.14ચાવીરૂપ શબ્દો (Key Words):**

**વપરાશવૃત્તિ** : *વપરાશવૃત્તિ એ આવક અને વપરાશ વચ્ચેનો સંબંધ દર્શાવે છે. આવકનો જે ભાગ વ્યક્તિ વપરાશ પાછળ ખર્ચે તેને તે વ્યક્તિની વપરાશવૃત્તિ કહેવાય છે.*

**સરેરાશ વપરાશવૃત્તિ** : *કોઈ એક ચોક્કસ સમયે કુલ વપરાશ અને કુલ આવક વચ્ચેના ગુણોત્તર* Ratio*ને સરેરાશ વપરાશવૃત્તિ કહેવામાં આવે છે. કુલ વપરાશને કુલ આવક વડે ભાગવાથી સરેરાશ વપરાશવૃત્તિ પ્રાપ્ત થાય છે.*

**સીમાંત વપરાશવૃત્તિ** : *આવકમાં થયેલ ફેરફાર અને તેને પરિણામે કુલ વપરાશમાં થયેલાં ફેરફાર વચ્ચેના ગુણોત્તર* Ratio *ને સીમાંત વપરાશવૃત્તિ કહેવામાં આવે છે. સીમાંત વપરાશવૃત્તિ આવકમાં થતાં ફેરફાર સાથે વપરાશમાં થતો ફેરફાર દર્શાવે છે. વપરાશમાં થતાં ફેરફારને આવકમાં થતાં ફેરફાર વડે ભાગવાથી સીમાંત વપરાશવૃત્તિ પ્રાપ્ત થાય છે.*

**અનુકરણવૃત્તિ / દેખાદેખીની અસર (Demonstration Effects.)** : *ઓછી આવક ધરાવતા વર્ગના લોકો વધુ આવક ધરાવતા લોકોની વપરાશવૃત્તિથી પ્રભાવિત થતાં હોય છે અને તેનું અનુકરણ કરવા પ્રેરાય છે. આથી જ્યારે ઓછી આવકવાળા વર્ગની આવકમાં વધારો થાય છે ત્યારે તેને ધનવાન (વધુ આવક વાળા વર્ગની) વપરાશનું અનુકરણ કરવાની તક પ્રાપ્ત થાય છે. ઓછી આવક વાળો વર્ગ જ્યારે અનુકરણથી આ પ્રકારની વપરાશ કરે છે. તેના માટે અમેરિકન અર્થશાસ્ત્રી પ્રો.જેમ્સ ડ્યુઝેનબેરી* 'DemonstrationEffect' *(નિદર્શન અસર/અનુકરણ અસર / દેખાદેખીની અસર) શબ્દ પ્રયોગ કરે છે.*

| | | |
|---|---|---|
| **ચાલુ આવક** | : | *ચાલુ આવક એટલે અમુક ચોક્કસ સમયગાળા દરમિયાન કે વર્તમાનમાં વ્યક્તિને પ્રાપ્ત થતી આવક. તેને અંકિત આવક તેમજ વર્તમાન આવક તરીકે પણ ઓળખવામાં આવે છે.* |
| **કાયમી આવક** | : | *વ્યક્તિ કે કુટુંબ પોતાંની સંપત્તિમાં ઘટાડો કર્યા વગર તેના સમગ્ર જીવનકાળ દરમિયાન જે કમાણી કરવાની અપેક્ષા રાખતી હોય તેને કાયમી આવક અથવા સરેરાશ અપેક્ષિત આવક કહેવામાં આવે છે. કાયમી આવકએ વ્યક્તિની દીર્ઘદ્રષ્ટિમાં સંદર્ભમાં નક્કી થયેલી લાંબાગાળાની કુલ આવકની વાર્ષિક સરેરાશ છે.* |
| **સંક્રાંત આવક** | : | *:ચાલુ આવક અને કાયમી આવક વચ્ચેના તફાવતને પ્રો.ફ્રિડમેન સંક્રાંત આવક* (TransitoryIncome) *કહે છે.* |

## 6.15તમારી પ્રગતિ ચકાસો

(1) *વપરાશવૃત્તિનો ખ્યાલ સમજાવીને વપરાશ વિધેય લખો.*

(2) *સરેરાશ અને સીમાંત વપરાશવૃત્તિના ખ્યાલો ઉદાહરણ આપી સમજાવો.*

(3) *વપરાશવૃત્તિ નક્કી કરતાં આંતરિક પરિબળો જણાવો.*

(4) *વપરાશવૃત્તિ પર અસર કરતાં બાહ્ય પરિબળો સમજાવો.*

(5) *વપરાશવૃત્તિ વધારવાના ઉપાયો જણાવો.*

(6) *વપરાશવૃત્તિના ખ્યાલની ઉપયોગિતા વિષે ચર્ચા કરો.*

(7) *સંપૂર્ણ આવક અથવા નિરપેક્ષ આવકની પરિકલ્પના સમજાવો.*

(8) *પ્રો.જેમ્સ ડ્યુઝેનબેરીનો (સાપેક્ષ આવકની પરિકલ્પના) સમજાવો.*

(9) *સાપેક્ષ આવકનું સમીકરણ સમજાવો.*

(10) *પ્રો.જેમ્સ ડ્યુઝેનબેરીએ આપેલ સાપેક્ષ આવકની પરિકલ્પનાની મર્યાદાઓ જણાવો.*

(11) *પ્રો. મિલ્ટન ફ્રિડમેનના કાયમી આવકના ખ્યાલ સમજાવો.*

(12) *પ્રો. મિલ્ટન ફ્રિડમેનના કાયમી આવકના ખ્યાલની ટીકાઓની ચર્ચા કરો.*

(13) *આજીવન બચત-વપરાશ વિધેય સમજાવીને તેનું ટીકાત્મક મૂલ્યાંકન કરો.*

### 6.15.1બહુ વૈકલ્પિક પ્રશ્નો

(1)*સરેરાશ વપરાશવૃત્તિ માટે કયું સૂત્ર પ્રયોજવામાં આવે છે ?*

*(અ)* C/Y *(બ)* S/Y

*(ક)* ΔC/ΔY *(ડ)* ΔS/ΔY

(2)*આવકની વહેંચણી સમાન રીતે થયેલ તો વપરાશવૃત્તિ* _____________ *રહે છે.*

*(અ) નીચી* *(બ) ઊંચી*

*(ક) સમાન* *(ડ) અચોક્કસ*

(3)*દેખાદેખીની અસરનો ખ્યાલ કોને રજૂ કર્યો છે ?*

*(અ) પ્રો.મોડિગ્લિયાની (બ) પ્રો. મિલ્ટન ફ્રિડમેન*

(ક) પ્રો.જેમ્સ સ્ટેમ્બલ ડ્યુઝેનબેરી (ડ) પ્રો. જે.એમ. કેઈન્સ

(4)પ્રો.ફ્રિડમેનના મતે લોકો __________ આવકને ધ્યાનમાં રાખીને વપરાશ કરે છે.

(અ) વર્તમાન (બ) ચાલુ

(ક) સંક્રાંત (ડ) કાયમી

(5)નીચેના પૈકી જીવનચક્રની કલ્પના ખ્યાલ સાથે જોડાયેલ અર્થશાસ્ત્રી કોણ છે ?

(એ) પ્રો.મોડિગ્લિયાની (બ) પ્રો.બ્રુમબર્ગ

(ક) પ્રો.આલ્બર્ટ એન્ડો (ડ) આપેલ તમામ

**6.15.2કૌંસમાં આપેલ શબ્દોમાંથી યોગ્ય શબ્દની પસંદગી કરી ખાલીજગ્યા પૂરો.**

(1) ફ્રિડમેનના મતે વપરાશ અને આવક વચ્ચેનો સંબધ ટૂંકા તેમજ લાંબા ગાળામાં------------ રહે છે. (સ્થિર, અસ્થિર, અચોક્કસ)

(2) સરકાર દ્વારા જાહેર ખર્ચમાં વધારો કરવામાં આવે તો વપરાશવૃત્તિ ---------------- છે. (ઘટે, વધે, સ્થિર)

(3) વ્યાજનો દર વધે તો વપરાશવૃત્તિ ---------------- છે. (વધે, સ્થિર, ઘટે)

(4) --------------------થી વપરાશ વૃત્તિમાં વધારો થાય છે. (અનુકરણવૃત્તિ. સંક્રાંત આવક, વારસામાં આપી જવાતી સંપત્તિ )

(5) જીવનચક્રની કલ્પના મુજબ આજીવન સંતોષ કે તુષ્ટિગુણ ------------------------- ની આવક પર આધાર રાખે છે. (વર્તમાન, સમગ્ર જીવનકાળ, ભૂતકાળ )

**6.15.3નીચેના વિધાનો સાચા છે કે ખોટા તે દર્શાવો.**

(1) સંપત્તિમાં ઘટાડો કર્યા વગર તેના સમગ્ર જીવનકાળ દરમિયાન જે કમાણી કરવાની અપેક્ષા રાખતી હોય તેને કાયમી આવક કહેવામાં આવે છે.

(2) પ્રો.ડ્યુઝેનબેરીના મતે વ્યક્તિની ભૂતકાળની મહત્તમ વપરાશપાત્ર આવક પણ તેના વપરાશને અસર કરે છે.

(3) સીમાંત વપરાશવૃત્તિને આધારે મૂડી રોકાણ ગુણક કેટલો છે તે જાણી શકાય છે.

(4) ગરીબો કરતાં ધનવાનોની વપરાશવૃત્તિ વધુ હોય છે.

(5) દેખાદેખીની અસરને કારણે આવક વધવાની સાથે સીમાંત વપરાશવૃત્તિ ઘટવાનું વલણ ધરાવે છે.

## 6.16કેટલુંક ઉપયોગી વાંચન (સંદર્ભસૂચિ)


- Ghosh B.N., Ghosh Rama.(1989) Foundation of Monetary Economics (First Edition), Himalaya Publishing House New Delhi.
- Ghosh B.N., Ghosh Rama. (1993) “Modern Macro Economics Theory and Policy” (First Edition), Himalaya Publishing House: New Delhi

- Rangarajan c., Dholakia B.H., (2001), (Principles of Macro Economics,) Tata McGraw-Hill Publishing Company Ltd New Delhi.
- Jha, R. (2017). "Modern Macroeconomics: Theory and Application." McGraw Hill Education.
- Sankaran, S. (2013), "Macroeconomics: Theory and Applications." 2nd ed. Margham Publications.
- Rao, B. B. (2010), "Macroeconomics for Management Students." Prentice Hall India.
- Kaur, A. (2016). "Macroeconomics: Theory and Policy." PHI Learning.
- Ghosh, J. (2013). "Macroeconomics: A Textbook for Indian Students." Oxford University Press.
- Mukherjee, A. (2015) "Principles of Macroeconomics." Prentice Hall India.
- Singh, N. (2017)," Macroeconomic Theory and Policy." Sage Publications.
- Joshi, V. (2008), "Macroeconomic Theory and Policy: A Critical Overview." Academic Foundation.
- *લાલીવાલા જે.ઈ.* (1983) *"સમષ્ટિલક્ષી અર્થશાસ્ત્ર અને નાણાકીય સિધ્ધાંત" સુધીર પ્રકાશન. અમદાવાદ.*


- **બહુ વૈકલ્પિક પ્રશ્નો**

(1) C/Y (2)*ઊંચી* (3)*ડ્યુઝનબેરી* (4)*કાયમી* (5)*આપેલા તમામ*

- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**(અ) ખાલી જગ્યાઓ**

(1)*સ્થિર* (2)*વધે* (3)*ઘટે* (4)*અનુકરણવૃત્તિ* (5)*સમગ્ર જીવનકાળ*

**(બ) ખરા-ખોટા જણાવો.**

(1)*ખરું* (2)*ખરું* (3)*ખરું* (4) *ખોટું* (5)*ખોટું*

**એકમ - 7**

# બચત અને રોકાણ

**- : રૂપરેખા : -**

**7.0 ઉદ્દેશો**

**7.1 પ્રસ્તાવના**

**7.2 બચત અને રોકાણ અંગેનો પ્રશિષ્ટ ખ્યાલ**

**7.3 બચત અને રોકાણ અંગેના પ્રશિષ્ટ ખ્યાલની સમીક્ષા**

**7.4 બચત અને રોકાણ અંગે કેઈન્સના વિચારો**

**7.5 કેઈન્સનુ રોકાણ વિધેય**

**7.6 રોકાણને અસર કરતાં પરિબળો**

**7.7 સારાંશ**

**7.8 ચાવીરૂપ શબ્દો**

**7.9 તમારી પ્રગતિ ચકાસો**

- **સંદર્ભ સૂચી**
- **તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

## 7.0ઉદ્દેશો

*આ એકમના અભ્યાસકર્યા પછી તમે...*

- *બચત અને રોકાણ અંગેનો પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના ખ્યાલ વિશે જાણશે.*
- *બચત અને રોકાણ અંગે કેઈન્સના વિચારો અંગે જ્ઞાન મેળવશો.*
- *કેઈન્સના રોકાણ વિધેય વિશે ખ્યાલ મેળવશો.*
- *રોકાણને અસર કરતાં પરિબળોનો ખ્યાલ વિશે જાણશો.*
- *મૂડીની સીમાંત કાર્યક્ષમતા વિશે જાણશો*

## 7.1 પ્રસ્તાવના

*અર્થતંત્રમાં શ્રદ્ધા ધરાવતી અર્થશાસ્ત્રની શાખા પ્રશિષ્ટ અર્થશાસ્ત્રનો પ્રારંભ* 1776*માં ઍડમ સ્મિથે 'એન ઈન્કવાયરી ઈન-ટુ ધ નેચર ઍન્ડ કૉઝિઝ ઑફ વેલ્થ ઑફ નેશન્સ' નામના પુસ્તક થી થયો છે. આ પુસ્તકમાં ચીજવસ્તુઓ, સેવાઓ વગેરેનાં ઉત્પાદન, વહેંચણી, વિનિમય અંગેના આર્થિક સિદ્ધાંતો આપવામાં આવ્યા હતા. આ પુસ્તક પાંચ વિભાગમાં વહેંચાયેલું છે. મૂલ્યના સિદ્ધાંતો, ઉત્પાદન અને વહેંચણીના સિદ્ધાંતો, શ્રમ કે મજૂરી અંગેના વિશ્લેષણો, વાણિજ્યવાદના સિદ્ધાંતો, નીતિની ચર્ચા અને જાહેર વિત્ત વ્યવસ્થા (*public Finance*) વિશેની ચર્ચા છે.*

*ઍડમ સ્મિથ પછી ઈંગ્લૅન્ડ અને યુરોપમાં ઘણા લેખકોએ સ્મિથના પુસ્તકમાં અપાયેલા સિદ્ધાંતો અને વિશ્લેષણની ઘણી વિસ્તૃત અને વિશદ ચર્ચા કરી છે. આ બધા લેખકોને પ્રશિષ્ટ અર્થશાસ્ત્રના*

*પક્ષકારો ગણાવી શકાય.* 1750*થી* 1870 *સુધીના તેમના સમયને પ્રશિષ્ટ અર્થશાસ્ત્રનો સમય ગણાવી શકાય.*

*આ સમય દરમિયાન ઍડમ સ્મિથથી જુદા વિચારો અને સિદ્ધાંતો આપનારા લેખકોમાં ડેવિડ રિકાર્ડો મુખ્ય છે. તેમણે* 1817*માં 'પ્રિન્સિપલ્સ ઑફ પોલિટિકલ ઈકોનોમી ઍન્ડ ટૅક્સેશન' નામનું પુસ્તક લખ્યું. તેમાં તેમણે દર્શાવ્યું કે નફાનો દર અને તેને પરિણામે થતા મૂડી-સંચય(*capital Accumulation*)નો આધાર કૃષિક્ષેત્રમાં થતા ઉત્પાદનના સીમાન્ત ખર્ચ પર રહે છે. રિકાર્ડોના આ વિચારો પર જૉન સ્ટુઅર્ટ મિલ, જોન ઈલિયટ કેઈન્સે વિસ્તૃત લખાણો આપ્યા તે રીતે* 1750*થી* 1870 *સુધીના સમયને 'પ્રશિષ્ટ અર્થશાસ્ત્ર'ના વિકાસનો સમય કહી શકાય.કાર્લ માર્ક્સની દૃષ્ટિએ 'પ્રશિષ્ટ અર્થશાસ્ત્ર'ની શરૂઆત સત્તરમી સદીમાં 'પેટી'નાં લખાણોથી થઈ અને તેની પૂર્ણાહુતિ રિકાર્ડોનાં લખાણોથી થઈ; એટલે તેની દૃષ્ટિએ* 1701*થી*1820 *સુધીના સમયનાં લખાણો 'પ્રશિષ્ટ અર્થશાસ્ત્ર' છે, જ્યારે જે. એમ. કેઈન્સના મંતવ્ય પ્રમાણે પ્રશિષ્ટ અર્થશાસ્ત્ર'ની શરૂઆત રિકાર્ડોથી થઈ અને તેની પૂર્ણાહુતિ પ્રો. પિગુનાં લખાણોથી એટલે કેઈન્સની દૃષ્ટિએ 'પ્રશિષ્ટ અર્થશાસ્ત્ર'નાં લખાણોનો સમય* 1820*થી* 1920 *સુધીનો છે. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રનો સમય* 1701*થી* 1920 *ગણીને, તે સમયમાં ઘણા લેખકોએ અર્થશાસ્ત્ર અંગેના જે સિદ્ધાંતો અને વિશ્લેષણો આપ્યાં તેને 'પ્રશિષ્ટ અર્થશાસ્ત્ર' કહી શકાય. માલ્થસનો જનસંખ્યાનો સિદ્ધાંત, આર્થિક વિકાસના પ્રારંભિક સિદ્ધાંતો વગેરેને 'પ્રશિષ્ટ અર્થશાસ્ત્ર'માં ગણાવે છે. નાણાબજારમાં બચતનો પુરવઠો અને મૂડીરોકાણ માટેની માંગ વ્યાજના દર વડે સરખાં થાય અને શ્રમ કે શ્રમબજારમાં શ્રમની માંગ અને પુરવઠો રોજીના દર દ્વારા સરખાં થઈ રહે. આથી જ પ્રશિષ્ટ લેખકો માનતા કે કોઈ પણ દેશમાં રોજગારી વધારવી હોય તો મજૂરોએ ઓછી રોજીના દરે કામ કરવું પડે અથવા તો મજૂરોની માંગ વધારવા માટે મૂડીરોકાણ અને ઉત્પાદન વધારવાં જોઈએ.*

*કેઈન્સે એવી રજૂઆત કરી કે રોકાણ જ આર્થિક પ્રવૃત્તિની સપાટીને નિર્ણીત કરનારું મુખ્ય પરિબળ છે. જ્યારે અપેક્ષિત નફા દ્વારા પ્રેરિત ખાનગી રોકાણ અપર્યાપ્ત સાબિત થાય ત્યારે સરકાર જાહેર રોકાણમાં વૃદ્ધિ કરીને જ ચીજવસ્તુઓ અને સેવાઓની માંગ પર સીધી રીતે અસર કરી શકે છે. બીજું, જાહેર રોકાણ ખાનગી રોકાણ પર વિપરીત અસર પાડશે નહિ, બલકે તે ખાનગી રોકાણને પ્રોત્સાહિત કરશે. જાહેર રોકાણથી જે આવકો અને તેના ફલસ્વરૂપે જે ઉપભોગખર્ચ વધશે તે ખાનગી રોકાણને નવું બળ પૂરું પાડશે. જાહેર રોકાણની તુલનામાં સમગ્ર માગની વૃદ્ધિ અનેકગણી હોય છે અને બંને વચ્ચેના આ સંબંધને કેઈન્સે ગુણક (*multiplier*)ના ખ્યાલ વડે રજૂ કરેલ છે.*

## 7.2 બચત અને રોકાણ અંગેનો પ્રશિષ્ટ ખ્યાલ

*બચતએ વ્યક્તિની આવકમાંથી તેના વપરાશ પાછળના ખર્ચને બાદ કર્યા પછી બાકી રહેતી આવક. ટૂંકમાં, વ્યક્તિની કે કુટુંબની બચત = આવક-ખર્ચ. માણસને પોતાના વ્યવસાયમાંથી આવક થાય છે. આ ઉપરાંત જમીન કે મકાનમાંથી તેને ભાડું મળે છે, લોન કે થાપણ પર એ વ્યાજ મેળવે છે. શેરમાં રોકાણ કર્યું હોય તો તેને ડિવિડંડ મળે છે. સ્વતંત્ર વ્યવસાય કરતો હોય તો એ નફો પણ મેળવે છે. વળી ક્યારેક સરકાર તરફથી એને નાણાકીય સહાય પણ પ્રાપ્ત થતી હોય છે.આમ, માણસને અનેક સ્ત્રોતોમાંથી આવક મળે છે.*

*આ આવકમાંથી પ્રથમ તો તે પોતાની ને પોતાના કુટુંબની જરૂરિયાતો સંતોષવા માટે ખર્ચ કરે છે. મૂળભૂત જરૂરિયાતો, સુખસગવડ અને મોજમઝા - આ ત્રણ પ્રકારની જરૂરિયાતો માટે તે નાણાં વાપરે*

*છે. સામાજિક રીતરિવાજ અનુસાર આવતા પ્રસંગે તેને ખર્ચ કરવો પડે છે. વટ પાડવા, બીજાથી પોતે કમ નથી તે દર્શાવવા, પોતાની સમૃદ્ધિનું પ્રદર્શન કરવા - ખર્ચ કરવા પણ તે પ્રેરાય છે. આ સર્વ વપરાશ પાછળનો કે ઉપભોગ પાછળનો ખર્ચ કહી શકાય.*

*બચત નક્કી કરનારાં પરિબળો વ્યક્તિ દ્વારા કરવામાં આવતી બચતનો આધાર બે બાબતો પર છે :* 1.*વ્યક્તિની આવક.* 2. *તેની બચતવૃત્તિ. આવક વધે છે ત્યારે માણસ વધુ બચત કરી શકે છે. આ તો સામાન્ય અનુભવની વાત છે. તે જ રીતે ઓછી આવક ધરાવનાર માણસ કરતાં વધુ કમાણી કરનાર વધારે રકમ બચાવતો હશે. ચોકસાઈ ખાતર અહીં ઉમેરી લેવું જોઈએ કે આવકનો અર્થ સરકારને આવકવેરા જેવા પ્રત્યક્ષ કર ચૂકવ્યા પછી માણસના હાથમાં બાકી રહેતી કર શેષ આવક* (disposable na income)*એવો અહીં થાય છે. નાણાકીય આવક નહિ, પણ તેની ખરીદશક્તિ, વાસ્તવિક આવક બચત માટેનું એક નિર્ણાયક પરિબળ છે.*

*બચતવૃત્તિ એ બચત કરાવનાર બીજું પરિબળ છે. આવેલી આવકમાંથી માણસ કેટલી બચત કરે છે તે પરથી તેની બચતવૃત્તિ નક્કી થાય છે. સમાન આવક ધરાવનાર બે માણસોની બચત હંમેશાં સમાન હોતી નથી. એક કરકસરિયો જીવ હશે તો તે વધુ બચત કરશે ને બીજો આનંદપ્રમોદ કરવામાં માનતો હશે તો તે નહિવત્ બચત ધરાવતો હશે. એકની બચતવૃત્તિ બીજાની બચતવૃત્તિ કરતાં વધુ છે. આવકનું પરિબળ સ્થિર હોય ત્યારે તેમાંથી માણસ કેટલી બચત કરે છે એ પરથી તેની બચતવૃત્તિનું માપ નીકળે છે*

*અહી સુધી વ્યક્તિની આવક અને બચત વિશે વિચાર કર્યો. આધુનિક અર્થતંત્રમાં વ્યક્તિ ઉપરાંત બીજા પણ બે આર્થિક એકમો છે. કંપની કે કોર્પોરેશન તેમાંનો એક છે. તે પોતાની આર્થિક પ્રવૃત્તિમાંથી આવક કમાય છે, ખરીદેલાં ને પોતાનાં સાધનોની કિંમત ચૂકવે છે. યંત્ર વગેરેના ઘસારાની જોગવાઈ કરે છે.સરકારને કર ચૂકવે છે ને શેરહોલ્ડરોને ડિવિડંડ ચૂકવે છે. આ ખર્ચ કર્યા પછી તેની પાસે બચત રહે છે. તેને કોર્પોરેટ બચત કહેવામાં આવે છે. બીજો આર્થિક એકમ છે સરકાર. તે કરની જાહેર સાહસોના નફામાંથી આવક મેળવે છે. રક્ષણ, કાયદો ને વ્યવસ્થા, પાછલા દેવા પર ચૂકવવાનું થતું હોય તે વ્યાજ શિક્ષણ જાહેર સુખાકારી, કલ્યાણલક્ષી પ્રવૃત્તિ – આ સર્વ પાછળના ચાલુ ખર્ચ માટેની જોગવાઈ તે કરે છે. ત્યારબાદ તેના હાથમાં રહેતી રકમને સરકારી કે રાજ્યની બચત કહેવામાં આવે છે. બચતના આમ ત્રણ સ્રોત છે : વ્યક્તિ, કંપની અને સરકાર. ભારત જેવા દેશોમાં વ્યક્તિઓની બચતોનું પ્રમાણ દેશની કુલ બચતોમાં વધારે હોય છે. વિકાસશીલ દેશોમાં બચતોનું મહત્વજોઈએ તો બચતને કારણે મૂડીસર્જન શક્ય બને છે. ને આ મૂડી ભવિષ્યમાં આવકના પ્રવાહને જન્મ આપે છે. તે વિકસિત દેશોમાં આવકવૃદ્ધિ* (growth)*ને અને વિકાસશીલ દેશોમાં આર્થિક વિકાસને પ્રેરે છે. વિકાસશીલ દેશમાં શ્રમશક્તિ વિપુલ પ્રમાણમાં હોય છે ને જનસંખ્યાની વૃદ્ધિ સાથે તે વધે પણ છે; પરંતુ તેને ઉત્પાદનકાર્યમાં મદદ કરી શકે તેવાં માનવસર્જિત સાધનોનો અભાવ હોય છે. આવાં સાધનોને મૂડી કહેવામાં આવે છે ને તેમાં ખેતી-ઉદ્યોગ જેવા અર્થતંત્રમાં વપરાતાં સાધનો, ઓજારો, યંત્રો, કાચો માલ, શિક્ષણ ને તબીબી સારવાર - સૌનો સમાવેશ થાય છે. ભૌતિક ને માનવીય મૂડી વધુ પ્રમાણમાં શ્રમિકને આપવામાં આવે ને શ્રમ-મૂડીની ઉત્પાદકતા વધારવામાં આવે તો આ દેશોની આવક સુધરે ને દરિદ્રતા દૂર થાય. મૂડી, સાધનોનું ચીજ ને સેવામાં રૂપાંતર કરવાનું જ્ઞાન અને કુદરત પાસેથી ઓછી મહેનતે વધુ ફળ પ્રાપ્ત કરવાની માણસની દૃઢ ઈચ્છા - આ ત્રણને લૂઈસે આર્થિક વિકાસનાં કારણો ગણાયા છે.*

આ દૃષ્ટિએ મૂડીનિર્માણનું કાર્ય મહત્ત્વનું બને છે. અર્થતંત્રમાં પ્રવર્તમાન રાષ્ટ્રીય આવકમાંથી વધુ પ્રમાણમાં બચત થાય, વિત્તીય સંસ્થાઓના વિકાસ દ્વારા આ બચતનો સંચય થાય અને મૂડીનાં સાધનો પેદા કરવા માટે યોગ્ય રીતે તેનું રોકાણ થાય- આ ત્રણ પગલાં મૂડીનિર્માણ માટે જરૂરી છે. પરદેશની બચત દેશના આંતરિક પ્રયત્નની પૂર્તિ કરી શકે. બચતને કારણે મૂડીસર્જન ને આવકવૃદ્ધિ આમ શક્ય બને છે.1950 પછીના સમયગાળામાં ભારતમાં થતી બચતોમાં ગણનાપાત્ર વધારો થયો છે. 1950-51માં ભારતમાં એકંદરે આંતરિક ઉત્પાદનના (ચાલુ ભાવે) 10.4%જેટલી બચત થતી હતી; કૌટુંબિક ક્ષેત્ર 7.7%,ખાનગી કોર્પોરેટ ક્ષેત્ર 1.0 %ને જાહેર ક્ષેત્ર 1.8 %બચત કરતાં હતાં. 1994-95માં અનુક્રમે આ ક્ષેત્રોની બચત 18.9% 3.8%અને 1.7%હતી. એકંદર આંતરિક બચત 24.4%થતી હતી. લગભગ 77 %બચત કૌટુંબિક ક્ષેત્રમાં થાય છે.

બચત વધારવાના માર્ગ રાષ્ટ્રમાં પ્રવર્તમાન આવકમાંથી કૌટુંબિક બચતો વધારવાનો એક માર્ગ આવકોને વધુ ઊંચી ઉપભોગવૃત્તિ ધરાવતા વર્ગના હાથમાંથી લઈને ઓછી ઉપભોગવૃત્તિ ધરાવતા વર્ગના હાથમાં મૂકવાનો છે. આજના વિકસિત દેશોમાં આરંભના વિકાસના તબક્કે આમ બન્યું હતું એવી એક સિદ્ધાંત-કલ્પના છે. ખૂબ પરિશ્રમ કરવામાં, આવકને બચાવવામાં ને બચતને વધુમાં વધુ ફળ આપે તેવા ક્ષેત્રમાં રોકવામાં માનનાર મૂડીપતિવર્ગ આગળ આવ્યો હતો. આ વલણોને ધરાવેતેવી પ્રોટેસ્ટંટ (કાલ્વિનવાદી) નીતિભાવના તે ધરાવતો હતો. એના હાથમાં રાષ્ટ્રની ગણનાપાત્ર આવક ગઈ ને તેમાંથી મોટા ભાગની રકમ તેણે બચાવી. એક વખતના સોવિયેટ રશિયામાં સરકારે 'ટર્ન ઓવર' કરની મદદથી આવક વાળી તેમાંથી બચત-રોકાણનું પ્રમાણ વધાર્યું હતું. રાજ્યે મૂડીપતિવર્ગની ગરજ સારી હતી.કુટુંબો વ્યાપક ધોરણે આપેલ આવકમાંથી વધુ બચત કરે એવી નીતિ પણ વિકલ્પમાં છે. બચતવૃત્તિ બદલવાનો આ પ્રશ્ન છે. બચતવૃત્તિ વધારવાનું અલ્પ રાષ્ટ્રીય આવક ધરાવતા દેશનાં તમામ કુટુંબો માટે શક્ય ન હોય ત્યારે દેશ ને કુટુંબ આવકની વૃદ્ધિ થાય તેનો મોટો ને વધુમાં વધુ ભાગ બચાવે એવો પ્રયત્ન થઈ શકે. વર્તમાન વપરાશ પર કાપ મૂક્યા વિના, તેની વૃદ્ધિ પર અંકુશ રાખીને બચતવૃત્તિ વધારી શકાય.વિત્તીય સંસ્થાઓનો વિસ્તાર, ઊંચા વ્યાજના દરનું પ્રોત્સાહન, ગ્રાહકની રુચિને અનુરૂપ બચત કરવાના વિવિધ વિકલ્પ - આ સર્વ દ્વારા કુટુંબોને વધુ બચત કરવા પ્રેરી શકાય. સરકાર રાષ્ટ્રીય આવક વધે ત્યારે પોતાને કરની આવક વધુ પ્રમાણમાં મળે તેવી આવક સાપેક્ષ કરપદ્ધતિની રચના કરી રોકાણ માટે નાણાકીય સાધનો મેળવી શકે.

કેઈન્સની વિચારક્રાંતિનાં ત્રણ મુખ્ય પાસાં (1)રોજગારીનો સિદ્ધાંત, (2)વ્યાજનો સિદ્ધાંત, તથા (3)વેતનનો સિદ્ધાંત. કેઈન્સે એવું પ્રતિપાદિત કર્યું કે રોજગારી માગની સપાટી પર અવલંબે છે અને તેના બે મુખ્ય ઘટકો ઉપભોગવૃત્તિ (propensitytoconsume) અને મૂડીરોકાણ (investment) છે. વિકસિત દેશોમાં જ્યારે અર્થતંત્રમાં પૂર્ણ રોજગારી પ્રવર્તમાન હોય ત્યારે લોકો બચત કરતા હોય તે રોકાણ કરતાં વિશેષ હોય છે. આ પરિસ્થિતિમાં પૂર્ણ રોજગારી ટકાવવા માટે આવશ્યક કરતાં ખરેખરી કુલ માગ અપૂરતી સાબિત થાય છે. આ કારણે જ મંદી અને બેકારી સર્જાતી હોય છે અને નીચી આવક તથા અપૂર્ણ રોજગારીની સપાટીએ જ્યારે બચતો તથા રોકાણ સરખાં બની રહે ત્યારે નવી સમતુલા સ્થપાતી હોય છે.

જે. એમ. કેઈન્સના નામ સાથે સંકળાયેલ આર્થિક સિદ્ધાંતોનો સમૂહ મહામંદી જેવી વિશિષ્ટ પરિસ્થિતિમાં રાજ્યે કેવી આર્થિક નીતિનું અવલંબન કરવું જોઈએ તેનું વિશ્લેષણ કરે છે. લૉર્ડ જે.એમ. કેઈન્સે "ધ જનરલ થિયરી ઑફ ઍમ્પ્લૉયમૅન્ટ ઈન્ટરેસ્ટ ઍન્ડ મની" એ ગ્રંથ દ્વારા વિશ્વની આર્થિક વિચારધારામાં એક ક્રાંતિ સર્જી અને તેથી જ તેમના વિચારોને નવ્ય અર્થશાસ્ત્ર તરીકે નવાજવામાં આવે

*છે. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ મુક્ત સાહસમાં માનતા હતા. તેમનું મંતવ્ય એ હતું કે સમય અને કુદરત આપોઆપ લાંબે ગાળે સમૃદ્ધિને પુનઃસ્થાપિત કરી શકે છે; તે માટે સરકારના હસ્તક્ષેપની જરૂર નથી. તેમની માન્યતા પ્રમાણે જો બધા સ્પર્ધાત્મક બજારની શિસ્ત સ્વીકારે તો કોઈ પણ પ્રકારની મંદીમાંથી ત્વરિત સુધારણા તેમજ સમૃદ્ધિ અને ઊંચા વેતનદરો પુનઃસ્થાપિત કરવાનું શક્ય હોય છે. ફ્રેન્ચ અર્થશાસ્ત્રી જે. બી. સેના નિયમને આધારે અર્થતંત્રમાં પૂર્ણ રોજગારી આપોઆપ સ્થપાતી હોય છે. તેવી વિચારધારા પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ ધરાવતા હતા.*

1929*ની વિશ્વવ્યાપી મહામંદીનો અનુભવ ઉપર દર્શાવેલી માન્યતાઓથી વિરુદ્ધ જતો હતો. કેઈન્સે ઉપર દર્શાવેલ તેમના ગ્રંથમાં પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓની આ માન્યતાઓને જબરદસ્ત આંચકો આપ્યો. કેઈન્સ તેમના રોજગારીના સિદ્ધાંતોને અર્થહીન ઠરાવ્યા. તેમણે કહ્યું કે અપૂરતી માગને કારણે જ મંદી તથા બેકારી તથા સસ્તા નાણાની નીતિ કારગત નીવડતી હોતી નથી. મંદી તથા બેકારી નિવારવા માટે રાજકોષીય નીતિ જ ઉપયોગી સાધન બની શકે છે એમ તેમણે પ્રતિપાદન કર્યું. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીએ એવી માન્યતા ધરાવતા હતા કે જ્યારે રોકાણવૃત્તિ કરતાં બચત વધારે હોય ત્યારે વ્યાજનો દર ઘટવા લાગે છે અને વ્યાજનો નીચો દર મૂડીરોકાણને ઉત્તેજિત કરે છે. કેઈન્સે એવી વિચારધારા રજૂ કરી કે વ્યાજનો દર તો સમાજની રોકડનાણાની જરૂરિયાત તથા બેંકો દ્વારા રોકડનાણાના પુરવઠાની આંતરક્રિયા વડે નિણર્ણીત થાય છે. કેઈન્સે એવી દલીલ કરી હતી કે બચત વૃદ્ધિ થઈ હોય તોપણ જ્યાં સુધી રોકડનાણાની માગ કરતાં પુરવઠો વધે નહિ ત્યાં સુધી વ્યાજનો દર ઘટવા પામતો નથી. આવી પરિસ્થિતિમાં બચત અને રોકાણ વચ્ચે સમતુલા વ્યાજના દરના ઘટાડા દ્વારા નહિ, પરંતુ રોજગારી આવક તથા આર્થિક પ્રવૃત્તિના ઘટાડા દ્વારા જ સ્થપાય છે. અમુક અંશે મધ્યસ્થ* (Apex)*બેંક રોકડનાણામાં વૃદ્ધિ કરી વ્યાજના દરના ઘટાડા દ્વારા રોકાણને ઉત્તેજિત કરી શકે; પરંતુ મધ્યસ્થ બેંકની વ્યાજના દરને ઘટાડવાની શક્તિ સીમિત હોય છે. વળી, બહુ નીચા વ્યાજના દરે તો તરલતાની પસંદગી સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ બની જતી હોય છે. બીજું, મંદીના સમયમાં જો નફાકારક રોકાણની અપેક્ષા જ ન હોય તો વ્યાજનો દર ઘટાડવામાં આવે તોપણ રોકાણને ઉત્તેજિત કરી શકાશે નહિ. આ સમયે ખાધપૂરક અંદાજપત્ર એકમાત્ર અસરકારક ઉપાય સાબિત થાય છે.*

## 7.3બચત અને રોકાણ અંગેના પ્રશિષ્ટ ખ્યાલની સમીક્ષા

*પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ અને કેઈન્સન વિચારોમાં તફાવત એ છે કે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ વ્યાજનો દર બજારની પ્રક્રિયા દ્વારા સ્વયં ઘટે છે તેવી માન્યતા ધરાવતા હતા. જ્યારે કેઈન્સના સિદ્ધાંતમાં તે નાણાકીય નીતિ વડે ઘટી શકે છે તેવી માન્યતા વ્યક્ત થયેલ છે. બીજું, પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ નીચો વ્યાજનો દર રોકાણને ઉત્તેજિત કરશે તેવી માન્યતા સેવતા હતા, જ્યારે કેઈન્સ વ્યાજનો દર રોકાણ પર સાનુકૂળ અસર પાડશે તેવો વિશ્વાસ ધરાવતા ન હતા. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ પોતાના વેતનના દરના સિદ્ધાંતમાં વેતનના ફેરફારી વડે શ્રમની માગ તથા પુરવઠા વચ્ચે સમતુલા સ્થાપી શકાય છે તેવી માન્યતા સેવતા હતા. તેઓ માનતા હતા કે બેકારીના સમયમાં જો મજૂરસંઘો વેતનકાપને અવરોધે નહિ તો વેતનકાપ દ્વારા આપોઆપ પૂર્ણ રોજગારી સ્થપાઈ જાય. કેઈન્સ એવી માન્યતા ધરાવતા હતા કે જ્યારે ઉપભોગવૃત્તિ અને મૂડીરોકાણ ઓછાં હોય ત્યારે વેતનકાપની અપેક્ષિત અસર પડશે નહિ. સામાન્યતઃ વેતનકાપની સાથે સાથે ચીજવસ્તુઓના ભાવો પણ ઘટશે અને વ્યાપારી રોકાણ માટે કોઈ પ્રોત્સાહન રહેશે નહિ. કેઈન્સ તો દ્રઢપણે માનતા હતા કે વેતન ઘટાડવાથી રોજગારી વધી શકશે નહિ. જો ઉત્પાદકો ચીજવસ્તુઓ વેચી શકે તેમ ન હોય તો તેઓ વસ્તુઓ ઉત્પન્ન કરવા માટે પ્રેરાશે જ નહિ અને તેથી વેતન*

ગમે તેટલાં નીચાં લઈ જવામાં આવે તો પણ શ્રમજીવીઓને રોજગારી, આપી શકાશે નહિ. મંદીના સમયમાં વેતનકાપની નહિ પરંતુ ક્ષતિનિવારક રાજકોષીય નીતિ જ સચોટ ઉપાય છે એમ કેઈન્સવાદનું મુખ્ય પ્રતિપાદન છે

બચત અને રોકાણ વચ્ચે સમાનતાની નોંધ લેનાર કેઈન્સ પ્રથમ વ્યક્તિ ન હતા. ક્લાસિકલ અર્થશાસ્ત્રીઓએ પણ બચત અને રોકાણ એકબીજાની સમાન હોવાની વાત કરી હતી. જો કે, ક્લાસિકલ અને કેઈન્સ વચ્ચે મહત્ત્વપૂર્ણ તફાવતો છે. સૌપ્રથમ ક્લાસિકલ માનતા હતા કે બચત અને રોકાણ સમાન છે. આ બંને દરખાસ્તો કેઈન્સ દ્વારા વિરોધાભાસી છે. તેમનો અભિપ્રાય હતો કે બચત અને રોકાણ વચ્ચેની સમાનતા વ્યાજના દરથી નહીં, પરંતુ આવક દ્વારા લાવવામાં આવે છે. જ્યારે રોકાણ બચત કરતાં વધી જાય છે. ત્યારે રોકાણમાં વધારે. (ગુણાકાર દ્વારા) સમુદાયની કુલ આવકને આવા સ્તરે વધારવી જોઈએ. કે વધેલી આવકમાંથી વધેલી બચત એ વધેલા રોકાણ સમાન છે. આમ, આવક એ એક પદ્ધતિ છે જેના દ્વારા બચત અને રોકાણ વચ્ચે સમાનતા સ્થાપિત થાય છે. આગળ કેઈન્સની નવીનતા, બચત અને રોકાણની સમાનતા માટેનો અભિગમ એ હકીકતમાં નથી કે તેઓ સમાન છે પરંતુ તેઓ સમાન છે અને સંપૂર્ણ રોજગાર (જેને રોજગાર સંતુલન હેઠળ લોકપ્રિય કહેવાય છે) કરતાં ઓછા સમયે સમાન હોઈ શકે છે. બચત અને રોકાણ વચ્ચેની હિસાબી સમાનતાને તાર્કિક ઓળખ પણ કહેવાય છે. જેમ કિંમત માંગ અને પુરવઠા દ્વારા નક્કી કરવામાં આવે છે. તેથી દરેક કિંમતે, કુલ વેચાણની રકમ ખરીદેલી કુલ રકમ જેટલી હોય છે. આ એ હકીકતને કારણે થાય છે કે દરેક વ્યવહારમાં બે પાસાઓ હોય છે (આવક અને ખર્ચ પર ખરીદ અને વેચાણ). તે જ રીતે સમુદાયમાં કુલ બચત હંમેશા આવકના દરેક સ્તરે કુલ રોકાણ સમાન હોય છે. બચત અને રોકાણની આ ઓળખ આવકના તમામ સ્તરો પર સાચી છે, તે હકીકતને ધ્યાનમાં લીધા વગર બચતકારો અને રોકાણકારો બે અલગ-અલગ લોકોના સમૂહ છે. કોઈપણ સમયે શ્રમ રોજગાર ચોક્કસ માત્રામાં રાષ્ટ્રીય ઉત્પાદનમાં પરિણમે છે. જે બદલામાં, રાષ્ટ્રીય આવકની રચનામાં પરિણમે છે.આ રાષ્ટ્રીય ઉત્પાદનમાં (i)વપરાશનો માલ(ii)રોકાણ માલ(OC+ I)નો સમાવેશ થાય છે. એ જ રીતે રાષ્ટ્રીય આવકને વપરાશ ખર્ચ અને બચત (Y-C+S)વચ્ચે વહેંચવામાં આવે છે. પરંતુ આપણે જાણીએ છીએ કે વ્યાખ્યા દ્વારા O-Yતેથી, C+I-C+S અથવાI-S. બચત અને રોકાણ વચ્ચેની આ સમાનતા બીજી રીતે પણ વ્યક્ત કરી શકાય છે. જો કે, વર્તમાન આવક પર નિર્ભર રહીને અને વર્તમાન આવક અને વર્તમાન ખર્ચ (એટલે કે, S-Y-C)વચ્ચેનો તફાવત હોવાને કારણે જો આપણે કેઈન્સ દ્વારા આપવામાં આવેલી બચત અને રોકાણની વ્યાખ્યાને વળગી રહીએ તો તે અમારા વિશ્લેષણને કોઈ નુકસાન પહોંચાડશે નહીં. કેઈન્સનીવ્યાખ્યા વધુ સારી માનવામાં આવે છે કારણ કે તે સરળ છે અને સામાન્ય સમજને આકર્ષે છે. તે રાષ્ટ્રીય આવક પૃથ્થકરણ માટે ઉપયોગી છે. કારણ કે રાષ્ટ્રીય આવક ખાતાઓમાં તે જરૂરી છે કે તમામ ચલ સમાન સમયગાળા માટે લાગુ પડે. વિવિધ લેખકો દ્વારા આપવામાં આવેલી વ્યાખ્યાઓમાં બહુ તફાવત નથી, સિવાય કે કેઈન્સન વિશ્લેષણ એ સંતુલન વિશ્લેષણ છે. જ્યારે રોબર્ટસનનું વિશ્લેષણ સમયગાળાનું વિશ્લેષણ છે. બચત એક ખાનગી ગુણ તે સમજી શકાય છે કેઈન્સન અર્થશાસ્ત્ર મેક્રો ઈકોનોમિક્સ છે અને બચત કેઈન્સ અનુસાર સમુદાયની સામૂહિક અથવા એકંદર બચત સૂચવે છે. ક્લાસિકલ મુજબ બચત એ એક મહાન ખાનગી ગુણ હતો.કારણ કે દરેક વ્યક્તિએ વરસાદના દિવસ સામે કંઈક બચાવવું જોઈએ. ક્લાસિકલ અનુસાર, વિવિધ વ્યક્તિઓની બચતમાં વધારો થવાથી સમુદાયની બચતમાં વધારો થયો છે. સૂક્ષ્મ-આર્થિક વિશ્લેષણમાં બચત એ એક સદ્‌ગુણ છે. જ્યારે વ્યક્તિની કરકસર વધે છે ત્યારે તે મહત્તમ કમાણી કરીને અને વપરાશ પરના ખર્ચને ઘટાડીને સંપત્તિ

*એકઠા કરે છે. ક્લાસિકલ માનતા હતા કે વ્યક્તિગત બચતમાં સર્વાંગી વધારો આખરે રાષ્ટ્રીય બચત તરફ દોરી જાય છે.*

## 7.4બચત અને રોકાણ અંગે કેઈન્સના વિચારો

*કેઈન્સના બચત અને રોકાણના કાર્યો આવક વિશ્લેષણ માટે એટલા જ મહત્વપૂર્ણ છે, જેટલા માર્શલના પુરવઠા અને માંગના વળાંક માટે કિંમત વિશ્લેષણ માટે બચત અને રોકાણ સમાનતાછે. જે અસરકારક માંગ* (Y-C+1)*નું બીજું નામ તે મૂળભૂત શરતોમાંની એક છે. હકીકતમાં બચત (વપરાશ) અને રોકાણ એ બે મહત્વપૂર્ણ સ્તંભો છે જેના પર કેન્સિયન થિયરી ઓફ એમ્પ્લોયમેન્ટ'ની ઈમારત બાંધવામાં આવી છે. કેઈન્સ જનરલ થિયરીમાં એકંદર રોકાણ હંમેશા એકંદર બચત સમાન હોય છે અને આ સમાનતા વિના રાષ્ટ્રીય આવકનું કોઈપણ સ્તર જાળવી શકાતું નથી. સમગ્ર અર્થતંત્રમાં બચત અને રોકાણ વચ્ચેની આ સમાનતા એટલી મૂળભૂત, બિનશરતી અને અનિવાર્ય છે કે તેને કેટલીક વખત 'ઓળખ' કહેવામાં આવે છે અને તેને* S=I*(જેનો અર્થ છે કે બચત હંમેશા અર્થતંત્રમાં રોકાણની સમાન હોય છે.)*

*બચતને ઉપભોગ ખર્ચ* (S-Y-C)*કરતાં વધુ આવક તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. કેઈન્સની એકંદર બચત એ અર્થતંત્રમાં વ્યક્તિગત એકમોની બચતનું સીધું પરિણામ છે. જો કે બચતને વિવિધ રીતે વ્યાખ્યાયિત કરવામાં આવી છે. કેઈન્સ વર્તમાન આવક પર આધાર રાખવા માટે વર્તમાન બચત બનાવી છે, પરંતુ રોબર્ટસન માને છે કે વર્તમાન બચત ભૂતકાળની આવકનું વધુ કાર્ય છે. રોબર્ટસનના મતે બચત એ વચ્ચેનો તફાવત છે.ગઈકાલની આવક અને આજનો વપરાશ.એટલે કે બચત એ તુરંત અગાઉના સમયગાળામાં પ્રાપ્ત થયેલી આવકનો તે ભાગ છે જે વર્તમાન વપરાશના માલ પર ખર્ચવામાં આવતો નથી. જોકે, સ્વીડિશ અર્થશાસ્ત્રીઓએ પૂર્વ-અગાઉ અને પૂર્વ-પશ્ચાત અર્થમાં બચતની વ્યાખ્યા કરી છે. પૂર્વ-પૂર્વ બચત અર્થતંત્રની યોજના, અપેક્ષિત અથવા અપેક્ષિત બચત છે, જ્યારે પૂર્વ-પછીની બચત બે અનુભૂતિ અથવા અવલોકન કરેલ બચત છે.*

### 7.4.1બચત અને રોકાણ-વિવિધ મંતવ્યો

**R.G.હાવિયર્સ:***તેમણે ઈન્વેન્ટરી સંચયના સંદર્ભમાં* S *અને*I*સમીકરણ ઘડ્યું છે. તેમના મતે* Y *માં* C+I*બિનડિઝાઈન કરેલ યાદી સંચયનો સમાવેશ થાય છે. બચત એ રાષ્ટ્રીય આવકનો તે ભાગ છે જેનો વપરાશ થતો નથી. તેથી* S *અને*I*વચ્ચેનો તફાવત બિનડિઝાઈન કરેલ યાદી સંચયમાં વધારો જેટલો છે. સંતુલન સ્થિતિ જે* S *વચ્ચે સમાનતા લાવે છે અને તે છે કે અનિચ્છનીય યાદીને ન તો વધારવી જોઈએ કે ન તો ઘટાડવી જોઈએ. હોટ્રેની* S *અને*I*સંબંધની રચના માત્ર ભારમાં જ અલગ છે. કેઈન્સ આવકમાં કુલ ફેરફારો દ્વારા અસરકારક માંગમાં કુલ પરિવર્તન અને* S *અને* I*ની સમાનતા પર ભાર મૂકે છે. જ્યારે હોટ્રે અસરકારક માંગમાં ફેરફારના તે ભાગ પર ભાર મૂકે છે, જે અગાઉના સમયગાળાનાં માલસામાન અને યાદીમાં ન વેચાયેલા સ્ટોકમાં વધારો અથવા ઘટાડો દર્શાવે છે.જો કે, હોટ્રેની* S *અને*I*સંબંધોની ફોર્મ્યુલેશન્સ તેમના ભાવની હિલચાલ અને વ્યાપાર વધઘટના સિદ્ધાંતનો એક અભિન્ન ભાગ બનાવે છે. જેમાં જથ્થાબંધ ડીલરો દ્વારા યાદીમાં ફેરફાર વ્યૂહાત્મક ભૂમિકા ભજવે છે.*

**ડી.એચ. રોબર્ટસન:** *રોબર્ટસોનિયન ફોર્મ્યુલેશન અને કેઈન્સિયન ફોર્મ્યુલેશન વચ્ચેનો તફાવત આપેલ સમયગાળામાં આવક અને ખર્ચને લગતી ધારણાઓ માંથી ઉદ્દભવે છે. કેઈન્સના મતે*

વર્તમાનખર્ચ વર્તમાન આવક નક્કી કરે છે. જ્યારે રોબર્ટસનના મત મુજબ અગાઉના ખર્ચ વર્તમાન આવક નક્કી કરે છે અને વર્તમાન ખર્ચ ભવિષ્યની આવક નક્કી કરે છે. કેઈન્સન વિશ્લેષણ એ રોબર્ટસનના સમયગાળાના વિશ્લેષણની સામે સંતુલન વિશ્લેષણ છે. રોબર્ટસન માટે બચત એ તુરંત અગાઉના સમયગાળામાં પ્રાપ્ત આવકનો તે ભાગ છે જે વર્તમાન વપરાશના માલ પર ખર્ચવામાં આવતો નથી. કેઈન્સ દ્વારા જે રીતે રોકાણની વ્યાખ્યા તેમના દ્વારા કરવામાં આવી છે. તેમના સંબંધો નીચે મુજબ દર્શાવી શકાય છે.

| **D.H Robertson** | **Keynes** |
|---|---|
| Yt = $C_t$ + $I_t$ | Y=C+I |
| $S_t$ = $Y_{t-1}$-$C_t$ | S-Y-C |
| $l_t$ =$Y_t$-$C_t$ | I=Y-C |

આમ, રોબર્ટસનની $S_t$ કેઈન્સિયન Sકરતાં ઓછી અથવા વધારે હોઈ શકે છે. તેના આધારે વર્તમાન આવક તુરંત અગાઉના સમયગાળામાં મળેલી આવક કરતાં ઓછી કે વધારે છે. $S_t$કરતાં ઓછી હશે.Sજો ગઈકાલની આવક યે આજની આવક કરતાં ઓછી હતી.S જો ગઈકાલની આવક આજની આવક કરતાં વધુ હોય તો$Y_{t-1}$અને$Y_t$ $S_t$અને કરતાં વધુ હશે. આથી, રોબર્ટસોનિયન ફોર્મ્યુલેશનમાં બચત કરતાં વધુ રોકાણ એ ગઈકાલે કમાયેલી આવક કરતાં આજે કમાયેલી આવકના વધારાનું પ્રતિનિધિત્વ કરે છે. અને એ પણ બચત આજની આવક કરતાં ગઈકાલની આવક $Y_{r-1}$ કરતાં વધુ રોકાણ કરતાં વધી શકે છે. આથી કેઈન્સ દલીલ કરે છે. "આ રીતે, જ્યારે શ્રી રેબર્ટસન કહે છે કે રોકાણ કરતાં વધુ બચત છે. ત્યારે તેનો અર્થ શાબ્દિક રીતે તે જ થાય છે, જેમ કે મારો કહેવાનો અર્થ છે, જ્યારે હું કહું છું કે આવક ઘટી રહીછે, અને તેના અર્થમાં બચતનો અતિરેક બરાબર છે. મારા અર્થમાં આવકના ઘટાડા સમાન જો તે સાચું હોત, તો વર્તમાન અનુભવો હંમેશા ગઈકાલના સાકાર પરિણામો દ્વારા નક્કી કરવામાં આવે છે, આજની અસરકારક માંગ ગઈકાલની આવકની બરાબર હશે."

## 7.5કેઈન્સનું રોકાણ વિધેય

અર્થતંત્રમાં બાહ્યઆવક અને રોજગારનું સ્તર અસરકારક માંગ પર આધાર રાખે છે. જે બદલામાં, વપરાશના સામાન અને રોકાણના માલ (Y=C+I)પરના ખર્ચ પર આધાર રાખે છે. વપરાશ એ ઉપભોગ કરવાની વૃત્તિ પર આધાર રાખે છે, જે આપણે શીખ્યા છીએ. ટૂંકા ગાળામાં વધુ કે ઓછું સ્થિર છે અને એક કરતાં ઓછું છે. તેથી આવકના અન્ય ઘટક (રોકાણ) પર વધુ નિર્ભરતા રાખવી પડશે.આવકના બે ઘટકો (વપરાશ અને રોકાણ)માંથી વપરાશ સ્થિર છે. અસરકારક માંગ (આવક)માં વધઘટ રોકાણમાં વધઘટ દ્વારા શોધી શકાય છે. આમ રોકાણ એક સમયે આવક, ઉત્પાદન અને રોજગારીનું સ્તર નક્કી કરવામાં વ્યૂહાત્મક ભૂમિકા ભજવે છે. આપણે બીજી રીતે પણ રોકાણનું મહત્ત્વ સ્થાપિત કરી શકીએ છીએ. આવકનું સંતુલન સ્તર (Y=C+I)જાળવવા માટે, વપરાશ ખર્ચ વત્તા રોકાણ ખર્ચ કુલ આવક (Y)ની સમાન હોવી જોઈએ; પરંતુ કેઈન્સ દ્વારા આપવામાં આવેલા વપરાશના મનોવૈજ્ઞાનિક કાયદા અનુસાર, જેમ જેમ આવક વધે છે તેમ ઉપભોગ પણ વધે છે. પરંતુ આવકમાં થયેલા વધારા કરતાં ઓછો આનો અર્થ એ છે કે આવકમાં વધારાનો એક ભાગ ખર્ચવામાં આવતો નથી, પરંતુ બચત કરવામાં આવે છે. આવક અને વપરાશમાં વધારો વચ્ચેના અંતરને ભરવા માટે બચતનું રોકાણ

કરવું આવશ્યક છે.જો આ ગેપને રોકાણ ખર્ચમાં વધારા દ્વારા અલગ કરવામાં નહિ આવે તો પરિણામ અનિચ્છનીય હશે.માલસામાન યાદી (ઈન્વેન્ટરીઝ)ના સ્ટોકમાં ઘટાડો થયો, જે બદલામાં હતાશા અને સામૂહિક બેરોજગારી તરફ દોરી જશે.તેથી મૂડી રોકાણ રૂસ્ટનું નિયમન કરે છે.

કેઈન્સિયન અર્થશાસ્ત્રમાં રોકાણનો અર્થ થાય છે વાસ્તવિક રોકાણ નવા મશીનો, હેવી ફેક્ટરી ઈમારતો, રસ્તાઓ, પુલો અને સમુદાયના ઉત્પાદક મૂડી સ્ટોકના અન્ય સ્વરૂપોમાં રોકાણ, જેમાં શોધકર્તાઓમાં વધારો થાય છે.તેમાં હાલના શેરો, શેરો અને સિક્યોરિટીઝની ખરીદીનો સમાવેશ થતો નથી. જે માત્ર એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં નાણાંનું વિનિમય બનાવે છે.આ પ્રકારનું રોકાણ માત્ર નાણાકીય રોકાણ છે અને તે અર્થતંત્રમાં રોજગારના સ્તરને અસર કરતું નથી. રોકાણને વાસ્તવિક રોકાણ તરીકે ઓળખવામાં આવે છે જ્યારે તે માનવ અને ભૌતિક સંસાધનોની માંગમાં વધારો તરફ દોરી જાય છે, પરિણામે તેમના રોજગારમાં વધારો થાય છે. રોકાણ એ ફ્લો ચલ છે અને તેનો સમકક્ષ સ્ટોક ચલ છે જેને મૂડી કહેવાય છે. રોકાણ ખાનગી રોકાણ અથવા જાહેર રોકાણ હોઈ શકે છે, તે પ્રેરિત અથવા સ્વાયત્ત હોઈ શકે છે. પ્રેરિત રોકાણ તે રોકાણ છે જે આવકમાં ફેરફાર સાથે બદલાય છે. તેથી તેને આવક સ્થિતિસ્થાપક કહેવામાં આવે છે. મુક્ત એન્ટરપ્રાઈઝ મૂડીવાદી અર્થતંત્રમાં રોકાણ નફાના હેતુથી પ્રેરિત થાય છે. આ પ્રકારનું રોકાણ આવકમાં થતા ફેરફારો માટે ખૂબ જ જવાબદાર છે.એટલે કે આવકમાં વધારો થતાં પ્રેરિત રોકાણ વધે છે. પ્રેરિત રોકાણ વળાંકનો આકાર તેથી ઉપર તરફ  હોય છે, જે આવકમાં વૃદ્ધિના પરિણામે રોકાણમાં વધારો સૂચવે છે. રોકાણ, જેમ કે આપણે જોયું છે કે જે ખર્ચના પ્રવાહની પ્રકૃતિમાં હોય છે. આપેલ સમયગાળા દરમિયાન નવી નિશ્ચિત મૂડી માલ પર અથવા કાચા માલ અને ન વેચાયેલી ઉપભોક્તા ચીજવસ્તુઓના સ્ટોકમાં વધારાની પ્રકૃતિમાં હોય છે તેને કુલ રોકાણ કહેવામાં આવે છે.જો કે, મૂડીરોકાણની ફેરબદલી અર્થતંત્રમાં મૂડીનો સ્ટોક અકબંધ જાળવવા માટે કરવામાં આવતા ખર્ચને સૂચવે છે. આ પ્રકારનો ખર્ચ હાલની ઉત્પાદક ક્ષમતામાં ઘસારો ઘસારો અને અપ્રચલિતતાને સરભર કરવા માટે હાથ ધરવામાં આવે છે. ચોખ્ખું રોકાણ આમ રિપ્લેસમેન્ટ ઈન્વેસ્ટમેન્ટ કરતાં કુલ રોકાણનો અતિરેક છે. ચોખ્ખા રોકાણ શબ્દનો ઉપયોગ કેટલીક વખત મૂડી નિર્માણ માટે પણ થાય છે. પ્રતીકાત્મક રીતે, જ્યાI, કુલ રોકાણ છે, ચોખ્ખા રોકાણ અનેIમાં, રિપ્લેસમેન્ટ રોકાણને મૂડી વપરાશ પણ કહેવાય છે. તેIમાં ભિન્નતા છે જે ટૂંકા ગાળામાં અને લાંબા ગાળામાં Y,O અને Eબંનેમાં વધઘટનું કારણ બને છે. જો સમયગાળા દરમિયાન 1,>1%,તો તેનો અર્થ એ કે Iહકારાત્મક છે અને મૂડીનો સ્ટોકInની બરાબર વધી રહ્યો છે, જેનાથી ઉત્પાદન કરવાની ક્ષમતામાં વધારો થાય છે. જો 1,>I,કરતાં ઈન નકારાત્મક છે અને મૂડીનો સ્ટોક ઘટશે તો ઉત્પાદક ક્ષમતા પર પ્રતિકૂળ અસર થશે.જો કે1=lr,તોI=0અને તેનો અર્થ એ છે કે અર્થવ્યવસ્થા માત્ર અપ્રચલિતતા અને અવમૂલ્યનને કારણે ઉત્પાદન કરવાની ક્ષમતામાં સારી ખોટ કરી રહી છે. ચોખ્ખા રોકાણમાં નવા કેપિટલ ગુડ્સ પરના ખર્ચ ઉપરાંત નવા ટકાઉ કન્ઝ્યુમર ગૂડ્ઝ પરના ખર્ચનો પણ સમાવેશ થઈ શકે છે તે ઉલ્લેખ કરવો અયોગ્ય નથી. તેથી એક અર્થમાં, નિર્માતા અને ટકાઉ ગ્રોથ પ્રેરિત રોકાણ કેપિટલની સીમાંત કાર્યક્ષમતા અને વ્યાજ દર પર આધાર રાખે છે. નાણાંની સીમાંત કાર્યક્ષમતાટૂંકમાં, ભવિષ્યની અપેક્ષાઓ પર આધાર રાખે છે જે હિંસક રીતે વધઘટ કરે છે. આથી ખાનગી રોકાણ અત્યંત તરંગી બની જાય છે અને ખૂબ જ ખેંચવાળું હોય છે, જ્યારે હકીકતમાં, તે ખૂબ જ ઊંચું હોવું જોઈએ. સંભવિત ઉદ્યોગસાહસિકો મૂડીની સીમાંત કાર્યક્ષમતાને વ્યાજના દર સાથે સરખાવતા રહે છે અને જ્યારે પહેલાની કિંમતપાછળથી વધારે હોય ત્યારે જ રોકાણ કરવાનું નક્કી કરે છે. જો વ્યાજનો દર MECકરતા વધારે હોય તો તેમાં કોઈ નિષ્ક્રિયતા રહેશે નહીં. (બીજા શબ્દોમાં જો નફાની અપેક્ષાઓ ખૂબ તેજસ્વી નથી); આ જ કારણ છે કે

*મંદીના સમયગાળા દરમિયાન રોકાણ નીચા સ્તરે આવી જાય છે, તેમ છતાં ખાનગી રોકાણકારોને વધુ રોકાણ કરવા માટે પ્રોત્સાહિતના પ્રકારો આપવામાં આવે છે.*

*ક્લાસિકલ અર્થશાસ્ત્રીઓ રોકાણના દર પર આધાર રાખે છે તેમના માટે આ એક મહત્વપૂર્ણ કાર્ય હતું જેના દ્વારા સિસ્ટમમાં રોકાણનું નિયમન કરવામાં આવ્યું હતું. આથી જ તેઓ વધઘટને નિયંત્રિત કરવા માટે વ્યાજના દર પર ખૂબ ભાર મૂકતા હતા, તેઓ હંમેશા માનતા હતા કે વ્યાજના દરમાં ચાલાકી કરીને. આર્થિક વ્યવસ્થામાં સ્થિરતા પુનઃસ્થાપિત કરી શકાય છે. ત્રીસના દાયકાની મહામંદી સુધી કેઈન્સે પણ આ મતને વળગી રહ્યા હતા અને ચક્રીય વધઘટની સમસ્યાને ઉકેલવામાં વ્યાજ દરની અસરકારકતામાં વિશ્વાસ રાખતા હતા. પરંતુ પછીથી, તેમણે તેની નબળાઈઓ સમજી લીધી અને તેને ચક્રીય સ્થિરતા તરીકે અયોગ્ય મહત્વ આપવાનું બંધ કર્યું. કેઈન્સને સમજાયું કે મૂડીરોકાણ મનોવૈજ્ઞાનિક પરિબળો પર વધુ આધાર રાખે છે. જેમ કે મૂડીની સીમાંત કાર્યક્ષમતા અને વ્યાજના દર પર નહીં. જેમ કે, તે પૃષ્ઠભૂમિ પર દૂર કરવામાં આવી હતી. એ વાતમાં કોઈ શંકા નથી કે મૂડીની સીમાંત કાર્યક્ષમતા મૂડી રોકાણને ઉત્તેજન આપતા વિવિધ પગલાંનું વિશ્લેષણ કરવું જરૂરી બને.*

## 7.6રોકાણને અસર કરતાં પરિબળો

### 7.6.1 જોખમ

*મૂડી રોકાણને અસર કરતા પરિબળોમાં સૌથી અગત્યના બે પરિબળો છે જેની કોઈપણ સંજોગોમાં અવગણના થઈ શકે નહીંએ છે જોખમ અને વળતર જોખમ એટલે કે મૂડી રોકાણની મૂળ રકમમાં અનિશ્ચિત કારણોસર ભવિષ્યમાં ઉદ્દભવી શકતું નુકશાન જેનો દર દરેક રોકાણકારને સતાવે તે સ્વાભાવિક છે. કારણ કે રોકાણકારનો મૂળભૂત હેતુ પોતાની મૂળ રકમમાં વધારો કરવાનો હોય છે, નહી કે ઘટાડે. કરવાનો તેથી જોખમ મૂડી રોકાણને અસર કરતું મહત્વનું પરિબળ છે રોકાણકાર જો પહેલેથી સંરક્ષણાત્મક માનસિકતા ધરાવતો હશે તો તે જોખમમાં જામીનગીરીઓની પસંદગી કરશે નહીં. મોટાભાગે આવા મૂડી રોકાણકાર સરકારી કે અર્ધસરકારી જામીનગીરીઓ કે નિશ્ચિત વળતર આપતી જામીનગીરીઓમાં રોકાણ કરવાનું જ પસંદ કરશે.*

### 7.6.2 વળતર

*મહત્તમ વળતરની પ્રાપ્તિ એ દરેક રોકાણકારના પાયાનો હેતુ હોય છે. વળતર એટલે કે રોકાણની મૂળ રકમ પર મળતો અપેક્ષિત લાભનો દર મહત્તમ વળતરની પ્રાપ્તિ રોકાણકારને ધીરે ધીરે ઈક્વિટી શેર કે ડિબેન્ચરની પસંદગી તરફ લઈ જાય છે. પરંતુ રોકાણકારે એ યાદ રાખવું જોઈએ કે જોખમ અને વળતર વચ્ચે સીધો સંબંધ છે. તેથી જોખમ અને વળતર વચ્ચે સંતુલન જાળવવું ખૂબ જ અગત્યનું છે. જે મૂડી રોકાણકાર નિયમિત રીતે પોર્ટફોલિયોનું સામાયિક વિશ્લેષણ કરે અને સમય અનુસાર પોર્ટફોલિયોમાં પરિવર્તન લાવે તો જખમમાં ઘટાડો કરી વળતરમાં વધારો કરી બંને વચ્ચે સમતુલા જાળવી શકે છે*

### 7.6.3 સલામતી

*સલામતી અને જોખમ વચ્ચે વ્યસ્ત ઋણ સંબંધ છે. જેટલું જોખમ વધુ એટલી સલામતી ઓછી દરેક રોકાણકાર પોતાની મુદ્દલ રકમની સલામતી ઈચ્છે છે. ફક્ત એટલું જ નહીં જોખમ યુક્ત વિચારધારા ધરાવનાર રોકાણકાર પણ પોતાના અપેક્ષિત વળતરની સલામતી ઈચ્છે છે. બેંક પોસ્ટ કે સરકારી*

*જામીનગીરીઓમાં કરેલ રોકાણ સલામત રોકાણ છે. જ્યારે ઈક્વિટી શેર, મ્યુચ્યુઅલ ફંડ કે ડિબેન્ચરમાં કરેલ રોકાણ અસલામત રોકાણ છે, વધુ અપેક્ષિત વળતર વધુ અસલામતી ને આમંત્રણ આપે છે. તેથી રોકાણકારે પોર્ટફોલિયોની પસંદગી ખૂબ જ સતર્કતાપૂર્વક કરવી જોઈએ.*

**7.6.4 કાયદાકીય બાબત**

*રોકાણના દરેક વિકલ્પના ગુણધર્મ કાયદાકીય દ્રષ્ટિકોણ થી અલગ અલગ હોય છે. દરેક વિકલ્પ રોકાણની મર્યાદા અપેક્ષિત વળતરનોદર બોનસ રકમની પ્રાપ્તિ આવકવેરા માંથી મુક્તિ જેવી બાબતોમાં ભિન્ન હોય છે. આથી એક સારા મૂડીરોકાણકાર તરીકે રોકાણ વિકલ્પની પસંદગી કરતા પહેલા દરેક રોકાણ વિકલ્પ પરની કાયદાકીય બાબત ચકાસી લેવી જરૂરી છે. ઘણીવાર રોકાણકાર કાયદાકીય બાબત નિયમો શરતની ચકાસણી કર્યા વિના રોકાણ કરી લે છે અને મુદત પૂરી થતાં કે કરાર પૂર્ણ થતા તેમણે વિચારેલ અપેક્ષિત વળતર મળતું નથી. મોટી સંસ્થાઓ કે મોટી કંપનીઓ સાથે જામીનગીરી બહાર પાડતી વખતે કે મોટું રોકાણ કરતી વખતે આવું ઓછું બને છે. કેમકે ત્યાં કાયદાકીય બાબતની દેખરેખ માટે સલાહકાર વ્યક્તિની નિમણૂક કરેલ હોય છે.*

*પસંદ કરેલ રોકાણ વિકલ્પને આધાર ફક્ત જોખમ કે વળતર હોય શકે નહિ. નાણાંની પ્રવાહીતતા કે તરલતા પણ એટલી જ અગત્યની છે. નાણાની પ્રવાહિતતા કે તરલતા મૂડી રોકાણનું તાત્કાલિક ધોરણે જરૂરિયાત મુજબ રોકડમાં રૂપાંતર દર્શાવે છે. જેટલા જલદીથી રોકાણકાર ઈચ્છે ત્યારે પોતાના રોકાણને રોકડ સ્વરૂપમાં બદલી શકે તેટલી જ રોકાણ વિકલ્પની પ્રવાહીતતા કે તરલતા વધુ તેમ કહેવાય છે. નાણાની પ્રવાહી અને મૂડી રોકાણ પર મળતા વળતર વચ્ચે વ્યસ્ત ઋણ સંબંધ છે.એટલે કે જો પ્રવાહીતા કે તરલતા વધુ હોય તો મોટાભાગે મૂડી રોકાણ પર મળતું વળતર ઓછું હશે.*

**7.6.6 રોકાણ સમય અવધિ**

*રોકાણ સમય અવધિ જેમ વધારે તેમ રોકાણ પર મળતું વળતર વધુ. પરંતુ ઉપર જોયું તે મુજબ રોકાણ પર મળતું વળતર વધુ હશે ત્યારે રોકાણની પ્રવાહિતતા કે તરલતા ઓછી હશે.તેથી એક સમજદાર વ્યક્તિ તરીકે રોકાણકારે એવા રોકાણ મિશ્રની પસંદગી કરવી જોઈએ કે જેથી રોકાણકારને સમયાતરે જરૂરિયાત મુજબની રકમની સાથે સાથે મહત્તમ વળતર પણ મળી રહે.*

**7.6.7 કરવેરા કપાત કે રાહત**

*કરવેરામાં ઘટાડો કરવો એ દરેક કર ભરનાર વ્યક્તિનો હેતુ હોય છે. કરવેરા કપાતનો વિચાર ફક્ત પગારદાર કર્મચારીએ જ કરવો પડે છે એવું નથી. પરંતુ મોટી મોટી કંપની અને સંસ્થાઓ એ પણ પોતાના કરવેરામાં ઘટાડો કરવા માટે વિચારવું પડે છે.મૂડી રોકાણને કરવેરા તપાસ એટલા માટે અસર કરે છે. કેટલીક વાર તો એવું પણ જોવા મળ્યું છે. રોકાણકાર રોકાણ કરવાનું નિર્ણય ફક્ત અને ફક્ત કરવેરામાં કપાત કે રાહત મેળવવા જ કરતા હોય છે.*

**7.6.8 સરળ બજાર ઉપલબ્ધિ કે વેચાણ પાત્રતા**

*ઘણીવાર રોકાણના વિકલ્પના ગુણધર્મ રોકાણની માનસિકતાને અનુકૂળ હોય છે. રોકાણકાર તે રોકાણ વિકલ્પમાં રોકાણ કરવાની ઈચ્છા ધરાવતો હોય, પરંતુ તે રોકાણ વિકલ્પની જો બજાર ઉપલબ્ધિ રોકાણકારની અનુકૂળતા મુજબ નહીં હોય તો તેની ખરીદી વેચાણ કરવામાં કે તેના હસ્તાંતરણમાં*

*રોકાણકારને તકલીફ પડે છે. જામીનગીરીઓના સંદર્ભમાં જોઈએ તો શેરબજારમાં જે કંપનીની જામીનગીરી નોંધાયેલી છે, તેની બજાર ઉપલબ્ધિ નહીં નોંધાયેલ કંપની જામીનગીરી કરતા વધુ હોય છે*

## 7.7 મૂડીની સીમાંત કાર્યક્ષમતા

*મૂડીની સીમાંત કાર્યક્ષમતા મૂડી સાધનની અનુમાનિત નફાકારકતાનો નિર્દેશ કરે છે. મૂડીની સીમાંત કાર્યક્ષમતાનો સૌ પ્રથમ ખ્યાલ ફિશરે રજૂ કર્યો અને તેઓના મતે ખર્ચ કરતા વધારાના મળતરના દરને મૂડીની સીમાંત કાર્યક્ષમતા કહે છે. જે.એમ. કેઈન્સના મતે મૂડી અસ્ક્યામતની પુરવઠા કિંમત અને તેમાંથી દર વર્ષે મળતા અપેક્ષિત વળતરના વર્તમાન મૂલ્યને સરખા બનાવવા માટે અપેક્ષિત વળતરના વર્તમાન મૂલ્યમાં જે વટાવ કાપી લેવો પડે તે વટાવને મૂડીની સીમાંત કાર્યક્ષમતા કહી શકાય.*

*ટૂંકમાં મૂડીની સીમાંત કાર્યક્ષમતા એટલે મૂડીના એક વધારાના એકમની ઉત્પાદકતા, મૂડીના વધારાના એકમમાંથી તેનું ખર્ચ બાદ કરતાં જેટલા વધારેમાં વધારે વળતરની અપેક્ષા રાખી શકાય, તે વધારાના મૂડી સાધનમાંથી ઉત્પાદન ખર્ચ બાદ કરતાં પ્રાપ્ત થતા અપેક્ષિત વળતરનો દર એટલે મૂડીની સીમાંત કાર્યક્ષમતા મૂડીની સીમાંત કાર્યક્ષમતાનો આધાર મુખ્ય બે પરિબળો પર છે.*

(1)*મૂડી સાધનના વધારાના એકમમાંથી પ્રાપ્ત થનારું અપેક્ષિત વળતર.*
(2)*મૂડી સાધનો વધારાના એકમનું ખર્ચ અથવા તેની પુરવઠા કિંમત.*

*કેઈન્સના મત પ્રમાણે મૂડી સાધનની પુરવઠા કિંમત અને મૂડી સાધનમાંથી ભવિષ્યમાં મળનાર અપેક્ષિત વળતર એ બંનેના તફાવત પરથી મૂડીની સીમાંત કાર્યક્ષમતા કેટલી મળશે તે જાણી શકાય છે.*

### 7.7.1 મૂડી સાધનમાંથી ભવિષ્યમાં મળનાર અપેક્ષિત વળતર

*નવા મૂડી સાધનના જીવનકાળ દરમિયાન તેના ઉત્પાદન ખર્ચની બાદ કરતાં જે ચોખ્ખી આવક મળવાની ધારણા હોય તેને ભવિષ્યમાં મળનાર અપેક્ષિત વળતર કહેવાય છે. જ્યારે નવું મૂડી સાધન લાવવામાં આવે ત્યારે તેના સમગ્ર જીવનકાળ દરમિયાન દર વર્ષે જે ચોખ્ખી આવક મળવાની હોય તેની ગણતરી કરવામાં આવે છે. આ અનુમાનિત વળતરનો કુલ સરવાળો ઓછામાં ઓછા મૂડી સાધનના ખર્ચ જેટલો તો થવો જ જોઈએ. અહીંયા ચોખ્ખી આવક શબ્દનો અર્થ એ થાય છે કે મૂડી સાધન જેટલું ઉત્પાદન આપે તેના વેચાણમાંથી પ્રાપ્ત થતી આવક એ કાચી આવક કે વળતર છે. આ કાચી આવક કે વળતરમાંથી મૂડી સાધન પાછળ કરવામાં આવેલું ખર્ચ બાદ કરવાથી ચોખ્ખું વળતર કે ચોખ્ખી આવક પ્રાપ્ત થાય છે. ટૂંકમાં મૂડીની સીમાંત કાર્યક્ષમતા મૂડી અશક્યતામત ના અપેક્ષિત વળતરમાંથી પ્રાપ્ત થઈ શકે છે. ખરેખર વળતરમાંથી નહીં મૂડી અશક્યતામતના નવા એકમમાંથી તેના આયુષ્ય દરમિયાન મળનાર અપેક્ષિત ચોખ્ખા વાર્ષિક વળતરના કુલ સરવાળાની અપેક્ષિત વળતર કહી શકાય.*

### 7.7.2 મૂડી સાધનના વધારાના એકમનું ખર્ચ અથવા પુરવઠા કિંમત

*મૂડી સાધનની પુરવઠા કિંમત કે મૂડી સાધનના વધારાના એકમનું ખર્ચ એટલે નવા મૂડી સાધનોનું ઉત્પાદન ખર્ચ, ઉત્પાદક મૂડી સાધનના વધારાના એકમના અપેક્ષિત વળતર સાથે તેના થતા ખર્ચને પણ ધ્યાનમાં લે છે. અહીંયા મૂડી સાધનનું વધારાનું એકમ એટલે ચાલુ વપરાશનું જૂનું સાધન કે એકમ નહીં, પરંતુ તદ્દન નવું એકમ ગણતરીમાં લેવાનું છે. જો જૂનું યંત્ર ખસેડી નવું યંત્ર તેની જગ્યાએ મૂકવાનું હોય*

તો તે નવા યંત્રની કિંમત ધ્યાનમાં લેવાની છે અને તેની ગણતરી મૂડી રોકાણ ખર્ચ કે પુરવઠા કિંમત તરીકે કરવી જોઈએ.

મૂડી સાધનના વધારાના એકમનું અપેક્ષિત વળતર તેના ખર્ચ કરતા વધારે હોય ત્યારે તેને ખર્ચ જેટલું જ બનાવવા માટે તેમાંથી જે રકમ વટાવ તરીકે કાપી લેવું પડે તે મૂડીની સીમાંત કાર્યક્ષમતા છે.

પ્રો.કેઈન્સ તેમના જનરલ થિયરીમાં મૂડીની સીર્માંત કાર્યક્ષમતાની વ્યાખ્યા નીચે મુજબ આપી છે.

“મૂડી સાધનના એકમની પુરવઠા કિંમત તેમાંથી દર વર્ષે પ્રાપ્ત થનાર વળતરના વર્તમાન મૂલ્યને સરખા કરવા માટે એ અપેક્ષિત વળતરના વર્તમાન મૂલ્યમાંથી જે વટાવ કાપી લેવો પડે તે વટાવને મૂડીની સીમાંત કાર્યક્ષમતા કહેવાય છે.” મૂડીની સીમાંત કાર્યક્ષમતા જાણવા નીચેના સમીકરણનો ઉપયોગ કરી શકાય છે.

$$S \frac{q_1}{1+r} + \frac{q_2}{(1+r)^2} + \frac{q_3}{(1+r)^3} + \ldots\ldots\ldots + \frac{q_n}{(1+r)^n}$$

ધારો કે S-મૂડી સાધનની પુરવઠા કિંમત

$q_1, q_2, q_3, q_n$ =મૂડી સાધનની પ્રથમ, બીજા, ત્રીજા વર્ષમાં પ્રાપ્ત થનાર આવકનું મૂલ્ય દર્શાવે છે.

r =વટાવદાર છે (જે મૂડીની સીમાંત કાર્યક્ષમતા સૂચવે છે.)

ધારો કે મૂડીના એક સાધનનું આયુષ્ય બે વર્ષનું તેની પુરવઠા કિંમત રૂ.3000 છે. આ સાધન પ્રથમ વર્ષે રૂ.1100 અને બીજા વર્ષે રૂ.2420 મળતું અનુમાનિત વળતર છે. અને R નું મૂલ્ય 1/10 (10ટકા) છે.

$$S = \frac{q_1}{(1+r)} + \frac{q_2}{(1+r)^2}$$

$$\therefore S = \frac{1100}{(1+r)} + \frac{2400}{(1+r)^2}$$

$$\therefore S = \frac{1100}{(1+\frac{1}{10})} + \frac{2420}{(1+\frac{1}{10})^2}$$

$$\therefore S = \frac{1100}{(\frac{11}{10})} + \frac{2420}{(\frac{11}{10})^2}$$

$$\therefore S = \frac{1100 \times 10}{11} + \frac{2420 \times 10 \times 10}{11 \times 11}$$

$$\therefore S = 100 + 2000 = 3000$$

$$S = 3000$$

ઉપરના ઉદાહરણ મુજબ મૂડીની સીમાંત કાર્યક્મતા અને વાર્ષિક અપેક્ષિત દર વચ્ચે સીધો સંબંધ છે. કારણ કે વાર્ષિક અપેક્ષિત દરમાં થતો વધારો મૂડીની સીમાંત કાર્યક્ષમતામાં વધારો કરે છે. અને

*અપેક્ષિત દરમાં થતો ઘટાડો મૂડીની સીમાંત કાર્યક્ષમતામાં ઘટાડો લાવે છે. જ્યારે મૂડીની સીમાંત કાર્યક્ષમતા અને પુરવઠા કિંમત વચ્ચે ઊલટો સંબંધ છે. જો પુરવઠા કિંમત વધુ હોય તો મૂડીની સીમાંત કાર્યક્ષમતાનો દર ઓછો થાય છે.*

## 7.8 સારાંશ

*અર્થતંત્રમાં શ્રદ્ધા ધરાવતી અર્થશાસ્ત્રની શાખા પ્રશિષ્ટ અર્થશાસ્ત્રનો પ્રારંભ* 1776*માં ઍડમ સ્મિથે 'એન ઈક્વાયરી ઈન-ટુ ધ નેચર એન્ડ કૉઝિઝ ઑફ વેલ્થ ઑફ નેશન્સ' નામનું પુસ્તક લખ્યું ત્યારથી થયો ગણી શકાય. આ સમય દરમિયાન ઍડમ સ્મિથથી જુદા વિચારો અને સિદ્ધાંતો આપનારા લેખકોમાં ડેવિડ રિકાર્ડો મુખ્ય છે. તેમણે* 1817*માં 'પ્રિન્સિપલ્સ ઑફ પોલિટિકલ ઈકોનોમી ઍન્ડ ટૅક્સેશન' નામનું પુસ્તક લખ્યું. તેમાં તેમણે દર્શાવ્યું કે નફાનો દર અને તેને પરિણામે થતા મૂડી-સંચય (*capitalaccumulation*)નો આધાર કૃષિક્ષેત્રમાં થતા ઉત્પાદનના સીમાંત ખર્ચ પર રહે છે. કેઈન્સે એવી રજૂઆત કરી કે રોકાણ જ આર્થિક પ્રવૃત્તિની સપાટીને નિર્ણીત કરનારું મુખ્ય પરિબળ છે. જ્યારે અપેક્ષિત નફા દ્વારા પ્રેરિત ખાનગી રોકાણ અપર્યાપ્ત સાબિત થાય ત્યારે સરકાર જાહેર રોકાણમાં વૃદ્ધિ કરીને જ ચીજવસ્તુઓ અને સેવાઓની માંગ પર સીધી રીતે અસર કરી શકે છે. બીજું, જાહેર રોકાણ ખાનગી રોકાણ પર વિપરીત અસર પાડશે નહિ, બલકે તે ખાનગી રોકાણને પ્રોત્સાહિત કરશે. જાહેર રોકાણથી જે આવકો અને તેના ફલસ્વરૂપે જે ઉપભોગખર્ચ વધશે તે ખાનગી રોકાણને નવું બળ પૂરું પાડશે. જાહેર રોકાણની તુલનામાં સમગ્ર માગની વૃદ્ધિ અનેકગણી હોય છે અને બંને વચ્ચેના આ સંબંધને કેઈન્સે ગુણક (*multiplier*)ના ખ્યાલ વડે રજૂ કરેલ છે. આર્દષ્ટિએ મૂડીનિર્માણનું કાર્ય મહત્ત્વનું બને છે. અર્થતંત્રમાં પ્રવર્તમાન રાષ્ટ્રીયઆવકમાંથી વધુ પ્રમાણમાં બચત થાય.વિત્તીય સંસ્થાઓના વિકાસ દ્વારા આ બચતનો સંચય થાય અને મૂડીનાં સાધનો પેદા કરવા માટે યોગ્ય રીતે તેનું રોકાણ થાય - આ ત્રણ પગલાં મૂડીનિર્માણ માટે જરૂરી છે. પરદેશની બચત દેશના આંતરિક પ્રયત્નની પૂર્તિ કરી શકે. બચતને કારણે મૂડીસર્જન ને આવકવૃદ્ધિ આમ શક્ય બને છે.* 1950 *પછીના સમયગાળામાં ભારતમાં થતી બચતોમાં ગણનાપાત્ર વધારો થયો છે.* 1950-51*માં ભારતમાં એકંદરે આંતરિક ઉત્પાદનના (ચાલુ ભાવે)* 10.4%*જેટલી બચત થતી હતી; કૌટુંબિક ક્ષેત્ર* 7.7%,*ખાનગી કોર્પોરેટ ક્ષેત્ર* 1.0 %*ને જાહેર ક્ષેત્ર* 1.8 %*બચત કરતાં હતાં.* 1994-95*માં અનુક્રમે આ ક્ષેત્રોની બચત* 18.9%, 3.8%*અને* 1.7%*હતી. એકંદર આંતરિક બચત* 24.4 %*થતી હતી. લગભગ* 77 %*બચત કૌટુંબિક ક્ષેત્રમાં થાય છે.*

*પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ અને કેઈન્સના વિચારોમાં તફાવત એ છે કે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ વ્યાજનો દર બજારની પ્રક્રિયા દ્વારા સ્વયં ઘટે છે તેવી માન્યતા ધરાવતા હતા, જ્યારે કેઈન્સના સિદ્ધાંતમાં તે નાણાકીય નીતિ વડે ઘટી શકે છે તેવી માન્યતા વ્યક્ત થયેલ છે.બીજું, પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ નીચો વ્યાજનો દર રોકાણને ઉત્તેજિત કરશે તેવી માન્યતા સેવતા હતા, જ્યારે કેઈન્સ વ્યાજનો દર રોકાણ પર સાનુકૂળ અસર પાડશે તેવો વિશ્વાસ ધરાવતા ન હતા. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ પોતાના વેતનના દરના સિદ્ધાતમાં વેતનના ફેરફારી વડે શ્રમની માંગ તથા પુરવઠા વચ્ચે સમતુલા સ્થાપી શકાય છે તેવી માન્યતા સેવતા હતા. તેઓ માનતા હતા કે બેકારીના સમયમાં જો મજૂરસંઘો વેતનકાપને અવરોધે નહિ તો વેતનકાપ દ્વારા આપોઆપ પૂર્ણ રોજગારી સ્થપાઈ જાય. કેઈન્સ એવી માન્યતા ધરાવતા હતા કે જ્યારે ઉપભોગવૃત્તિ અને મૂડીરોકાણ ઓછાં હોય ત્યારે વેતનકાપની અપેક્ષિત અસર પડશે નહિ. સામાન્યતઃ વેતનકાપની સાથે સાથે ચીજવસ્તુઓના ભાવો પણ ઘટશે અને વ્યાપારી રોકાણ માટે કોઈ પ્રોત્સાહન રહેશે નહિ. કેઈન્સ તો ર્દઢપણે માનતા હતા કે વેતન ઘટાડવાથી રોજગારી વધી શકશે નહિ. જો ઉત્પાદકો*

*ચીજવસ્તુઓ વેચી શકે તેમ ન હોય તો તેઓ વસ્તુઓ ઉત્પન્ન કરવા માટે પ્રેરાશે જ નહિ અને તેથી વેતન ગમે તેટલાં નીચા લઈ જવામાં આવે તોપણ શ્રમજીવીઓને રોજગારી આપી શકાશે નહિ. મંદીના સમયમાં વેતનકાપની નહિ પરંતુ ક્ષતિનિવારક રાજકોષીય નીતિ જ સચોટ ઉપાય છે એમ કેઈન્સવાદનું મુખ્ય પ્રતિપાદન છે. "કેઈન્સના બચત અને રોકાણના કાર્યો આવક વિશ્લેષણ માટે એટલા જ મહત્ત્વપૂર્ણ છે, જેટલા માર્શલના પુરવઠા અને માંગના વળાંક માટે કિંમત વિશ્લેષણ માટે" બચત અને રોકાણ સમાનતા, જે અસરકારક માંગ (Y-C+1)નું બીજું નામ છે, તે મૂળભૂત શરતોમાંની એક છે. સામાન્ય સંતુલન. હકીકતમાં બચત (વપરાશ) અને રોકાણ એ બે મહત્વપૂર્ણ સ્તંભો છે જેના પર 'કેન્સિયન થિયરી ઓફ એમ્પ્લોયમેન્ટ'ની ઈમારત બાંધવામાં આવી છે. કેઈન્સ જનરલ થિયરીમાં એકંદર રોકાણ હંમેશા એકંદર બચત સમાન હોય છે અને આ સમાનતા વિના રાષ્ટ્રીય આવકનું કોઈપણ સ્તર જાળવી શકાતું નથી. સમગ્ર અર્થતંત્રમાં બચત અને રોકાણ વચ્ચેની આ સમાનતા એટલી મૂળભૂત, બિનશરતી અને અનિવાર્ય છે કે તેને કેટલીક વખત 'ઓળખ' કહેવામાં આવે છે અને તેને S=I(જેનો અર્થ છે કે બચત હંમેશા અર્થતંત્રમાં રોકાણની સમાન હોય છે)*

*ક્લાસિકલ અર્થશાસ્ત્રીઓ રોકાણના દર પર આધાર રાખે છે.તેમના માટે આ એક મહત્ત્વપૂર્ણ ક્યારે હતું જેના દ્વારા સિસ્ટમમાં રોકાણનું નિયમન કરવામાં આવ્યું હતું. આથી જ તેઓ વધઘટને નિયંત્રિત કરવા માટે વ્યાજના દર પર ખૂબ ભાર મૂકતા હતા. તેઓ હંમેશા માનતા હતા કે વ્યાજના દરમાં ચાલાકી કરીને, આર્થિક વ્યવસ્થામાં સ્થિરતા પુનઃસ્થાપિત કરી શકાય છે. ત્રીસના દાયકાની મહામંદી સુધી કેઈન્સે પણ આ મતને વળગી રહ્યા હતા અને ચક્રીય વધઘટની સમસ્યાને ઉકેલવામાં વ્યાજ દરની અસરકારકતામાં વિશ્વાસ રાખતા હતા. પરંતુ પછીથી તેમણે તેની નબળાઈઓ સમજી લીધી અને તેને ચક્રીય સ્થિરતા તરીકે અયોગ્ય મહત્ત્વ આપવાનું બંધ કર્યું. કેઈન્સને સમજાયું કે મૂડીરોકાણ મનોવૈજ્ઞાનિક પરિબળો પર વધુ આધાર રાખે છે. જેમ કે મૂડીની સીમાંત કાર્યક્ષમતા અને વ્યાજના દર પર નહીં; જેમ કે, તે પૃષ્ઠભૂમિ પર દૂર કરવામાં આવી હતી. એ વાતમાં કોઈ શંકા નથી કે મૂડીની સીમાંત કાર્યક્ષમતા મૂડી રોકાણને ઉત્તેજન આપતા વિવિધ પગલાંનું વિશ્લેષણ કરવું જરૂરી બને છે.ટૂંકમાં મૂડીની સીમાંત કાર્યક્ષમતા એટલે મૂડીના એક વધારાના એકમની ઉત્પાદકતા મૂડીના વધારાના એકમમાંથી તેનું ખર્ચ બાદ કરતાં જેટલા વધારેમાં વધારે વળતરની અપેક્ષા રાખી શકાય, તે વધારાના મૂડી સાધનમાંથી ઉત્પાદન ખર્ચ બાદ કરતાં પ્રાપ્ત થતા અપેક્ષિત વળતરનો દર એટલે મૂડીની સીમંત કાર્યક્ષમતા મૂડીની સીમાંત કાર્યક્ષમતાનો આધાર મુખ્ય બે પરિબળો પર છે.*

## 7.9ચાવીરૂપ શબ્દો

**રોકાણ** : *બચતમાં વૃદ્ધિ કરવાના હેતુથી કરવામાં આવતી પ્રવૃત્તિ એટલે રોકાણ.*

**પોર્ટફોલિયો** : *મૂડી રોકાણની મર્યાદાને ધ્યાને રાખીને ઓછા જોખમી મહત્તમ વળતર મેળવવાના ઉદ્દેશથી વિવિધ રોકાણના વિકલ્પોમાંથી પસંદ કરેલા રોકાણના વિકલ્પોથી બનતો સમૂહ એટલે પોર્ટફોલિયો.*

**જામીનગીરી** : *જામીનગીરી શબ્દ એ કંપનીલક્ષી રોકાણ વિકલ્પ સૂચવે છે કે જેને બહાર પાડીને કંપની પોતાના માટે મૂડી રોકાણની વ્યવસ્થા ઉભી કરે છે. જેમકે ઈક્વિટી શેર દ્વારા પ્રેફરન્સ શેર દ્વારા ડિબેન્ચર કે બોન્ડ્સ બહાર પાડીને વગેરે.*

**જોખમ સંચાલન** : *જોખમ સંચાલનમાં સંચાલનના દરેક પાસા જેવા કે આયોજન અંકુશ માર્ગદર્શન વગેરેનો ઉપયોગ મૂડી રોકાણ સમયે આવી શકે તેવા દરેક જોખમ નિવારવા માટે*

| | | |
|---|---|---|
| | | *કરવામાં આવે છે.* |
| **રોકાણનીતિ** | : | *રોકાણનીતિ બે પ્રકારની 1. સંરક્ષણાત્મક જોખમ રહિત રોકાણનીતિ અને 2. વળતરયુક્ત જોખમ યુક્ત રોકાણનીતિ મોટાભાગે કંપની કે સંસ્થાની વિચારધારાને અનુકૂળ બને નીતિઓનું મિશ્રણ કરીને રોકાણનીતિ ઘડવામાં આવે છે.* |
| **ગવર્નન્સ** | : | *ગવર્નન્સ એટલે રોકાણ નિયમન કર્તાનું ઉતરદાયિત્વ કે જવાબદારી કે જેના પર વિશ્વાસ કરી નાના અને મધ્યમ રોકાણકારો પોતાના રોકાણને સલામત સમજી શકે.* |
| **ટેકનીકલ અભિગમ** | : | *ટેકનિકલ અભિગમમાં જામીનગીરીની ભૂતકાળની કિંમતને આધારે ટેકનિકલ ચાર્ટ બનાવી જામીનગીરીના ભાવમાં આવતી વધઘટની વલણ ઓળખી ભવિષ્યનો નિર્ણય લેવા માટે કરવામાં આવતું વિશ્લેષણ.* |
| **રોકાણ વિકલ્પ** | : | *બજારમાં ઉપલબ્ધ રોકાણના વિવિધ સાધનો તે મિલકતો કે જેમાં રોકાણ કરી વ્યક્તિ વળતર કમાઈ શકે છે તેને રોકાણ વિકલ્પ કહે છે.* |
| **ડેરીવેટીવ્ઝ** | : | *બેંક ખાતું અને ડિમેટ ખાતાના માધ્યમથી ભવિષ્યના વાયદા કે સોદા કરવાની સગવડ આપતી સેવા અને ડેરિવિટીવ્ઝ કહેવામાં આવે છે. જે પોતાનું મૂલ્ય બજારમાં ચાલતી અન્ય નાણાકીય મિલકતો કે અશક્યમતોને આધારે નક્કી કરે છે જેમાં ફ્યુચર ફોરવર્ડ અને ઓપ્શન જેવી સેવાઓનો સમાવેશ થાય છે* |
| **જોખમ વળતર સિદ્ધાંત** | : | *જોખમ વળતરના સિદ્ધાંત મુજબ જોખમ અને વળતર વચ્ચે સીધો સંબંધ છે જેટલું જોખમ વધુ તેટલું વળતર વધુ અને જેટલું વળતર જતું કરો એટલું જોખમ પણ ઓછું.* |
| **જોખમ સંચાલન** | : | *જોખમ સંચાલનમાં સંચાલનના દરેક પાસાં જેવા કે આયોજન, અંકુશ માર્ગદર્શન વગેરેનો ઉપયોગ મૂડી રોકાણ સમયે આવી શકે તેવા દરેક જોખમ નિવારણ માટે કરવામાં આવે છે.* |
| **અસ્કયામત** | : | *બજાર મૂલ્ય અથવા વિનિમય મૂલ્ય ધરાવતી સંપત્તિ અથવા મિલકત, અર્થશાસ્ત્રમાં અસક્યામતોને બે વિભાગમાં વહેચવામાં આવે છે એક વાસ્તવિક અશક્યામતો જેમ કે મકાનો, યંત્રો, જમીન વગેરે અને બીજી નાણાંકીય અસકામતો જેવી કે નાણું, શેર, ડીબેન્ચર વગેરે.* |
| **ગુણક** | : | *જયારે જયારે મૂડી રોકાણમાં વધારો થાય છે ત્યારે ત્યારે આવકમાં મૂડીરોકાણ જેટલો જ વધારો થતો નથી, પરંતુ મૂડીરોકાણ કરતાં અનેકગણો વધારો આવકમાં થાય છે. આપેલા મૂડીરોકાણે આવકમાં કેટલા ગણો વધારો થશે તે દર્શાવતી ગાણિતિક સંખ્યાને ગુણક કહેવામાં આવે છે.* |
| **સીમાંત વપરાશવૃત્તિ** | : | *આવકમાં થતા ફેરફારથી વપરાશી ખર્ચમાં થયેલ ફેરફારના ગુણોત્તર પ્રમાણને સીમાંત વપરાશવૃત્તિ કહેવામાં આવે છે.* |
| **સીમાંત બચતવૃત્તિ** | : | *આવકમાં થતા ફેરફારથી બચતમાં થયેલ ફેરફારના ગુણોત્તર પ્રમાણને સીમાંત બચતવૃત્તિ કહે છે.* |
| **ગતિવર્ધન** | : | *વપરાશી ખર્ચમાં થતા ફેરફારને લીધે મૂડીરોકાણ ખર્ચમાં થત. ફેરફારના ગુણોત્તર પ્રમાણને ગતિવર્ધન કહે છે.* |
| | | *કેટલાંક ઉપયોગી પુસ્તકો* |

## 7.10 તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો**

1. *બચત અને રોકાણ અંગેનો પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના ખ્યાલ સમજાવો…*
2. *બચત અને રોકાણ અંગે કેઈન્સના વિચારો જણાવો…..*
3. *રોકાણને અસર કરતાં પરિબળો જણાવો.*
4. *મૂડીની સીમાંત કાર્ય ક્ષમતા સમજાવો…*

*(બ) જે સાચું હોય ત્યાં* (✔) *લખો અને ખોટું હોય ત્યાં* (✘) *લખો.*

1. 1750*થી* 1870 *સુધીના સમયને પ્રશિષ્ટ અર્થશાસ્ત્રનો સમય ગણાવી શકાય.*
2. *કેઈન્સે* 1817*માં 'પ્રિન્સિપલ્સ ઑફ પોલિટિકલ ઈકૉનોમી ઍન્ડ ટેક્સેશન' નામનું પુસ્તક લખ્યું.*
3. *વ્યક્તિ દ્વારા કરવામાં આવતી બચતનો આધાર બે બાબતો પર છે.*
4. *મહત્તમ વળતરની પ્રાપ્તિ એ દરેક રોકાણકારના પાયાનો હેતુ હોય છે.*
5. *મૂડીની સીમાંત કાર્યક્ષમતાનો સૌ પ્રથમ ખ્યાલ રિકાર્ડોએ રજૂ કર્યો.*

**(ક) નીચેના વિકલ્પમાંથી સાચો વિકલ્પ પસંદ કરો.**

**1.** *નીચેના નામોમાં કયું નામ આધુનિક અર્થશાસ્ત્રીનું છે ?*

*(અ) કેઈન્સ* *(બ) પિગું*

*(ક) માર્શલ* *(ડ) જે.બી.સે*

**2.** Tne General Theory of Employment Interest and Money*કેઈન્સનો કયો સિદ્ધાંત રજૂ કર્યો?*

*(અ) પૂર્ણ રોજગારીનો સિદ્ધાંત* *(બ) અલ્પ રોજગારીનો સિદ્ધાંત*

*(ક) ભાવ નિર્ધારણનો સિદ્ધાંત* *(ડ) ભાડાનો સિદ્ધાંત*

**3.** *મૂડીની સીમાંત કાર્ય ક્ષમતા એટલે…*

*(અ) નફાનો અપેક્ષિત દર* *(બ) વ્યાજનો અપેક્ષિત દર*

*(ક) રોકાણનો અપેક્ષિત દર* *(ડ) રોકાણ ગુણક*

**4.** *રોકાણ અને મૂડીની સીમાંત કાર્યક્ષમતા વચ્ચે કેવો સંબંધ છે ?*

(અ) વ્યસ્ત (બ) ચલ-અનિશ્ચિત

(ક) સીધો (ડ) એક પણ નહિ

**5.** સીમાંત વપરાશવૃતિ અને સીમાંત બચતવૃતિનો સરવાળો-

(અ) શૂન્ય થાય (બ) એકમ બરાબર થાય

(ક) 100હોય છે (ડ) -1 હોય છે.

- **સંદર્ભસૂચી**


1. H. L. Ahuja (2022), Macro Economics Theory and Policy, 5.Chand Publication, delhi
2. B. N. Ghosh (2020), Modern Micronomics Theory and Policy, Ane Books, New Delhi
3. Dr. V. B. Hans (2020), Macroeconomics Analysis, Xpress Publishing,
4. N. Gregory Mankiw (2015), Principles of Macroeconomics, Cengage Learning Publisher
5. આર.સી.જોશી (2015), સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર, પોપ્યુલર પ્રકાશન, સુરત
6. Macro Ecuriomic theory and policy 2nd edition William h.branson all india traveller bookseller
7. Keynesian Economics Dr.R.D.GuptaKalyani Publishers 1982
8. Macro Economic theory and policy 2nd edition Fred R.Glahe


- **તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**(બ) જે સાચું હોય ત્યાં (✔)લખો અને ખોટું હોય ત્યાં (✘)લખો.**

(1)સાચું (2)ખોટું (3)સાચું (4)સાચું(5)ખોટું

**(ક) સાચો વિકલ્પ પસંદ કરો.**

(અ) કેઈન્સ
(બ) અલ્પ રોજગારી
(અ) નફાનો અપેક્ષિત દર
(અ) વ્યસ્ત
(બ) એકમ બરાબર

એકમ - 8

# મૂડીની સીમાંત કાર્યક્ષમતા

- : રૂપરેખા : -

**0.8 ઉદ્દેશો**

**8.1 પ્રસ્તાવના**

**8.2 મૂડીની સીમાંત કાર્યક્ષમતાનો અર્થ**

**8.3 મૂડીની સીમાંત કાર્યક્ષમતાના નક્કી કરતાં પરિબળા.**

**8.4 મૂડીની સીમાંત કાર્યક્ષમતાની ગણતરી / માપન**

**8.5 મૂડીની સીમાંત કાર્યક્ષમતા અને વ્યાજનો દર**

**8.6 મૂડી રોકાણ અને મૂડીની સીમાંત કાર્યક્ષમતા**

**8.7 મૂડીની સીમાંત કાર્યક્ષમતાને અસર કરતાં પરિબળા.**

**8.8 સારાંશ**

**8.9 ચાવીરૂપ શબ્દ**

**8.10 બહુ વિકલ્પીય પ્રશ્નો**

**8.11 તમારી પ્રગતિ ચકાસો**

❖ **સંદભસૂચિ**

## 8.0 ઉદ્દેશોઃ-

*આ એકમના અભ્યાસ પછી તમે..*

- *મૂડીની સીમાંત ક્ષમતાની ગણતરી વિશે સમજ કેળવી શકાશે*
- *મૂડીની સીમાંત કાર્યક્ષમતા અને વ્યાજના દર વચ્ચેનો સંબંધ જાણી શકાશે*
- *મૂડીની સીમાંત કાર્યક્ષમતાને અસર કરતાં પરિબળો વિશે સમજ પ્રાપ્ત થઈ શકશે*

## 8.1 પ્રસ્તાવનાઃ

*કોઈપણ ઉદ્યોગ સાહસિક દ્વારા જ્યારે નવો ધંધો શરૂ કરવામાં આવે ત્યારે તેણે વિવિધ સાધનો, યંત્રો, કાચોમાલ વગેરેની ખરીદી કરવી પડે છે. બીજા અર્થમાં ઉદ્યોગ સાહસિક મૂડીરોકાણ કરવુ પડે તેમ કહી શકાય. આ રીતે રોકેલી મૂડી દ્વારા જે વસ્તુઓ કે સેવાઓનુ ઉત્પાદન થાય તેને બજારમાં વેચીને ઉદ્યોગ સાહસિક પોતાની મૂડી અને નફો બંને મેળવી શકે છે. ધારો કે ઉદ્યોગ સાહસિક ધંધામાં રોકાણ કરવાના બદલે પોતાની પાસેના નાણાં બેંકમાં મૂકે અથવા કોઈ કંપનીના શેર ખરીદે છે તો તેને વ્યાજ પ્રાપ્ત થશે. પરંતુ આ વ્યાજની તુલનામાં ધંધામાં રોકાણ કરવાથી વધુ નફો પ્રાપ્ત થતો હોય તો ઉદ્યોગ સાહસિક ધંધામાં મૂડીરોકાણ કરવા પ્રેરાશે. જો ઉદ્યોગ સાહસિક પાસે નાણાં ન હોય તો તેણે બેંકમાંથી કે અન્ય નાણાંકીય સંસ્થાઓ પાસેથી નાણાં લોન પેટે લેવા પડશે, જેનાં બદલામાં વ્યાજ ચૂકવવુ પડશે. પરંતુ આ પ્રકારના વ્યાજ કરતાં ધંધામાંથી પ્રાપ્ત થતો નફો વધુ મળતો હશે તો તે વ્યાજે નાણાં લઈને પણ મૂડીરોકાણ કરશે.*

*આમ, નફો એ મૂડીરોકાણને પ્રોત્સાહિત કરનારૂ મહત્ત્વનું પરિબળ છે. ઉત્પાદકને ભવિષ્યમાં જેટલાં વધુ પ્રમાણમાં નફો મળશે તેટલા વધુ પ્રમાણમાં તે મૂડીરોકાણ કરશે. નફો એ મૂડીની સીમાંત કાર્યક્ષમતાની ધારણા સમાનછે. મૂડીની સીમાંત કાર્યક્ષમતા એ મૂડીસાધનની અનુમાનિત નફાકારકતાનો ખ્યાલ આપે છે. જેને નીચે મુજબ વિવિધ અર્થશાસ્ત્રીઓએ પોતાની રીતે સમજાવવાનો પ્રયત્નકર્યો છે.*

## 8.2 મૂડીની સીમાંત કાર્યક્ષમતાનો અર્થઃ-

(ક) *ઈરવીંગ ફિશર પોતાના '* TheoryofInterest' *નામના પુસ્તકમાં મૂડીની સીમાંત કાર્યક્ષમતા સમજાવતા લખે છે કે મૂડીની સીમાંત કાર્યક્ષમતા એટલે ખર્ચ કરતાં વધુ વર્તનનો દર.*

(ખ) *પ્રો.કુરિહારા :- મૂડીની સીમાંત કાર્યક્ષમતા એ મૂડીગત વસ્તુઓની અપેક્ષિત આવક અને તેની પુરવઠા કિંમત વચ્ચેનો ગુણોત્તર છે. જેને સૂત્ર સ્વરૂપમાં નીચે મુજબ રજુ કરી શકાય.*

$$MEC=\frac{Y}{P}$$

*જ્યાં,* Y = *અનુમાનિત આવક,* P =*પુરવઠા કિંમત*

*જોકે, મૂડીની સીમાંત કાર્યક્ષમતાને ટકાવારીમાં રજૂ કરવામાં આવે છે. તેથી*

$$MEC=\frac{Y}{P}\times 100$$ *વડે દર્શાવી શકાય.*

(01)*જે. એમ. કેઈન્સ : "મૂડી અશક્યામતની પુરવઠા કિંમત અને તેમાથી દર વર્ષે મળતા અપેક્ષિત વળતરના વર્તમાન મૂલ્યને સરખા બનાવવા માટે એ અપેક્ષિત વળતરના વર્તમાન મૂલ્યમાંથી જે વટાવ કાપી લેવો પડે છે તે વટાવને મૂડીની સીમાંત કાર્યક્ષમતા કહી શકાય."*

## 8.3 મૂડીની સીમાંત કાર્યક્ષમતા નક્કી કરતા પરિબળો :-

*મૂડીની સીમાંત કાર્યક્ષમતા મુખ્યત્વે બે પરિબળો પર આધાર રાખે છે.*

(ક) *મૂડીસાધનમાંથી ભવિષ્યમાં મળનાર અપેક્ષિત વળતર*

(ખ) *મૂડીસાધનની પુરવઠા કિંમત અથવા મૂડીસાધનનું ઉત્પાદન ખર્ચ.*

*કેઈન્સના મતે મુડીસાધનની પુરવઠા કિંમત અને મૂડી સાધનમાંથી ભવિષ્યમાં મળનાર અપેક્ષિત વળતર એ બંનેના તફાવત ઉપરથી મૂડીની સીમાંત કાર્યક્ષમતા કેટલી હશે તે જાણી શકાય છે.*

### (ક) મૂડીસાધનમાંથી ભવિષ્યમાં મળનાર અપેક્ષિત વળતર (આવક)

*નવા મૂડીસાધનના જીવનકાળ દરમિયાન તેના ઉત્પાદન ખર્ચને બાદ કરતાં જે ચોખ્ખી આવક (કુલ આવક – ખર્ચ) મળવાની ધારણાં હોય તેને મૂડીસાધનની અપેક્ષિત આવક કહે છે.*

*ધારો કે કોઈ એક મૂડીસાધનની આયુષ્ય મર્યાદા* 10 *વર્ષની છે. આ* 10*વર્ષના સમય દરમિયાન મૂડી સાધન પાછળ તેમાથી રૂપિયા* 12*લાખની કિંમતની વસ્તુઓનુ ઉત્પાદન થાય છે. વળી* 10*વર્ષ દરમિયાન મૂડી સાધન પાછળ રૂ.* 2*લાખનું નિભાવ ખર્ચ કરવું પડે છે. માટે મૂડી સાધનનું ચોખ્ખું વળતર* (12 *લાખ – રૂ,* 2*લાખ = રૂ.* 10 *લાખ ) રૂ.* 10 *લાખ થાય. આમ, મૂડીસાધનમાંથી જેટલી કિંમતની વસ્તુઓનુ*

*ઉત્પાદન થતુ હોય તેમાથી નિભાવખર્ચ બાદ કર્યા પછી જે રકમ બાકી રહે તેને ચોખ્ખુ વળતર કે ચોખ્ખી આવક કહે છે.*

**(ખ) મૂડીસાધનની પુરવઠા કિંમત એટલે મૂડીસાધનનુ ઉત્પાદન ખર્ચ.**

*મૂડીસાધનની પુરવઠા કિંમત એટલે નવા મૂડી સાધનનુ ઉત્પાદન ખર્ચ. જુના મૂડીસાધનના બદલે નવા મૂડીસાધનને મૂકવામાં આવે છે તથા નવા મૂડીસાધનની પુરવઠા કિંમતને જ ધ્યાનમાં લેવામાં આવે છે.*

## 8.4 મૂડીની સીમાંત કાર્યક્ષમતાની ગણતરી માપન

*મૂડી રોકાણ કરનાર એ બાબત ધ્યાનમાં રાખે છે કે મૂડીસાધનના જીવનકાળ દરમિયાન તેમાંથી મળનાર અપેક્ષિત વળતર (આવક) મૂડીસાધન બરાબર થવુ જોઈએ (ખર્ચ બરાબર આવક થઈ રહેવી જોઈએ.)*

*ધારો કે* 10 *વર્ષનું આયુષ્ય ધરાવતાં એક મૂડીસાધનની પુરવઠા કિંમત રૂ.*1,00,000*છે અને તેમાથી વાર્ષિક અનુમાનિત વળતર રૂ.*15,000*મળે છે. માટે,*

*મૂડીસાધનની વાર્ષિક પુરવઠા કિંમત =* $=\frac{1,00,000}{10 \text{ વર્ષ}}=10,000$

*અહિં વાર્ષિક પુરવઠા કિંમત રૂ.*10,000*છે જ્યારે વાર્ષિક અપેક્ષિતવળતર (આવક) રૂ.*15,000*છે. એટલે કે* 1:1.5

*જ્યાં સુધી અપેક્ષિત વર્તનનો દર પુરવઠા કિંમત કરતાં વધુ હશે ત્યાં સુધી નવું મૂડીરોકાણ કરવામાં આવે છે. તેનાથી ઊલટું અપેક્ષિત વળતર જો પુરવઠા કિંમત કરતા ઓછું થવા લાગે તો નવુ મૂડીરોકાણ અટકી જાય છે. સામાન્ય રીતે મૂડીરોકાણ કરનાર નીચેના સમીકરણમાં દર્શાવેલ સ્થિતિએ પહોંચવા* પ્ર*યત્ન કરે છે. જેને મૂડીની સીમાંત કાર્યક્ષમતાનું સમીકરણ પણ કહે છે.*

*પુરવઠા કિંમત = ભવિષ્યની વટાવ બાદ કરેલી આવક*

*અથવા*

$$\text{પુરવઠા કિંમત} = \frac{\text{પ્રથમવર્ષનુંઅપેક્ષિતવળતર}}{1+\text{મૂડીનીસીમાંતકાર્યક્ષામતા}} + \frac{\text{બીજાવર્ષનુંઅપેક્ષિતવળતર}}{(1+\text{ મૂડીનીસીમાંતકાર્યક્ષમતા})^2} + \frac{\text{ત્રીજાવર્ષનુંઅપેક્ષિતવળતર}}{(1+\text{ મૂડીનીસીમાંતકાર્યક્ષમતા})^3} + \frac{\text{n વર્ષનુંઅપેક્ષિતવળતર}}{(1+\text{ મૂડીનીસીમાંતકાર્યક્ષમતા})^n}$$

$$SP = \frac{Q1}{(1+\text{r})} + \frac{Q2}{(1+\text{r})^2} + \frac{Q3}{(1+\text{r})^3} + \cdots \ldots \ldots \frac{Qn}{(1+\text{r})^n}$$

*એક સરળ ઉદાહરણની મદદથી મૂડીની સીમાંતકાર્યક્ષમતાના ખ્યાલને સમજીએ,*

*ધારો કે*

*મૂડીસાધનની પુરવઠા કિંમત* (SP) =*રૂ.* 60000

*મૂડી સાધનની આયુષ્ય મર્યાદા* = 2 *વર્ષ*

**પ્ર***થમ વર્ષનું અપેક્ષિત વળતર* (Q-1) =*રૂ.*22000

*બીજા વર્ષનું અપેક્ષિત વળતર* (Q-2) =*રૂ.* 48400

*મૂડીની સીમાંત કાર્યક્ષમતા* (r) = 10 %

*મૂડીની સીમાંત કાર્યક્ષમતા એ વટાવનો દર છે જે* 10% (0.10*અથવા* $\frac{1}{10}$)*હશે તો તે દર મૂડીસાધનની અપેક્ષિત આવકનો સરવાળો અને પુરવઠા કિંમત બંને સરખા થાય.*

*હવે ઉદાહરણમાં આપેલી કિંમતો સમીકરણમાં મુકતા,*

$\therefore 60{,}000 = \frac{22{,}000}{(1+\frac{10}{100})} + \frac{48{,}400}{(1+\frac{10}{100})}$

$\therefore 60{,}000 = \frac{22{,}000}{(\frac{11}{10})} + \frac{48{,}400}{(\frac{11}{10})^2}$ નીચેના પદોનો લ.સા.અ..કરતાં

$\therefore 60{,}000 = \frac{22{,}000}{\frac{11}{10}} + \frac{48{,}400}{\frac{121}{100}}$ નીચેના પદોનો વર્ગ કરતાં

$\therefore 60{,}000 = \frac{22{,}000}{11} + \frac{48{,}400}{121}$ છેદને છેદ સાથે ગુણતા

$\therefore 60{,}000 = 20{,}000 + 40{,}000$

$60{,}000 = 60{,}000$

*પુરવઠા કિંમત (ખર્ચ) = વટાવ બાદ કરેલી આવક.*

- **બહુ વિકલ્પીય પ્રશ્નો**

1) ____________________ *એ મૂડીરોકાણને પ્રોત્સાહિત કરનારૂ મહત્ત્વનું પરિબળ છે.*
   *(અ) વ્યાજ (બ) બચત (ક) નફો (ડ) આવક*
2) *મૂડીની સીમાંત કાર્યક્ષમતા મુખ્યત્વે* __________________ *પર આધાર રાખે છે.*
   *(અ) બે (બ) ત્રણ (ક) ચાર (ડ) પાંચ*
3) *જ્યાં સુધી અપેક્ષિત વળતરનો દર પુરવઠા કિંમત* _________ *હશે ત્યાં સુધી નવું મૂડીરોકાણ કરવામાં આવે છે.*
   *(અ) થી વધુ (બ) થી ઓછી (ક) બરાબર (ડ) ઉપરમાંથી એક પણ નહી*
4) *મૂડીસાધનની પુરવઠા કિંમત એટલે* _______________________ *મૂડી સાધનનું ઉત્પાન ખર્ચ*
   *(અ) જુના (બ) નવા (ક) વર્તમાન (ડ) એકપણ નહી*

## 8.5 મૂડીની સીમાંત કાર્યક્ષમતા અને વ્યાજનો દર :-

*મૂડીની સીમાંત કાર્યક્ષમતા વ્યાજના દર સાથે સંબંધ ધરાવે છે. મૂડીની સીમાંત કાર્યક્ષમતાની મદદથી ભવિષ્યમાં મૂડીરોકાણ પર કેટલું વળતર મળશે તેનો ખ્યાલ વ્યાજના દર પરથી આવે છે. આથી નિયોજક રોકાણ કરતાં પહેલાં મૂડીની સીમાંત કાર્યક્ષમતા તેમજ વ્યાજના દરને ધ્યાનમાં રાખે છે.*

*જો મૂડીની સીમાંત કાર્યક્ષમતા વ્યાજના દર કરતાં વધુ હશે* (MEC > r )*તો નિયોજકને મૂડીરોકાણ નફાકારક જણાંતા મૂડીરોકાણનું* **પ્ર***માણ વધારશે.*

*જો મૂડી સીમાંત કાર્યક્ષમતા વ્યાજના દર કરતાં ઓછી/નીચી* (MEC < r)*હશે તો નિયોજકને મૂડીરોકાણમાં લાભ ન જણાંતા મૂડીરોકાણ ઘટાડશે.*

*આમ,* 1) *મૂડીની સીમાંત કાર્યક્ષમતા = વ્યાજદર, તેથી સમતોલ મૂડીરોકાણ*

2) *મૂડીની સીમાંત કાર્યક્ષમતા > વ્યાજદર, રોકાણમાં વધારો*

3) *મૂડીની સીમાંત કાર્યક્ષમતા <વ્યાજદર, રોકાણમાં ઘટાડો*

## 8.6 મૂડીરોકાણ અને મૂડીની સીમાંત કાર્યક્ષમતા :-

સામાન્ય રીતે મૂડીની સીમાંત કાર્યક્ષમતા અને મૂડીરોકાણ વચ્ચેસપ્રમાણ સંબંધ બતાવવામાં આવે છે. જો મૂડીની સીમાંત કાર્યક્ષમતા વધે તો મૂડીરોકાણની તકમાં વધારો થશે અને જો મૂડીની સીમાંત કાર્યક્ષમતા ઘટે તો મૂડીરોકાણમાં ઘટાડો થાય છે.


જો કે, મૂડીની સીમાંત કાર્યક્ષમતા પર અસર કરતાં અન્ય પરિબળો યથાવત રહે તો મૂડીરોકાણ વધતા મૂડીની સીમાંત કાર્યક્ષમતા ઘટે છે અને મૂડીરોકાણ ઘટતાં મૂડીની સીમાંત કાર્યક્ષમતા વધે છે. એટલે કે મૂડીરોકાણ અને મૂડીની સીમાંત કાર્યક્ષમતા વચ્ચે વ્યસ્ત સંબંધ છે.

મૂડીરોકાણ વધતાં મૂડીની સીમાંત કાર્યક્ષમતા ઘટવાના મુખ્ય બે કારણો છે.

1) મૂડીરોકાણ વધવાથી પેઢી લાંબાગાળે ઉત્પાદન વધારે છે, ઉત્પાદન વધવાથી બજારમાં વસ્તુનો પુરવઠો વધે છે. પરિણામે વસ્તુના ભાવ ઘટે છે જે નફાના દરમાં ઘટાડો લાવશે, આથી મૂડીની સીમાંત કાર્યક્ષમતા ઘટે છે.

2)ઉત્પાદક જેમજેમ ઉત્પાદન વધારશે તેમતેમ ઉત્પાદનના સાધનોની માંગ વધશે. ઉત્પાદનના સાધનો મર્યાદિત હોવાથી સાધનના ભાવ વધે છે, પરિણામે અપેક્ષિત વળતર ઘટવાથી મૂડીની સીમાંત કાર્યક્ષમતા ઘટે છે. આ હકિકતને નીચે મુજબ આકૃતિમાં રજૂ કરી શકાય.

**આકૃતિ – 8.2 મૂ.સી.કા. અને મૂડી રોકાણ વચ્ચેનો સંબંધ**




ઉપરોક્ત આકૃતિમાં આડી ધરી પર મૂડીરોકાણ અને ઊભી ધરી પર મૂડીની સીમાંત કાર્યક્ષમતા દર્શાવી છે. મૂડીની સીમાંત કાર્યક્ષમતા રેખા ઋણ ઢાળ ધરાવે છે કે જે દર્શાવે છે કે મૂડીરોકાણ અને મૂડીની સીમાંત

*કાર્યક્ષમતા વચ્ચે સંબંધ છે. જેમજેમ મૂડીરોકાણમાં વધારો કરવામાં આવે છે તેમતેમ મૂડીની સીમાંત કાર્યક્ષમતા ઘટે છે અને મૂડીરોકાણ ઘટતાં મૂડીની સીમાંત કાર્યક્ષમતા વધે છે.*

## 8.7 મૂડીની સીમાંત કાર્યક્ષમતાને અસર કરતાં પરિબળો :-

*મૂડીની સીમાંત કાર્યક્ષમતાને અસર કરતાં પરિબળોને બે વિભાગમાં વહેંચી શકાય.*
*(અ) ટૂંકાગાળાના પરિબળો (બ) લાંબાગાળાના પરિબળો*

### 8.7.1. ટૂંકાગાળાના પરિબળો :-

*ટૂંકાગાળાના પરિબળો નીચે મુજબ રજૂ કરી શકાય.*

#### 8.7.1.1. આવકમાં થતાં ફેરફાર :-

*ઘણીવાર તેજીની શક્યતા ઊભી થતાં અમુક વર્ગને આકસ્મિક મૂડી લાભ થાય છે. જે વર્ગ પાસે જમીન, મકાન કે અન્ય સ્વરૂપની સ્થાવર મિલકત છે તેઓને ભાવ કે વધવાથી અસામાન્ય નફો મળે છે, પરિણામે મૂડીની સીમાંત કાર્યક્ષમતામાં વધારો થાય છે.*

#### 8.7.1.2. કરમાળખુ :-

*કરના બે* પ્ર*કાર છે,* પ્ર*ત્યક્ષ અને પરોક્ષ. આ બંને કરમાં સમયાંતરે ફેરફાર થતા રહે છે. જો કરવેરા પેઢીઓના મૂડીરોકાણને* પ્રો*ત્સાહિત કરશે તો મૂડીની સીમાંત કાર્યક્ષમતામાં વધારો થશે અને જો કરવેરા પેઢીઓના મૂડીરોકાણને નિરુત્સાહ કરશે તો મૂડીની સીમાંત કાર્યક્ષમતામાં ઘટાડો થશે.*

#### 8.7.1.3. વેતનમાં પરિવર્તન :-

*વેતનના દરમાં થતાં ફેરફારની મૂડીરોકાણ પર કેવી અસર થાય છે તે જાણવુ મુશ્કેલ છે. જો વેતનમાં ઘટાડો થાય તો ઉત્પાદન ખર્ચ ઘટે છે. જેથી અપેક્ષિત નફાનું* પ્ર*માણ વધશે. જો ઉત્પાદનના સાધનોના વેતનમાં ઘટાડો થવાથી તેમની આવક ઘટે છે. પરિણામે તેઓ દ્વારા થતી વસ્તુની માંગ ઘટતા વસ્તુના ભાવ અને નફાના* પ્ર*માણમાં ઘટાડો થશે. આમ, મૂડીની સીમાંત કાર્યક્ષમતા ઘટવા પામે છે.*

#### 8.7.1.4.વપરાશમાં પરિવર્તન :-

*લોકોનની વપરાશમાં આવતા પરિવર્તનો પણ મૂડીની સીમાંત કાર્યક્ષમતાને અસર કરે છે. ટૂંકાગાળામાં વપરાશમાં મર્યાદિત પરિવર્તન થાય છે. પરંતુ લાંબાગાળે લોકોની આદત, રુચી, રિવાજો વગેરેમાં પરિવર્તન આવતા હોવાથી વપરાશમાં પણ પરિવર્તન આવે છે. પરિણામ સ્વરૂપ મૂડીની સીમાંત કાર્યક્ષમતામાં પણ પરિવર્તન થવા પામે છે.*

#### 8.7.1.5. ભવિષ્યની ધારણાઓ :-

*ભવિષ્યની ધારણાઓ પણ મૂડીરોકાણને અસર કરનારૂ મહત્ત્વનું પરિબળ છે. જો ધંધાનું ભવિષ્ય નફાકારક જણાતુ હશે તો મૂડીરોકાણની તક ઉજ્જવળ બનશે અને મૂડીની સીમાંત કાર્યક્ષમતા વધવા પામશે. જો ધંધાનું ભાવિ નિરાશાજનક હશે તો મૂડીરોકાણમાં ઘટાડો થશે અને મૂડીની સીમાંત કાર્યક્ષમતા પણ ઘટશે.*

**8.7.2 લાંબાગળાના પરિબળો :-**

*લાંબાગળાના પરિબળો નીચે મુજબ દર્શાવી શકાય.*

**8.7.2.1 ઉત્પાદન અને ટેકનોલોજીમાં પરિવર્તન :-**

*કોઈ પેઢી કે ઉદ્યોગ દ્વારા જ્યારે પોતાની જૂની પુરાણી અથવા પરંપરાગત કહી શકાય તેવી યંત્રસામગ્રીને બદલીને આધુનિક યંત્રસામગ્રી અપનાવે છે તો ઉત્પાદન ખર્ચ વધે છે, પરિણામે નફાના દરમાં ઘટાડો થતાં મૂડીની સીમાંત કાર્યક્ષમતા પણ ઘટવા પામે છે.*

**8.7.2.2વસ્તીવૃદ્ધિ દર અને વયમાળખુ :-**

*વિશ્વના દરેક દેશોમાં લાંબાગાળે વસ્તીના પ્રમાણમાં બદલાવ આવે છે, જેના પરિણામ સ્વરૂપ વયમાળખામાં પરિવર્તન થાય છે. જેમકે કુલ વસ્તીમાં બાળકો, યુવાનો, વૃધ્ધો, સ્ત્રીઓ, પુરુષો વગેરેનું પ્રમાણ બદલાય છે. આપ્રમાણ બદલાયુ હોવાથી વસ્તુની માંગમાં પણ પરિવર્તન આવે છે. દા.ત. પાછલા 20 વર્ષની તુલનામાં ભારતમાં શિક્ષણમાં વધતો થયો છે. વળી સ્ત્રીઓના શિક્ષણના પ્રમાણમાં પણ વધારો થયો છે. છોકરીઓના શિક્ષણમાં વધારો થવાના પરિણામે તેમણે અનુરૂપ શૈક્ષણિક સાધનો, યુનિફોર્મ વગેરેની માંગમાં વધારો થવા પામ્યો છે. વર્તમાનમાં જોવા મલ્ટી શિક્ષણપ્રત્યેની જાગૃતિ અને શાળામાં દાખલ થતા વિદ્યાર્થીઓના પ્રમાણને આધારે કહી શકાય કે શૈક્ષણિક સાધનોનું ઉત્પાદન કરતાં ઉદ્યોગોમાં મૂડીરોકાણની તક હજુ પણ વધુ ઉજ્જવળ બનશે તથા મૂડીની સીમાંત કાર્યક્ષમતા વધવા પામશે.*

**8.8સારાંશ :-**

*મૂડીની સીમાંત કાર્યક્ષમતા અને મૂડીરોકણ એ ઉદ્યોગસાહસિકના રોકણમાંથી પ્રાપ્ત થતાં અપેક્ષિત વળતર પર આધાર રાખે છે. આ ઉપરાંત તે સરકારની કરનીતિ, તકનીકી પરિવર્તન, વેતન સ્તર, વસ્તી વગેરે જેવાં પરિબળોથીપ્રભાવિત થાય છે. જો રોકાણની તકો વધુ નફાકારક રહી તો મૂડીરોકાણ વધે છે અને મૂડીની સીમાંત કાર્યક્ષમતા પણ વધવા પામે છે.*

*ટૂંકમાં જો ઉદ્યોગ સાહસિકને રોકેલી મૂડી દ્વારા વધુ વળતર મળવાની સંભાવના જણાશે તો જ તે નવુ મૂડીરોકાણ કરવા પ્રેરાશે.*

**8.9 ચાવીરૂપ શબ્દો**

**મૂડીગત વસ્તુઓ** :- *માનવીના શ્રમ દ્વારા ઉત્પાદિત ઉત્પાદનના સાધનો કે જેનો ઉત્પાદનની પ્રક્રિયામાંઉપયોગ કરવામાં આવે છે.*

**વટાવ (વટાવ દર)** :- *લોકોની સમય પસંદગી અથવા વ્યાજના ધન દરને કારણે ભવિષ્યમાં મળનાર લાભનું કે ભવિષ્યમાં થનાર ખર્ચનું વર્તમાન મૂલ્ય ઓછું આંકવામાં આવે છે. જે દરે તેમનું મૂલ્ય ઓછું આંકવામાં આવે છે તેણે વટાવ નો દર કહે છે.*

**મૂડીલાભ** :- *કોઈઅશક્યામત/સંપતિ ને જે કિંમતે ખરીદવામાં આવી હોય તેનાં કરતાં એ પછીના સમયે જો ઊંચી કિમંતે તેનું પુનઃ વેચાણ થતું હોય તો, જે વધારે કિંમત ઊપજી હોય તે મૂડીલાભ ગણાય છે.*

**પ્રત્યક્ષ કરવેરા** :- *જે વ્યક્તિ કે પેઢીની પાસેથી વેરા વસૂલ કરવામાં આવે છે તે જ તેનો બોજો ઉપાડે છે.*

**પરોક્ષ કરવેરા** :- *જે વ્યક્તિ કે પેઢી પર વેરો નાખવામાં આવ્યો છે તે પોતે વેરો ન ભરતાં વેરાના બોજને બીજાના પર ખસેડી ડે છે. દા.ત. વસ્તુઓ કે સેવા પરના વેરા.*

## 8.10 .બહુ વિકલ્પીય પ્રશ્નો

1) *મૂડીની સીમાંત કાર્યક્ષમતા વ્યાજ દર, તેથી ________________*
   *(અ) સમતોલ મૂડીરોકાણ (બ) રોકાણમાં ઘટાડો*
   *(ક) રોકાણમાં વધારો (ડ) રોકાણમાં કોઈ ફેરફાર નહી*

2) *અન્ય પરિબળો યથાવત રહે તો મૂડીરોકાણ અને મૂડીની સીમાંત કાર્યક્ષમતા વચ્ચે ________________ સંબંધ છે.*
   *(અ) સીધો (બ) વ્યસ્ત (ક) સપ્રમાણ (ડ) એક પણ નહી*

3) *મૂડીની સીમાંત કાર્યક્ષમતા રેખાનો ઢાળ કેવો હોય છે ?*
   *(અ) અંતર્ગોળ (બ) બહિર્ગોળ (ક) ધન (ડ) ઋણ*

4) *આકસ્મિક મૂડીલાભ થવાથી મૂડીની સીમાંત કાર્યક્ષમતા ____________________ છે.*
   *(અ) ઘટે (બ) વધે (ક) સ્થિર રહે (ડ) આમાથી એક પણ નહી*

## 8.11 સ્વાધ્યાય

**પ્રશ્ન** :1 *મૂડીની સીમાંત કાર્યક્ષમતા એટલે શું ? તેણે અસર કરતાં પરિબળો વર્ણવો .*

**પ્રશ્ન** :2 *મૂડીની સીમાંત કાર્યક્ષમતાનપ ખ્યાલ સમજાવી તે કેવી રીતે નક્કિ થાય છે તે સમજાવો.*

**પ્રશ્ન** :3 *મૂડીની સીમાંત કાર્યક્ષમતા અને વ્યાજનો દર મૂડીરોકાણની માંગને કઈ રીતે નક્કિ કરે છે ?*

### ❖ સંદભસૂચિ


- KPM Sundharam and EN Sudharam ; 1997, Macro Economics, Sultan chand & Sons
- પ્રો. *આર. વી. શાસ્ત્રી, ડૉ. એમ. એન. રાવલ ;* 1985-86,*નાણાંના સિધ્ધાંતો (ઉચ્ચવિશ્લેષણ), પોપ્યુલર પ્રકાશન, સુરત*


### ❖ તમારી પ્રગતિ ચકાસોના જવાબ

- **બહુ વિકલ્પીય પ્રશ્નો – (ક)**

  (1) *ક – નફો* (2)*અ – બે* (3)*ક – થી વધુ* (4)*બ – નવા*

- **બહુ વિકલ્પીય પ્રશ્નો – (ખ)**

  (1)*બ – રોકાણમાં વધારો* (2)*બ – વ્યસ્ત* (3)*ડ – ઋણ* (4)*બ – વધે*

| એકમ - 9 | મૂડીની સીમાંત કાર્યક્ષમતા અને રોકાણ |
|---|---|

- :રૂપરેખા : -

**9.0 ઉદ્દેશો**

**9.1 પ્રસ્તાવના**

**9.2 મૂડી રોકાણની સીમાંત કાર્યક્ષમતાનો અર્થ અને ખ્યાલ**

**9.3 વ્યાજના વિભિન્ન દરોએ રોકાણ માટેની માંગ**

**9.4 MECઅને MEIવચ્ચેનો તફાવત**

**9.5 મૂડી  રોકાણની સીમાંત કાર્યક્ષમતાને પ્રભાવિત કરતાં પરિબળો**

**9.6 સારાંશ**

**9.7 ચાવીરૂપ શબ્દો**

**9.8 તમારી પ્રગતિ ચકાસો**

- **સંદર્ભસૂચિ**
- **તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

## 9.0 ઉદ્દેશો :-

*આ એકમના અભ્યાસ પછી તમે..*

- *રોકાણની સીમાંત કાર્યક્ષમતાનો ખ્યલા સમજી શકશો.*
- *વ્યાજના વિભિન્ન દરોએ રોકાણ માટેની માંગનું નિર્ધારણ કઈ રીતે થાય છે તે જાણી શકાશે.*
- *મૂડીની સીમાંત કાર્યક્ષમતા અને રોકાણની સીમાંત કાર્યક્ષમતા વચ્ચેનો તફાવત સમજી શકાશે.*

## 9.1 પ્રસ્તાવના :-

*અગાઉના પ્રકરણમાં આપણે મૂડીની સીમાંત કાર્યક્ષમતા વિષે જોઈ ગયા. મૂડીની સીમાંત કાર્યક્ષમતા વ્યાજના દરેક સ્તર અર્થતંત્રમાં મૂડીનું મહત્ત્વ પ્રમાણ નક્કી કરે છે, જયારે રોકાણની સીમાંત કાર્યક્ષમતા મૂડી જથ્થાના પ્રમાણને જોતાં વ્યાજના દરેક સ્તરે અર્થતંત્રમાં રોકાણનું સ્તર નક્કી કરે છે. દા.ત. સંપતિ પરનું રોકાણ વ્યાજના દરના આધારે કરવામાં આવે છે. વ્યાજનો બજાર દર જેટલો ઊંચો હશે, તેટલું રોકાણનું પ્રમાણ ઓછું હશે અને જો વ્યાજનો બજાર દર ઓછો હશે તો રોકાણનું પ્રમાણ વધુ હશે. બીજા શબ્દોમાં કહીએ તો રોકાણની સીમાંત કાર્યક્ષમતા એ વ્યાજના વિવિધ દરોએ માંગવામાં આવેલી ભંડોળની રકમ દર્શાવે છે. તેથી તેને રોકાણ – માંગ અનુસૂચિ પણ કહે છે.*

## 9.2 રોકાણની સીમાંત કાર્યક્ષમતાનો અર્થ અને ખ્યાલ :-

*રોકાણની સીમાંત કાર્યક્ષમતા એ વળતરનો અપેક્ષિત દર છે. જે રોકાણના એક વધારાના એકમમાંથી મેળવવામાં આવે છે.*

*ઉપરોક્ત ખ્યાલને સમજવા માટે એક ઉદાહરણ લઈએ.*

*ધારો કે કોઈ એક પેઢી કે જેનો મુખ્ય ઉદ્દેશ પોતાના નફાને મહત્ત્વ કરવાનો છે.*
*એટલે કે કુલ નફો = કુલ આવક - કુલ ખર્ચ*

$$\pi = TR - TC$$

*જ્યાં* TR = *પેઢી દ્વારા જે રોકાણ કરવામાં આવેલ વહે તેનો વળતરનો અપેક્ષિત દર દર્શાવે છેઅને*

TC = *પેઢી દ્વારા જે લોન (દેવું) લેવામા આવી છે તેના વ્યાજની ચૂકવણીને દર્શાવે છે*

∴ *પેઢીનો કુલ નફો* (π) =*અપેક્ષિત વળતરનો દર – લોન પેટે ખર્ચ (વ્યાજ દર)*

*ટૂંકમાં અપેક્ષિત વળતરનો દર અને વ્યાજ દર વચ્ચેનો તફાવત પેઢીના નફાને દર્શાવે છે જેને રોકાણની સીમાંત કાર્યક્ષમતા તરીકે ઓળખવામાં આવે છે.*

*જો વ્યાજના દરમાં વધારો થાય તો રોકાણ માટેની માંગ ઘટે છે, કારણ કે વ્યાજદરમાં વધારો થવાથી પેઢીને પ્રાપ્ત થતાં નફામાં ઘટાડો થાય છે.*

*એટકે કે*

$$r \uparrow I \downarrow$$


$$r \downarrow I \uparrow$$

*વળી કોઈ પણ પેઢી પોતાના મહતમ કરવા માટે દરેક વખતે વસ્તુની કિંમતમાં વધારો કરી શકતી નથી. આ બાબતને નીચે આપેલ આકૃતિ અને અનુસૂચિની મદદથી સમજી શકાશે.*

**કોષ્ઠક નં. 9.1 વ્યાજના દર અને રોકાણ**

| **વ્યાજનો દર** *(ટકામાં)* | **રોકાણ** *(કરોડમાં રૂ. માં)* |
|---|---|
| **2** | **100** |
| **3** | **80** |
| **4** | **70** |
| **5** | **50** |

**આકૃતિ 9.1 વ્યાજના દર અને રોકાણ**




*ઉપરોક્ત કોષ્ટક પરથી સમજી શકાય છે કે જો વ્યાજ દર વધુ હોય તો રોકાણ માટેની માંગ ઘટે છે અને વ્યાજ દર ઓછો હોય તો રોકાણ માટેની માંગ વધે છે. એટલે કે વ્યાજ દર અને મૂડીરોકાણ વચ્ચે વ્યસ્ત સંબંધ છે. આવી સ્થિતિમાં રોકાણની સીમાંત કાર્યક્ષમતાનો વક્ર ડાબી બાજુથી જમણી બાજુ નીચેની તરફ ઢળતો ઋણ ઢાળવાળો બનશે.*

## 9.3 વ્યાજના વિભિન્ન દરોએ રોકાણ માટેની માંગ :-

*વ્યાજના દરોના વિભિન્ન સ્તરે મૂડીરોકાણ માટેની માંગ કેટલી હશે તે METના વક્રની સાપેક્ષતા ઉપર આધાર રાખે છે.*


**આકૃતિ 9.2 વ્યાજદર અને રોકાણ વચ્ચેનો સંબંધ**




*ઉપરોક્ત આકૃતિમાં જોઈ શકાય છે કે જો METવક્ર ઓછો સાપેક્ષ હશે તો વ્યાજદરમાં ફેરફાર થવાથી મૂડીરોકાણ માટેની માંગમાં ઓછો ફેરફાર થશે અને જો MEI વક્ર વધુ સાપેક્ષ હશે તો વ્યાજ દરમાં ફેરફાર થવાથી મૂડીરોકાણ માટેની માંગમાં વધુ ફેરફાર થશે.*

### 9.3.1 વ્યાજનો દર આપેલો હોય ત્યારે મૂડીરોકાણનું નિર્ધારણ :


**આકૃતિ 9.3 સ્થિર વ્યાજદર મૂડી રોકાણ**



આકૃતિમાં oyધરી પર વ્યાજનો દર અને OX ધરી પર મૂડીરોકાણ માટેની માંગ દર્શાવેલ છે. MEIએ પ્રારંભિક મૂડી- રોકાણ માટેની માંગરેખા છે. જ્યાં વ્યાજનો દર or અને મૂડીરોકાણ માટેની માંગOI છે. ધારો કે કોઈ પેઢીએ વર્તમાનમાં જે અશક્યામતો / સાધનો રોકેલા છે તેને કોઈ કારણોસર ઘસારો લાગે છે, આમ લગાડવી પડે છે. જેથી કરીને પેઢીનું મૂડીરોકાણ વધવા પામે છે. પરિણામ સ્વરૂપમાં જમણી બાજુ ઉપર તરફ ખસે છે. જ્યાં આપેલા or વ્યાજના મૂડીરોકાણ માટેની માંગ OIવધીને $OI_1$ થાય છે.

ટુંકમાં MET વક્ર જેમ ઉપરની તરફ ખસે છે તેમ મૂડીરોકાણની માંગમાં વધારો થાય છે.
ઉપરોક્ત બાબતને નીચે દર્શાવેલ આકૃતિની મદદથી વધુ સારી રીતે સમજી શકાશે.
માંગમાં વધારો થાય છે.

**આકૃતિ 9.4 સ્થિર વ્યાજદર મૂડી રોકાણ**




METવક્ર એ મૂડીરોકાણ માટેની માંગ દર્શાવે છે. જો કોઈપણ પેઢી માટે MEI >r હોય તો તેને પેઢી માટે નફાકારક ગણવામાં આવે છે.

આકૃતિમાં ox ધરી પર મૂડીરોકાણનું પ્રમાણ અને oy ધરી પર ખર્ચ દર્શાવેલ છે. વ્યાજનુ પ્રમાણ એ પેઢી માટે ખર્ચ ગણવામાં આવે છે.ધારોકે 8ટકા વ્યાજના દરે કોઈ પેઠી શરૂઆતમાંMEIરેખા એ ઉપરથી નીચે તરફ ઋણ ઢાળ ધરાવે છે. રૂ. 1કરોડનુ મૂડીરોકાણ કરે છે ત્યારે પેઢીને પ્રાપ્ત થતો અપેક્ષિત વળતરનો દર OAB1 જેટલી છે.જો કે કુલ આવકમાંથી ODC1 જેટલું વ્યાજ કરતાં પેઢીને પ્રાપ્ત થતી ચોખ્ખી આવક ABCD જેટલી છે.

હવે જો પેઢી દ્વારા નવા પ્રોજેક્ટમાં વધુ રોકાણ કરવામાં આવે છે. (ધારો કે રૂ. 2કરોડ) તો પણ MEI>rની સ્થિતિ જોવા મળે છે. પરંતુપ્રથમ પ્રોજેક્ટ તુલનામાં પેઢીને પ્રાપ્ત થતાં લાભનું પ્રમાણ ઘટી જાય છે.

*પેઢી દ્વારા જો સતત નવા પ્રોજેક્ટ હાથ ધરવામાં આવે અને રૂ. 4 કરોડ સુધીનું મૂડીરોકાણ કહે છે તો પ્રાપ્ત થતો કુલ ચોખ્ખો લાભ AED ત્રિકોણ જેટલો થાય છે.Eબિંદુ પછી એટલે કે રૂ.4 કરોડથી વધુનું રોકાણ પેઢી દ્વારા કરવામાં આવે તો MEI <r થતુ હોવાથી પેઢીને લાભના બદલે નુકશાન ભોગવવુ પડે છે.*

## 9.4 MEC(મૂડીની સીમાંત કાર્યક્ષમતા) અને MEI(રોકાણની સીમાંત કાર્યક્ષમતા) વચ્ચેનો તફાવત :-

| મૂડીની સીમાંત મર્યક્ષમતા<br>MEC | રોકાણની સીમાંત કાર્યક્ષમતા<br>MEI |
|---|---|
| 1) મૂડી અશક્યામતની પુરવઠા કિમંત પર આધારિત છે.<br>2) MEC નો સંબંધ અર્થવ્યવસ્થામાં કોઈ નિશ્ચિત સમય અવધિમાં ઉપલબ્ધ મૂડીના જથ્થા સાથે છે.<br>3) વ્યાજ દરના પ્રત્યેક સ્તરે અર્થવ્યવસ્થામાં ઈષ્ટતમ મૂડીનું પ્રમાણ કેટલું હશે તેનું નિર્ધારણ કરે છે.<br>4) મૂડીના તમામ એકમો પર વળતરનો દર દર્શાવે છે. વળી વર્તમાન મૂડીના પ્રમાણ સાથે પણ સંબંધ છે.<br>5) મૂડીના જથ્થા સાથે સંબંધ છે. | 1) રોકાણની માંગમાં પરિવર્તન થવાથી પુરવઠા કિંમતમાં પરિવર્તન થાય છે.તેના પર આધારિત છે.<br>2) MEI નો સંબંધ કોઈ નિશ્ચિત સમય સાથે હોય છે.<br>3) મૂડીનું પ્રમાણ આવેલું હોવાથી પ્રત્યેકવ્યાજ દરે શુદ્ધ મૂડીરોકાણને નિર્ધારિત કરે છે.<br>4) મૂડી પર વળતરના દરને દર્શાવે છે.<br>5) રોકાણના પ્રમાણ સાથે સંબંધ છે. |

## 9.5મૂડી અને રોકાણની સીમાંત કાર્યક્ષમતાને પ્રભાવિતકરતાં પરિબળો

*મૂડી અને MEIને પ્રભાવિત કરતાં પરિબળોને બે ભાગમાં વિભાજીત કરી શકાય.*

### 9.5.1ટૂંકાગાળાના પરિબળો

#### 9.5.1.1અપેક્ષિત માંગ :-

*વસ્તુઓની અપેક્ષિત માંગ અને MEI તથા રોકાણ વચ્ચે સીધો સંબંધ છે. વસ્તુઓની માંગ વધવાની સંભાવના રોકાણમાં પણ વધારો કરે છે અને અપેક્ષિત માંગ ઘટવાની સંભાવના રોકાણમાં ઘટાડો કરે છે.*

#### 9.5.1.2વપરાશ વૃતિ :

*વપરાશ વૃતિની MET પર સાનુકુળ અસર પડી શકે છે કારણ કે રોકાણ માલની માંગ અમુક અંશે વપરાશમાલની માંગમાંથી તારવવામાં આવે છે.*

#### 9.5.1.3ખર્ચ અને કિંમતો :

*ઉત્પાદક દ્વારા ભવિષ્યમાં કિંમતો વધવાની અને ખર્ચ ઘટવાની અપેક્ષા રાખવામા આવતી હશે.તો રોકાણ પરના વળતરના દરની તેની અપેક્ષા પણ વધશે. તેનાથી ઊલટું જો કિંમતો ઘટવાની અને ખર્ચ વધવાની અપેક્ષા હશે તેને રોકાણ પરના વળતરના દરની તેની અપેક્ષા ઘટશે.*

**9.5 1.4આશાવાદ અને નિરાશાવાદ :**

*આશાવાદમાં ભવિષ્યમાં રોકાણ પરના વળતરના દરોનો ઊંચો અંદાજ મૂકવામાં આવે છે, જે રોકાણની સીમાંત કાર્યક્ષમતાને ઊંચે લઈ જાય છે. જ્યારે નિરાશાવાદમાં ભવિષ્યના રોકાણ પરના વળતરના દરોનો નીચો અંદાજ મૂકવામાં આવે છે, જે રોકાણની સીમાંત કાર્યક્ષમતાને નીચે લઈ જાય છે.*

**9.5.2 લાંબાગળાના પરિબળો :-**

*લાંબાગાળામાં નીચે મુજબના પરિબળોનો સમાવેશ થાય છે.*

**9.5.2.1નવા ક્ષેત્રોનો વિકાસ :-**

*અર્થતંત્રમાં નવા ક્ષેત્રોનો વિકાસ થવાથી આંતરમાળખાકીય સુવિધાઓ ખેતી, ઉદ્યોગ વગેરેમાં મોટાપાયે રોકાણ થવાની શક્યતાઓ ઊભી થાય છે જે* MEI *ને ઊંચે લઈ જાય છે.*

**9.5.2.2 પ્રવર્તમાન રોકાણનો દર :-**

*જો કોઈ ઉદ્યોગમાં* **પ્ર***વર્તમાન રોકાણનો દર ખૂબ ઊંચો હશે તો તે ઉદ્યોગમાં ભાવિ રોકાણની તક મર્યાદિત બનશે. દા.ત. ખાદ્ય તેલની મિલો વધુ સ્થાપવામાં આવી હશે તો નવા ઉત્પાદકોને ખાદ્યતેલની માંગ તેની મિલોના વિસ્તરણને શક્ય બનાવે તેટલી ઊંચી ન હોય ત્યાં સુધી ખાદ્યતેલની મિલોમાં નવું મૂડીરોકાણ કરવું ઉત્પાદકને ગમશે નહી.*

**9.5.2.3 વિદેશવેપારની વૃદ્ધિ :-**

*વિદેશવેપારમાં વૃધ્ધિ થવાથી નિકાસ ઉધોગોમાં રોકાણને ઉત્તેજન મળે છે. કારણ કે તેનાથી જુના બજારોમાં નિકાસ વધે છે અને નવા બજારોમાં વેપારનું વિસ્તરણ પણ થાય છે. જો સરકાર દ્વારા આયાતો પર અંકુશો મૂકવામાં આવે તો પણ રોકાણમાં વધારો થઈ શકે છે.*

**9.5.2.4 ઉત્પાદન પધ્ધતિ :**

*અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવાથી એકમદીઠ ઉત્પાદન વધે છે અને ખર્ચ ઘટે છે. આ રીતે નવા યંત્રો અથવા નવી ઉત્પાદન પધ્ધતિનો અમલ ઉદ્યાગો માટે વધુ લાભદાયક હોવાથી ઘણીવાર તે નવા રોકાણને* **પ્રો***ત્સાહિત કરે છે.*

**9.5.2.5 પ્રવર્તમાન સ્થાપિત શક્તિ :-**

*ઓધોગિક એકમોમાં પ્રવર્તમાન સ્થાપિત ક્ષમતાનો પૂર્ણ ઉપયોગ થઈ રહ્યો હોય અને બીજી તરફ માંગમાં વધારો થતો હોય ત્યારે વધેલી માંગને પહોચી વળવા નવા મૂડીસાધનો* **પ્ર***સ્થાપિત કરવા પડશે. આ નવા સાધનો માટે નવુ મૂડીરોકાણ હાથ ધરવુ પડે છે.*

**9.5.7.6 વસ્તી વધારો :**

*વસ્તીમાં વધારો થવાથી લોકો દ્વારા કરવામાં આવતી વિવિધ ચીજવસ્તુઓ અને સેવાઓની માંગમાં પણ ઝડપી વધારો થાય છે. આ માંગને સંતોષવા ઉત્પાદકોએ વધુ* **પ્ર***માણમાં રોકાણ કરવુ પડે છે. આમ વસ્તીમાં થતો વધારો રોકાણ અને તેની સીમાંત કાર્યક્ષમતામાં વધારો કરે છે.*

## 9.6 સારાંશ

*રોકાણના એક વધારાના એકમ તરીકે રોકાણ પરના વળતરના અપેક્ષિત દરને ચોક્કસ શરતો અને નિર્ધારિત સમયગાળા દરમિયાન નિર્દિષ્ટ કરવામાં આવે છે. રોકાણની નફાકારકતા દર્શાવવા માટે ચાલુ વ્યાજ દર સાથે આ દરની સરખામણી કરવામાં આવે છે. જેમજેમ રોકાણના પ્રમાણમાં વધારો થાય છે તેમ તેમ તેમાથી પ્રાપ્ત થતા વળતરના દરમાં ઘટાડો થવાની અપેક્ષા રાખવામાં આવે છે.કારણ કે સૌથી વધુ નફાકારક પ્રોજેક્ટ પહેલાં હાથ ધરવામાં આવે છે. મૂડીરોકાણમાં વધારો થતાં ક્રમશઃ નીચા વળતર દર સાથેના પ્રોજેક્ટ હાથ ધરવામાં આવે છે. તાર્કિક રીતે કહીએ તો જ્યાં સુધી દરેક વધારાના રોકાણની સીમાંત કાર્યક્ષમતા વ્યાજ દર કરતાં વધુ હશે ત્યાં સુધી રોકાણ હાથ ધરવામા આવશે. જો વ્યાજનો દર વધારે હોય તો રોકાણ બિન-નફાકારક રહેશે. કારણ કે જરૂરી ભંડોળ ઉધાર લેવાનો ખર્ચ રોકાણ પરના વળતર કરતા વધી જશે. જો કે રોકાણ માટે ધિરાણ લેવું બિન-આવશ્યક હોવાં છતાં પણ જો ઉપલબ્ધ ભંડોળને વર્તમાન વ્યાજ દરે ધિરાણ કરીને પણ લાભ પ્રાપ્ત કરી શકાય છે.*

*કેઈન્સે રોકાણના સ્તરના નિર્ધારકો તરીકે વ્યાજના દરોના બદલે નફાની અપેક્ષાઓના મહત્ત્વને દર્શાવતા મૂડીની સીમાંત કાર્યક્ષમતા શબ્દ પ્રયોજ્યો હતો.*

## 9.7 ચાવીરૂપ શબ્દો

**અશક્યામત :-** *વિનિમયમૂલ્ય અથવા બજાર મૂલ્ય ધરાવતી સંપતિ અથવા મિલકત, અશક્યામત બે ભાગમાં વહેચવામાં આવે છે. (1)વાસ્તવિક અસ્કયામત કે જેમાં મકાન, જમીન અને ભૌતિક - વસ્તુઓનો સમાવેશ થાય છે અને (2)નાણાકીય અશક્યામત જેમાં નાણું, થાપણ બોન્ડ (વગેરેનો સમાવેશ થાય છે.*

**આયાત અંકુશ :** *દેશની આયાત ઘટાડવા માટે સરકાર દ્વારા અપનાવવામાં આવતા માર્ગો જેમકે આયાત કરવેરા, આયાત જકાત, આયાતો પરનો સરચાર્જ વગેરે. આયાતો ઘટાડવાનો ઉદેશ લેણદેણની તુલાની ખાદ્ય ઘટાડવાનો અને દેશના ઉત્પાદકોને વિદેશી હરિફો સામે રક્ષણ આપવાનો હોય છે.*

**ઈષ્ટતમ મૂડી :** *ઈષ્ટ એટલે ઉત્તમ સ્થિતિ. ઈષ્ટ અથવા ઈષ્ટતમની બાબતમાં શું હોવુ જોઈએ અથવા શું ઈરછનીય છે તેની પસંદગી કરવી પડે છે. અહિં ઈષ્ટતમ મૂડી એટલે ઉદ્યોગ માટે એવું મૂડી માળખુ કે જે ઓછા જોખમે વધુ વળતર મેળવી આપે છે.*

## 9.8 તમારી પ્રગતિ ચકાસો

### 9.6.2બહુ વૈકલ્પિક પ્રશ્નો

1) *વ્યાજના દરમાં વધારો થવાથી પેઢીને પ્રાપ્ત થતા નફામાં* ________________

*(અ) કોઈ ફેરફાર થતો નથી.* *(બ) વધારોય થાય છે.*

*(ક) ઘટાડો થાય છે* *(ડ) આમાંથી એક પણ નહી*

2) MEI*વક્રમાં કેવાં પ્રકારનો ફેરફાર થવાથી મૂડીરોકાણની માંગમાં વધારો થશે ?*

*(અ) વિસ્તરણ પામવાથી* *(બ) સંકોચન પામવાથી*

(ક) ડાબી બાજુ સ્થાન બદલવાથી. (ડ) જમણી બાજુ સ્થાન બદલવાથી.

3)જો_______________ હોય તો પેઢી માટે તે નફાકારક ગણાવામાં આવે છે.

(અ) MEI < r (બ) MEI > r

(ક) MEI = r (ડ) MEI # r

4)નવો પ્રોજેક્ટ હાથ ધરવાથી પેઢીને પ્રાપ્ત થતાં લાભના પ્રમાણમાં કેવા ફેરફાર થાય છે. ?

(અ) નુકશાન થાય છે (બ) પહેલાંથી વધુ લાભ થાય છે.

(ક) ઓછો લાભ થાય છે. (ડ) કોઈ ફેરફાર થતો નથી

5)આયાત અંકુશો દ્વારા રોકાણમાં શું ફેરફાર થઈ શકે છે ?

(અ) રોકાણ વધે (બ) રોકાણ ઘટે

(ક) રોકાણ સ્થિર (ડ) કોઈ ફેરફાર ન થાય

## ❖ પ્રશ્નો જવાબ આપો:

પ્રશ્ન – 1રોકાણની સીમાંત કાર્યક્ષમતાનો અર્થ આપી વ્યાજના વિભિન્ન દરોએ રોકાણ માટેની માંગ સમજાવો.

પ્રશ્ન – 2 વ્યાજનો દર આપેલો હોય ત્યારે મૂડીરોકાણનું નિર્ધારિણ કઈ રીતે થાય છે ? – વિગતે સ્પષ્ટ કરો.

પ્રશ્ન – 3 MEIઅને MECવચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

પ્રશ્ન – 4 રોકાણની સીમાંત કાર્યક્ષમતાનો ટુંકાગાળો અને લાંબાગાળો સમજાવો.

## ❖ સંદર્ભસૂચી:


- પ્રો. આર. વી. શાસ્ત્રી, ડૉ. એમ.એન. રાવલ ; 19855-8 6. નાણાંના સિધ્ધાંતો, પોપ્યુલર પ્રકાશન, સુરત
- KPM Sudhram and EN Sundharam 1997, Mac30 Economics, Sultan Chand & Sons.


## ❖ તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1)ક - ઘટાડો થાય છે.

2)ડ - જમણી બાજુ સ્થાન બદલવાથી

3)બ - MEI > r

4)ક – ઓછો લાભ થાય છે.

5)અ – રોકાણ વધે

| એકમ - 10 | ફુગાવાની અસરો |
|---|---|

-:રૂપરેખા:-

**10.0 ઉદ્દેશો**

**10.1 પ્રસ્તાવના**

**10.2 ફુગાવાનો અર્થ**

**10.3 ફુગાવાની અસરો**

**10.4 ફુગાવાની બચત પરની અસરો**

**10.5 ફુગાવાની મૂડી રોકાણ પરની અસરો**

**10.6 કેઈન્સનો રોકાણ ગુણક**

**10.7 ગતિવર્ધનનો ખ્યાલ**

**10.8 ગુણક અને ગતિવર્ધનનો સબંધ**

**10.9 સારાંશ**

**10.10 ચાવીરૂપ શબ્દો**

**10.11 તમારી પ્રગતિ ચકાસો**

❖ **સંદર્ભસૂચિ**

❖ **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

## 10.0 ઉદ્દેશો

*આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...*

- *ફુગાવા વિષે ચર્ચા કરી શકશો.*
- *ફુગાવાની અર્થતંત્ર પરની અસરો તપાસી શકશો.*
- *ગુણકના ખ્યાલ દ્વારા મૂડીરોકાણની આવક પરની અસરો તપાસી શકશો.*
- *ગતિવર્ધનનો ખ્યાલ સમજાવી શકશો.*

## 10.1 પ્રસ્તાવના

*"રૂપિયો ગાડાના પૈડા જેવડો હતો". - આપણા વડીલો દ્વારા બોલવામાં આવતું આ વિધાન રૂપિયાનું મૂલ્ય બતાવે છે. ભૂતકાળમાં એક રૂપિયા દ્વારા જેટલી વસ્તુઓ ખરીદી શકાતી હતી તેટલી વર્તમાનમાં ખરીદવી શક્ય નથી. એટલે કે રૂપિયાનું મૂલ્ય દિન પ્રતિદિન ઘટતું ગયું છે. વિશ્વના દરેક દેશમાં જુદા જુદા પ્રમાણમાં ભાવવધારો થયો છે. એટલે કે દેશના ચલણના મૂલ્યમાં ઘટાડો થયો છે. અર્થશાસ્ત્રમાં સામાન્ય રીતે ભાવવધારાને ફુગાવા તરીકે ઓળખવામાં આવે છે. વિશ્વના કેટલાક દેશોમાં અસામાન્ય ભાવવધારો જોવા મળ્યો છે. જેમ કે 1933માં એડોલ્ફ હિટલર જર્મનીની સત્તા પર આવ્યો, તે*

*સમયગાળા દરમિયાન જર્મનીમાં 13 લાખ ટકાનો ફુગાવો નોંધાયો હતો. એ જ રીતે 21મી સદીના આરંભ કાળમાં ઝિમ્બાબ્વેમાં લગભગ 1કરોડ ટકાનો ફુગાવો નોંધાયો હતો. ભાવવધારો અથતંત્ર માટે હંમેશા ખરાબ જ હોય તેવું પણ કહી શકાય નહિ મોટા ભાગના અર્થશાસ્ત્રીઓ 3 થી 5 ટકા સુધીના ફુગાવાને અર્થતંત્રના વિકાસ માટે યોગ્ય માને છે.*

## 10.2 ફુગાવાનો અર્થ

*ફુગાવાની વ્યાખ્યા જુદા જુદા અર્થશાસ્ત્રીઓ દ્વારા જુદી જુદી રીતે આપવામાં આવી છે. તેમ છતાં કોઈ એક સર્વ સામાન્ય વ્યાખ્યા આપવાનું કાર્ય ખુબ જ મુશ્કેલ છે. સામાન્ય રીતે કહીએ તો ફુગાવો એટલે ભાવ સપાટીમાં સતત અને એકધારો વધારો. કેટલાક અર્થશાસ્ત્રીઓ નાણાં અને શાખાના પુરવઠામાં જરૂર કરતા થતો વધુ વધારો ગણીને ફુગાવાને એક નાણાંકીય ઘટના તરીકે ઓળખાવે છે.*

*પ્રો. ક્રાઉથર, ગાર્ડનર એકલે, એચ.જી. જહોન્સન વગેરે અર્થશાસ્ત્રીઓ ફુગાવાને વધતા ભાવો તરીકેની ઘટના ગણે છે.*

*પ્રો. ક્રાઉથરના મતે "ફુગાવો એવી પરિસ્થિતિ છે કે જેમાં નાણાંનું મૂલ્ય ઘટતું જાય છે એટલે કે ભાવો વધતા હોય છે."*

*ગાર્ડનર એકલેના મતે "ફુગાવો એટલે સામાન્ય ભાવસપાટી અથવા સરેરાશ ભાવોમાં થઈ રહેલો સતત અને નોંધપાત્ર વધારો."*

*એચ. જી. જહોન્સનના મતે "ભાવોમાં ગણનાપાત્ર વધારો એટલે ફુગાવો."*

*ભાવ-વધારાના સંદર્ભમાં ફુગાવાની ઉપરોક્ત વ્યાખ્યાની બે મર્યાદા જોઈ શકાય*

(1) *ભાવમાં થયેલ પ્રત્યેક વધારો એ ફુગાવાજન્ય હોતો નથી. જેમ કે મંદીના સમય દરમિયાન ભાવોમાં થતો વધારો એ ફુગાવાકારી નથી હોતો અને અર્થતંત્ર પર તેની હાનિકારક અસરો પડતી નથી.*

(2) *ભાવ સપાટીમાં સમયાંતરે શા માટે વધારો થાય છે. તેની સમજુતી ઉપરોક્ત વ્યાખ્યા આપતી નથી.*

*બીજી તરફપ્રો. મિલ્ટન ફ્રીડમેન, કોલબોર્ન, હોટ્રે અને કેમરર જેવા અર્થશાસ્ત્રીઓ ફુગાવાને નાણાંકીય ઘટના ગણે છે.*

*પ્રો. મિલ્ટન ફ્રીડમેનના મતે "ફુગાવો એ એક નાણાંકીય ઘટના છે અને તે ત્યારે જ ઉદ્દભવે છે કે જયારે કુલ ઉત્પાદન કરતાં નાણાંના પરિમાણમાં ઝડપી વધારો થાય છે."*

*કોલબોર્નના જણાવ્યા અનુસાર 'ફુગાવો એ પરિસ્થિતિનો નિર્દેશ કરે છે કે જ્યાં ખુબ વધારે પડતું નાણું થોડીક જ ચીજ વસ્તુઓને પકડવા માટે પાછળ પડે છે.*

*આર. જી. હોટ્રે ફુગાવાનો અર્થ ચલણના અતિશય પ્રમાણ સાથે કરે છે.*

*કેમરર ના મતે "જયારે કાયદેસરના નાણા અને બેંક નાણાનું પ્રમાણ તેની માંગ કરતા એટલા બધા પ્રમાણમાં વધી જાય કે જેથી સામાન્ય ભાવસપાટીમાં વધારો થાય ત્યારે ફુગાવો થાય છે એમ કહી શકાય."*

*ઉપરોક્ત વ્યાખ્યાઓ નાણાંના પુરવઠા અને ભાવસપાટી વચ્ચે કારણ-પરિણામનો સબંધ સ્થાપે છે. આ વ્યાખ્યાઓ અનુસાર ભાવ સપાટીમાં થતો વધારો એ નાણાના પુરવઠામાં થયેલા વધારાનું પરિણામ છે. આમ, નાણાના પુરવઠામાં થયેલ વધારો એ કારણ પરિબળ છે અને ભાવોમાં થયેલ વધારો એ તેનું પરિણામ છે.*

## 10.3 ફુગાવાની અસરો

*જ્યારે અર્થતંત્રમાં ફુગાવો જોવા મળે છે ત્યારે દરેક ક્ષેત્રમાં એક સરખા પ્રમાણમાં જોવા મળતો નથી. બધી વસ્તુઓ અને સેવાઓની સાપેક્ષ કિંમતમાં જુદા જુદા પ્રમાણમાં ફેરફાર જોવા મળે છે. અર્થતંત્રના બધા જ ક્ષેત્રોમાં જો ભાવવધારો એક સમાન હોથ તો દરેક ક્ષેત્રની સાપેક્ષ સ્થિતિ એક સમાન રહે. પરંતુ ફુગાવા દરમ્યાન અર્થતંત્રના તમામ ક્ષેત્રમાં ભાવ જુદી જુદી ગતિએ અને અનિયમિત રીતે વધતા હોવાથી દરેક ક્ષેત્ર ઉપર ફુગાવાની અલગ અલગ અસરો જોવા મળે છે, જેની વિગતે ચર્ચા કરીએ.*

### 10.3.1 આર્થિક વિકાસ પરની અસરો

*ફુગાવો આર્થિક વિકાસ માટે સારો છે કે ખરાબ તે બાબતે અર્થશાસ્ત્રીઓમાં અનેક મતમતાંતર પ્રવર્તે છે. અર્થશાસ્ત્રીઓની એક વિચારસરણી એમ માને છે કે ફુગાવો આર્થિક વિકાસને સહાયક છે, કારણ કે ફુગાવાની ઉત્પાદન અને રોજગારી પર સાનુકુળ અસરો પડે છે. ફુગાવાની સ્થિતિમાં વસ્તુઓની કિંમત વધવાથી ઉત્પાદકોને મળતા નફાના ગાળામાં વધારો થાય છે. આથી ઉત્પાદકો વધારે મૂડી રોકાણ કરવા પ્રેરાય છે. પરિણામે ઉત્પાદનમાં વધારો થાય છે અને આવક અને રોજગારી પર હકારાત્મક અસરો જોવા મળે છે.*

*ફુગાવો અમુક અંશે બેરોજગારી દુર કરવામાં સહાયક થાય છે. ફુગાવો મૂડીરોકાણને આકર્ષતો હોવાથી ઉત્પાદનના સાધનોની માંગમાં વધારો થાય છે. ઉત્પાદનના સાધનોની માંગ વધતાં ઉત્પાદનના સાધનોને આવક પ્રાપ્ત થાય છે.આ આવકો દ્વારા ફરી વસ્તુની માંગમાં વધારો થતા મૂડી રોકાણ અને રોજગારીમાં વધારો થાય છે. જે આર્થિક વિકાસમાં મદદરૂપ બને છે.*

*સામે પક્ષે બીજી વિચારસરણીના અર્થશાસ્ત્રીઓ એમ માને છે કે ફુગાવો આર્થિક વિકાસમાં અવરોધક છે, કારણ કે ફુગાવાના લીધે કિંમતો વધતા માંગમાં ઘટાડો થાય છે. જે બેરોજગારીમાં પરિણમે છે. ફુગાવામાં એક અનિષ્ટ તત્ત્વ એ છે કે ફુગાવો એક વખત શરુ થયા પછી તે સ્વયં આગળ વધે છે અને અમુક હદ પછી તે અનિયંત્રિત બની જાય છે. કિમતમાં થતો સતત અને ઝડપી વધારો મૂડી રોકાણ કર્તાઓને ઉત્પાદક મૂડીરોકાણને બદલે વસ્તુઓને સંગ્રહખોરીમાં અને સટ્ટાકીય ક્ષેત્રોમાં મૂડી રોકાણ હાથ ધરવા પ્રેરે છે. જેમાંથી નફો વધારે મળતો હોય છે. પરિણામે મૂડી રોકાણ ઉત્પાદકીય ક્ષેત્રે થવાને બદલે સટ્ટાકીય ક્ષેત્રમાં થાય. આથી મૂડીરોકાણ ઘટે છે અને પરિણામે રોજગારીમાં પણ ઘટાડો થાય છે.*

### 10.3.2 આવક અને સંપત્તિની વહેચણી પરની અસરો

*ફુગાવાની સ્થિતિમાં જો બધીજ વસ્તુઓના ભાવો એકસરખા પ્રમાણમાં વધે તો આવકની વહેચણી પર કોઈ ખરાબ અસર થતી નથી, પરંતુ ફુગાવામાં આવકની પુનઃવહેચણી થાય છે. ફુગાવો છૂપો ચોર છે, જે અદશ્ય રીતે આવકની ફેરબદલી સમાજના નીચલા વર્ગ પાસેથી સમાજના ઉપલા વર્ગમાં*

*કરે છે અને પરિણામે ફુગાવો આવકની અસમાનતા ખુબ ઝડપથી વધારે છે. આથી કેટલાક અર્થશાસ્ત્રીઓ કહે છે કે ફુગાવાની આર્થિક વિકાસ ઉપરની અસરો કરતાં તેની આવકની વહેચણી પરની અસરો વધુ અનિષ્ટ હોય છે.*

*ફુગાવામાં નિશ્ચિત આવક મેળવનાર વર્ગ જેવા કે શ્રમિકો, પગારદાર વર્ગ, ભાડાની આવક મેળવનાર, પેન્શનરો, દૈનિક રોજી પર જીવતો સમાજનો નીચલો વર્ગ વગેરે બાંધી આવક મેળવનાર વર્ગને ફુગાવામાં ઘણું નુકશાન થાય છે. કારણ કે ફુગાવો વધતા આ વર્ગને મળતી આવકનું વાસ્તવિક મૂલ્ય દિનપ્રતિદિન ઘટતું જાય છે. લેણદાર અને દેણદારોમાંથી દેણદારોને ફાયદો થાય છે. કારણ કે ઉછીના લીધેલા નાણાં જ્યારે પાછા આપવાના થાય છે ત્યારે તેનું વાસ્તવિક મૂલ્ય ઘણું ઓછું થયેલું હોય છે. આમ ફુગાવો આવકને ફેરબદલી કરી ગરીબોને વધુ ગરીબ અને ધનિકોને વધુ ધનિક બનાવે છે.*

### 10.3.3 લેણદેણની તુલા પરની અસરો

*ફુગાવાની લેણદેણ પર માઠી અસર પડે છે. ફુગાવાના કારણે નિકાસી વસ્તુઓની કિમતમાં વધારો થાય છે. પરિણામે વિદેશીઓને વસ્તુ મોઘી પડતા તેઓ વસ્તુઓની આયાતમાં ઘટાડો કરે છે. જેથી દેશની નિકાસમાં ઘટાડો જોવા મળે છે. બીજું કે નિકાસકારો ને પણ ઘરેલું બજારમાં ચીજવસ્તુઓને સારો ભાવ મળતા નિકાસી વસ્તુઓ ઘરેલું બજારમાં વેચી વધુ નફો કમાવવા પ્રેરાય છે જેથી નિકાસમાં ઘટાડો થાય છે. આમાં ફુગાવો વધતા નિકાસો ઘટે છે પણ આયાતોમાં તેટલા પ્રમાણમાં ઘટાડો કરી શકતો નથી. પરિણામે લેણદેણ તુલાની અસમતુલામાં વધારો થાય છે.*

### 10.3.4 યોજક અને ઉત્પાદકો પર અસર

*ફુગાવા દરમિયાન યોજકો, ઉત્પાદકો અને વેપારી વર્ગને વિશેષ લાભ પ્રાપ્ત થાય છે. કારણ કે આ વર્ગને અનઅપેક્ષિત ફુગાવાના કારણે વિશેષ નફો મળે છે. નીચા ઉત્પાદન ખર્ચે કરેલા ઉત્પાદનના ઊંચા ભાવ મળતા આ વર્ગના નફામાં વધારો થાય છે. જ્યારે વ્યાજ, વેતન અને ભાડું વગેરે કરાર નિર્ધારિત હોવાથી ભાવવધારાનો લાભ તેમને મળતો નથી. તેથી ઉત્પાદન ખર્ચ ન વધવા છતાં યોજકો અને ઉત્પાદકોને મળતા નફાનું પ્રમાણ વધવા પામે છે. આમ ફુગાવાના સમયમાં ઉત્પાદકો, પ્રયોજકો અને વેપારીઓ પુષ્કળ નફો કમાય છે. જોકે સંઘરાખોરી તે વધતા જતા ભાવોનું જ પરિણામ છે.*

### 10.3.5 કામદાર વર્ગ

*ફુગાવાની શરૂઆતમાં કામદાર વર્ગને ખુબ જ નુકશાન થાય છે. કારણ કે તેમને મળતી આવક, પગાર વગેરે કરારનિર્ધારિત હોવાથી તેમની ખરીદ શક્તિમાં ઘટાડો થાય છે, જેથી તેમના વાસ્તવિક વેતનમાં ઘટાડો થાય છે. પરંતુ જો કામદારો સંગઠિત હશે તો તેમના વેતનદરોમાં વધારો કરાવી શકશે પરંતુ વસ્તુના ભાવો વધતા વેતનદરમાં એકાએક વધારો થતો નથી. વેતનદરના વધારા કરતાં વસ્તુઓના ભાવવધારો વધુ રહે તેટલા અંશે કામદારોને આર્થિક નુકશાન સહન કરવું પડે છે. આમ છતાં વેતનદરો ભાવવધારા જેટલા વધતા નથી, તેથી કામદાર વર્ગની વાસ્તવિક આવકમાં ઘટાડો થાય છે.*

### 10.3.6 બાંધી આવક મેળવનાર વર્ગ

*કેટલાક લોકોની આવક વર્ષ દરમિયાન નિશ્ચિત હોય છે તેમાં વધારો કે ઘટાડો થતો નથી. આવા લોકોની ફુગાવામાં ખુબ જ દયનીય સ્થિતિ થાય છે. નિશ્ચિત આવક મેળવનાર વર્ગ ફુગાવા દરમિયાન*

*બરબાદ થાય છે. ભાડું, વ્યાજ, પેન્શન વગેરે મેળવનાર લોકોનું નાણાંનું મૂલ્ય ઘટે છે. આ સાથે આ વર્ગની બચતો પણ નાની થાય છે. તેથી આવા લોકો પોતાનું જીવન ધોરણ ટકાવી શકતા નથી.આમ ફુગાવામાં બાંધી આવક મેળવનાર વર્ગે સહન કરવું પડે છે.*

### 10.3.7 બચત અને મૂડીરોકાણ પર અસર

*ફુગાવાની બચત અને મૂડીરોકાણ પર નકારાત્મક અસરો જોવા મળે છે. ફુગાવો* પ્ર*જાની બચત કરવાની શક્તિ અને વૃત્તિ પર માઠી અસર ઉપજાવી બચતશક્તિ અને વૃત્તિને ઘટાડે છે. કારણ કે ફુગાવામાં જીવનધોરણ ખર્ચ ઊંચું આવતું હોવાથી બચતો વપરાઈ જાય છે. તેથી મૂડીરોકાણ શક્ય બનતું નથી. જોકે બચત કરનાર અને મૂડીરોકાણ કરનાર વર્ગ જુદાજુદા હોવાથી મૂડીરોકાણના સ્વરૂપ પર ફુગાવાની જુદી જુદી અસરો થાય છે.*

- *નિશ્ચિત વ્યાજ આપતી જામીનગીરીઓ અને ડીબેન્ચરમાં મૂડીરોકાણ કરનારાઓને ફુગાવામાં સહન કરવું પડે છે.*
- *શેર અથવા ઈક્વિટી માં રોકાણ કરનારને ફાયદો થાય છે.*
- *સ્થાવર મિલકતોમાં રોકાણ કરનારને ફાયદો થાય છે.*

### 10.3.8 સરકારની આવક પર અસર

*જો સરકારે આર્થિક વિકાસનાં ધ્યેયને સિદ્ધ કરવા વિકાસયોજનાઓ પૂર્ણ કરવા ખાદ્યપૂરક નાણાંનીતિનો સહારો લીધો હશે તો ફુગાવાના લીધે ભાવો વધવાથી સરકારની વિકાસલક્ષી યોજનાઓના ખર્ચમાં અનેક ઘણો વધારો થશે. પરિણામે સરકારે વધુ ખાધપૂરક નાણાતંત્રનો સહારો લેવો પડશે જે ફુગાવાને વધુ ઉત્તેજન આપશે. જ્યારે બીજી બાજુ સરકારનો જાહેર દેવાનો વાસ્તવિક બોજો ઘટશે. આમ, ફુગાવો લોકશાહી જીવનનાં મૂલ્યો અને સગવડતાઓ શક્તિશાળી અને વિઘાતક પરિબળ છે.*

## 10.4.ફુગાવાની બચત પરની અસરો

*ફુગાવાની અર્થતત્ર પર સારી અને ખરાબ અસરો જોવા મળે છે. આર્થિક વિકાસ, બચતો અને મૂડીરોકાણ જેવી બાબતો પર ફુગાવાની અસર માટે અર્થશાસ્ત્રીઓમાં અનેક મતમતાંતર છે. ફુગાવાની બચતો પર કેવી અને કેટલી અસરો જોવા મળે છે તે અભ્યાસનો વિષય છે. છતાં કેટલાક અર્થશાસ્ત્રીઓ દ્વારા રજુ કરાયેલ વિચારો વિષે ચર્ચા કરીએ.*

*કેટલીક વાર એવી દલીલ કરવામાં આવે છે કે ફુગાવો અર્થતંત્રમાં બચતો વધારે છે.*

- *ગરીબ વર્ગ અથવા વેતન પર નિર્ભર વર્ગની વાસ્તવિક આવકમાં ઘટાડો થાય છે.*
- *મધ્યમ વર્ગની વાસ્તવિક આવકમાં પણ ઘટાડો થાય છે.*
- *જયારે શ્રીમંત વર્ગની આવકમાં અનેક ઘણો વધારો થાય છે.*

*આમ ગરીબ અને મધ્યમ વર્ગની સીમાંત વપરાશ વૃત્તિ ઊંચી હોય છે. તેમના વાસ્તવિક આવકમાં ઘટાડો થવાને પરિણામે તેઓ કશું જ બચાવી શકતા નથી. જયારે ફુગાવા દરમિયાન ગરીબ અને મધ્યમ વર્ગની આવક અમીર અને શ્રીમંત વર્ગ પાસે જાય છે. બીજું બાજુ શ્રીમંત વર્ગની સીમાંત*

*બચતવૃત્તિ વધુ હોવાથી મોટાભાગની આવક બચાવે છે. પરિણામે અર્થતંત્રની કુલ બચતોમાં વધારો થાય છે.*

*જોકે ઘણી વાર ગરીબ અને મધ્યમ વર્ગોની આવક ઘટે ત્યારે સૌથી પહેલા તેમની બચતો પર કાપ મુકાય છે ત્યારબાદ વપરાશ પર કાપ મુકવામાં આવે છે. બીજી બાજુ નફો મેળવતા શ્રીમંતોની પોતાની વપરાશ વધારવા માટેનું એક મોટું કારણ મળી રહે છે. ફુગાવા દરમિયાન કાર્યક્ષમતામાં વધારો કર્યા વિના માત્ર ભાવવૃદ્ધિના કારણે તેઓને વધુ નફો મળે છે. જેથી તેઓની બચતવૃત્તિ કરતા વપરાશવૃત્તિ વધુ વધે છે. દા.ત. રજવાડા સમયે ભારતમાં રાજા-મહારાજાઓ, જમીનદારો, શ્રીમંતો વૈભવ વિલાસ પાછળ પોતાની મોટાભાગની આવક ખર્ચી નાખતા હતા.*

*જ્યારે નીયોજકોને વધારાના કોઈ પ્રયાસ વિના નફો મળે અને ભવિષ્યમાં પણ આવો નફો મળશે તેવી અપેક્ષા હોય ત્યારે તેમનું વલણ વૈભવ વિલાસ માટેનું ખર્ચ કરવાનું હોય છે. આમ શ્રીમંત વર્ગની આવક વધવા છતાં અર્થતંત્રની કુલ બચતો વધવા પામતી નથી.*

*સામાન્ય લોકો પોતાની બચતોનું રોકાણ બેંક, ડિબેન્ચર, સરકારી બચત સર્ટીફીકેટ, જીવનવીમા પોલીસી અને પ્રોવિડંડ ફંડ માં કરતા હોય છે. તેઓ પોતાની આવકનું શેરમાં કે પોતાની માલિકીના વેપાર ઉદ્યોગમાં રોકાણ કરવાની શક્તિ ધરાવતા નથી, તેથી બચતોનું મૂલ્ય નાણામાં નક્કી કરવામાં આવે છે. ફુગાવાના પરિણામે આ બચતોનું વાસ્તવિક મૂલ્ય ઘટે છે. જ્યારે આ ફેરફારનો ખ્યાલ તેમને આવે ત્યારે તેમની બચત કરવાની વૃત્તિ મંદ પડી જાય છે. સામાન્ય લોકો એવું વિચારે છે કે મોટાભાગની વસ્તુઓ વર્ષે વર્ષે મોંઘી બનતી જાય છે. ત્યારે આવતા વર્ષની જરૂરિયાતની વસ્તુ ખરીદીને સંગ્રહ કરી રાખવાની વૃત્તિ વ્યાપક બને છે. આમ ફુગાવો સામાન્ય લોકોને બચત ઘટાડવાની અને વપરાશ વધારવાની પ્રેરણા આપે છે.*

*અર્થતંત્રમાં કુલ બચતોમાં એક મહત્ત્વનો ભાગ કંપનીઓ દ્વારા થતી બચતોનો હોય છે. કંપનીઓ પોતાના નફાનો અમુક ભાગ અનામત ભંડોળમાં લઈ જાય છે અને બાકીનો ભાગ ડીવીડન્ડ સ્વરૂપે શેર ધારકોને વહેચે છે. એટલે કે ડીવીડન્ડ રકમ વધુ વહેચવાનું તેમનું વલણ રહે છે.*

*કંપનીઓ પોતાના કાચા નફામાંથી મકાનો, યંત્રો, વાહનો અને અન્ય પ્રકારની અશક્યામતોનો ઘસારો બાદ કરીને ચોખ્ખા નફાની ગણતરી નક્કી કરે છે. આ ઘસારાની રકમ ઘસારા ભંડોળમાં જમા કરાવવામાં આવે છે. અને જ્યારે તેની જૂની અશક્યામતોને બદલે નવી અશક્યામતો ખરીદવાની થાય ત્યારે ઘસારા ભંડોળનો ઉપયોગ કરવામાં આવે છે. ફુગાવો વધવાથી આવું એકત્રિત ઘસારા ભંડોળ નવી અશક્યામતોની ખરીદી સમયે નજીવું માલુમ પડે છે.*

*ફુગાવા દરમિયાન મૂડી પ્રદેશમાંથી દેશમાં આવવાને બદલે બહાર જવાનું વલણ ધરાવે છે, જો ભારત કરતા અમેરિકામાં ફુગાવો ઓછો હોય તો રૂપિયાની સરખામણીમાં ડોલરનું મૂલ્ય વધે છે. આ સંજોગોમાં અમેરિકન મૂડીરોકાણકારો ભારતમાં મૂડીરોકાણ કરવા તૈયાર થતા નથી, પરંતુ ભારતીય રોકાણકારો પોતાની મૂડી અમેરિકન ડોલરમાં વ્યક્ત થાય તે રીતે રાખવા માટે મૂડી પ્રદેશ મોકલે છે. દેશની બચત જો પ્રદેશ જાય તો દેશના વિકાસ માટે મળતી બચતનો પુરવઠો ઘટે છે.*

## 10.5 ફુગાવાની મૂડીરોકાણ પરની અસરો

*ફુગાવો મૂડીરોકાણની કાર્યક્ષમતામાં ઘટાડો ઉપજાવે છે. ફુગાવા દરમિયાન લાંબા ગાળાનું મૂડી રોકાણ ઓછું આકર્ષક બને છે. તેના બદલે ટૂંકા ગાળામાં ઝડપી નફો કમાવવા માટેનાં મૂડીરોકાણમાં વધારો જોવા મળે છે. જ્યારે બીજી બાજુ ચીજ વસ્તુઓ માટે મૂડીની અશક્યામતોના ભાવ પણ વધતા હોય ત્યારે લાંબા સમય અશક્યામતોનો ઉપયોગ કરવાથી વધુ ઉત્પાદન કરી નફો કમાવવાના બદલે ટૂંકા ગાળામાં અસક્યામતો ના ભાવ વધતા તેનું વેચાણ કરી નફો કમાવવા મૂડીરોકાણકારો પ્રેરાય છે, આમ અશક્યામતો નો ઉપયોગ ઉત્પાદકીય પ્રવૃત્તિના બદલે સટ્ટાકીય પ્રવૃત્તિ દ્વારા નફો કમાવવાના ઉદ્દેશથી કરવામાં આવે છે. એટલે કે ઓછી ઉત્પાદન અને બેદરકારી પૂર્વક તેમજ ઉતાવળથી ઉત્પન્ન કરવામાં આવતી મૂડીનું અશક્યામત પ્રમાણ વધે છે અને તે રીતે અર્થતંત્રમાં સાધનોનો દુર્વ્યય થાય છે.*

*ફુગાવા દરમિયાન વસ્તુના ભાવો વધતા હોવાથી જેઓ વસ્તુઓનો સંગ્રહ કરે છે તેમને થોડા સમય બાદ ઊંચી કિંમતે વેચીને નફો મેળવવાની તક મળે છે. જે વસ્તુઓને સંગ્રહ લાંબા સમય સુધી અને ઓછા ખર્ચે કરી શકાય તેવી વસ્તુઓ વધુ પસંદ કરવામાં આવે છે. એટલે કે સોનું, ચાંદી, ઝવેરાત, જમીન, ઘર વગેરે વસ્તુઓનો સંગ્રહ વધુ કરવામાં આવે છે. આમ સંગ્રહ કરવાની વૃત્તિથી વધુ વસ્તુઓ ખરીદવામાં આવે ત્યારે અર્થતંત્રની અમુક મૂડી અને અનઉત્પાદક સ્વરૂપમાં રોકાયેલ છે. નીપજકો પણ વેપાર ઉદ્યોગ માટે સામાન્ય રીતે આવશ્યક ગણશે તેના કરતાં વધારે પ્રમાણમાં કાચો માલ, તૈયાર માલ, યંત્રોના સ્પેર પાર્ટસ વગેરેનો સંગ્રહ કરશે ત્યારે તેવો વધારાનો સંગ્રહ મૂડીના દુર્વ્યય તરીકે ગણી શકાય. આમ ફુગાવા દરમિયાન નીયોજકો વધુ સહેલાઈથી વધુ નફો મેળવે છે એટલે કાર્યક્ષમતા તરફ તેઓ દુર્લક્ષ રાખશે કે જેથી નવા મૂડીરોકાણની ઉત્પાદકતા ઘટે અને વિવિધ આર્થિક પ્રવૃત્તિઓમાં સંચાલનની કાર્યક્ષમતા ઘટે એવું પરિણામ વ્યાપક રીતે જોવા મળે છે.*

## 10.6 કેઈન્સનો રોકાણ ગુણકનો ખ્યાલ

### 10.6.1 પ્રસ્તાવના

*ગુણકનો ખ્યાલ આધુનિક અર્થશાસ્ત્રમાં ખુબ જ મહત્ત્વ ધરાવે છે. કોઈ પણ અર્થતંત્રમાં આવક અને રોજગારીનો આધાર મૂડી રોકાણ અને બચતો ઉપર હોય છે. એટલે કે બચત અને મૂડીરોકાણ માં ફેરફાર થાય તો તેની સીધી અસર આવક અને રોજગારી પર થાય છે. ગુણકનાખ્યાલની સૌ પ્રથમ રજૂઆત ઈ.સ.* 1931 *માં પ્રો.આર.એફ. કાહને તેમના એક લેખમાં કરી હતી. તેમણે રોજગારી ગુણકનો ખ્યાલ આપ્યો હતો. તેમના મતે મંદીના સમયમાં સરકાર દ્વારા જંગી મૂડીરોકાણ કરવામાં આવે ત્યારે અર્થતંત્રમાં કેવી રીતે સ્વાયત્ત રોજગારી અનેપ્રેરિત રોજગારીનું સર્જન થાય છે તેની સમજુતી આપે છે.*

### 10.6.2 ગુણકના ખ્યાલની સમજુતી

*પ્રો. આર.એફ. કહાને રોજગારી ગુણકમૂડીરોકાણ અને રોજગારી વચ્ચેનો સબંધ વ્યક્ત કર્યો હતો. પરંતુ પ્રો. કેઈન્સે આપેલો ગુણકનો ખ્યાલ મૂડીરોકાણ અને આવક વચ્ચેનો સબંધ વ્યક્ત કરે છે. કેઈન્સ ના મતે જ્યારે જ્યારે મૂડીરોકાણમાં વધારો થાય છે ત્યારે ત્યારે આવકમાં મૂડીરોકાણ જેટલો જ વધારો થતો નથી, પરંતુ મૂડીરોકાણ કરતાં અનેકઘણો વધારો આવકમાં થાય છે. આપેલા મૂડીરોકાણે આવકમાં કેટલા ગણો વધારો થશે તે દર્શાવતી ગાણિતિક સંખ્યાને ગુણક કહેવામાં આવે છે. ગુણકનો*

*ખ્યાલ વપરાશવૃત્તિના ખ્યાલમાંથી તારવવામાં આવ્યો છે અને તે મૂડીરોકાણ તથા લોકોની વપરાશી ખર્ચમાં થતા ફેરફારો આવકમાં કેવા ફેરફાર લાવશે તે સમજાવે છે. આમ, ગુણકનો ખ્યાલ મૂડીરોકાણમાં થયેલ વધારાને પરિણામે રાષ્ટ્રીય આવકમાં થતા વધારા વચ્ચેનો સબંધ દર્શાવે છે.*

*ધારોકે અર્થતંત્રમાં રૂપિયા 100 કરોડા જેટલું મૂડીરોકાણ થાય છે. અને તેને પરિણામે આવક 400કરોડ રૂપિયા જેટલી વધે છે તો અહીં મૂડીરોકાણમાં થતા વધારાની સરખામણીમાં આવકમાં થતો વધારો ચાર ગણો હોવાથી ગુણક 4 છે.*

**10.6.3 ગુણકના ખ્યાલની ધારણાઓ**

*કેઈન્સનો ગુણકનો ખ્યાલ કેટલીક ધારણાઓ પર આધારિત છે, જે નીચે મુજબ છે.*

**10.6.3.1 અર્થતંત્રમાં અપૂર્ણ રોજગારી :***અર્થતંત્રમાં અપૂર્ણ રોજગારીની સ્થિતિ ધારી લેવામાં આવી છે. જો અપૂર્ણ રોજગારીની સ્થિતિ હોય તો જ મૂડીરોકાણ વધતા ઉત્પાદન, આવક અને રોજગારીમાં અનેકઘણો વધારો થઈ શકે છે.*

**10.6.3.2 મૂડીરોકાણની અન્ય મૂડીરોકાણ પરની અસરોની ગેરહાજરી :** *ગુણકનો ખ્યાલ સમજાવતા કેઈન્સ જણાવે છે કે વધારાના વપરાશી ખર્ચને લીધે મૂડીરોકાણ વધતું નથી. એટલે કે એક સમયના મૂડીરોકાણ ખર્ચની અન્ય મૂડીરોકાણ પરની પરોક્ષ અસરો થતી નથી.*

**10.6.3.3 આયાત-નિકાસ બંધ:***વિશ્લેષણની સરળતા ખાતર એમ ધારી લેવામાં આવ્યું છે કે એકદેશ બીજા દેશ સાથે આયાત-નિકાસ કરતો નથી. એટલે કે આંતરરાષ્ટ્રીય વેપારનું અસ્તિત્વ નથી.*

**10.5.3.4 સીમાંત વપરાશવૃત્તિ સ્થિર અને હકારાત્મક :** *સીમાંત વપરાશવૃત્તિ સ્થિર અને હકારાત્મક ધારી લેવામાં આવી છે. તેને પરિણામે વિશ્લેષણ સરળ બને છે. જેમ કે આવકમાં 10 રૂ.નો વધારો થાય તો વધારાની આવકમાં 5 રૂ. વપરાશી ચીજો પાછળ ખર્ચવામાં આવે છે અને 5રૂ. ની બચત થાય તેનો અર્થ એ થાય કે* $\frac{5}{10} = \frac{1}{2}$*સીમાંત વપરાશ વૃત્તિ છે.*

**10.6.3.5 કિંમતો સ્થિર :** *વસ્તુભાવો, વ્યાજ, વેતન વગેરેને સ્થિર ધારી લેવામાં આવ્યાં છે.અહિયાં મૂડીરોકાણની ઉત્પાદન, રોજગારી અને આવક પર અસર થાય છે.*

**10.6.3.6સમયના વિલંબનો અભાવ :** *આર્થિક ઘટનાઓ અને પરિણામ વચ્ચે સમયનાવિલંબનો* પ્રશ્ન *નથી. જેમ કે મૂડીરોકાણ ખર્ચ થતાં તત્કાળ આવકમાં વધારો થાય છે.*

**10.6.4 ગુણકની સમજુતી**

*ગુણકમાં મૂડીરોકાણ કરતાં આવક અનેકગણો વધારે શા માટે અને કેવી રીતે હોય છે ? આ* પ્રશ્ન*નો જવાબ એ છે કે જ્યારે મૂડી રોકાણ વધે છે ત્યારે તે મૂડી રોકાણ કોઈની આવક બને છે. કેઈન્સના મતે અર્થતંત્રમાં આવક અને ખર્ચનો પ્રવાહ સતત ચાલુ રહે છે. એકની આવક બીજાના ખર્ચનું પરિણામ છે. મૂડીરોકાણના લીધે લોકોને જે આવક મળે છે તેનો અમુક ભાગ લોકો બચત કરીને બાકીનો ભાગ પોતાની જરૂરિયાતો સંતોષવા પાછળ ખર્ચે છે. આવકનો કેટલો ભાગ લોકો ખર્ચશે તેનો આધાર લોકોની સીમાંત વપરાશવૃત્તિ પર છે. લોકોનું વપરાશી ખર્ચ અન્ય લોકોની આવક બનશે અન્ય લોકો પણ પોતાની આવકનો અમુક ભાગ બચત કરી બાકીનો ભાગ ખર્ચશે, જે બીજા લોકોની આવક બનશે. આમ*

મૂડીરોકાણને પરિણામે આવકનો એક પ્રવાહ અસ્તિત્વમાં આવશે. પરંતુ લોકો પોતાની આવકનો અમુક ભાગ બચત કરતા હોવાથી આવકનો પ્રવાહ ઉત્તરોત્તર ઘટતો જશે. આમ મૂડીરોકાણને કારણે કુલ આવકમાં અનેકગણો વધારો થાય છે.

"જ્યારે સીમાંત વપરાશ વૃત્તિ (MPC)આપેલી હોય અને તે સ્થિર હોય ત્યારે અર્થતંત્રમાં કુલ મૂડીરોકાણમાં વધારો થવાથી કુલ આવકમાં કેટલો ફેરફાર થાય છે તેના ગુણોત્તરને ગુણક કહેવામાં આવે છે" એટલે કે રોકાણ ગુણક એ કુલ આવકમાં થતો ફેરફાર અને કુલ મૂડીરોકાણમાં થતા ફેરફારનો ગુણોત્તર છે રોકાણ ગુણકને ગાણિતિક સ્વરૂપે નીચે મુજબ દર્શાવી શકાય.

$$K = \frac{\Delta Y}{\Delta I}$$

જ્યાં

K =ગુણક

ΔY =આવકમાં થતો ફેરફાર અને

ΔI = મૂડીરોકાણમાં થતો ફેરફાર

$$\Delta Y = K \times \Delta I$$

આ સમીકરણ પરથી એમ સ્પષ્ટ રીતે કહી શકાય કે કુલ મૂડીરોકાણમાં જેટલો વધારો થાય છે તેટલો જ વધારો આવકમાં થતો નથી. આવકમાં મૂડી રોકાણ કરતા K ગણો વધારો થાય છે. આ મુદ્દાને સમજવા માટે એક ઉદાહરણ લઈશું.

**10.6.5ગુણકની ઉદાહરણ દ્વારા સમજુતી**

ધારો કે અર્થતંત્રમાં કુલ 100કરોડનું મૂડી રોકાણ કરવામાં આવે છે અને તેના લીધે રૂ. 500 કરોડની આવકનું સર્જન થાય તો ગુણકનું મૂલ્ય નીચે મુજબ શોધી શકાય.

ΔY =આવકમાં થતો ફેરફાર જે રૂ. 500કરોડ છે.

Δl = મૂડીરોકાણમાં થતો ફેરફાર જે રૂ. 100 કરોડ છે.

$$K = \frac{\Delta Y}{\Delta I}$$

$$K = \frac{500}{100}$$

$$K = 5$$

અહી ગુણકનું મૂલ્ય 5 મળે છે જે દર્શાવે છે કે અર્થતંત્રમાં કરવામાં આવતા મૂડીરોકાણને કારણે આવકમાં 5 ગણો વધારો થાય છે.

મૂડીરોકાણમાં વધારો થાય છે તેનાથી વધુ વધારો આવકમાં કેમ થાય છે તે સમજવું જરૂરી છે. જ્યારે પ્રારંભિક મૂડી રોકાણ કરવામાં આવે છે ત્યારે તેના કારણે જે પ્રારંભિક આવકનું સર્જન થાય છે કે

જે અનેક ગણી આનુષંગિક આવકોમાં પરિણમે છે. કેટલી આવક ઉભી થશે તેનો આધાર લોકોની સીમાંત વપરાશ વૃત્તિ અને સીમાંત બચત વૃત્તિ ઉપર રહેલો છે.

મૂડી રોકાણ પોતાના કરતાં અનેકગણી આવકોનું સર્જન કરે છે તેનું કારણ ગુણકની અસર છે ઉદાહરણ તરીકે અર્થતંત્રમાં 1000 કરોડ રૂપિયાનું મૂડી રોકાણ થાય છે અને લોકોની સીમાંત વપરાશ વૃત્તિ અને સીમાંત બચત વૃત્તિ અનુક્રમે અને છે. આ પરિસ્થિતિમાં આવકનું સર્જન કેવી રીતે થાય છે તે નીચે પ્રમાણે બતાવી શકાય.

મૂડીરોકાણ1000કરોડ રૂપિયા થવાથી આવકમાં જે વધારો થાય છે તે બે પ્રકારનો હોય છે (1)પ્રાથમિક આવક અને (2)આનુષાંગિક આવક.

જ્યારે1000 કરોડ રૂપિયા મૂડી રોકાણ વધે છે ત્યારે આ મૂડી રોકાણ ખર્ચ એ બીજા લોકોની આવક બનતી હોવાથી પ્રારંભિક તબક્કામાં જ 1000 કરોડ રૂપિયાની આવકોનું સર્જન થાય છે. આને પ્રાથમિક આવક કહેવામાં આવે છે. હવે લોકોની સીમાંત વપરાશ વૃત્તિ સ્થિર હોવાથી લોકો 1000 કરોડ રૂપિયાની આવકમાંથી 500 કરોડ રૂપિયા વપરાશ પાછળ ખર્ચવામાં આવે છે. પરિણામે બીજા તબક્કામાં 500કરોડ રૂપિયાની આવકોનું સર્જન થાય છે. ફરીથી આમાંથી સીમાંત વપરાશ વૃત્તિ સ્થિર હોવાથી 250કરોડ રૂપિયા વપરાશ પાછળ ખર્ચવામાં આવશે. પરિણામે ત્રીજા તબક્કામાં 125 કરોડ રૂપિયાની આવકોનું સર્જન થશે. આમ, મૂડીરોકાણનો પ્રાથમિક વધારો આવક-ખર્ચના એક એવા પ્રવાહનું સર્જન કરે છે. જેમાં આવક વધતા ખર્ચ વધે છે. એ ખર્ચ આવક બને છે. એ આવક ફરી ખર્ચાય છે. પરંતુ સીમાંત વપરાશ વૃત્તિ એકમ ઓછી હોવાથી દરેક તબક્કામાં આવકનો અમુક જ ભાગ ખર્ચાય છે, બાકીનો ભાગ બચત થાય છે. આથી ક્રમશઃ આવક-ખર્ચનો પ્રવાહ સંકોચાતો જાય છે.

આવક-ખર્ચની ઉપરોક્ત પ્રક્રિયાને ગાણિતિક સ્વરૂપમાં નીચે પ્રમાણે રજુ કરી શકાય :

$\Delta y = \Delta I + b.\ \Delta. + b^2 + \Delta I + b^3\ \Delta I.......$

જેમાં b =સીમાંત વપરાશવૃત્તિ છે.

$\Delta y$ =આવકમાં વધારો

$\Delta I$ = મૂડી રોકાણમાં થતો વધારો

$$\Delta y = 1000 + \frac{1}{2}(1000) + \left(\frac{1}{2}\right)^2 (1000) + \left(\frac{1}{2}\right)^3 (1000) + \cdots$$

$$\Delta y = 1000 + 500 + 250 + 125 + ....$$

મૂડી રોકાણ અને સીમાંત વપરાશવૃત્તિ આપ્યા હોય તો આવકમાં કેટલો વધારો થશે ? તે નીચેના સૂત્રની મદદથી જાણી શકાય :

$$\Delta y = \frac{1}{1-b} \times I$$

$\Delta y = K.\ \Delta I$ (K = ગુણક છે.)

$$\Delta y = \frac{1}{1-\frac{1}{2}} \times 1000$$

$$\Delta y = \frac{1}{\frac{1}{2}} \times 1000 = 1000 \times 2$$

$$\Delta y = 2000$$

*આમ, મૂડીરોકાણમાં 1000કરોડ રૂપિયાનો વધારો થવાથી આવકમાં 2000કરોડ રૂપિયાનો વધારો થાય છે.*

**10.6.6સીમાંત વપરાશવૃત્તિ અને ગુણકનો સબંધ**

*મૂડીરોકાણમાં થયેલા વધારાને પરિણામે આવકમાં કેટલો વધારો થશે તેનો આધાર ગુણકના મૂલ્ય ઉપર છે. ગુણકનું મૂલ્ય જેટલું વધારે તેટલી મૂડીરોકાણની આવક ઉપર અસર વધુ. ગુણકનું મૂલ્ય કેટલું હશે તે સીમાંત વપરાશવૃત્તિ પર આધાર રાખે છે. આમ મૂડીરોકાણનો વધારો, આવકનો વધારો, સીમાંત વપરાશવૃત્તિ અને ગુણકનું મૂલ્ય આ બધા એકબીજા સાથે સંકળાયેલા હોવાથી તેમની વચ્ચેનો સબંધ સમજાવવા આગળ દર્શાવેલ સૂત્ર ઉપયોગમાં લેવામાં આવે છે.*

$\Delta y = K.\ \Delta I$

$K = \frac{\Delta y}{\Delta I}$

$K = \frac{\Delta y}{\Delta Y - \Delta I}\ (\Delta I = \Delta Y - \Delta C)$

હવે સમીકરણની જમણી બાજુને ΔYથી ભાગીએ તો :

$K = \frac{\frac{\Delta Y}{\Delta Y}}{\frac{\Delta Y}{\Delta Y} - \frac{\Delta C}{\Delta Y}} = \frac{1}{1-\frac{\Delta C}{\Delta Y}}$ ($\frac{\Delta C}{\Delta Y}$સીમાંતવપરાશવૃત્તિછે.)

$K = \frac{I}{1-b} = \ (\therefore \frac{\Delta C}{\Delta Y} = b)$ ('b'સીમાંત વપરાશવૃત્તિ દર્શાવતું ચિન્હ છે.)

*સીમાંત વપરાશવૃત્તિના આધારે ગુણકનું મૂલ્ય જાણી શકાય છે. ઉદાહરણ તરીકે સમાજની સીમાંત વપરાશવૃત્તિ* $\frac{3}{4}$*હોય તો ગુણકનું મૂલ્ય ઉપરના સૂત્રની મદદથી શોધી શકાય*

$$K = \frac{1}{1-b} = \frac{1}{1-\frac{3}{4}} = \frac{1}{\frac{1}{4}} = 4$$

K=4

*આમ, ગુણકનું મૂલ્ય કેટલું હશે તેનો આધાર સીમાંત વપરાશવૃત્તિ ઉપર છે. સીમાંત વપરાશવૃત્તિ વધુ હોય તો ગુણકનું મૂલ્ય વધુ આવે અને ગુણકનું મૂલ્ય વધારે હોય તો મૂડીરોકાણના વધારાથી આવકમાં વિશેષ વધારો થશે. હવે આપણે જાણીએ છીએ કે સીમાંત વપરાશવૃત્તિ હંમેશા એકમ કરતા ઓછી અને શૂન્ય કરતા વધારે હોવાથી ગુણકનું મૂલ્ય હંમેશા એકમ કરતાં વધારે પરંતુ અનંત કરતાં ઓછું હોય છે. બીજું એ કે સીમાંત વપરાશવૃત્તિ અને સીમાંત બચતવૃત્તિનો સરવાળો એકમ બરાબર હોવાથી ગુણકનું મૂલ્ય સીમાંત બચતવૃત્તિના વ્યસ્ત* **પ્ર***માણમાં હોય છે. ઉદાહરણ તરીકે જો સીમાંત વપરાશવૃત્તિ હોય તો સીમાંત બચતવૃત્તિ થશે અને આથી ગુણકનું મૂલ્ય 4 આવશે.*

**10.6.7 ગુણકના બહિસ્ત્રાવો**

*વાસ્તવમાં જોતા કહી શકાય કે વધારાનું મૂડી રોકાણ ગુણકના મૂલ્ય ગણી આવકનું સર્જન કરતુ નથી, પરંતુ તેના કરતાં ઓછા પ્રમાણમાં સર્જન થાય છે. તેના કારણમાં ગુણકના બહિસ્ત્રાવો જવાબદાર છે.જે નીચે પ્રમાણે છે.*

**10.6.7.1 થાપણ સ્વરૂપમાં :-** *જેમની આવકમાં વધારો થાય છે તે વર્ગ આવકનો ઉપયોગ  વપરાશી ખર્ચમાં કરવાને બદલે થાપણના સ્વરૂપે બેંકમાં મુકે તો ગુણકની અસરકારકતા ઓછી થાય છે.*

**10.6.7.2 દેવાની પતાવટ :-** *જો નવી આવકનો ઉપયોગ ભૂતકાળમાં કરેલા દેવાની ભરપાઈ કરવા માટે થાય અને જો લેણદારો તે આવકનો ઉપયોગ વપરાશી ખર્ચ તરીકે કરતા નથી તો આવકમાં થનારો વધારો અટકી જાય છે.*

**10.6.7.3 વપરાશી વસ્તુઓની અછત :-** *જ્યારે પ્રાથમિક આવકમાં વધારો થયા બાદ આનુષંગિક આવક વધે છે ત્યારે આવક ખર્ચવા માટે વપરાશી વસ્તુઓનો પુરતો જથ્થો છે તેમ માની લેવામાં આવે છે, પરંતુ જેટલા અંશે વપરાશી વસ્તુનો જથ્થો ઓછો તેટલા અંશે ખર્ચ ઓછું થાય છે. તેથી આવક વધે છે.આવા સંજોગોમાં ભાવો વધારે વધે છે.*

**10.6.7.4 કેટલા સમયનો ગાળો :-** *થોડુક મૂડી રોકાણ ખર્ચ થતાં આવકમાં અનેકગણો વધારો થાય છે. પરંતુ આ અંગે કેઈન્સે સમયગાળો જણાવ્યો નથી. તેથી સિદ્ધાંતમાં સમય તરફ ધ્યાન અપાયું નથી. આવક વધે અને ખર્ચ થાય તે અવાસ્તવિક બાબત છે.*

**10.6.7.5 સ્થિર સીમાંત વપરાશવૃત્તિ :-** *ગુણકની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન સીમાંત વપરાશવૃત્તિ સ્થિર રહે છે તેવું ધારી લેવામાં આવ્યું છે. આવી ધારણા સાચી નથી. ગતિશીલ અર્થતંત્રમાં લોકોની રુચિ, આવક, ટેવ, પસંદગી, વસ્તુની ગુણવત્તા વગેરેમાં ફેરફાર થવાથી સીમાંત વપરાશવૃત્તિ સ્થિર રહી શકાતી નથી.*

**10.6.7.6 વપરાશની મૂડી રોકાણ ઉપરની અસરની અવગણના :-** *ગુણકની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન મૂડીરોકાણની આવક પર થતી અસરો દર્શાવેલ છે. પરંતુ વપરાશી ખર્ચ વધતાં એટલે કે વપરાશી વસ્તુઓની માંગ વધવાથી પણ મુડીવસ્તુઓની માંગ વધે છે. એટલે કે મૂડી રોકાણ ખર્ચ વધે છે.પ્રેરિત મૂડીરોકાણની અસરોની ઉપેક્ષા થાય છે.*

**10.6.7.7 આયાતો :-** *જ્યારે લોકો પોતાની આવકનો અમુક ભાગ પરદેશથી વસ્તુઓની આયાત કરવામાં વાપરે તો પણ ગુણકનું મૂલ્ય ઓછું આવશે તેમજ કુલ આવકમાં તેટલો વધારો થશે નહિ.*

**10.6.7.ભાવો :-** *ચીજવસ્તુઓનો ફૂગાવાત્મક ભાવ વધારો પણ ગુણકનો બહિસ્ત્રાવ છે, કારણ કે વધેલી આવકો વપરાશ વધારવાને બદલે વધેલી ભાવસપાટી પાછળ ખર્ચાઈ જાય છે.*

**10.5.7.9 જામીનગીરીઓની ખરીદી :-** *જે લોકો પોતાની આવકમાંથી આવકનું રોકાણ શેરની ખરીદીમાં, સરકારી જામીનગીરીઓમાં, વીમાના પ્રીમીયમમાં ખર્ચે તો વપરાશવૃત્તિ ઘટે છે અને આથી ગુણકનું મૂલ્ય ઘટે છે.*

**10.6.8 ગુણકની મર્યાદાઓઃ**

**10.6.8.1 વપરાશી મૂડી રોકાણ ઉપરની અસરની અવગણના :-** *ગુણકનો સિદ્ધાંત મૂડીરોકાણની આવક ઉપર થતી અસરો જ સમજાવે છે, પરંતુ વપરાશીખર્ચ વધતાં એટલે કે વપરાશી વસ્તુઓની માંગ વધવાથી પણ મૂડીની વસ્તુઓની માંગ વધે છે. એટલે કે મૂડી રોકાણ ખર્ચ વધે છે. આમ, આ સિદ્ધાંતપ્રેરિત મૂડીરોકાણની ઉપેક્ષા કરે છે.*

**10.6.8.2 આવક-ખર્ચમાં સમયનો ગાળો :-** *ગુણકનો સિદ્ધાંતમાં મૂડી રોકાણ વધતા આવક- ખર્ચમાં સતત વધારો થાય છે, સમયનો ગાળો નથી એમ ધારવામાં આવે છે. પરંતુ જ્યારે લોકો પાસે આવક આવે છે, ત્યારે તરત જ ખર્ચ કરતા નથી અને જે વસ્તુઓ પાછળ ખર્ચ કરવામાં આવે છે તે વસ્તુઓનું ઉત્પાદન*

*તાત્કાલિક થતું નથી. એટલું જ નહિ, વર્તમાન વપરાશનો આધાર વર્તમાન આવક ઉપર નહિ પરંતુ અન્ય પરિબળો ઉપર પણ હોય છે.*

**10.6.8.3 સીમાંત વપરાશવૃત્તિ સ્થિર રહેતી નથી :-** *ગુણકની સમગ્ર પ્રક્રિયા દરમિયાન લોકોની સીમાંત વપરાશવૃત્તિ સ્થિર રહે છે. જે ધારણા ખોટી છે. ગોર્ડન નામના અર્થશાસ્ત્રી જણાવે છે કે લોકોની સીમાંત વપરાશવૃત્તિ સ્થિર રહેતી નથી. ગતિશીલ અને વિકસિત અર્થતંત્રમાં લોકોની રુચિ, પસંદગી, ટેવ વગેરેમાં સતત ફેરફાર થવાથી સીમાંત વપરાશવૃત્તિમાં સતત ફેરફાર થતા રહે છે.*

**10.6.8.4 રોકાણોની જાળવણી :-** *અર્થતંત્રમાં ગુણક અસરકારક બને તે માટે અમુક સમયને અંતરે રોકાણોમાં સતત વધારો થવો જોઈએ, તો જ આવકનું સર્જન થઇ શકે અને ગુણકની સપાટી જાળવી શકાય છે.*

**10.6.8.5 પૂર્ણ રોજગારી :-** *ગુણકનું મૂલ્ય અર્થતંત્ર રોજગારીની ટોચે પહોંચી ગયા પછી મર્યાદિત બની જાય છે, કારણ કે અર્થતંત્રમાં પૂર્ણ રોજગારીએ પહોંચ્યા પછી સીમાંત વપરાશવૃત્તિ વધુ હોય તો આવકો અને રોજગારીમાં નહિ, પરંતુ ભાવસપાટીમાં વધારો થાય છે.*

**10.6.8.6 પ્રેરિત રોકાણો :-** *ગુણકનો આધાર પ્રાથમિક રોકાણો પર રહેલો છે. જોપ્રાથમિક રોકાણો અને* **પ્રે***રિત રોકાણો અસરકારક હોય તો ગુણકને લીધે આવકના સર્જનમાં ઝડપીવધારો થાય છે.જો કે કેઈન્સ આપેલા ગુણકના ખ્યાલમાં માત્ર પ્રાથમિક રોકાણોની જ બાબતને ધ્યાનમાં લેવામાં આવી છે.*

*આમ, કેઈન્સન ગુણકના સિદ્ધાંતની ઉપરોક્ત મર્યાદાઓ હોવા છતાં કેઈન્સના સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં તે કેન્દ્રસ્થાને છે. એટલું જ નહિ તેને આધારે ગુણકના બીજા ખ્યાલો પણ વિકસાવવામાં આવ્યા છે.*

## 10.7ગતિવર્ધનનો ખ્યાલ

### 10.7.1પ્રસ્તાવના

*ગતિવર્ધનનો સિદ્ધાંતએક આધુનિક ખ્યાલ છે. કાર્લ માર્ક્સે* 1862*માં તેમના* પુસ્તક'Theories of Surplus Value - Part-2'*માં ગતિવર્ધનના ખ્યાલનો ઉલ્લેખ કર્યો હતો. ગતિવર્ધનના ખ્યાલના વિકાસમાં કેઈન્સ ફાળો ખુબ જ ઓછો છે. તેમ છતાં પણ ગુણક અને ગતિવર્ધનના ખ્યાલો એક સાથે સમજવા ખુબ જ જરૂરી છે. મૂડીરોકાણની આવક અને રોજગારી પર થતી સમગ્ર અસરનો અભ્યાસ કરવા માટે ગુણકની સાથે ગતિવર્ધનનો ખ્યાલ સમજવો જરૂરી છે. ગુણક અને ગતિવર્ધનની સંયુક્ત અસરને કારણે અર્થતંત્રમાં થતું વધારાનું મૂડી રોકાણ આવક અને રોજગારીમાં તેનાથી વધારે પ્રમાણમાં વધારો કરે છે. ગતિવર્ધનનો ખ્યાલ ગુણકના ખ્યાલ કરતા તદ્દન ઉલટો છે. ગુણકના ખ્યાલ મુજબ મૂડીરોકાણમાં વધારો થતા આવકમાં મૂડીરોકાણમાં થયેલા વધારા કરતા વધારે વધારો થાય છે. જયારે ગતિવર્ધનનો સિદ્ધાંત આવક કે વપરાશમાં વધારો થતા તેની મૂડી રોકાણ ઉપર શું અસર પડે છે તે સમજાવે છે.* 1911*માં પ્રો.જે.એમ. ક્લાર્ક આ સિદ્ધાંતને વ્યવસ્થિત રીતે રજુ કર્યો હતો. કેઈન્સ પછીના અર્થશાસ્ત્રીઓએ ગતિવર્ધનના સિદ્ધાંતને વધુ મહત્ત્વઆપ્યું હતું.*

### 10.7.2 ગતિવર્ધનનો સિદ્ધાંત

*ગુણકના સિદ્ધાંતમાં આવક અને વપરાશ મૂડી રોકાણ ઉપર આધારિત છે. જ્યારે ગતિવર્ધનના સિદ્ધાંતમાં મૂડી રોકાણ આવક અને વપરાશ ઉપર આધાર રાખે છે. વપરાશમાં થયેલ ફેરફારથી મૂડીરોકાણમાં થતા ફેરફારને ગતિવર્ધન કહેવામાં આવે છે. વપરાશી વસ્તુઓની માંગમાં વધારો થતા મૂડીગત વસ્તુઓની માંગમાં વધારો થાય છે. લોકોની આવકમાં વધારો થતાં વપરાશમાં પણ વધારો થાય છે આથી વસ્તુઓનું વધારે ઉત્પાદન થવું જરૂરી છે. વધુ ઉત્પાદન કરવા માટે વધારાના મૂડીરોકાણની જરૂર પડે છે. આમ, આ સંજોગોમાં આવક અને વપરાશમાં વધારો થવાથી મૂડીરોકાણમાં વધારો થાય છે. જો લોકોની આવક વધે તો વપરાશી વસ્તુઓની માંગ વધે. આથી તેના ઉત્પાદનમાં વધારો કરવો પડે. વપરાશી વસ્તુઓના ઉત્પાદનમાં વધારો કરવા માટે મૂડીગત વસ્તુઓની વધારે જરૂર પડે, આથી મૂડીગત વસ્તુઓની માંગમાં વધારો થાય છે. આથી મૂડીરોકાણમાં વધારો થાય છે. જો આવક ઘટે તો વપરાશી વસ્તુઓની માંગ ઘટે માટે મૂડી ચીજવસ્તુઓની માંગ ઘટે અને આથી મૂડીરોકાણમાં ઘટાડો થાય છે.*

### 10.7.3 સિદ્ધાંતની સમજુતી

*"વપરાશી ખર્ચમાં થતા ફેરફારને લીધે મૂડી રોકાણ ખર્ચમાં થતા ફેરફારના ગુણોત્તર પ્રમાણને ગતિવર્ધન કહે છે." ગતિવર્ધનના સિદ્ધાંત મુજબ વપરાશી વસ્તુઓની વધતી જતિ માંગ મૂડી માલ માટેની માંગનું સર્જન કરે છે. અહિયાં વપરાશી વસ્તુઓની માંગ વધે તેની સાથે વપરાશી વસ્તુઓનું ઉત્પાદન કરતાં સાધનો એટલે કે મૂડી માલની માંગમાં પણ વધારો થાય છે. ગતિવર્ધનને ગાણિતિક રૂપમાં નીચે મુજબ લખી શકાય.*

$$A = \frac{\Delta I}{\Delta C}$$

*જ્યાં,* A = *ગતિવર્ધન,* ΔI =*મૂડીરોકાણમાં થતો ફેરફાર,* ΔC = *વપરાશી ખર્ચમાં થતો ફેરફાર*

*દા.ત. ધારોકે અર્થતંત્રમાં વપરાશી ખર્ચમાં* 50*કરોડ રૂપિયાનો વધારો થાય અને તેને કારણે મૂડીરોકાણમાં* 150*કરોડ રૂપિયાનો વધારો થાય તો ગતિવર્ધનનું મૂલ્ય નીચે મુજબ શોધી શકાય.*

$$\text{ગતિવર્ધન (A)} = \frac{\Delta I}{\Delta C}$$

$$\therefore A = \frac{150}{50} = 3$$

*અહિયાં ગતિવર્ધનનું મૂલ્ય ૩ મળે છે. ગુણકના સિદ્ધાંતમાં મૂડી રોકાણ કારણ છે અને વપરાશ પરિણામ છે, જ્યારે ગતિવર્ધનના સિદ્ધાંતમાં મૂડી રોકાણ પરિણામ છે અને વપરાશ કારણ છે. ગતિવર્ધનનો આંક શૂન્ય હોઈ શકે. જ્યારે વપરાશી વસ્તુઓના ઉત્પાદન માટે મૂડીગત વસ્તુઓની જરૂર પડતી જ ના હોય ત્યારે આમ બની શકે. જે અર્થતંત્રો અલ્પવિકસિત અને પછાત હોય તેમજ શ્રમપ્રધાન અર્થતંત્રો હોય ત્યાં ઉત્પાદન વધારવા માટે નવા યંત્રોની જરૂર પડતી નથી.*

*એ જ રીતે ગતિવર્ધનની આંક એક કરતાં ઓછો પણ હોઈ શકે, એટલે કે વપરાશી ખર્ચમાં થયેલા વધારાની બહુ જ ઓછી અસર મૂડી રોકાણ ઉપર પડે છે,જ્યારે વપરાશી વસ્તુઓનું ઉત્પાદન વધારવા માટે અગાઉથી જ વધુ પડતી મૂડીગત વસ્તુઓ વસાવી લેવામાં આવી હોય ત્યારેવપરાશી ખર્ચમાં થયેલા*

વધારાથી મૂડી રોકાણ ઉપર બહુ જ ઓછી અસર પડે છે. વળી, વપરાશીવસ્તુઓની નવી માંગ લાંબા સમય ટકશે નહિ એવું ધારવામાં આવે ત્યારે પણ એમ જ બને. કારણકે નવું મૂડી રોકાણ કરવા માટે પ્રેરણા ન મળે.

ગતિવર્ધનના સિદ્ધાંતમાં નીચેની ત્રણ બાબત મહત્વની છે.

(A) મૂડી-ઉત્પાદન પ્રમાણ

મૂડીના એક એકમમાં ફેરફાર થતાં વસ્તુના ઉત્પાદનમાં જે કઈ ફેરફાર થાય છે તેને મૂડી- ઉત્પાદન પ્રમાણ કહે છે.

$$\therefore V = \frac{K_t}{Y_t}$$

જ્યાં,

V = મૂડી-ઉત્પાદન પ્રમાણ

$K_t$ = મુડીનો જથ્થો

Yt=ઉત્પાદન અથવા આવક (અહીં સમયગાળો દર્શાવે છે.)

ગતિવર્ધનનો સિદ્ધાંત સમજાવતી વખતે મૂડી-ઉત્પાદન પ્રમાણને સ્થિર ધારેલું છે. જ્યારે આવક Y, જેટલી હોય ત્યારે જરૂરી મુડીનો જથ્થો નીચે પ્રમાણે મળે.

$$V = \frac{K_t}{Y_t}$$

$$\therefore K_t = VY_t$$

જો મૂડી ઉત્પાદન પ્રમાણ વધારે હોય તો વપરાશી ખર્ચમાં વધારો થતા મૂડીરોકાણમાં ઓછો વધારો થાય છે. જો મૂડી-ઉત્પાદન પ્રમાણ ઓછું હોય તો મૂડીરોકાણમાં વધારે વધારો થાય છે.

**(B) મૂડી સાધનોનું આયુષ્ય**

વસ્તુઓની ઉત્પાદન પ્રક્રિયા દરમ્યાન મૂડી સાધન જેટલા વર્ષ માટે ઉપયોગી થાય છે તેને મૂડી સાધનના આયુષ્ય તરીકે ઓળખવામાં આવે છે. જો મૂડી સાધનનું આયુષ્ય ઓછું તો મૂડી સાધનોની માંગ વધારે થાય અને જો મૂડી સાધનોનું આયુષ્ય લાંબુ હોય તો મૂડીસાધનોની માંગ ઓછી થાય છે. વપરાશી વસ્તુઓની વપરાશ થતા તેમનો નાશ થાય છે. જ્યારે મૂડી સાધનનો વપરાશ થતા તેનો તરત જ નાશ થતો નથી. આથી સાધનોની માંગ સતત થતી નથી.

**(C) સાધનોની માંગ**

વપરાશી વસ્તુઓની માંગ પર આધારિત છે વપરાશી વસ્તુઓની માંગ વધે છે તો તેમનું ઉત્પાદન વધારવું પડે છે. એ ઉત્પાદન વધારવા માટે મૂડી સાધનોની જરૂર પડે છે, આથી મૂડી સાધનોની માંગ વધે છે.

**10.7.4 ગતિવર્ધનના સિદ્ધાંતની મર્યાદાઓ**

**10.7.4.1 મૂડીસાધન ઉદ્યોગમાં વણવપરાયેલ શક્તિ :-** *જ્યારે વપરાશી વસ્તુઓની માંગમાં વધારો થાય ત્યારે મૂડી સાધનોની માંગમાં હંમેશા વધારો થશે તેમ કહી શકાય નહિ. જો વપરાશી વસ્તુઓ ઉત્પન્ન કરતા ઉદ્યોગો અને મૂડીસાધનો ઉત્પન્ન કરતાં ઉદ્યોગમાં વણવપરાયેલી શક્તિ પડી હોય તો વધારાના મૂડીસાધનોની માંગ કર્યા વિના જ ઉત્પાદન વધી શકે છે.*

**10.7.4.2 મૂડીસાધનોની અછત :-** *જો વપરાશી વસ્તુઓની માંગ વધે ત્યારે મૂડીસાધનોની માંગમાં અનેકગણો વધારો પણ પામે છે તેવું હંમેશા કહી શકાય નહિ, મૂડીસાધનોનું ઉત્પાદન પૂર્ણ કક્ષાએ પહોચી ગયું હોય તો વધુ મૂડીસાધનો ઉત્પન્ન કરી શકતા નથી.*

**10.7.4.3 ટેકનોલોજીકલ પ્રગતિ :-** *ટેકનોલોજીકલ પ્રગતિને કારણે વપરાશી વસ્તુઓની માંગ વધી હોવા છતાં વધારાના મૂડીસાધનોની માંગમાં વધારો કરવો શક્ય બને છે. વપરાશી વસ્તુઓની માંગનો ફેરફાર કામચલાઉ હોય તો મૂડીસાધનોની માંગમાં કોઈ જ ફેરફાર નહી થાય.*

## 10.8ગુણક અને ગતિવર્ધનનો સબંધ

*પ્રો. હેન્સને ગુણક અને ગતિવર્ધનની સંયુક્ત પ્રક્રિયાની આવક ઉપર કેવી અસર પડે છે તેની સમજુતી આપી હતી. ગુણક અને ગતિવર્ધનની સંયુક્ત પ્રક્રિયાને* 'Super Multiplier' *તરીકેઓળખવામાં આવે છે. પ્રો. આર. બાફીઝોવ જણાવે છે કે ગુણકનો સિદ્ધાંત માત્ર પ્રારંભિક મૂડીરોકાણની કુલ આવક, કુલ રોજગારી તથા વપરાશી ખર્ચ ઉપર શું અસર પડે છે તે સમજાવે છે. પરંતુ મૂડી રોકાણ પોતે જ ખાનગી વપરાશી ખર્ચ ઉપર આધાર રાખે છે તે બાબતને ધ્યાનમાં લીધી નથી.*

*પ્રો.હિક્સે ગાણિતિક રીતે ગુણક અને ગતિવર્ધનની પ્રક્રિયાને એક સાથે તપાસી અને તેને* 'Super Multiplier' *નામ આપ્યું.* 'Super Multiplier' *એટલે આવકમાં થતા ફેરફાર અને સ્વાયત્ત મૂડીરોકાણમાં થતા ફેરફારનો ગુણોત્તર, અહીં પ્રેરિત મૂડી રોકાણ પણ અસ્તિત્વમાં છે.*

$$Ks = \frac{\delta Y}{\delta Ia}$$

*જ્યાં.*

Ks = Super Multiplier.

$\delta$Y = *આવકમાં થતો ફેરફાર*

$\delta$Ia = *સ્વાયત્ત મૂડીરોકાણમાં થતો ફેરફાર*

*એક ઉદાહરણ દ્વારા સમગ્ર પ્રક્રિયા સમજીએ. સરળ સમજુતી માટે પ્રથમ નીચેની ધારણાઓ કરવીઆવશ્યક છે.*

(1)*સીમાંત વપરાશ વૃત્તિ* MPC = 0.5*છે.*

(2)*ગતિવર્ધનનું મૂલ્ય* 2 *ધારેલું છે.*

*ઉપરોક્ત ધારણાઓ ના આધારે ગુણક અને ગતિવર્ધનની સંયુક્ત પ્રક્રિયા દ્વારા રાષ્ટ્રીય આવક કેવી રીતે નક્કી થાય છે તે સમજાવવામાં નીચે પ્રમાણે અનુસૂચિની રચના કરીએ.*

**કોષ્ઠક -10.1 ગુણક અને ગતિવર્ધનની સંયુક્ત પ્રક્રિયા**

| ગુણક સમય | પ્રાથમિક મૂડીરોકાણ | પ્રેરિત વપરાશ | પ્રેરિત મૂડીરોકાણ | રાષ્ટ્રીય આવકમાં થતો કુલ વધારો |
|---|---|---|---|---|
| 1 | 20 | 00 | 00 | 20 |
| 2 | 20 | 10 | 20 | 50 |
| 3 | 20 | 25 | 30 | 75 |
| 4 | 20 | 37.50 | 25 | 82.50 |
| 5 | 20 | 41.25 | 07.50 | 68.75 |

*ઉપરોક્ત અનુસૂચિમાં ગુણક અને ગતિવર્ધન એક સાથે આવકમાં કેવી રીતે ફેરફાર કરી શકે તે દર્શાવવામાં આવ્યું છે.*


(A)*પ્રથમ સમયગાળામાં પ્રાથમિક મૂડી રોકાણ રૂ.* 20 *કરોડ છે. પ્રથમ સમયગાળામાં ગુણક કે ગતિવર્ધનની પ્રક્રિયા ન હોવાથી પ્રેરિત વપરાશ અને પ્રેરિત મૂડી રોકાણ થતાં નથી. આથી કુલ આવક રૂ.* 20 *કરોડ જ મળે છે.*

(B)*બીજા સમયગાળામાં પ્રેરિત વપરાશ રૂ.* 10*કરોડ થાય છે. કારણ કે* MPC = 0.5*ધારેલું છે. એટલે કુલ આવકની અડધી રકમ ખર્ચવામાં આવશે. તે જ રીતે પ્રેરિત મૂડી રોકાણ રૂ.* 20*કરોડનું થશે.કારણ કે ગતિવર્ધનનું મૂલ્ય ર છે.*(10-01)× 2 = 20).*આથી કુલ રાષ્ટ્રીય આવક રૂપિયા* 50 *કરોડની થાય,*

(C)*ત્રીજા સમયગાળામાં પ્રેરિત વપરાશ રૂ.* 25*કરોડની થાય કારણ કે* MPC = 0.5*છે તથા પ્રેરિત મૂડી રોકાણ રૂ.* 30 *કરોડ થશે કારણ કે ગતિવર્ધનનું મૂલ્ય ર છે.* (25-10) × 2 = 30).*આથી ત્રીજા સમયગાળામાં કુલ આવક રૂ.* 75 *કરોડની થાય છે.*

(D)*આ જ પ્રક્રિયા ચોથા અને પાંચમા સમયગાળા માટે ચાલુ રહે છે. ચોથા સમયગાળામાં પ્રેરિત વપરાશ રૂ.* 37.50*કરોડ અને પ્રેરિત મૂડી રોકાણ રૂ.* 25 *કરોડ મળે છે. આથી કુલ રાષ્ટ્રીય આવક રૂ.* 82.50*કરોડ થાય છે, તે જ રીતે પાંચમા સમયગાળામાં પ્રેરિત વપરાશ રૂ.* 41.25*કરોડ અને પ્રેરિતમૂડી રોકાણ રૂ.* 7.50*કરોડ થાય છે. આથી કુલ રાષ્ટ્રીય આવક રૂ.* 68.75*કરોડ થાય છે, જે નીચેની આકૃતિ દ્વારા સમજીશું.*

*આકૃતિ - 10.1ગુણક અને ગતિવર્ધનની સંયુક્ત પ્રક્રિયા*




*ઉપરોક્ત આકૃતિ10.1માં OX ધરી ઉપર સમયગાળો અને OYધરી ઉપર આવક દર્શાવવામાં આવી છે. જુદા જુદા સમયગાળા દરમિયાન ગુણક અને ગતિવર્ધનની પ્રક્રિયા દ્વારા કુલ આવકમાં કેટલો વધારો-ઘટાડો થાય છે તે ABC રેખા દર્શાવે છે. કુલ આવક રૂ. 20કરોડથી વધીને રૂ. 82.50કરોડ થાય છે એટલે કે A થી વધીને Bથાય છે પરંતુ ત્યાર બાદ આવકમાં ઘટાડો થાય છે. આવક રૂ. 82.50કરોડથી ઘટીને રૂ. 68.75કરોડ થાય છે. ગુણક અને ગતિવર્ધનની સંયુક્ત પ્રક્રિયા દ્વારા વ્યાપાર ચક્રની પ્રક્રિયાને વધુ સારી રીતે તથા વૈજ્ઞાનિક રીતે સમજાવી શકાય છે. વ્યાપાર ચક્રમાં આવતા વળાંક બિંદુઓ સમજુતી SuperMultiplierદ્વારા આપી શકાય છે. સીમાંત વપરાશ વૃત્તિ 1 કરતાં ઓછી છે અને ગતિવર્ધનની પ્રક્રિયા અર્થતંત્રમાં ભાગ ભજવે છે. તેથી ઉપરનું વળાંક બિંદુ અને નીચેનું વળાંક બિંદુ પ્રાપ્ત થાય છે.*

## 10.9 સારાંશ

*આ ઘટકમાં અભ્યાસમાં આવેલ મુદ્દોનો સારાંશ.*

- *ફુગાવો એટલે સામાન્ય ભાવસપાટી અથવા સરેરાશ ભાવોમાં થઈ રહેલો સતત અને નોંધપાત્ર વધારો.*
- *ફુગાવો એ એક નાણાંકીય ઘટના છે અને તે ત્યારે જ ઉદ્‌ભવે છે કે જ્યારે કુલ ઉત્પાદન કરતાં નાણાંના પરિમાણનામાં ઝડપી વધારો થાય છે.*
- *ફુગાવાની અર્થતંત્રના જુદા જુદા ક્ષેત્ર પર અનેક અસરો પડે છે.જેમ કે (1)આર્થિક વિકાસ પર હકારાત્મક અને નકારાત્મક અસરો જોઈ શકાય છે. (2)ફુગાવો આવક અને સમાપ્તિની વહેચણીને વધુ અસામાન બનાવે છે. (3)ફુગાવાની લેણદેણ તુલા પર નકારાત્મક અસરો વધુ થાય છે. દેશની વસ્તુઓના ભાવ વધતા નિકાસો ઘટે છે, જ્યારે આયાતોમાં તેટલો ઘટાડો કરી શકતો નથી. (4) ફુગાવામાં યોજકો અને ઉત્પાદકો સટ્ટાકીય પ્રવૃત્તિ દ્વાર વધુ નફો કમાવવા*

*પ્રેરાય છે(5)ફુગાવાના કારણે કામદાર વર્ગની વાસ્તવિક આવકમાં સતત ઘટાડો થાય છે. (6) ફુગાવાથી બાંધી આવક મેળવનાર વર્ગની વાસ્તવિક આવક ઘટે છે. (7)ફુગાવો મધ્યમ વર્ગની આવકમાં ઘટાડો કરે છે. સાથે સાથે બિન ઉત્પાદકીય મૂડીરોકાણમાં વધારો કરે છે. પાછળ થતા ખર્ચમાં વધારો થાય છે.*

- *ફુગાવાના લીધે મધ્યમ અને ગરીબ વર્ગની વાસ્તવિક આવક ઘટે છે આથી તેમની સીમાંત બચત વૃત્તિ પણ ઘટે છે.*
- *જ્યારે જ્યારે મૂડીરોકાણમાં વધારો થાય છે ત્યારે આવકનો વધારો મૂડી રોકાણ જેટલો નથી પણ મૂડી રોકાણ કરતા અનેક ઘણો હોય છે તેની ગાણિતિક રજુઆતને ગુણક કહે છે.*
- *વપરાશમાં થયેલ ફેરફારની મૂડી રોકાણ પર થયેલ અસરને ગતિવર્ધન કહે છે.*

## 10.10ચાવીરૂપ શબ્દો

| | | |
|---|---|---|
| **ફુગાવો** | : | *ફુગાવો એવી પરિસ્થિતિ છે કે જેમાં નાણાંનું મૂલ્ય ઘટતું જાય છે એટલે કે ભાવો વધતા હોય છે.* |
| **લેણદેણ તુલા** | : | *કોઈ એક વર્ષના સમયગાળા દરમિયાન દ્રશ્ય અને અદ્રશ્ય વસ્તુઓનું આયાત નિકાસનું સરવૈયું એટલે લેણદેણ તુલા.* |
| **અસ્કયામત** | : | *બજાર મૂલ્ય અથવા વિનિમય મૂલ્ય ધરાવતી સંપત્તિ અથવા મિલકત, અર્થશાસ્ત્રમાં અસક્યામતોને બે વિભાગમાં વહેચવામાં આવે છે એક વાસ્તવિક અરકયામતો જેમ કે મકાનો, યંત્રો, જમીન વગેરે અને બીજી નાણાંકીય અસકામતો જેવી કે નાણું, શેર, ડિબેન્ચર વગેરે.* |
| **ગુણક** | : | *જ્યારે જ્યારે મૂડીરોકાણમાં વધારો થાય છે ત્યારે ત્યારે આવકમાં મૂડી રોકાણ જેટલો જ વધારો થતો નથી, પરંતુ મૂડી રોકાણ કરતાં અનેકગણો વધારો આવકમાં થાય છે. આપેલા મૂડીરોકાણે આવકમાં કેટલા ગણો વધારો થશે તે દર્શાવતી ગાણિતિક સંખ્યાને ગુણક કહેવામાં આવે છે.* |
| **સીમાંત વપરાશવૃત્તિ** | : | *આવકમાં થતા ફેરફારથી વપરાશી ખર્ચમાં થયેલ ફેરફારના ગુણોત્તર પ્રમાણને સીમંત વપર શવૃત્તિ કહેવામાં આવે છે.* |
| **સીમાંત બચતવૃત્તિ** | : | *આવકમાં થતા ફેરફારથી બચતમાં થયેલ ફેરફારના ગુણોત્તર પ્રમાણને સીમાંત બચતવૃત્તિ કહે છે.* |
| **ગતિવર્ધન** | : | *વપરાશી ખર્ચમાં થતા ફેરફારને લીધે મૂડી રોકાણ ખર્ચમાં થતા ફેરફારના ગુણોત્તર પ્રમાણને ગતિવર્ધન કહે છે.* |

## 10.11તમારી પ્રગતિ ચકાસો

### (અ) નિબંધ પ્રકારના પ્રશ્નો

1. *ફુગાવાનો અર્થ જણાવી. ફુગાવાની અસરો વિગતે ચર્ચો.*
2. *ફુગાવો એટલે શું ? ફુગાવાની બચત પરની અસરોની સમજુતી આપો.*
3. *ફુગાવાની મૂડી રોકાણ પરની અસરો તપાસો.*
4. *ગુણકનો સિદ્ધાંત મર્યાદાઓ સહીત સમજાવો.*
5. *ગતિવર્ધન એટલે શું? ગતિવર્ધનનો સિદ્ધાંત મર્યાદાઓ સહીત સમજાવો.*

**(બ) ટૂંક નોંધ લખો**

1. ફુગાવાની બચત પરની અસરો
2. ફુગાવાની મૂડી રોકાણ પરની અસરો
3. ગુણાકનો સિદ્ધાંત
4. ગતિવર્ધનનો સિદ્ધાંત
5. ગુણકના સિદ્ધાંતની મર્યાદાઓ
6. ગતિવર્ધનના સિદ્ધાંતની મર્યાદાઓ

**(ક) બહુ વૈકલ્પિક પ્રશ્નો**

1. ફુગાવામાં નાણાંનું મૂલ્ય સતત ________________

(અ) વધે છે. (બ) ઘટે છે.

(ક) સ્થિર રહે છે. (ડ) એક પણ નહિ.

2. ફુગાવો લેણદેણની તુલા પર ___________________ અસરો નીપજાવે છે.

(અ) વિપરીત (બ) સારી

(ક) શૂન્ય (જી) સીધી

3.ફુગાવામાં દેશના ચલણનું બાહ્ય મૂલ્ય _______________ છે.

(અ) વધે (બ) ઘટે

(ક) સ્થિર રહે (ડ) ઉર્ધ્વગતી કરે

4. ફુગાવા દરમિયાન નાણાંકીય સંપતિનું મૂલ્ય __________________ છે.

(ડ) એક પણ નહિ. (અ) વધે છે.

(બ) ઘટે છે. (ક) સ્થિર રહે છે.

5. ફુગાવામાં નીચેનામાંથી કોને ફાયદો થાય છે?

(અ) લેણદારો (બ) શ્રમિકો

(ક) નીયોજકો (ડ) એક પણને નહિ.

6. ગુણકના ખ્યાલની સૌ પ્રથમ રજૂઆત કોણે કરી હતી?

(અ) જે. એમ. કેઈન્સ (બ) એડમ સ્મિથ

(ક) આર.એફ.કહાન (ડ) ફિશર

7.જે. એમ. કેઈન્સે ગુણકનો કયો ખ્યાલ આપ્યો છે ?

(અ) રોજગારી ગુણક (બ) રોકાણ ગુણક

(ક) (અ)અને(બ) (ડ)એક પણ નહિ

8.રોકાણ ગુણક K =____________________

(અ) $\Delta Y/\Delta I$ (બ) $AC/\Delta I$

(ક) $\Delta I/\Delta Y$ (ડ) $\Delta Y/\Delta O$

9. *ગતિવર્ધન* A =

*(અ)* Δ//AC *(બ)* ΔY/ΔE

*(ક)* AC/ΔI *(ડ)* ΔY/ΔI

10.*જ્યારે વપરાશી વસ્તુઓના ઉત્પાદન માટે મૂડીગત વસ્તુઓની જરૂર ના પડતી હોય ત્યારે ગતિવર્ધન* (A) =______________

*(અ)* 1 *(બ)* 2

*(ક)* 0 *(ડ)* 1

11.*ગુણક અને ગતિવર્ધનની આવક ઉપરની સંયુક્ત અસરની સમજુતી કોણે આપી હતી?*

*(અ) હેન્સન* *(બ) જે.એમ.કેઈન્સ*

*(ક) એ.સી.પીગું* *(ડ) માર્શલ*

- **સંદર્ભસૂચી**


1. H. L. Ahuja (2022), Macro Economics Theory and Policy, S.Chand Publication, delhi
2. B. N. Ghosh (2020), Modern Micronomics Theory and Policy, Ane Books, New Delhi
3. Dr. V. B. Hans (2020), Macroeconomics Analysis, Xpress Publishing,
4. N. Gregory Mankiw (2015), Principles of Macroeconomics, Cengage Learning Publisher
5. *આર.સી.જોશી* (2015)*, સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર, પોપ્યુલર પ્રકાશન, સુરત.*


- **તમારી પ્રગતિ ચાકાસોના જવાબો**

1,*(બ) ઘટે છે.* 2. *(અ) વિપરીત* 3.*(બ) ઘટે છે.* 4. *(બ) ઘટે છે.*

5.*(ક) નિયોજક* 6. *(ક) આર. એફ. કહાન* 7.*(બ) રોકાણ ગુણક* 8. *(અ)* ΔY/ΔI

9. *(અ)* ΔI/ΔC 10. *(ક)* 0 11. *(અ) હેન્સન*

| એકમ - 11 | નાણાનો પુરવઠો- I |
|---|---|

**11.0 ઉદ્દેશો**

**11.1 પ્રસ્તાવના**

**11.2 નાણાનાં પુરવઠાનો ખ્યાલ**

**11.3 નાણાના પુરવઠાનાં અભિગમો અને ઘટકો**

**11.4 નાણાના પુરવઠા અંગે રિઝર્વ બેંકના ખ્યાલો**

**11.5 નાણાના પુરવઠા અંગે રિઝર્વ બેંકના નવા માપદંડો**

**11.6 સારાંશ**

**11.7 ચાવીરૂપ શબ્દો**

**11.8 તમારીપ્રગતિચકાસો**

❖ **સંદર્ભ**

❖ **તમારીપ્રગતિચકાસોનાજવાબો**

## 11.0:ઉદ્દેશો

*આ એકમના અભ્યાસ કર્યાપછી તમે..*

- *નાણાના પુરવઠાનો ખ્યાલ વિગતે ચર્ચા કરી શકશો.*
- *નાણાના પુરવઠા અંગેના વિવિધ અભિગમોની જાણકારી મેળવવી.*
- *નાણાના પુરવઠાનાવિવિધ ઘટકો અને તેમની તરલતા અંગેની સમજ આપવી.*
- *રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા દ્વારા આપેલ જુદા-જુદા ખ્યાલો વચ્ચેનો ભેદ સમજવું.*
- *ભારતમાં નાણાંના પુરવઠામાં આવેલ પરિવર્તન અંગે અભિપ્રાય કેળવવું.*

## 11.1 પ્રસ્તાવના

*માનવીની જરૂરિયાતો જેમ જેમ અમર્યાદિત અને જટીલ બનતી જાય છે, તેમ તેમ તેને સંતોષવાની પદ્ધતિઓ અને સાધનો વિકસતા ગયા. કાળક્રમે વિવિધ પ્રકારના વિનિમયના માધ્યમોનો વિકાસ થયો. જેમા નાણાંની ઉત્ક્રાંતિ એ વિનિમયક્ષેત્રે ક્રાન્તિકારી પરિવર્તન હતું. જરૂરિયાતોની જટીલતા અને ટેક્નોલોજીના વિકાસને કારણે નાણાંના સ્વરૂપમાં ઝડપી પરિવર્તન થયું. વસ્તુનાણાંથી શરૂ થયેલી સફર ધાતું નાણું, કાગદીનાણું અને ઈલેક્ટ્રોનિક નાણાં સુધી પહોંચી છે. આર્ટીફિશિયલ ઈન્ટેલીજન્ટ(AI)ના યુગમાં નાણાંકીય વ્યવહારો ભૌતિક કરતા ઈલેક્ટ્રોનિક કે ઑનલાઈન સ્વરૂપે ઝડપી વધી રહ્યા છે. જેમ જેમ નાણાંકીય વ્યવહારો વધુ સરળ અને ઝડપી બનતા જાય છે. તેમ તેમ નાણાંનું મૂલ્ય સતત ઘટતું જાય છે અથવા ભાવસપાટી સતત વધતી જાય છે. ભાવસપાટી વધવાના વિવિધ પરિબળો પૈકીનું એક પરિબળ નાણાંનાં પુરવઠાની વૃદ્ધિ છે.*

## 11.2 નાણાંના પુરવઠાનો ખ્યાલ

*નાણાંના પુરવઠા માટે નાણાંનો જથ્થો, નાણાંનું પરિમાણ વગેરે શબ્દ પ્રયોગ થાય છે. સામાન્ય રીતે નાણાંનો પુરવઠો એટલે અર્થતંત્રમાં રહેલ નાણાંનો કુલ જથ્થો કે જેનો લોકો દ્વારા વસ્તુ કે સેવાની ખરીદી માટે વિનિમયના માધ્યમ તરીકે ઉપયોગ થાય છે તેવો જાહેર જનતા પાસે રહેલો નાણાંનો જથ્થો.જાહેર જનતામાં વ્યક્તિઓ, પેઢીઓ, રાજ્ય, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ વગેરેનો સમાવેશ થાય છે.*

*ટૂંકમાં દેશની આર્થિકપ્રવૃત્તિના સંદર્ભમાં વિનિમયના માધ્યમ તરીકે વપરાતો નાણાંનો જથ્થો એટલે નાણાંનો પુરવઠો.*

## 11.3નાણાંના પુરવઠાના અભિગમો અને ઘટકો-

*નાણાંના કાર્યોના આધારે નાણાંના પુરવઠાના મુખ્ય બે અભિગમો જોવા મળે છે.* 1)*પરંપરાગત અભિગમ અને*2) *આધુનિક અભિગમ. આ બંને અભિગમો મુજબ નાણાંના પુરવઠાના ઘટકોને બે ભાગમાં વિભાજિત કરીને સમજી શકાય.*

### 11.3.1પરંપરાગત અભિગમ મુજબ નાણાંના પુરવઠાના ઘટકો –

*નાણાંના પુરવઠા અંગે પરંપરાગત અને કેન્દ્રિય અભિગમ વધુ પ્રચલિત છે. આ અભિગમમાં નાણાંના માત્ર વિનિમય તરીકેના કાર્યને જ ધ્યાનમાં લેવામાંઆવે છે. જ્યારે નાણાંના અન્ય કાર્યોની અવગણના કરવામાં આવે છે. તેથી નાણાંકીય નીતિની દ્રષ્ટિએ આ અભિગમ સંકુચિત છે. આ અભિગમ મુજબ નાણાંના પુરવઠામાં મુખ્ય બે પ્રકારના ઘટકોનો સમાવેશ થાય છે.*

M = C **+** D (C=*પ્રજા પાસે રહેલ ચલણી નાણું, જ્યાં,* D=*બેંકોની માંગપાત્ર થાપણો )*

**1)પ્રજા પાસે રહેલ ચલણી નાણું(Currency with the Public)**

*ચલણી નાણાંમાં ચલણી નોટો અને સિક્કાઓ સ્વરૂપે રહેલ તમામ કાયદેસરના ચલણી નાણાંનો સમાવેશ થાય છે. ભારતના સંદર્ભમાં ભારત સરકાર અને રિઝર્વ બેંક દ્વારા ચલણમાં મુકવામાં આવેલ તમામ ચલણી નોટો, રૂપિયાના સિકકાઓ અને નાના સિક્કાઓનો સમાવેશ ચલણી નાણાંમાં થાય છે. કુલ ચલણી નાણાંનો અમુક ભાગ લોકો વસ્તુ કે સેવાના ખરીદ વેચાણ માટે રોકડ સ્વરૂપે હાથ પર રાખે છે, જે નાણાંના પુરવઠાનો સૌથી મહત્ત્વનો ઘટક છે.*

*લોકો પાસે રહેલ ચલણી નાણાંનો પુરવઠો જાણવા માટે રિઝર્વ બેંક દ્વારા ચલણમાં મુકેલ બધી જ ચલણી નોટો અને સિક્કાઓનો સરવાળો કરી, તેમાંથી બેંકો પાસે રહેલ રોકડ નાણાંનું પ્રમાણ બાદ કરવામાં આવે છે. આમ કરવાનું કારણ એ છે કે રિઝર્વ બેંક દ્વારા ચલણમાં મુકેલ ચલણી નોટો અને સિક્કાઓનું બધુ જપ્રમાણ લોકો પોતાની પાસે રોકડ સ્વરૂપમાં રાખતા નથી. પરંતુ તેનો અમુક ભાગ બેંકોમાં થાપણ તરીકે જમારાખતા હોય છે.*

**2) પ્રજા પાસેની બેંક થાપણો-**

*બેંક થાપણોમાં બેંકોની માંગપાત્ર થાપણો અને રિઝર્વ બેંક પાસેની અન્ય થાપણોનો સમાવેશ થાય છે. લોકો પોતાના નાણાંનો અમુક ભાગ વેપારી બેંકોમાં પોતાના ચાલુ ખાતામાં રાખે છે. જેને વેપારી બેંકોની માંગપાત્ર થાપણો કહેવાય છે. આધુનિક અર્થતંત્રમાં આવી થાપણો નાણાંની જેમ જ વિનિમયનાં માધ્યમ તરીકે કાર્ય કરે છે તથા દેવાની ચૂકવણી માટે તેનો સ્વીકાર થાય છે. તેથી આવી થાપણોનો નાણાં સ્વરૂપે જ નાણાંનાં પુરવઠામાં સમાવેશ થાય છે.*

**કોષ્ટક-11.1 :છેલ્લા બે દાયકામાં નાણાંના પુરવઠામાં આવેલ પરિવર્તન (રૂ.કરોડ)**


| ક્રમ | નાણાંનો પુરવઠોના ઘટકો | 2000-01 | 2010-11 | 2020-21 | 2023-24 |
|---|---|---|---|---|---|
| *અ)* | *પ્રજા પાસેનું ચલણી નાણું* (1 +2+ 3+4) | **209550** | **911836** | **2751828** | **3409808** |
| 1 | *ચલણી નોટો* | 2,12,851 | 9,36,935 | 28,26,851 | 34,77,795 |
| 2 | *ચલણમાં રહેલા રુપિયાના સિક્કાઓ* | 4,053 | 11,157 | 26,170 | 32,689 |
| 3 | *ચલણમાં રહેલા નાના સિક્કાઓ* | 1,300 | 1,568 | 743 | 743 |
| 4 | *બેંકો પાસેની રોકડ રકમ* | 8,654 | 37823 | 1,01,935 | 1,01,419 |
| *બ)* | *પ્રજા પાસેની થાપણો* (1 +2) | **1,69,883** | **7,26,509** | **20,42,471** | **26,81,424** |
| 1 | *બેંકોની માંગપાત્ર થાપણો* | 1,66,270 | 7,22,856 | 19,95,120 | 25,86,888 |
| 2 | *રિઝર્વ બેંક પાસેની અન્ય થાપણો* | 3,613 | 3,653 | 47,351 | 94,536 |
| *ક)* | *પ્રજા પાસે રહેલ કુલ નાણાંનો પુરવઠો (અ + બ)* | **3,79,433** | **16,38,345** | **47,94,299** | **60,91,232** |

**સ્ત્રોત - https://data.rbi.org.in/BOE/OpenDocument/ (19-7-2024)**

*આમ, ઉપરોક્ત કોષ્ટક-*11.1*માં દર્શાવ્યા મુજબ લોકો પાસે રહેલ ચલણી નાણું અને લોકોની બેંકોમાં રહેલી થાપણો મળીને કુલ નાણાંનો પુરવઠો બને છે. છેલ્લાં બે દાયકા દરમિયાન નાણાંના આ કુલ પુરવઠામાં આમુલ પરિવર્તન જોવા મળે છે. પ્રજા પાસેના નાણાંનો પુરવઠો વર્ષ* 2000-01*માં રૂ.* 3,79,433*કરોડ હતો તે વર્ષ* 2023-24*માં વધીને રૂ.* 60,91,232*કરોડ જેટલો થયો હતો. એટલે કે આ સમયગાળા દરમિયાન નાણાંના પુરવઠામાં લગભગ* 20*ગણો વધારો થયો હતો. ખાસ નોંધનીય બાબત એ છે કે વર્ષ* 2000-01*થી* 2010- 11*ના દાયકામાં નાણાંના પુરવઠામાં લગભગ પાંચ ગણો વધારો થયો*

જ્યારે એના પછીના દાયકામાં આ વધારે ત્રણ ગણો નોંધાયો છે. એટલે કે કુલ નાણાંના પુરવઠામાં વધારો થવાની ગતિ ધીમી થતી જણાય છે.

(આલેખ 11.1છેલ્લા બે દાયકમાં નાણાના પુરવઠામાં આવેલ ફેરફાર કરોડ)




**સ્રોત - કોષ્ટક 11.1 :ના આધારે.**

ઉપરોક્ત આલેખ - 11.1માં દર્શાવ્યા અનુસાર બેંકોમાં પ્રજાની થાપણ રૂપે રહેલ નાણાંના પુરવઠા કરતા લોકો પાસે રહેલ ચલણી નાણાંનું પ્રમાણ વધુ છે. અર્થાત્ થાપણો કરતા ચલણમાં ફરતા નાણાંનું પ્રમાણ વધુ જોવા મળે છે. ઈ.સ.2000-01થી 2010-11ના બે દાયકાદરમિયાન પ્રજાની થાપણોની તુલનાએ પ્રજા પાસેનું ચલણી નાણાંમાં વધવાની ગતિ આંશિક રીતે ઊંચી જોવા મળે છે. પરંતુ આ તફાવત નજીવો છે.

**11.3.2આધુનિક અભિગમ મુજબ નાણાંના પુરવઠાના ઘટકો**

નાણાંનો આધુનિક ખ્યાલ વધુ વિસ્તૃતછે. તેમાં સંપૂર્ણ તરલ નાણાકીય અશકામતો ઉપરાંત ઓછી તરલ અને વિનિમયના મૂલ્યનો સંગ્રહ કરી શકે એવા નાણાંકીય અશકામતોનો પણ નાણાંના પુરવઠામાં સમાવેશ કરે છે. જો કે વિસ્તૃત ખ્યાલ અંગે અર્થશાસ્ત્રીઓમાં વિવિધ મતમતાંતર જોવા મળે છે. પ્રો.મિલ્ટન ફ્રિડમેન જેવા નાણાંવાદી અર્થશાસ્ત્રીઓ નાણાંના પુરવઠાના વિસ્તૃત ખ્યાલના તરફેણનો અભિપ્રાય ધરાવે છે.

નાણાંવાદી અભિગમ- પ્રૉ.મિલ્ટન ફ્રિડમેન અને અન્ય નાણાં વાદીઓના મતે નાણાંના પુરવઠામાં લોકો પાસેનું ચલણી નાણું, બેંકોની માંગપાત્ર થાપણો ઉપરાંત બેંકોમાં રહેલી બાંધી મુદ્દતની થાપણોનો પણસમાવેશ થાય છે.જે મુદ્દત પહેલા ઉપાડી શકાતી નથી અથવા વ્યાજની અમુક રકમ ગુમાવીને ઉપાડી શકાય તથા તેની સામે લોન લઈ શકાય છે, તેથી બાંધી મુદ્દતની થાપણોનો પણ નાણાંના પુરવઠામાં સમાવેશ થાય છે.

M = C + D + T (C=*પ્રજા પાસે રહેલ ચલણી નાણું,* D=*બેંકોની માંગ પાત્ર થાપણો,* T=*મુદતી થાપણો)*

*ગુર્લે-શો.નો અભિપ્રાય- ગુર્લે-શો એ તેમનું પુસ્તક '*'Money in a Journey of Finance'*માં નાણાંના પુરવઠાને ખ્યાલ આપ્યો છે, તે મુજબ નાણાંના પુરવઠામાં ચલણ, માંગપાત્ર થાપણો અને મુદ્દતી થાપણો ઉપરાંત નાણાં સાથે નજીકનો સંબંધ ધરાવતી તમામ નાણાંકીય અશકામતો (શેર, બૉન્ડ, બચત થાપણો વગેરે)નો સમાવેશ થાય છે.*

*રેડકલ્ફિ સમિતિનો અભિપ્રાય- આ સમિતિએ તરલતા અભિગમ પર ભાર આપી નાણાંના પુરવઠાનું વ્યાપક અર્થઘટન કર્યું છે. આ સમિતિના મતે નાણાંનો કુલ પુરવઠો અર્થતંત્રના તરલતાના સમગ્ર માળખાન એક ભાગ છે. તેથી તેમાં ચલણી નાણું, બેંકનાણાંની તમામ થાપણો, બિન બેંકિંગ થાપણો, અવેજી નાણું ઉપરાંત જેની સામે અર્થતંત્રમાં ધિરાણ મેળવવાની શક્યતા છે. તેનો પણ નાણાંના કુલ પુરવઠામાં સમાવેશ થાય છે.*

*આમ, ઉપરોક્ત અભિપ્રાયોને આધારે કહી શકાય કે નાણાંના પુરવઠાના વિસ્તૃત મુજબ નાણાંના પુરવઠામાં પ્રજા પાસેનું ચલણી નાણું, બેંકોની માંગપાત્ર થાપણો અને મુદ્દતી થાપણો ઉપરાંત નાણાં સાથે નજીકનો સંબંધ ધરાવતી તમામ નાણાંકીય અસ્કામતો(શેર, બૉન્ડ, બચત થાપણો વગેરે)નો સમાવેશ થાય છે. આ સંદર્ભે રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા દ્વારા, પણ નાણાંના પુરવઠા અંગે વિસ્તૃત ખ્યાલો આપ્યા છે.*

*નાણાંના પુરવઠા અંગેના આ આધુનિક ખ્યાલો મુજબ નાણાના પુરવઠાના મુખ્ય ઘટકોમાં નીચે મુજબનાં સાધનોનો સમાવેશ કરી શકાય.*

1)*પ્રજા પાસેનું ચલણી નાણું*

2)*બેંકોની માંગપાત્ર થાપણો*

3)*રિઝર્વ બેંકની અન્ય થાપણો*

4)*મુદ્દતી થાપણો*

5)*બિન બેંકિંગ થાપણો*

a. *પોષ્ટ ઑફિસ બચત બેકોની બચત થાપણો*

b. *શેર અને અન્ય નાણાકીય અશકામતો*

c. *ટ્રેઝરી બિલ અને વિનિમયપત્રો*

d. *બોન્ડસ અને અન્ય સરકારી જામીનગીરીઓ*

e. *રાષ્ટ્રીય બચત પત્રો વગેરે.*

## 11.4 નાણાંના પુરવઠા અંગે રિઝર્વ બેંકના ખ્યાલો

*નાણાંના પુરવઠા અંગેગે રિઝર્વ બેંક દ્વારા ગઠિત બીજા કાર્યકારી અભ્યાસ જુથે ઈ.સ.*1977*માં નાણાંના પુરવઠા અંગે ચાર ખ્યાલો આપ્યા છે. આ ખ્યાલો અનુસાર નાણાંના પુરવઠામાં પોષ્ટ ઑફિસની બચત થાપણો અને બાંધી મુદ્દતની થાપણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ચાર ખ્યાલો નીચે મુજબ છે.*

1) $M_1$ =લોકો પાસેનું ચલણી નાણું(C + બેંકોની ચાલુ ખાતાની થાપણો (DD) + રિઝર્વ બેંકની અન્ય થાપાણો (OD). $M_1$ = C + DD + OD
2) $M_2$ = $M_1$+પોષ્ટ ઑફિસ બચત બેંકોની બચત થાપણો
3) $M_3$= $M_1$+બેંકોની મુદ્દતી થાપણો (TD)
4) $M_4$ = $M_3$+પોષ્ટ ઓફિસ સેવિગ્સ ઑર્ગેનાઈઝેશનની થાપણો (નેશનલ સેવિગ્સ સર્ટિફિકેટસને બાદ કરતા).

ઉપરોક્ત ચારે ખ્યાલોની વિસ્તૃત સમજુતી મેળવીએ.

**1) $M_1$ (સંકુચિત નાણુ) :**

$M_1$ માં મુખ્ય ત્રણ નાણાંકીય સાધનોનો સમાવેશ થાય છે. 1) લોકો પાસેનું ચલણી નાણુ(C) : જેમાં લોકો પાસે રહેલી ચલણમાં ફરતી ચલણી નોટો તથા નાના-મોટા સિક્કાઓનો સમાવેશ થાય છે. 2) બેંકોની ચાલુ ખાતાની થાપણો (DD) : જેમાં વેપારી બેંકોમાં લોકોના ચાલુખાતામાં રહેલી માંગપાત્ર થાપણોનો સમાવેશ થાય છે. આવી થાપણો સામે ખાતેદાર ગમે ત્યારે ચેક વટાવીને નાણાંની માંગ કરી શકે છે. માંગપાત્ર થાપણોની ગણતરી કરતી વખતે આંતર બેંકિંગ, થાપણો એટલે કે એક બેંકે બીજી બેંકમાં મૂકેલી થાપણો ગણતરીમાં લેવાતી નથી. 3)રિઝર્વ બેંકની અન્ય થાપણો(OD) : રિઝર્વ બેંકમાં રહેલી અન્ય થાપણોમાં કેન્દ્ર અને રાજય સરકારની રિઝર્વ બેંકમાં રહેલી થાપણો, રિઝર્વ બેંકના કર્મચારીઓના પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રિઝર્વ બેંકની અન્ય ડિપોઝિટોમાં U.T.I. I.D.B.I.NABARD વગેરે સંસ્થાઓની થાપણો, વિદેશી સરકાર અને વિદેશી મધ્યસ્થ બેંકની માંગપાત્ર થાપણો તથા વિશ્વ બેંકની માંગપાત્ર થાપણોનો સમાવેશ થાય છે. પરંતુ રિઝર્વ બેંકમાં રહેલી આ અન્ય થાપણોનું પ્રમાણ તદ્દન નજીવું હોય છે. $M_1$ નાણું વિનિમયના માધ્યમ તરીકેના કાર્ય સાથે સંબંધ ધરાવે છે, તેથી તે સંકુચિત નાણું (NarrowMoney) તરીકે ઓળખાય છે.

**2) $M_2$**

$M_2$ માં $M_1$ ઉપરાંત પોષ્ટ ઑફિરા બચત બેંકોની બચત થાપણોનો પણ સમાવેશ થાય છે. પોસ્ટ ઓફિસની બચત થાપણો, બેંકોની ચાલુ થાપણો કરતાં ઓછી તરલ છે. પરંતુ બાંધી મુદતની થાપણો કરતાં વધુ તરલ છે. પોસ્ટ ઓફિસ બેંકની બચત થાપણોમાંથી વેપારી બેંકોની માંગપાત્ર થાપણોની માફક સરળતાથી ઉપાડ થઈ શકતો નથી તથા રિઝર્વે બેંક દ્વારા ચોક્કસ ગણતરી થતી નથી. તેથી આવી થાપણો નાણાંના પુરવઠામાં સાપેક્ષ રીતે ઓછું મહત્ત્વધરાવે છે.

**3) $M_3$ (વિસ્તૃત નાણું):**

$M_3$ નો ખ્યાલ વિસ્તૃત નાણાં તરીકે મહત્વ ધરાવે છે. જેમા $M_1$ ઉપરાંત બેંકોની બાંધી મુદ્દતની થાપણો(Time Deposits)નો સમાવેશ થાય છે. બેંકોમાં રહેલી બાંધી મુદતની થાપણો બે રીતે તરલતાનો ગુણ ધરાવે છે. (i)આવી થાપણો સામે ગ્રાહક જરૂર પડે બેંકમાંથી ધિરાણ મેળવી શકે છે. એટલે કે બેંકો આવી થાપણો સામે ગ્રાહકને ઓવર ડ્રાફ્ટની સગવડ આપે છે. (ii)વ્યાજના નુકસાન સામે ડિપોઝિટ વટાવી, મુદત પહેલાં રકમ મેળવી શકે છે. આમ, બાંધી મુદતની થાપણો સંગ્રાહક તરીકે કાર્ય કરે છે અને લોકોની બચતોનું પ્રતિનિધિત્વ કરે છે. તે સંપૂર્ણ તરલ નથી, તેમ છતાં તેની સામે બેંકમાંથી સરળતાથી લોન મેળવી શકાય છે. $M_3$ નાણું વિનિમયના માધ્યમ તરીકેના કાર્ય ઉપરાંત મૂલ્ય સંચયના કાર્ય સાથે

પણ સંબંધ ધરાવે છે, તેથી તેને વ્યાપકનાણું (BroadMoney) તરીકે ઓળખવામાં આવે છે. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના કાર્યકારી અભ્યાસ જુથ $M_3$ ને કુલ નાણાંકીય સાધનો (AggregateMonetary Resources-AMR)તરીકે પરિભાષિત કરે છે.

**4) $M_4$:**

$M_4$ માં $M_3$ ઉપરાંત પોસ્ટ ઓફિસ બચત સંસ્થાઓના કુલ થાપણોનો સમાવેશ થાય છે. પરંતુ તેમાં NSC(National Saving Certificates)નો સમાવેશ કરવામાં આવતો નથી. પોષ્ટ ઑફિસ સેવિગ્સ ઑર્ગેનાઈઝેશનની થાપણોમાં પોષ્ટ ઑફિસની બચત થાપણો, પોષ્ટ ઑફિસની બાંધી મુદ્દતની થાપણો, ક્યુમ્યુલેટિવ મુદ્દતી થાપણો અને રિકરિંગ થાપણોનો સમાવેશ થાય છે.

આમ, નાણાંના પુરવઠાના આ ચારે ખ્યાલો તેમની પ્રવાહિતાની કક્ષામાં રહેલા તફાવતના આધારે એકબીજાથી અલગપડે છે. આ ચારે ખ્યાલોની પ્રવાહિતાની કક્ષા સામાન્ય દ્રષ્ટિએ ઊતરતા ક્રમમાં જોવા મળે છે. જેમ જેમ $M_1$ થી $M_2$ થી અને $M_3$ થી $M_4$ તરફ ગતિ કરીએ તેમ તેમ નાણાંનો પુરવઠો ક્રમશઃ ઓછો પ્રવાહી અથવા ઓછો તરલ બનતો જાય છે. નાણાંના ચારે ખ્યાલો ક્રમશઃ નાણાંના વિનિમયના માધ્યમ તરીકેના કાર્ય પરથી મૂલ્ય સંચયના કાર્ય તરફ ગતિ કરે છે.


**કોષ્ટક – 11.2 :RBIના માપદંડો મુજબ નાણાંના પુરવઠામાં આવેલ ફેરફાર (રૂ.કરોડ)**

| YEAR | $M_1$ | $M_2$ | $M_3$ | $M_4$ | $M_1$ વૃદ્ધિદર | $M_3$ વૃદ્ધિદર |
|---|---|---|---|---|---|---|
| 2000-01 | 3,79,433 | 3,88,263 | 13,13,204 | 13,47,617 | | |
| 2001-02 | 4,22,824 | 4,32,869 | 14,98,336 | 15,42,262 | 11.44 | 14.10 |
| 2002-03 | 4,74,558 | 4,85,152 | 17,17,936 | 17,73,211 | 12.00 | 14.66 |
| 2003-04 | 5,78,694 | 5,92,061 | 20,05,654 | 20,77,042 | 22.20 | 16.75 |
| 2004-05 | 6,49,766 | 6,65,067 | 22,45,653 | 23,34,300 | 12.28 | 11.97 |
| 2005-06 | 8,26,389 | 8,43,179 | 27,19,493 | 28,23,411 | 27.18 | 21.10 |
| 2006-07 | 9,67,925 | 9,86,490 | 33,10,038 | 34,25,587 | 17.13 | 21.72 |
| 2007-08 | 11,55,810 | 11,75,599 | 40,17,855 | 41,32,706 | 19.41 | 21.38 |
| 2008-09 | 12,59,671 | 12,82,361 | 47,94,775 | 49,08,851 | 8.99 | 19.34 |
| 2009-10 | 14,89,268 | 15,15,726 | 56,02,698 | 57,19.591 | 18.23 | 16.85 |
| 2010-11 | 16,38,345 | 16,68,446 | 65,04,116 | 66,23,948 | 10.01 | 16.09 |
| 2011-12 | 17,37,394 | 17,70,519 | 73,84,831 | 74,88,987 | 6.05 | 13.54 |
| 2012-13 | 18,97,526 | 19,35,376 | 83,89,819 | 85,28,662 | 9.22 | 13.61 |
| 2013-14 | 20,59,762 | 21,02,779 | 95,17,386 | 96,75,294 | 8.55 | 13.44 |
| 2014-15 | 22,92,404 | 23,39,832 | 1,05,50,168 | 1,07,23,896 | 11.29 | 10.85 |
| 2015-16 | 26,02,538 | 26,64,105 | 1,16,17,615 | 1,18,26,026 | 13.53 | 10.12 |
| 2016-17 | 26,81,957 | 27,74,021 | 1,27,91,940 | 1,30,48,145 | 3.05 | 10.11 |
| 2017-18 | 32,67,331 | 33,76,541 | 1,39,62,587 | 1,42,63,393 | 21.83 | 9.15 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 2018-19 | 37,10,464 | 38,51,063 | 1,54,32,067 | 1,57,99,354 | 13.56 | 10.52 |
| 2019-20 | 41,25,948 | 42,76,911 | 1,67,99,963 | 1,72,33,404 | 11.20 | 8.86 |
| 2021-21 | 47,94,299 | 49,65,152 | 1,88,44,578 | 1,93,55,013 | 16.20 | 12.17 |
| 2021-22 | 53,07,125 | 54,95,558 | 2,04,93,729 | 2,15,05,970 | 10.70 | 8.75 |
| 2022-23 | 56,74,795 | 58,75,052 | 2,23,43,760 | 2,34,56,990 | 6.93 | 9.03 |
| 2023-24 | 60,91,466 | 62,91,723 | 2,48,31,384 | 2,59,44,614 | 7.34 | 11.13 |

**સ્ત્રોત - https://data.rbi.org.in/BOE/OpenDocument/ (19-7-2024)**

**આકૃતિ 12.2 વિવિધ માપદંડોને આધારે નાણાનો પુરવઠો**





*રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા આપેલ ચારે માપદંડો મુજબ નાણાંના પુરવઠામાં આવેલ પરિવર્તન ઉપરોક્ત કોષ્ટક*-11.2*અને આલેખ*-11.2*માં જોઈ શકાય છે. તે અનુસાર...*

- $M_1$ *અને* $M_2$ *ના નાણાંના પુરવઠા વચ્ચે તફાવત નજીવો છે. કારણ કે,* $M_2$ *માં* M_1*ઉપરાંતની જે પોષ્ટ ઑફિસ બચત બેંકની બચત થાપણેનો સમાવેશ થાય છે તેનું પ્રમાણ ઓછુ હોય છે. એ જ રીતે* M4*માં* M3*ઉપરાંત પોસ્ટ ઓફિસ બચત સંસ્થાઓની કુલ થાપણોનું પ્રમાણ મર્યાદિત હોવાથી* M4*અને* M3 *વચ્ચેનો તફાવત ઓછો છે. તેથી આ ચારે માપદંડો પૈકી* $M_1$ *અને* $M_3$ *નાણાંના પુરવઠાના અભ્યાસમાં સૌથી મહત્ત્વના માપદંડો છે, જેમા* $M_1$ *એ સંકુચિત નાણું અને* $M_3$ *વ્યાપક નાણાંનો ખ્યાલ દર્શાવે છે.*
- *વર્ષ* 2003-04*માં* $M_1$ *નાણાંનો પુરવઠો રૂ.* 5,78,694*કરોડ હતો. તે બે કાયકા બાદ વધીને વર્ષ* 2023-24*માં રૂ.* 60,91,466*કરોડ થયો હતો. એટલે કે તેમાં લગભગ* 10 *ગણો વધારો થયો છે. જ્યારે* M3 *નાણાંનો પુરવઠ. વર્ષ* 2003-04*માં રૂ.* 20,09,654*કરોડ હતો, તે બે દાયકા બાદ વધીને વર્ષ* 2023-24*માં રૂ.* 7,48,31,584*કરોડ થયો હતો. એટલે કે તેમાં લગભગ* 12 *ગણો વધારો થયો.*
- $M_3$ *માં વર્ષ* 2000-01*બાદ આઠ વર્ષે રૂ.* 50 *લાખ કરોડનો નાણાંનો પુરવઠા થયો હતો. જે વર્ષ* 2008-09*પછીના પાંચ વર્ષમાં બે ગણા વધીને* 100 *લાખ કરોડનો વધારો દર્શાવે છે. એ જ રીતે*

*આલેખમાં દર્શાવ્યા મુજબ પ્રતિ રૂ.50 લાખ કરોડના વધારા માટે લાગતો સમય ગાળો ઘટતો જાય છે. જેM3 ના પ્રમાણમાં ઝડપી વૃદ્ધિનો નિર્દેશ કરે છે.*

$M_3$ *ની તુલના એ* $M_1$ *નાણાંના પુરવઠામાં થતો વધારો પ્રમાણમાં ધીમો જણાય છે.*

**આલેખ 11.3 :$M_1$અને $M_3$નાણાં પુરવઠાનો વૃદ્ધિ દર**




*ઉપરોક્ત આલેખ-11.3માં* $M_1$ *અને* $M_3$ *નાણાં પુરવઠાનો વાર્ષિક વૃદ્ધિદર દર્શાવ્યો છે. તે જોતા* $M_1$ *તૂલનાએ* $M_3$ *ના વૃદ્ધિદરમાં આંશિક સ્થિરતા જોવા મળે છે. વર્ષ 2002-03થી 2010-11ના ગાળા દરમિયાનM3ના પુરવઠાનો વૃદ્ધિદર આલેખ-11.3માં દર્શાવ્યા મુજબ 15 ટકાથી ઊંચો રહ્યો છે. પરંતુ વર્ષ 2011-12પછી આ વૃદ્ધિદર15 ટકાથી ઘટીને 10 ટકાની આસપાસ રહ્યો છે. એટલે કે છેલ્લા બે દાયકા દરમિયાન* $M_3$ *ના પુરવઠાનાં વાષિક વૃદ્ધિદરમાં ઘટાડો થયો છે. જ્યારે* $M_1$ *ના પુરવઠાના વૃદ્ધિદરમાં ઊંચી અસ્થિરતા જોવા મળે છે.*

## 11.5 નાણાંના પુરવઠા અંગે રિઝર્વ બેંકના નવા માપદંડો (Revised Measures of Money Supply)

*નાણાંના પુરવઠા અંગે જૂન 1998માં રિઝર્વ બેંકે નાણાંકીય સર્વેક્ષણ* (Monetary survey)*ના વિશ્લેષણાત્મક પાસાનો અભ્યાસ કરવા માટે એક કાર્યકારી અભ્યાસ જૂથનું ગઠન કર્યું હતું. ડૉ.વાય. વી.રેડ્ડીના અધ્યક્ષપણા હેઠળ બનેલ આ કાર્યકારી જૂથે તેના* 'Money Supply - Analysis and Mahodology of Compilation' *માં રેડક્લિફ સમિતિના તરલતાના અભિગમના આધારે નાણાંના પુરવઠા અંગેના સુધારેલા માપ આપ્યા છે. નાણાંના પુરવઠા અંગેના* RBI*ના જુના માપદંડોમાં નાણાંકીય માપદંડો અને તરલ માપ બેને એક જ હતા. જ્યારે નાણાંના પુરવઠા સુધારેલા માપદંડો અલગ અલગ બે ભાગમાં રજુ થયા છે. તેમાં નાણાંકીય માપદંડો અને તરલ માપદંડો અલગ અલગ જે નીચે પ્રમાણે છે.*

### 11.5.1 નાણાંકીય માપદંડો (Monaary Aggregates)

રિઝર્વ બેંક દ્વારા આપેલ નવા માપદંડોમાં ચાર નાણાંકીય માપદંડો આપ્યા છે. જેને ટૂંકમાં $NM_0$,$NM_1$,$NM_2$,અને$NM_3$તરીકે ઓળખવામાં આવે છે.

1) $NM_0$= $NM_0$નાણાંકીય આધાર (monetary base)નો નિર્દેશ કરે છે. તેમાં રિઝર્વ બેંક પાસેની બેંકરોની થાપણોના નાણાનું ચલણ (currency in circulation of Banker's deposits with the Reserve Bank of India) તથા રિઝર્વ બેંક પાસેની અન્ય થાપણોનો સમાવેશ થાય છે.
2) $NM_1$ - પ્રજા પાસેની ચલણી નોટો અને સિક્કાઓ, બેંકોની માગપાત્ર થાપણો તથા રિઝર્વ બેંક પાસેની અન્ય થાપણો,
3) $NM_2 = NM_1$ + બેંકોની બચત થાપણો પૈકીની બાંધી મુદતની જવાબદારીઓ તથા બેંકો દ્વારા જારી કરેલ સર્ટિફિકેટસ ઓફ ડિપોઝીટ્સ અને એક વર્ષની અંદર પાકતી બાંધી મુદતની થાપણો (FCNR થાપણો સિવાયની).
4) $NM_3 = NM_2$ + એક વર્ષથી ઉપર પાકતી બેંકો પાસેની બાંધી મુદતની થાપણો તથા બેંકિંગ તંત્ર દ્વારા ટૂંકી અને અમુક મુદત માટે લીધેલાં ઊછીના નાણાં (Call and term borrowings of the banking system)

- **RBIના નવા માપદંડની મુખ્ય વિશિષ્ટતાઓ :**

i. *પૉસ્ટ ઓફિસની થાપણો (બચત અને અન્ય થાપણો સહિત) ચલણમાંથી પડતી મૂકવામાં આવી છે.*

ii. *બેંકો પાસેની જાહેર થાપણોને બે રીતે વર્ગીકૃત કરવામાં આવી છે : (અ) ટૂંકી મુદતની એક વર્ષથી ઓછી મુદતની થાપણો (બ) એક વર્ષથી વધુ સમય માટેની લાંબી મુદતની થાપણ..*

iii. *બેંકોની ટૂંકી અને અમુક મુદત માટે લીધેલા ઊછીના નાણાં* (Call and short term borrowing of the banks)*નો પ્રથમવાર સમાવેશ કરવામાં આવ્યો છે.*

iv. *રેડક્લિફ સમિતિની ભલામણો અન્વયે* M_1*એ સંકીર્ણ નાણાં* (narrow money)*નું માપ દર્શાવે છે જ્યારે* M3 *એ વ્યાપક નાણાં* (broad money)*નું માપ દર્શાવે છે.*

v. *પૉસ્ટ ઓફિસોની બધી જ થાપણો જે અગાઉ* M4 *થી દર્શાવાતી હતી તે સંપૂર્ણ રીતે પડતી મૂકવામાં આવી છે.*

### 11.5.2 તરલ સાધનો (Liquidity Aggregates)

*ભારતમાં ડૉ.વાય.વી.રેડ્ડીના અધ્યક્ષપદે નિમાયેલ નાણાંના પુરવઠા અંગેના કાર્યકારી જુથ દ્વારા નાણાંના પુરવઠાના તરલ સાધનોનાં નવા ત્રણ માપ આપ્યા છે. જેને ટૂંકમાં* L1, L2*અને* L3 *તરીકે ઓળખવામાં આવે છે.*

L1 = NM3 +*પોષ્ટ ઓફિસ સેવિંગ્સ બેંકની બધી જ થાપણે (જેમાં* NSC*નો સમાવેશ થતો નથી)*

L2 = L1 +*નાણાંકીય સંસ્થાઓએ લીધેલ મુદ્દતી ધિરાણ, નાણાકીય સંસ્થાઓની મદતી થાપણો અને તેમના દ્વારા જારી કરેલા સર્ટિફિકેટ્સ ઑફ ડિપોઝીટસ.*

L3 = L2 + *બિન-બેંકિંગ નાણાંકીય સંસ્થાઓની જાહેર થાપણો,*

## 11.6:સારાંશ

*દરેક માણસના રોજિંદા આર્થિક વ્યવહારોમાં ઉપયોગમાં લેવામાં આવતું નાણું, સમગ્ર અર્થતંત્રમાં આર્થિક વિકાસનું પ્રભાવક સાધન બની રહે છે. તે પ્રસ્તુત એકમના અભ્યાસથી સમજી શકાય. માત્ર ચલણમાં ફરી રહેલ ચલણી નોટ અને સિક્કાઓનો સરવાળો એટલે નાણાનો પુરવઠો નથી, પરંતુ નાણાંના પુરવઠામાં વિવિધ નાણાકીય અશકામતોનો સમાવેશ થાય છે. આ માટે* RBI*નો નાણાં પુરવઠા અંગેનો અભિગમ નાણાંના પુરવઠાનો વિસ્તૃત ખ્યાલ સમજાવે છે. સમયના પ્રવાહ સાથે નાણાંના પુરવઠા*

અંગેના અભિગમો બદલાયા છે. આધુનિક અભિગમ મુજબ નાણાંના પુરવઠા અંગેનો ખ્યાલ વધુ વ્યાપક બન્યો છે. સાથે સાથે ભારતમાં નાણાંના પુરવઠાનાં પ્રમાણમાં આવેલ ફેરફાર અને સતત વધારો નાણાકીય જરૂરિયાત માટેની વધતી માંગ દર્શાવે છે. તે બાબત પ્રસ્તુત એકમમાં નાણાંના પુરવઠાના ઘટકો પ્રમાણે કરેલ વિશ્લેષણ પરથી સમજી શકાય. નાણાંના પુરવઠા અંગેના બદલાતા માપદંડોનો અભ્યાસ નાણાંના પુરવઠાની ગતિશીલ વિભાવનાનો નિર્દેશ કરે છે.

## 11.7 ચાવીરૂપ શબ્દો

*નાણાંનો પુરવઠો* (Money Supply) :*નાણાંના પુરવઠાને નાણાં નો જથ્થો કે નાણાંનું પરિમાણ પણ કહી શકાય. નાણાંનો પુરવઠો એટલે અર્થતંત્રમાં રહેલ નાણાંનો કુલ જથ્થો કે જેનો લોકો દ્વારા વસ્તુ કે સેવાની ખરીદી માટે વિનિમયના માધ્યમ તરીકે ઉપયોગી થાય, તેવો જાહેર જનતા પાસે રહેલો નાણાંનો જથ્થો.*

*સંકુચિત નાણું*(Narrow money) : M_1*નાણાંને સંકુચિત નાણું કહેવાય છે અને તેમાં મુખ્યત્વે પ્રજા પાસે રહેલ ચલણી નાણું(સિક્કા અને નોટ) અને બેંકોની માંગપાત્ર થાપણોનો સમાવેશ થાય છે. આ નાણું વિનિમયના માધ્યમ તરીકેના કાર્ય સાથે જ સંબંધ ધરાવે છે, તેથી તેને સંકુચિત નાણું*(Narrow Money)*કહેવાય છે.*

*વ્યાપક નાણું*(Broad money) : M3*નાણાંને વ્યાપક નાણું કહેવાય છે. જેમા* $M_1$ *ઉપરાંત બેંકોની બાંધી મુદ્દતની થાપણો*(Time Deposits)*નો સમાવેશ થાય છે.* $M_3$ *નાણું વિનિમયના માધ્યમ તરીકેના કાર્ય ઉપરાંત મૂલ્ય સંચયના કાર્ય સાથે પણ સંબંધ ધરાવે છે, તેથી તેને વ્યાપકનાણું*(Broad Money)*તરીકે ઓળખવામાં આવે છે.*

*અવેજી નાણું* (Near money):*અવેજ નાણું એવી અશકામત છે કે જેની કિંમત નાણાંના સંદર્ભમાં નક્કી થયેલી હોય છે, અને તે સહેલાઈથી નાણાંમાં પરિવર્તિત થઈ શકે છે, પરંતુ તેમ છતા તે સીધેસીધા ખર્ચી શકાતા નથી. અવેજ નાણામાં બાંધી મુદ્દતની થાપણો, અન્ય બચત થાપણો, વિનિમયપત્રો, સરકારી બૉન્ડ, ટ્રેઝરી બિલ અને નાણાંકીય સંસ્થાઓના શેર, ડિબેન્ચર વગેરેનો સમાવેશ થાય છે.*

*નાણાંકીય સત્તાઓ* (Monetary Authorities )- *દેશની નાણાંપ્રથા પર દેખરેખ રાખતી અને નાણાંકીય તથા હુડિયામણના દર અંગેની નીતિનો અમલ કરતી એજન્સીઓ. જેમાં મુખ્યત્વે દેશની મધ્યસ્થ બેંકનો સમાવેશ થાય છે.*

*નાણાંકીય તરલતા* (Liquidity)-*નાણાંકીય તરલતા એટલે નાણાંમાં વિનિમથ પામવાની અશકામતની ઝડપ અને સરળતા. આ વ્યાખ્યા મુજબ ચલણી નાણું સંપૂર્ણ રોકડ અસ્કામત ગણાય છે. અશકામતની રોકડતા તે જે બજારમાં વેચવામાં આવતી હોય તેના સ્વરૂપ પર આધારિત હોય છે. ટૂંકમાં એવી અસ્કામત કે જેને વિનિમયના માધ્યમ તરીકે ઝડપી અને સરળતાથી ઉપયોગમાં લઈ શકાય.*

*નાણાંની માંગ* (the Demand for Money) -*નાણાંની માંગ એટલે વિનિમયનાં માધ્યમ તરીકે અને મૂલ્ય સંચયના સાધન તરીકે ઉપયોગમાં લેવામાં આવતા નાણાં માટેની માંગ, કેઈન્સના મતે ત્રણ હેતુઓથી લોકો નાણાંની માંગ કરે છે.* 1) *વિનિમયનો હેતુ* 2) *સાવચેતીનો હેતુ અને* 3) *સટ્ટાકીય હેતું.*

*બિન-બેંકિંગ સંસ્થાઓ*(NBFI) – *એવી મધ્યવર્તી નાણાંકીય સંસ્થાઓ જેમની જવાબદારીઓ (જામીનગીરીઓ) નાણાંના પુરવઠામાં સમાવેશ પામતી નથી. આવી સંસ્થાઓ ટૂંકી મદતની નોટિસ આપીને ઉપાડી શકાય એવાં સ્વરૂપે લોકો પાસેથી થાપણો સ્વીકારે છે, જે બેંકોની જેમ શાખસર્જન દ્વારા નાણાંનાં પુરવઠાને પ્રભાવિત કરી શકે છે.*

## 11.8 તમારી પ્રગતિ ચકાસો

1) *નાણાંના પુરવઠા અંગેના પરંપરાગત અભિગમ મુજબ નાણાંના કયા કાર્યને ધ્યાનમાં આવ્યું છે ?*

A) *મૂલ્ય સંચય* B) *વિનિમયનું માધ્યમ*

C) *મૂલ્યનું માપદંડ* D) *સુલભ સંપત્તિ*

2)*નાણાં પુરવઠા અંગેના પરંપરાગત અભિગમ મુજબ નાણાંના પુરવઠાના ઘટકો કયા છે ?*

A)*પ્રજા પાસેનું ચલણી નાણું* B) *બેંકોની માંગપાત્ર થાપણો*

D) A*અને* B*બંને* D)*બાંધી મુદ્દતની થાપણો*

3) *નીચેના પૈકી કયા ઘટકને સંકુચિત નાણું કહેવાય છે ?*

A) $M_1$ B) $M_2$

C) $M_3$ D) $M_4$

4)*પ્રૉ.મિલ્ટન ફ્રિડમેનના અભિપ્રાય મુજબ નાણાંના પુરવઠામાં કયા ઘટકોનો સમાવેશ થાય છે ?*

A)*પ્રજા પાસેનું ચલણી નાણું* B) *બેંકોની માંગપાત્ર થાપણો*

C)*બાંધી મુદ્દતની થાપણો* D)*ઉપરોક્ત તમામ*

5)RBI*ની વ્યાખ્યા મુજબ બેંકોની માંગપાત્ર થાપણો' નો સમાવેશ નીચેના પૈકી કયા ઘટકમાં થાય છે ?*

A) $M_1$ B) $M_2$

C) $M_3$ D) *ઉપરોક્ત બધામાં*

6) *નાણાંના પુરવઠા અંગેના* RBI*દ્વારા આપેલ ખ્યાલો પૈકી સૌથી વધુ તરલ નાણું કયુ છે ?*

A) $M_1$ B) $M_2$

C) $M_3$ D) $M_4$

7)*નીચેના પૈકી કયા નાણાંને ઉચ્ચશક્તિ નાણું કહેવાય ?*

A) NMO C) NM2

B) NM_1 D) NM3

8)નાણાંના પુરવઠા અંગે વર્ષ 1998માં RBI દ્વારા ગઠિત ત્રીજા કાર્યકારી જુથના અધ્યક્ષ કોણ હતા ?

A)પ્રો. મિલ્ટન ફ્રિડમેન B) ડી.ટી.લાકડાવાલા

C)વાય.વી.રેડ્ડી D)શ્રી રઘુરામ રાજન.

9) વર્ષ 2007-08 પછી M3 નાણાં પુરવઠાનાં વાર્ષિક વૃદ્ધિદરમાં શુ ફેરફાર થયો છે?

A)વધારો B) ઘટાડો

C)કોઈ ફેરફાર નહિ D) અનિશ્ચિત

10) M_1કરતા M3 માં નાણાંનું પ્રમાણ હોય છે

A)વધું B)ઓછું

C) સમાન D) અનિશ્ચિત

- **નીચેના પ્રશ્નોનાં સવિસ્તાર ઉત્તર લખો.**

1) નાણાંના પુરવઠાનો અર્થ આપી, નાણાંના પુરવઠાનાં ઘટકો સમજાવો.
2) રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા દ્વારા નિર્મિત જુના અને નવા નાણાં પુરવઠાના માપદંડો વચ્ચેનો તફાવત સમજાવો.
3) RBIદ્વારા આપેલ નાણાંનાં પુરવઠાના ખ્યાલો વિશે નોંધ લખો.

A)$M_1$ B)$M_2$

C)$M_3$ D)$M_4$

❖ **સંદર્ભ**


1) લાલીવાલા, જે.ઈ.(1983-84).સમષ્ટિલક્ષી અર્થશાસ્ત્ર અને નાણાકીય સિદ્ધાંતો, સુધીર પ્રકાશન, અમદાવાદ.
2) રાવલ, એમ.એન.(2000). આર્થિક સિદ્ધાંતો, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.
3) અધ્વર્યું, જે.(1998). નાણાકીય સિદ્ધાન્ત, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ,
4) आहुजा, एच.एल. (2003).उच्चतर समष्टिअर्थशास्त्र. एस. चन्द एड कम्पनी लि.. राग नगर, दिल्ली.
5) पुरी, वी. के. और मिश्र, एस. के. (2023).भारतीय अर्थव्यवस्था, हिमालया पब्लिशिंग हाउस, न्यु दिल्ली.
6) Dornbusch, R &Fischer.S. (2013). Macroeccnomics, McGraw Hill.
7) Mankiw, N.G. (2014). Principles of Economics, Cengage Learning Indla Private Limitec, Delhi.

8) https://rbi.org.in/Scripts/Data MSupply.aspx (19-7-2024)

9) https://data.rbi.org.in/BOE/Oper Document/2311211338/OpenDocument/opendoc/openDocument.jsp?logonSuccessfu=true & shareid=0 (19-7-2024)

**❖ તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

1) B 2) C 3) A 4) D 5) D

6) A 7) A 8) C 9) B 10) A

| એકમ - 12 | નાણાનો પુરવઠો- II |
| --- | --- |

**- : રૂપરેખા : -**

**12.0 ઉદ્દેશો**

**12.1 પ્રસ્તાવના**

**12.2 ઉચ્ચશક્તિ નાણાંનો ખ્યાલ**

**12.3 નાણાં ગુણકનો ખ્યાલ**

**12.4 નાણાના પુરવઠાનો ગુણક સિદ્ધાંત**

**12.5 નાણા ગુણકની રચના**

**12.6 ભારતના સંદર્ભમાં નાણાં ગુણક**

**12.7 નાણા ગુણકની આકૃત્તિ દ્વારા સમજુતી**

**12.8 નાણાનો પુરવઠો અને અંદાજપત્રીય ખાધ**

**12.9 સારાંશ**

**12.10 ચાવીરૂપ શબ્દો**

**12.11 તમારીપ્રગતિચકાસો**

- **સંદર્ભસૂચિ**
- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો.**

## 12.0 ઉદ્દેશો

*આ એકમના અભ્યાસ પછી તમે..*

- *ઉચ્ચશક્તિ નાણાનો ખ્યાલ અને કુલ નાણાંના પુરવઠા પર તેનો પ્રભાવની સમજ કેળવી શકશો.*
- *નાણાં ગુણકનો ખ્યાલ અને તેના સમીકરણો વચ્ચેના સંબંધોની સમજ મેળવવી.*
- *નાણાં ગુણકના સૈદ્ધાંતિક વિવરણ દ્વારા નાણાંના કુલ પુરવઠામાં થતા ફેરફારો સમજવા.*
- *ભારતનાં સંદર્ભમાં નાણાં ગુણકના મૂલ્યમાં આવેલ પરિવર્તન તપાસવું.*
- *સરકાર દ્વારા લેવાતા ખાધ પુરવણીના પગલાથી કુલ નાણાંના પુરવઠા પર થતી અસર જાણવી.*

## 12.1 પ્રસ્તાવના

*વિશ્વમાં બેંકિંગ પદ્ધતિના વિકાસને કારણે કુલ નાણાના પુરવઠામાં બેંક નાણાનો સાપેક્ષ હિસ્સો વધતો ગયો છે. ભારતમાં પણ બેંકોનું આધુનિકીકરણ, લોકોની બેંકિંગ વ્યવહારો અંગેની ટેવ, ચૂકવણીના માધ્યમોમાં આવતો બદલાવ વગેરે કારણે બેંક નાણાનો પુરવઠો વધી રહ્યો છે. તાજેતરમાં નાણાંકીય વ્યવહારો ઈ-પેમેન્ટ કે ચેક દ્વારા વધી રહ્યા છે. અમેરિકા, બ્રિટન જેવા વિકસિત દેશોમાં કુલ નાણાંના પુરવઠામાં બેંક નાણાનો હિસ્સો વધુ હોય છે. આમ નાણાંના કુલ પુરવઠામાં બેંક નાણા કે માંગપાત્ર થાપણો આધુનિક અર્થવ્યવસ્થામાં સૌથી અગત્યનો ઘટક બની જાય છે. તેથી નાણાંના પુરવઠાના આધુનિક અભિગમ અનુસાર નાણાના પુરવઠામાં લોકો પાસેનું ચલણી નાણું તથા બેંકોની*

*માંગપાત્ર થાપણો ઉપરાંત બેંકોની રોકડ અનામતો મુદતી થાપણો, પોસ્ટ ઓફિસની વિવિધ થાપણો અને અન્ય નાણાકીય અસ્કામતોનો પણ સમાવેશ કરવામાં આવે છે. આમ આધુનિક અર્થવ્યવસ્થાઓમાં નાણાના પુરવઠાનો ખ્યાલ વધુ વ્યાપક રીતે સ્વીકૃત થયો છે. નાણાના પુરવઠાના ઘટકોમાં રહેલો તરલતાનો ગુણ અને ખરીદશક્તિ સર્જનના ગુણને આધારે નાણાંના પુરવઠાને અલગ અલગ કક્ષામાં વિભાજિત કરવામાં આવે છે. દા.ત. ભારતમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા નાણાના પુરવઠાને ચાર-સંદર્ભ વર્ષ સ્વરૂપે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.* $M_1$, $M_2$, $M_3$ *અને* $M_4$, *નાણાંના પુરવઠા અંગેના આવા વિવિધ ખ્યાલો કે ઘટકો પૈકી જે ઘટકો સૌથી વધુ ખરીદ શક્તિનું સર્જન કરે છે, જેના પ્રમાણમાં ફેરફાર કરવાથી કુલ નાણાના પુરવઠામાં મોટા પાયે ફેરફાર થાય છે.એવા નાણાંના ઘટકોને ઉચ્ચશક્તિ નાણું કહેવાય છે. અર્થતંત્રના નાણાંના કુલ પુરવઠાને સૌથી વધુ પ્રભાવક હોય છે. આ એકમમાં આવા ઉચ્ચશક્તિ નાણાં અંગે વિસ્તૃત અભ્યાસ કરીશું.*

## 12.2 ઉચ્ચશક્તિ નાણા (High Powered Money)નો ખ્યાલ

*ઉચ્ચશક્તિ નાણાને આરક્ષિત નાણું અથવા આધાર નાણું અથવા સરકારી નાણું પણ કહેવામાં આવે છે. ટૂંકમાં ઉચ્ચશક્તિ નાણું એટલે એવું નાણું કે જે સમયના અમુક નિશ્ચિત ગાળા દરમિયાન નાણાંના કુલ પુરવઠામાં પ્રચંડ વધારો કરવાની શક્તિ ધરાવે છે.*

*નાણાની ખરીદશક્તિ સર્જનની તીવ્રતાના આધારે નાણાંને બે પ્રકારે સમજી શકાય.(અ) ઉચ્ચશક્તિ નાણું (બ) અલ્પશક્તિ નાણું. સામાન્ય રીતે જે નાણાંના કદમાં થયેલો વધારો અલ્પ પ્રમાણમાં ખરીદશક્તિનું સર્જન કરતો હોય તે અલ્પશક્તિ કૃત નાણું છે અને જે નાણાના જથ્થામાં થયેલો વધારો નાણાની ખરીદશક્તિનું વધુ પ્રમાણમાં સર્જન કરતો હોય તેને ઉચ્ચશક્તિ નાણું કહી શકાય. દા.ત. સરકાર દ્વારા મોંઘવારી ભથ્થામાં કરાયેલો વધારો રોકડ સ્વરૂપે ચૂકવવામાં આવે તો તે અર્થતંત્રમાં મોટા પ્રમાણમાં ખરીદ શક્તિનું સર્જન તથા શાખસર્જનમાં પરિણમશે, આવું રોકડ નાણું ઉચ્ચશક્તિ નાણું કહેવાય. પરંતુ જો, મોંઘવારી ભથ્થુ રોકડને બદલે જે તે કર્મચારીના પ્રોવિડન્ટ ખાતામાં અથવા બાંધી મુદ્દતની થાપણોમાં જમા કરવામાં આવે તો આ નાણું રોકડ તરીકે ચલણના પ્રવાહમાં નિશ્ચિત સમયે આવતું નથી. ટૂંકમાં થાપણ સ્વરૂપનું આવું નાણું નાણાના પુરવઠામાં વધારો કરી શકે, પરંતુ રોકડ નાણાની જેમ નાણાના પુરવઠામાં ટૂંકા ગાળે વિસ્ફોટક વધારો કરી શકે એમ નથી. તેથી આવી થાપણો ઓછી તરલ અથવા ઓછું શક્તિશાળી નાણા તરીકે ઓળખાય છે.*

*આમ ઉચ્ચશક્તિ નાણું એ નાણાકીય આધારનો નિર્દેશ કરે છે. તે સૌથી વધુ તરલ નાણું છે અને નાણાના પુરવઠાને પ્રચંડ અસર કરનાર નાણું છે. ભારતમાં આ નાણું રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરવામાં આવે છે. અર્થાત આર.બી.આઈ દ્વારા જારી કરવામાં આવતું રોકડ નાણું એ ઉચ્ચશક્તિ નાણું છે, જેને* MO *તરીકે પણ ઓળખવામાં આવે છે.*

*સામાન્ય રીતે ઉચ્ચશક્તિ નાણું એ પ્રજા પાસેના યલણી નાણા અને બેંકોની રોકડ અનામતોનું બનેલું હોય છે.જેને સમીકરણ રૂપે નીચે મુજબ દર્શાવી શકાય.*

*જ્યાં* $H = C + R$

H=*ઉચ્ચશક્તિ નાણુ*

C=*પ્રજા પાસેનું ચલણી નાણું.*

R= *બેંકોની રોકડ અનામતો.*

*ભારતમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અ.રક્ષિત નાણાં*(reserve money)*ને આ પ્રમાણે માપે છે.*

RM = C + OD + CR

RM= *આરક્ષિત નાણું*

C=*પ્રજા પાસેનું ચલણી નાણું*

OD= *રિઝર્વ બેંકની અન્ય થાપણો*

CR= *બેંકોની રોકડ અનામતો.*

*પરંતુ રિઝર્વ બેંકની અન્ય થાપણોનું પ્રમાણ નહીવત હોવાથી તેને ઓછું મહત્ત્વઅપાય છે, તેથી ઉચ્ચશક્તિ નાણાનું સર્વસ્વીકૃત સમીકરણ નીચે મુજબ છે.*

*જ્યાં*

| | |
|---|---|
| H= C +R | H=*ઉચ્ચશક્તિ નાણું* |
| = C + [RR + ER] | C= *પ્રજા પાસેનું ચલણી નાણું* |
| = C+ RR+ER | RR=*બેંકોની રોકડ અનામતો* |
| | ER= *વેપારી બેંકોની વધારાની અનામતો.* |

*આમ ઉચ્ચશક્તિ નાણું એ પ્રજા પાસેનું ચલણી નાણું, બેંકોની રોકડ અનામત અને વેપારી બેંકોની વધારાની અનામતોનું બનેલું હોય છે.*


## 12.3 નાણાં ગુણક(Money Multiplier)નો ખ્યાલ

*નાણાના પુરવઠાને અસર કરનાર સૌથી મહત્ત્વનો ઘટક છે.ઉચ્ચશક્તિ નાણું. જેને* H *સંજ્ઞા વડે દર્શાવવામાં આવે છે. ભારતના સંદર્ભમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અને ભારત સરકાર દ્વારા નિર્મિત કુલ રોકડ નાણું એ ઉચ્ચશક્તિ નાણું છે. જેને આર.બી.આઈ. નવી વ્યાખ્યા અનુસાર* MO*તરીકે વ્યાખ્યાયિત કરે છે.આ ઉચ્ચશક્તિ નાણામાં જેટલો ફેરફાર કરવામાં આવે એનાથી કુલ નાણાના પુરવઠામાં કેટલા ગણો ફેરફાર થશે. તે પ્રમાણને નાણા ગુણક કહેવાય છે. નાણા ગુણકની આ પ્રક્રિયાને વિગતે સમજીએ.*

## 12.4 નાણાંના પુરવઠાનો ગુણક સિદ્ધાંત

*નાણાંના ગુણકનો સિદ્ધાંત અર્થતંત્રમાં નાણાનો પુરવઠો કેવી રીતે નિર્ધારિત થાય છે તે સમજાવે છે. નાણાંનો પુરવઠો મુખ્યત્વે ઉચ્ચશક્તિ નાણાની માંગ પર આધારિત હોય છે, તેથી કેટલાક અર્થશાસ્ત્રીઓ આ સિદ્ધાંતને નાણા પુરવઠાનો* II-*સિદ્ધાંત કહે છે. પરંતુ સાર્વત્રિક રીતે આ સિદ્ધાંત નાણા પુરવઠાનો ગુણક સિદ્ધાંત* (Money multiplier theory of money supply)*તરીકે વધુ પ્રચલિત છે. કારણ કે આ સિદ્ધાંત નાણાં પુરવઠાનાં નિર્ધારણ માટે ઉચ્ચશક્તિ નાણાંના એક નિશ્ચિત ગુણકને મહત્ત્વ આપે છે. ઉચ્ચશક્તિ નાણુનાણાના કુલ પુરવઠા સાથે કેવો સંબંધ ધરાવે છે. તે નીચેની આકૃતિ પરથી સમજી શકાશે.*

*આકૃત્તિ- 12.1: નાણાંના કુલ પુરવઠા પર ઉચ્ચશક્તિ નાણાંની અસર*




*ઉપરોક્ત આકૃતિમાં ઉપરનો ભાગ AC-રેખા એ કુલ નાણાનો પુરવઠો દર્શાવે છે. જેમાં AB જેટલું ચલણી નાણું અને BC જેટલું બેંકોની માંગપાત્ર થાપાણોનો સમાવેશ થાય છે. જ્યારે આકૃતિની નીચેનો ભાગ DF રેખા એ ઉચ્ચશક્તિ નાણું દર્શાવે છે. જેમાં DE એ ચલણી નાણું છે તથા EF એ અનામત નાણું દર્શાવે છે.*

*આકૃતિમાં દર્શાવ્યા મુજબ DF જેટલા ઉચ્ચશક્તિ નાણાંનો પુરવઠો અર્થતંત્રમાં મુકવાથી તેના કારણે કુલ AC જેટલો નાણાના પુરવઠાનું સર્જન થાય છે, જે પૈકી લોકો પાસે રહેલ ચલણી નાણાંમાં કોઈ ફેરફાર થતો નથી. પરંતુ તેના લીધે બેંકોની માંગપાત્ર થાપણો (D)માં ખૂબ જ મોટો ફેરફાર જોવા મળે છે. જે BC દ્વારા દર્શાવ્યું છે. ટૂંકમાં એક રૂપિયાનું ઉચ્ચશક્તિ નાણું બેંકોની માંગપાત્ર થાપણોમાં અનેક ગણો વધારો કરી શકે છે. આમ, નાણાનો કુલ પુરવઠો (M)એ નાણા ગુણક અને ઉચ્ચશક્તિ નાણાનો વિધેય છે. તેથી નાણાં ગુણક દ્વારા ઉચ્ચ શક્તિ નાણામાં ફેરફાર થવાથી કુલ નાણાના પુરવઠામાં કેટલા ગણો ફેરફાર થશે તે જાણી શકાય છે.*

**12.5 નાણા ગુણકની રચના:**

*નાણા ગુણક એ નાણાનો કુલ પુરવઠો અને ઉચ્ચશક્તિ નાણાનો ગુણોત્તર છે. આ ગુણોત્તરથી જાણી શકાય છે કે ઉચ્ચશક્તિ નાણામાં થયેલ વૃદ્ધિથી નાણાના કુલ પુરવઠામાં કેટલા ગણો વધારો થાય છે, જેનું સરળ સમીકરણ નીચે મુજબ છે.*

$$m = \frac{M}{H}$$

*જ્યાં* m = *નાણાનો, ગુણક*

M= *નાણા નો પુરવઠો*

H=*ઉચ્ચશક્તિ નાણું*

*ઉપરોક્ત સમીકરણમાં* M*એટલે નાણાનો કુલ પુરવઠો. જેમાં પ્રજા પાસે રહેલ ચલણી નાણું* (C)*અને બેંકોની માંગપાત્ર થાપણો* (D)*નો સમાવેશ થાય છે.*

M= C + D …………………………(i)

*જ્યારે* H*એ ઉચ્ચશક્તિ નાણું દર્શાવે છે. જેમાં પ્રજા પાસેનું ચલણી નાણું* (C),*બેંકોની રોકડ અનામતો* (RR)*અને બેંકોની વધારાની અનામતો* (ER)*વગેરેનો સમાવેશ થાય છે.*

H= C +RR+ ER …………………………..(ii)

*નાણા ગુણક સમીકરણમાં સમીકરણ* (i)*અને* (ii)*મુકતા ….*

$$m= \frac{M}{H}= \frac{C+D}{C+PR+ER}\text{………(iii)}$$

*કોઈ પણ દેશની મધ્યસ્થ બેંક ઉચ્ચશક્તિ નાણાંના પુરવઠાને નિયંત્રિત અને નિર્ધારિત કરી શકે છે. તેમ છતાં અર્થતંત્રમાં કુલ નાણાંના પુરવઠાનો આધાર ઉચ્ચશક્તિ નાણાંની માંગ પર રહેલો છે. ઉચ્ચશક્તિ નાણાની માંગ અર્થતંત્રમાં બે સ્વરૂપે થાય છે.*

1) *વસ્તુ કે સેવાના ખરીદ-વેચાણ માટે લોકો દ્વારા ચલણી નાણાંની માંગ અને*
2) *બેંકો દ્વારા અનામત તરીકે નાણાની માંગ.*

*અર્થતંત્રમાં માંગપાત્ર થાપણોનો આધાર આ બંને પ્રકારના નાણાંની માંગ પર રહેલો છે, તેથી નાણાં ગુણકનું મૂલ્ય શોધવા માટે નીચે મુજબના ગુણોત્તર મૂલ્યો શોધવા પડે.*

1) *ચલણ-થાપણ ગુણોત્તર*(Cr)
2) *અનામત થાપણ ગુણોત્તર* (Rr= RRr + ERr)

*ચલણ-થાપણ ગુણોત્તર એ કુલ માંગપાત્ર થાપણોનો અમુક નિશ્ચિત ભાગ લોકો ચલણ તરીકે પોતાની પાસે રાખે છે તે દર્શાવે છે. એ જ રીતે કુલ માંગપાત્ર થાપણોનો અમુક ભાગ બેંકો અનામત તરીકે રાખે છે જે અનામત-થાપણ ગુણોત્તર દર્શાવે છે.*

*આ બંને ગુણોત્તરના સમીકરણો મેળવવા માટે નાણા ગુણકનું સમીકરણના દરેક પદોને માંગપાત્ર થાપણો*(D)*વડે ભાગતા નીચે મુજબ મેળવી શકાય.*

$$m = \frac{M}{H} = \frac{\frac{C}{D}+\frac{D}{D}}{\frac{C}{D}+\frac{RR}{D}+\frac{ER}{D}}\text{………………(iv)}$$

$$\frac{C}{D} = Cr = \text{ચલણ-થાપણ ગુણોત્તર}$$

$$\frac{RR}{D} + \frac{ER}{D} = Rr = \text{અનામત-થાપણ ગુણોત્તર}$$

*આમ, પ્રજાપાસે રહેલ કુલ ચલણી નાણાંને વેપારી બેંકોની માંગપાત્ર થાપણો વડે ભાગતા, ચલણ-થાપણ ગુણોત્તર*(Cr)*મેળવી શકાય છે. તથા કુલ અનામત નાણાંને માંગપાત્ર થાપણો વડે ભાગતા, અનામત – થાપણ ગુણોત્તર* (Rr)*મેળવી શકાય છે. આ ગુણોત્તરને સમીકરણ* (iv)*માં મુકતા નીચે મુજબ નવું સમીકરણ રચી શકાય.*

$$\therefore m = \frac{M}{H} = \frac{Cr+1}{Cr+Rr}\text{………(v)}$$

∴ જો$m = \frac{M}{H}$હોય તો$M = m.H$મેળવી શકાય.

ઉપરોક્ત સમીકરણો મુજબ કુલ નાણાના પુરવઠામાં ત્યારે વધારો થાય છે કે, જ્યારે…

- ઉચ્ચશક્તિ નાણાં(H)માં વધારો થાય.
- ચલણ-થાપણ ગુણોત્તર(Cr)માં ઘટાડો થાય.
- અનામત- થાપણ ગુણોત્તર (Rr= RRr + ERr)માં ઘટાડો થાય.

ઉપરોક્ત સમીકરણોનો અભ્યાસ કરતા સમજી શકાય કે નાણાં ગુણક એ નાણાંનો પુરવઠો અને ઉચ્ચશક્તિ નાણાંનો ગુણોત્તર છે. ઉચ્ચશક્તિ નાણાંમાં થતા ફેરફારોથી નાણાંના કુલ પુરવઠામાં કેટલા ગણો ફેરફાર થાય છે. તે નાણાં ગુણકની ગણતરી દ્વારા સમજી શકાય છે. ઉપરોક્ત સમીકરણમાં દર્શાવ્યા મુજબ જો નાણાં ગુણકનું મૂલ્ય જાણતા હોઈએ તો ઉચ્ચશક્તિ નાણું, નાણાંના કુલ પુરવઠામાં કેટલો વધારો કરશે તે પણ શોધી શકાય છે. જે નીચેના ઉદાહરણ દ્વારા સમજીએ.

ઉદાહરણ- વર્ષ 2023-24માં ભારતીય અર્થતંત્રમાં કુલ નાણાંનો પુરવઠો(M1)રૂ. 60,91,466કરોડ હતો અને કુલ ઉચ્ચશક્તિ નાણું(H)અથવા અનામત નાણું(RM)રૂ. 46,31,446કરોડ હતું. જેનો નાણાં ગુણક નીચે મુજબ શોધી શકાય.

$$m = \frac{M}{H}$$

$$= \frac{60,91,446}{46,31,446}$$

$$m = 1.32$$

આમ, કુલ નાણાંના પુરવઠા(M1)ને ઉંચ્ચશક્તિ નાણા(H)નાં પ્રમાણ વડે ભાગતા નાણાં ગુણકનું મૂલ્ય 1.32મેળવી શકાય. એટલે કે, પ્રવર્તમાન ઉચ્ચશક્તિ નાણાંથી કુલ નાણાંના પુરવઠામાં 1.32ગણો વધારો થયો. છે.એમ કહી શકાય. ભારતમાં રીઝર્વ બેંક ઑફ ઈન્ડિયા દ્વારા આપેલ નાણાંના પુરવઠાના આધારે નાણાં ગુણકની ગણતરી નીચે આપેલ કોષ્ટકમાં જોઈ શકાય છે.


## 12.6 ભારતનાં સંદર્ભમાં નાણાં ગુણક

**કોષ્ટક-12.1: RBIનાંખ્યાલ મુજબ નાણાં ગુણકની ગણતરી (રૂ.કરોડમાં)**

| વર્ષ | સંકુચિત નાણું (M1) | વિસ્તૃત નાણું (M3) | અનામત નાણું (RM) | M1/RM | M3/RM |
|---|---|---|---|---|---|
| 2023-24 | 60.91.466 | 2,48.31,384 | 46,31,446 | 1.32 | 5.36 |
| 2022-23 | 56.74,795 | 2,23,43,760 | 43,86,759 | 1.29 | 5.09 |
| 2021-22 | 53,07,125 | 2,04,93,729 | 40,68,887 | 1.30 | 5.04 |
| 2020-21 | 47,94,299 | 1.88,44.578 | 35.99.981 | 1.33 | 5.23 |
| 2010-11 | 16,38,345 | 65,04,116 | 13,76,821 | 1.19 | 4.72 |
| 2000-01 | 3,79,433 | 13,13,204 | 3,03,295 | 1.25 | 4.33 |
| 1990-91 | 92,892 | 2,65,828 | 87.779 | 1.06 | 3.03 |
| 1980-81 | 23.424 | 55,774 | 19,452 | 1.20 | 2.87 |

**સ્ત્રોત - https://data.rbi.org.in/BOE/OpenDocument/ (19-7-2024)**

**આકૃતિ 12.2: નાણાં ગુણકનું મૂલ્ય દર્શાવતો આલેખ**




**સ્ત્રોત:-**


*કોષ્ટક*-12.1*: માં રીઝર્વે બેંક ઑફ ઈન્ડિયા દ્વારા ચલણમાં મુકેલ ઉચ્ચશક્તિ નાણું અને $M_1$ અને* M3*નાણાંનું પ્રમાણ આપેલ છે. અને તેના આધારે નાણાં ગુણકનાં મૂલ્યની ગણતરી દર્શાવી છે. સંકુચિત નાણું* MI*અને વિસ્તૃત નાણું $M_3$ એમ બન્નેના પુરવઠાનું ગુણક મૂલ્ય દર્શાવ્યું છે, આલેખ*-12.2*પરથી આ બંને ગુણક મૂલ્ય વચ્ચેનો તફાવત સમજી શકાય છે. આલેખ અનુસાર $M_1$નું ગુણક મૂલ્ય કરતા $M_3$ નું ગુણક મૂલ્ય વધુ છે. એનો અર્થ ઉચ્ચશક્તિ નાણું વિસ્તૃત નાણાના પુરવઠા માટે વધુ પ્રભાવક બને છે.*

*કોષ્ટક*-12.1 *માં દર્શાવ્યા મુજબ ઈ.સ.*1980-81 *થી* 2020-21 *સુધીના પાંચ દાયકા દરમિયાન $M_1$ નાણાંનું ગુણક મૂલ્ય વર્ષ* 1991*ને બાદ કરતા* 1.20 *થી વધુ રહ્યું છે. વર્ષ* 2020-21 *અને તે પછી* 2023-24 *સુધી આ મૂલ્ય* 1.30 *ની આસપાસ રહ્યું છે. આ સમયગાળા દરમિયાન $M_1$ નાણાનું ગુણક મૂલ્ય કરતા $M_3$ નાણાં ગુણકનું મૂલ્ય વધુ પરિવર્તનશીલ જણાય છે. $M_3$ નાણાં ગુણકનું મૂલ્ય વર્ષ*1980-81*માં* 2.87*હતું. તે વર્ષ* 2020-21 *બાદ* 5.0*થી વધુ જોવા મળ્યું છે. વર્ષ* 1930-91 *બાદ ઉચ્ચશક્તિ નાણાંમાં મોટા પ્રમાણમાં વધારો થતા $M_1$ અને $M_3$ નાણાનાં પુરવઠામાં ઝડપી વૃદ્ધિ જોવા મળે છે, અને તે અનુસાર નાણાના પુરવઠાનો ગુણક મૂલ્ય પણ વધતું જોવા મળે છે.*

## 12.7નાણાં ગુણકની આકૃત્તિ દ્વારા સમજુતી

*ઉચ્ચશક્તિશાળી નાણાં*(H)*માં ફેરફાર થતાં નાણાંના પુરવઠામાં પ્રત્યક્ષ કે સીધા ફેરફાર થાય છે, જ્યારે* Cr, RRr*અને*ERr*માં થતા ફેરફારો નાણાંના પુરવઠામાં વિપરીત કે ઊલટા ફેરફારો લાવે છે. આ બાબત નીચેની આકૃતિ દ્વારા સ્પષ્ટ થશે.*

**આકૃતિ-12.3ઉચ્ચશક્તિ નાણાં અને નાણાંના કુલ પુરવઠામાં ફેરફાર**




*નાણાંનો પુરવઠો*(M)

*ઉપરોક્ત આકૃતિ*-12.3*માં* Y-*અક્ષ પર ઉચ્ચશક્તિ નાણાનો પુરવઠો અને* X-*અક્ષ પર કુલ નાણાંનો પુરવઠો દર્શાવ્યો છે. આકૃત્તિમાં* Hd*રેખા ઉચ્ચશક્તિ નાણાંની માંગ દર્શાવે છે, જ્યારે* HS*અને* HS1*રેખા નાણાનો પુરવઠો દર્શાવે છે. આકૃતિમાં દર્શાવ્યા મુજબ ઉચ્ચશક્તિ નાણાનો પુરવઠાનો અને માંગ* E *બિંદુએ સમતુલા પ્રાપ્ત કરે છે. ત્યારે કુલ નાણાનો પુરવઠો* OM *જેટલો નિર્ધારિત થાય છે. પરંતુ ઉચ્ચશક્તિ નાણાંમાં* ΔH *જેટલો વધારો થાય છે, ત્યારે* HS *રેખા ઉપરની તરફ ખસીને* $HS_1$ *થાય છે. પરીણામે* $E_1$ *બિંદુએ ઉચ્ચશક્તિનાણાંની માંગ અને પુરવઠો સમતુલાની અવસ્થામાં હોય છે ત્યારે નાણાંનો કુલ પુરવઠો* $OM_1$ *જેટલો નિર્ધારિત થાય છે. આમ, ઉચ્ચશક્તિ નાણાંમાં* ΔH *જેટલો વધારોથતાં નાણાંનો પુરવઠો વધીને* ΔM *જેટલો થાય છે.જેનાણાં ગુણકના અમલનો નિર્દેશ કરે છે.*

## 12.8 નાણાંનો પુરવઠો અને અંદાજપત્રીય ખાધ(Budgetary Deficit)

*આર્થિક વિકાસના આયોજન માટે નાણાના પુરવઠા અંગેની સ્થિતિનો અંદાજ મહત્ત્વનો બની રહે છે. આર્થિક આયોજન અથવા અંદાજપત્રની રચના કરતી વખતે જાહેર આવક, જાહેર ખર્ચ અને જાહેર દેવા અંગેનું બુદ્ધિપૂર્વક આયોજન કરવામાં આવે છે. અર્થતંત્રની સમીક્ષા તથા આર્થિક આયોજન માટે ખાધ કે પુરાંતની સ્થિતિનો વિશેષ વિચાર કરવામાં આવે છે. સામાન્ય રીતે જાહેર આવક કરતા જાહેર ખર્ચ વધી જાય તો ખાધની સ્થિતિ ઉદ્દભવે છે. ભારતીય અંદાજપત્રમાં વિવિધ સ્વરૂપની બાધને ધ્યાનમાં લેવાય છે જેમ કે,*

1) *મહેસૂલી ખાધ* (Revenue Deficit)*સરકારના કુલ મહેસૂલી ખર્ચમાંથી મહેસૂલી આવક બાદ કરતાં મહેસૂલી ખાધ પ્રાપ્ત થાય. મહેસૂલી ખાધનો અર્થ એ થાય કે સરકાર ચલાવવા જેટલી આવક પણ સરકાર ઊભી કરી શકતી નથી.*

*(મહેસૂલી ખાધ* (RD) = *મહેસૂલી ખર્ચ-મહેસૂલી આવક)*

2) *મૂડી ખાધ* (CapitalDeficit) *- સરકારના કુલ મૂડી ખર્ચમાંથી મૂડી આવક બાદ કરતાં મૂડી ખાધ પ્રાપ્ત થાય.*

*મૂડી ખાધ = મૂડી ખર્ચ- મૂડી આવક*

3) *રાજકોષીય ખાધ* (FiscalDeficit) *- મહેસૂલી આવકો અને અંદાજપત્ર પરના કુલ ખર્ચ વચ્ચેનો તફાવત. કુલ ખર્ચમાં મહેસૂલી અને મૂડીખર્ચ એ બંનેનો સમાવેશ થાય છે. રાજકોષીય ખાધ સરકાર કેટલી દેવદાર છે તે દર્શાવે છે. આ ખાધ સરકાર બજારમાં દેવું કરીને તથા રિઝર્વ બેંક પાસેથી ધિરાણ મેળવીને પૂરી શકે. ખાધ પૂરવાના આ બંને માર્ગોનાં કેટલાંક અનિચ્છનીય પરિણામો આવતાં હોવાથી. રાજકોષીય બાધને એક ચોક્કસ મર્યાદામાં (રાષ્ટ્રીય આવકના ત્રણેક ટકાની આસપાસ) રાખવાની હિમાયત કરવામાં આવે છે.*

*રાજકોષીય ખાધ* (FD) *= કુલ ખર્ચ -મહેસૂલી આવક*

4) *પ્રાથમિક ખાધ* (PrimaryDeficit)- *રાજકોષીય ખાધમાંથી સરકારની વ્યાજની ચૂકવણી* (interestpayment) *બાદ કરતાં પ્રાથમિક ખાધ પ્રાપ્ત થાય, પ્રાથમિક ખાધ વ્યાજની ચૂકવણી સિવાય દેવાની જરૂરિયાત દર્શાવે છે.*

*પ્રાથમિક ખાધ = રાજકોષીય ખાધ - વ્યાજની ચૂકવણી*

5) *નાણાકીય ખાધ : દેશની મધ્યસ્થ બેંક દ્વારા કેન્દ્ર સરકારને અપાતા ધિરાણમાં થતો ચોખ્ખો વધારો તેમાં મધ્યસ્થ બેંક પાસે રહેલાં સરકારનાં તિજોરીપત્રોમાં થયેલા ચોખ્ખા વધારાનો અને સરકાર દ્વારા બજારમાંથી મેળવવામાં આવેલી લોનોમાં મધ્યસ્થ બેંક આપેલા ફાળાનો સમાવેશ થાય છે. અંદાજપત્ર પરની આ ખાધથી અર્થતંત્રમાં નાણાના પુરવઠામાં વધારો થાય છે.*

6) *અંદાજપત્રીય ખાધ* (Budgetary Deficit)- *સરકારના કુલ ખર્ચમાંથી કુલ આવક બાદ કરતાં અંદાજપત્રીય ખાધ પ્રાપ્ત થાય.*

*અંદાજપત્રીય ખાધ = કુલ ખર્ચ-કુલ આવક*

*= મહેસૂલી ખાધ + મૂડી ખાધ*

*વિવિધપ્રકારની ખાદ પૈકી અંદાજપત્રીય ખાધ કે જેમાં સરકારની આવક કરતા ખર્ચ વધી જવાનો અંદાજ હોય છે. આમ, અંદાજપત્રીય ખાધ એ સરકારની કુલ ખાધનો નિર્દેશ કરે છે. ટૂંકમાં સરકારની આવક કરતાં ખર્ચ વધુ હોય ત્યારે ખાધ* (Deficit)*છે તેમ કહેવાય. આ ખાધ સરકાર વિવિધ સાધનો દ્વારા પૂરવાનો પ્રયત્ન કરે છે તેને ખાધ પુરવણી કહે છે. આવી ખાધને પૂરવા માટે સરકાર ખાધપૂરક નીતિ અમલમાં મૂકે છે.*

**નાણાના પુરવઠામાં વધારો કરતા મુખ્ય ત્રણ પરિબળો છે.**

1) *સરકારની ખાધ પુરવણી*
1) *લેણદેણ તુલાની પુરાંત*
2) *વેપારી બેંકોનું શાખસર્જન.*

*નાણાના પુરવઠામાં વૃદ્ધિ કરનાર ઉપરોક્ત ત્રણેય પરિબળો પૈકી ખાધ પુરવણી સૌથી અસરકારક પરિબળ છે. સામાન્ય રીતે ખાધ પુરવણી એ સરકારની આવક તેના ખર્ચ કરતા ઓછી હોય ત્યારે જે ખાધ સર્જાય છે, તેને પુરવાનો સરકારનો પ્રયાસ છે. ખાધ પુરવણી માટે સરકાર વિવિધ પગલાંઓ લે છે. જે પૈકી નીચે દર્શાવેલ મુખ્ય ત્રણ ઘટકો દ્વારા થયેલ ખાદ પુરવણી નાણાના પુરવઠામાં અનિવાર્ય રીતે વધારો કરે છે.*

**1) રિઝર્વ બેંક દ્વારા સરકારને અપાતી લોન.**

*રિઝર્વ બેંક ખાધ ભરપાઈ કરવા માટે જે લોન આપે તેનાથી અર્થતંત્રમાં નાણાના પુરવઠામાં વધારો થાય છે અને તેનો ઉપયોગ સરકાર ખાધ પૂરવા માટે કરતી હોવાથી તે ખાધ પુરવણી ગણાશે.*

**2) સરકાર દ્વારા રિઝર્વ બેંકમાં રહેલ પોતાની અનામતોનો ઉપાડ.**

*સરકાર રિઝર્વ બેંક પાસે પોતાનો જે રોકડ નાણાનો જથ્થો અનામત રાખે છે, તેમાંથી પોતાના ખર્ચને પહોંચી વળવા માટે કેટલીક વખત પૈસા પાછાખેંચે છે. જેટલા પ્રમાણમાં સરકાર આ રીતે અનામત પાછી ખેંચે છે, તેટલા પ્રમાણમાં ખાધ પુરવણી થાય છે. જે નાણાંના પુરવઠાની વૃદ્ધિમાં પરિણામે છે. કેમ કે રિઝર્વ બેંક પાસે પડેલા નાણાનો નાણાંના પુરવઠામાં સમાવેશ થતો નથી. લોકો પાસે જે નાણું હોય છે તે જ વાસ્તવમાં નાણાંના પુરવઠાનો ભાગ ગણાય છે. કારણ કે ચલણમાં હોય તે નાણાની જ અસર ભાવસપાટી રોજગારી અને ઉત્પાદન પર પડતી હોય છે. તેથી સરકાર જ્યારે રિઝર્વ બેંક પાસેથી પોતાના નાણા પાછા ખેંચે છે, ત્યારે આ નિષ્ક્રિય નાણું અર્થતંત્રમાં સક્રિય બને છે અને તે હવે સાચા અર્થમાં નાણા તરીકે ચલણમાં આવે છે અને આમ અર્થતંત્રમાં નાણાના પુરવઠામાં વધારોથાય છે.*

**3) વ્યાપારી બેંકો સરકારી જામીનગીરીઓની જે ખરીદી કરે છે તે.**

*વ્યાપારી બેંકો જ્યારે સરકારી જામીનગીરીઓમાં રોકાણ કરે છે, ત્યારે આ બેંકોએ રિઝર્વ બેંકમાં જે પોતાની અનામત રાખી હોય છે તે અનામતોનો ઉપયોગ તેઓ સરકારની આ જામીનગીરીઓનીખરીદી માટે કરે છે. આથી વેપારી બેંકોનું રિઝર્વ બેંકમાં અનામત રૂપે પડેલું નિષ્ક્રિય નાણું સરકારના હાથમાં આવતા સરકારના ખર્ચ દ્વારા તે સક્રિય બને છે અને એ અનુસાર સક્રિય નાણાના પુરવઠામાં વધારો થાય છે. પ્રો.બી.આર. શિનોઈના અભિપ્રાય મુજબ વ્યાપારી બેંકો સરકારની જામીનગીરીઓની જે ખરીદી કરે છે તેના દ્વારા રિઝર્વ બેંકમાં નિષ્ક્રિય પડેલું નાણું સક્રિય થતું હોવાથી તે સક્રિય નાણાંના પુરવઠામાં વધારો કરે છે અને સરકારની ખાધ પૂરવા માટે તેનો ઉપયોગ થતો હોવાથી તેનો સમાવેશ ખાધ પુરવણીમાં કરવો જોઈએ.*

*આમ, પ્રવર્તમાન સમયમાં* FRABM Act(Fiscal Responsibility and Budget Management Act 203) *છે. જે નાણાના પુરવઠા ઉપર નિયંત્રણ કરે છે. ઉપરોક્ત મુખ્ય ત્રણ ઘટકો દ્વારા અર્થતંત્રમાં સક્રિય નાણાં પુરવઠામાં વધારે થાય છે.*

## 12.9 સારાંશ

*નાણાંકીય આધાર* (monetary base)*એટલે કે ઉચ્ચશક્તિશાળી નાણાં તથા નાણાં ગુણક* (money multiplier)*ની તીવ્રતામાં યોગ્ય ફેરફારો નાણાંકીય સત્તા, એટલે કે મધ્યસ્થ બેંક દ્વારા નીતિ વિષયક નિર્ણયો દ્વારા લઈ શકાય છે. આ અન્વયે ખુલ્લા બજારની નીતિ, રોકડ અનામતમાં ફેરફાર*

*તથાવ્યાજ-દરમાં યોગ્ય ફેરફારો વગેરેનો સમાવેશ થાય છે. વ્યાપારી બેંકો તેમની થાપણોનું વિસ્તરણ અથવા સંકોચન દ્વારા અર્થતંત્રમાં નાણાંના પુરવઠા અને સમગ્ર આર્થિક પ્રવૃત્તિઓને અસર કરી શકે છે. અલબત્ત, આનો આધાર મહદશે વ્યક્તિઓ તથા સંસ્થાકીય ધિરાણ લેનારાઓની માંગની કક્ષા પર આધારિત છે. આમ, મધ્યસ્થ બેંકની નાણાંના પુરવઠાને નિયમન કરવાની અસરકારકતાની કક્ષા એ આ બધી જ સંસ્થાઓનો નાણાંકીય પાયો* (monetary base)*નિર્ધારિત કરવાની સામૂહિક ક્ષમતા તથા પ્રજા, સરકાર અને વેપારી બેંકની વર્તણૂંકની નાણાં ગુણક* (money multiplier)*ના કદ પર થનાર ચોખ્ખી અસર આગાહી કરવાની ક્ષમતાનું વિધેય છે. ઉચ્ચશક્તિ નાણું અને નાણાં ગુણકની સાથે સાથે નાણાનાં પુરવઠામાં વધારો કરનાર પરીબળ તરીકે સરકારની ખાધ પૂરક નાણાં નીતિ પણ મહત્ત્વની ભૂમિકા નિભાવે છે.*

## 12.10 ચાવીરૂપ શબ્દો

*ઉચ્ચશક્તિ નાણું*(High Powered Money)-*ઉચ્ચશક્તિ નાણું એ પ્રજા પાસેના ચલણી નાણા અને બેંકોની રોકડ અનામતોનું બનેલું હોય છે. ઉચ્ચશક્તિ નાણું એ નાણાકીય આધારનો નિર્દેશ કરે છે, તે સૌથી વધુ તરલ નાણું છે અને નાણાના પુરવઠાને પ્રચંડ અસર કરનાર નાણું છે. ભારતમાં આ નાણું રિઝર્વ બેક ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરવામાં આવે છે. અર્થાત આર.બી.આઈ દ્વારા જારી કરવામાં આવતું રોકડ નાણું એ ઉચ્ચશક્તિ નાણું છે, જેને* MO*તરીકે પણ ઓળખવામાં આવે છે.*

*આધાર નાણું* (Base Money) - *આધાર નાણું એટલે ઉચ્ચશક્તિ નાણું, જેને સરકારી નાણું* (Government Money)*અથવા આરક્ષિત નાણું* (Reserve money)*પણ કહેવાય છે.*

*નાણાં ગુણક*(Money Multiplier)- *નાણા ગુણક એ નાણાનો કુલ પુરવઠો* ($M_1$)*અને ઉચ્ચશક્તિ નાણા* (H)*વચ્ચેનો ગુણોત્તર છે. આ ગુણોત્તરથી જાણી શકાય છે કે ઉચ્ચશક્તિ નાણામાં થયેલ વૃદ્ધિથી નાણાના કુલ પુરવઠામાં કેટલા ગણો ફેરફાર થાય છે.*

*ચલણ-થાપણ ગુણોત્તર*(Cr)-*બેંક થાપણો સામે પ્રજા દ્વારા થતી ચણલણી નાણાની માંગ દર્શાવે છે. પ્રજાપાસે રહેલ કુલ ચલણી નાણાંને વેપારી બેંકોની માંગપાત્ર થાપણો વડે ભાગતા, ચલણ-થાપણ ગુણોત્તર*(Cr) *મેળવી શકાય છે.*

*અનામત-થાપણ ગુણોત્તર*(Rr)-*થાપણો સામે રાખવા પડતા રોકડ અનામતોનું ગુણોત્તર. કુલ અનામત નાણાંને માંગપાત્ર થાપણો વડે ભાગતા, અનામત-થાપણ ગુણોત્તર*(Rr)*મેળવી શકાય છે.*

*અંદાજપત્રીય ખાધ (*Budgetary Deficit)-*સરકારના કુલ ખર્ચમાંથી કુલ આવક બાદ કરતાં અંદાજપત્રીય ખાધ પ્રાપ્ત થાય.*

*ખાધ પુરવણી- સરકારની આવક કરતાં ખર્ચ વધુ હોય ત્યારે ખાધ* (Deficit)*સર્જાય.છે.આ ખાધ સરકાર વિવિધ સાધનો દ્વારા પૂરવાનો પ્રયત્ન કરે છે તેને ખાધ પુરવણી કહે છે.*

## 12.11 તમારી પ્રગતિ ચકાસો

- **નીચેના પ્રશ્નોનાં સવિસ્તાર ઉત્તર લખો.**

1. ઉચ્ચશક્તિ નાણાંનો ખ્યાલ સવિસ્તાર સમજાવો.
2. નાણાં ગુણક એટલે શુ ?નાણાં ગુણકની પ્રક્રિયો ઉદાહણ અને આકૃત્તિ સહિત સમજાવો.
3. નાણાંના પુરવઠાનો ગુણક સિદ્ધાંત આકૃત્તિ સહિત સમજાવો.
4. ભારતમાં છેલ્લા પાંચ દાયકા દરમિયાન નાણાં ગુણકના મૂલ્યમાં આવેલ પરિવર્તન સમજાવો.
5. ખાધના પ્રકાર જણાવી, ખાધપુરવણી થકી નાણાના પુરવઠામાં વધારો કરતા પરિબળો સમજાવો.

- **બહુવિકલ્પીય પ્રશ્નો**

1) નીચેના પૈકી કયા નાણાનો સમાવેશ આરક્ષિત નાણાંમાં થતો નથી.

A) પ્રજા પાસેનું ચલણી નાણું B)વેપાસી બેંકોની માંગપાત્ર થાપણો

C)રિઝર્વ બેંકની અન્ય થાપણો D)બેંકોની રોકડ અનામતો

2) H = ............?

A) C +D B) M/H

C) C + R D) M/RM

3)નાણાનો પુરવઠો એ .........

A)ઉચ્ચશક્તિ નાણાંનો વિધેય છે. B) નાણાં ગુણકનો વિધેય છે.

C) Aઅને Bબંને D)ઉપરોક્ત પૈકી એકેય નહિ.

4)નાણાં ગુણક એટલે ?........

A) $M_1$અને RMવચ્ચેનો ગુણોત્તર B) $M_1$અને $M_3$ નો ગુણોત્તર

C) RRઅને ERવચ્ચેનો ગુણોત્તર D) Rrઅને Cr નો ગુણોત્તર

5)નાણાં ગુણક m =.................?

A) C +RR + ER B) M/H

C) C +OD +CR D) C+ D

6)નાણાં ગુણકનું નીચેના પૈકી કયુ સમીકરણ ખોટું છે ?

A)$m = \frac{M_1}{RM}$

B)$m = \frac{M}{H}$

C)$m = \frac{Cr+1}{Cr+Rr}$

D)$m = \frac{RR+ER}{C+D}$

7) ભારતના સંદર્ભમાં છેલ્લા પાંચ દાયકા દરમિયાન $M_1$ નું ગુણક મૂલ્ય કરતા M3નું ગુણક મૂલ્ય ......................... છે?

A)ઓછું B)વધુ

C)અનિશ્ચિત D) સમાન

8)અંદાજપત્રીય ખાધ એટલે ?........

A) મહેસૂલી ખર્ચ - મહેસૂલી આવક
B) કુલ ખર્ચ – મહેસૂલી આવક
C)કુલ ખર્ચ - કુલ આવક
D)રાજકોષીય ખાધ-વ્યાજની ચૂકવણી

## ❖ સંદર્ભ સૂચી


1. લાલીવાલા, જે.ઈ.(1983-84),સમષ્ટિલક્ષી અર્થશાસ્ત્ર અને નાણાકીય સિદ્ધાંતો, સુધીર પ્રકાશન.. અમદાવાદ.
2. રાવલ, એમ.એન.(2000). આર્થિક સિદ્ધાંતો, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.
3. અધ્વર્યું, જે. (1998).નાણાકીય સિદ્ધાન્ત, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.
4. आहूजा, एच.एल. (2003).उच्चतर समष्टि अर्थशास्त्र, एस. चन्द एन्ड कम्पनी लि., राम नगर, नगर, दिल्ली.
5. पुरी, वी.के. और मिश्र, एस.के. (2023).भारतीय अर्थव्यवस्था, हिमालया पब्लशिंग हाउस, न्यु न्यु दिल्ली.
6. Dornbusch, R &Fischer.S. (2013). Macroeconomics, McGraw Hill.
7. Mankiw, N.G. (2014). Principles of Economics, Cengage Learning India Private Limited, Delhi.
8. https://rbi.org.in/Scripts/Data MSupply.aspx (19-7-2024)
9. https://data.rbi.org..n/BOC/OpenDocument/2311211338/OpenDocument/opendoc/openD ocument.jsp?logonSuccessful=true&shareid=0 (19-7-2024)


## ❖ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1) B 2) C 3) C 4) A 5) B 6) D 7) B 8) C

# એકમ - 13 નાણાંકીય નીતિ - I

-: રૂપરેખા : -

13.0 ઉદ્દેશો

13.1 પ્રસ્તાવના

13.2 નાણાંકીય નીતિનું મહત્ત્વ

13.3 નાણાંકીય નીતિના હેતુઓ

13.4 મધ્યસ્થ બેંકની નાણાંકીય નીતિનો પરિચય

13.5 નાણાંકીય નીતિનુ મૂલ્યાંકન

13.6 સારાંશ

13.7 ચાવીરૂપ શબ્દો

13.8 તમારી પ્રગતિ ચકાસો

❖ સંદર્ભસૂચી

❖ તમારીપ્રગતિચકાસોનાજવાબો

## 13.0 ઉદ્દેશો

*આ એકમના અભ્યાસ પછી તમે...*

- *નાણાંના પુરવઠાના નિયંત્રણ અંગે ચર્ચા કરી શકશો.*
- *અર્થતંત્રમાં નાણાંકીય નીતિના મહત્ત્વ અંગે સમજાવી શકશો.*
- *નાણાંકીય નીતિના હેતુઓ અંગે ચર્ચા કરી શકશો.*
- *મધ્યસ્થ બેંકની નાણાંકીય નીતિ અંગે સમજાવી શકશો.*
- *નાણાંકીય નીતિની અસરકારકતામાં વિલંબ કેમ જોવા મળે છે તે જાણી શકશો.*
- *નાણાંકીય નીતિની મર્યાદાઓ દૂર કરવા શું કરી શકાય તે અંગે ચર્ચા કરી શકશો.*

## 13.1 પ્રસ્તાવના

*નાણાંકીય નીતિએ દેશમાં આર્થિક સ્થિરતાની જાળવણી અને આર્થિક વિકાસને લગતા પ્રશ્નોના વિશ્લેષણમાં અગત્યનો ભાગ ભજવે છે. આ દ્રષ્ટિએ જોતા નાણાંકીય નીતિને કોઈપણ દેશની આર્થિક નીતિના એક મહત્ત્વના અંગ તરીકે ગણવામાં આવે છે. નાણાંકીય નીતિનું ઘડતર અને તેનો અમલ મહદઅંશે દેશની મધ્યસ્થ બેંક દ્વારા થતો હોવાથી તેને 'કેન્દ્રીય બેંકિંગ' નીતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે નાણાંકીય નીતિ એટલે નાણાંના જથ્થા અને તેના મૂલ્યને અસર કરનારી તમામ બાબતો અંગેની નીતિ. અમુક પૂર્વનિર્ધારિત ઉદ્દેશોને સિદ્ધ કરવા માટે નાણાંકીય સાધનોના પ્રવાહનું નિયમન કરવાની નીતિ એટલે નાણાંકીય નીતિ. વિનિમયદરમાં સ્થિરતા, ભાવ સ્થિરતા, ઝડપી આર્થિક વિકાસ, પૂર્ણરોજગારી વગેરે ઉદ્દેશોને જાળવી રાખવા માટે દેશની મધ્યસ્થ બેંક દેશમાં નાણાંના પુરવઠાને નિયંત્રિત કરતી હોય છે જેને નાણાંના પુરવઠાના નિયંત્રણ તરીકે પણ ઓળખવામાં આવે છે. નાણાંના પુરવઠાને નિયંત્રિત કરવા માટે મધ્યસ્થ બેંક શાખનિયમનના પગલાંઓ લે છે જેની ચર્ચા આપણે આગળ*

*કરીશું. અર્થતંત્રની બદલાતી જતી જરૂરિયાતો અનુસાર નાણાંના પુરવઠામાં વધઘટ કરીને તથા અગત્યના ક્ષેત્રો તરફ ધિરાણનો પ્રવાહ વાળીને આર્થિક વિકાસના દરને ઝડપી બનાવવામાં નાણાંકીય નીતિ અગત્યનો ભાગ ભજવે છે. ભારતના સંદર્ભમાં નાણાંકીય નીતિની વાત કરીએ તો નાણાંકીય નીતિ એટલે પૂર્વનિર્ધારિત હેતુઓ હાંસલ કરવા માટે નાણાં અને શાખની પ્રાપ્યતા, તેનું ખર્ચ અને જુદાજુદા નીતિ. ક્ષેત્રોમાં તેની યોગ્ય ફાળવણી માટેના નિયમનને લગતી નીતિ.*

## 13.2 નાણાંકીય નીતિનું મહત્ત્વ

*પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મત મુજબ, નાણાંના પુરવઠામાં ફેરફાર કરીને અર્થકારણ પર ઈચ્છિત અસરો ઉપજાવી શકાય છે. આ દ્રષ્ટિબિંદુથી નાણાંકીય નીતિ આર્થિક સ્થિરતા અને આર્થિક વિકાસના પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે મહત્ત્વનો ભાગ ભજવે છે. પરંતુ,* 1929 *ની વૈશ્વિક મંદીના સમયગાળામાં નાણાંકીય નીતિની કેટલીક મર્યાદાઓ જણાઈ આવી. પરિણામે આ સમય દરમિયાન નાણાંકીય નીતિનું મહત્ત્વ કેટલાક અંશે ઘટવા પામ્યું. વળી કેઈન્સે વૈશ્વિક અર્થતંત્રને મંદીમાંથી બહાર કાઢવા માટે રાજકોષીય નીતિને વિશેષ મહત્ત્વ આપતા નાણાંકીય નીતિનું સ્થાન ગૌણ બનવા પામ્યું.*

*પરંતુ ત્યારબાદપ્રો.મિલ્ટન ફ્રીડમેન અને અન્ય નાણાંવાદી અર્થશાસ્ત્રીઓએ દેશના આર્થિક વિકાસમાં નાણાંકીય નીતિનું મહત્ત્વ પુનઃસ્થાપિત કર્યું. સાધનોની પ્રાપ્તિ માટે તથા સાધનોની નક્કી કરેલી અગત્યતા મુજબની ઈષ્ટતમ ફાળવણી કરવા માટે નાણાંકીય નીતિએ એક મહત્ત્વના ઓજાર તરીકે કાર્ય કરે છે. આ દ્રષ્ટિએ જોતા નાણાંકીય નીતિના મુખ્ય બે પાસાં સામે આવે છે.*

### 13.2.1 હકારાત્મક પાસું (Positive Aspect):

*નાણાંકીય નીતિનું હકારાત્મક પાસુંએ નાણાંકીય નીતિની પ્રોત્સાહક ભૂમિકા દર્શાવે છે.*

### 13.2.2 નકારાત્મક પાસું (Negative Aspect):

*નાણાંકીય નીતિનું નકારાત્મક પાસુંએ નાણાંકીય નીતિની નિયંત્રણાત્મક ભૂમિકા દર્શાવે છે.*

## 13.3 નાણાંકીય નીતિના હેતુઓ

*વિકસિત દેશો અને વિકસતા દેશોમાં નાણાંકીય નીતિના ઉદ્દેશોમાં ભિન્નતા જોવા મળે છે. વિકસતા દેશોમાં નાણાંકીય નીતિનો મુખ્ય ઉદ્દેશ આર્થિક સ્થિરતા અને સમગ્ર અર્થતંત્રમાં યોગ્ય સંતુલન જાળવવાનો છે. જ્યારે વિકસતા દેશોમાં નાણાંકીય નીતિનો મુખ્ય ઉદ્દેશ આર્થિક વિકાસ સાધવાનો હોય છે. આ દ્રષ્ટિએ જોતા નાણાંકીય નીતિના કેટલાક નીચે મુજબના સર્વ સામાન્ય ઉદ્દેશોનો સ્વીકાર કરવામાં આવ્યો છે.*

### 13.3.1 ઝડપી આર્થિક વિકાસ સાધવોઃ

*ભારત જેવા વિકસતા દેશોમાં નાણાંકીય નીતિનો મુખ્ય હેતુ ઝડપી આર્થિક વિકાસ સાધવાનો છે. આર્થિક વિકાસ સાધવા માટે મૂડીસર્જનનો દર ઊંચો હોય એ આવશ્યક છે. નાણાંકીય નીતિ દ્વારા નીચેની ત્રણ રીતે મૂડીસર્જનના દરને ઊંચું લાવી શકાય.*

**(i) ખાનગી મૂડીરોકાણને પ્રોત્સાહન આપીનેઃ**

*નાણાંકીય નીતિ વ્યાજદરમાં ફેરફાર કરીને ખાનગી મૂડીરોકાણને પ્રોત્સાહિત કરી શકે છે. વ્યાજદરમાં ઘટાડો કરીને મૂડીસર્જનના દરમાં વધારો લાવી શકાય છે. આમ, ખાનગી મૂડીરોકાણને પ્રોત્સાહિત કરવા માટે નાણાંકીય નીતિ અગત્યની ભૂમિકા ભજવે છે.*

**(ii) સંસ્થાકીય માળખાની રચના કરીનેઃ**

*વિકસતા દેશોમાં બચતોને ભેગી કરવા માટેની ખાસ કોઈ જોગવાઈ કરવામાં આવેલી હોતી નથી. લોકોની નાની-નાની બચતોને એકત્રિત કરવા માટે જો યોગ્ય સંસ્થાકીય માળખાની રચના કરવામાં આવે તો આ પ્રમાણે એકત્રિત થયેલી બચતોનો ઉપયોગ ઉત્પાદકીય મૂડીરોકાણ માટે કરી શકાય અને આર્થિક વિકાસની પ્રક્રિયાને વેગ આપી શકાય.*

**(iii) નાણાંકીય સાધનોનું સર્જન કરીનેઃ**

*જાહેર ક્ષેત્રે થતાં મૂડીરોકાણમાં વધારો કરવા માટે યોગ્ય નાણાંકીય નીતિના અમલ દ્વારા મૂડીરોકાણ માટે વધારાના સાધનો પ્રાપ્ય કરાવી શકાય. ભારત જેવા વિકસતા દેશોમાં ખાદ્યપૂરક નાણાંતંત્રનો વિવેક અને કાળજીપૂર્વકનો ઉપયોગ કરીને મૂડીસર્જનના દરમાં વધારો લાવી ઝડપી આર્થિક વિકાસના ધ્યેયને હાંસલ કરી શકાય છે.*

**13.3.2 અર્થતંત્રનું નાણાંકીયકરણઃ**

*અર્થતંત્રનું નાણાંકીયકરણ એ નાણાંકીય નીતિનો બીજો અગત્યનો ઉદ્દેશ્ય છે. આ હેતુ અંતર્ગત અર્થતંત્રમાં વ્યવહારમાં નાણાંના ઉપયોગમાં વધારો કરીને નાણાંકીયકરણની પ્રક્રિયાને વેગ આપવાનો સમાવેશ કરવામાં આવે છે.*

**13.3.3 નાણાંબજારનું સંકલન કરવુંઃ**

*ભારત જેવા વિકસતા દેશોમાં સુસંકલિત અને સુગ્રંથિત નાણાંબજારનો અભાવ જોવા મળે છે. અહીં નાણાંબજાર સંગઠિત અને અસંગઠિત એમ બે વિભાગોમાં વહેંચાયેલું જોવા મળે છે. કોઈપણ દેશ માટે અસંગઠિત નાણાંબજાર એ નાણાં બજારની મોટી ઉણપ માનવામાં આવે છે. જો નાણાંબજાર સુસંકલિત અને સુગ્રંથિત ન હોય તો તે નાણાંકીય નીતિને બિનઅસરકારક બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેથી નાણાંકીય નીતિનો એક મુખ્ય ઉદ્દેશ નાણાંબજારને સુસંકલિત અને સુગ્રંથિત બનાવવાનો છે.*

**13.3.4 બેંક ધિરાણ (શાખી નાણાં) ના પ્રમાણનું યોગ્ય રીતે નિયમન કરવુંઃ**

*કુલ નાણાંના પુરવઠામાં બેંક (શાખી) નાણું મહત્ત્વનું સ્થાન ધરાવતું હોવાથી શાખી નાણાંના પ્રમાણનું યોગ્ય રીતે નિયમન કરવું એ નાણાંકીય નીતિનો એક ઉદ્દેશ માનવામાં આવે છે. જો અર્થતંત્રમાં શાખી નાણાંનું પ્રમાણ અમુક મર્યાદા કરતા વધી કે ઘટી જાય તો તેની ગંભીર અસરો અર્થતંત્રમાં જોવા મળે છે. તેથી નાણાંકીય નીતિનો હેતુ વેપાર, ઉદ્યોગ તથા અન્ય ઉત્પાદક પ્રવૃત્તિઓ માટે પૂરતા પ્રમાણમાં શાખની સુવિધાઓ પ્રાપ્ત થાય તેમ જ અગ્રિમતા ધરાવતા ક્ષેત્રોને ધિરાણની બાબતમાં યોગ્ય પસંદગી મળી રહે તે જોવાનો પણ છે.*

### 13.3.5 આર્થિક સ્થિરતા જાળવવીઃ

*ભારત જેવા વિકસતા દેશમાં વિકાસનપ્રક્રિયા દરમિયાન આર્થિક સ્થિરતા જાળવવી એ નાણાંકીય નીતિનો એક અગત્યનો ઉદ્દેશ માનવામાં આવે છે. વિકસતા દેશોમાં આર્થિક વિકાસની પ્રક્રિયા દરમિયાન ફુગાવો સહજ ઘટના છે. કેટલાક અર્થશાસ્ત્રીઓના મતે અર્થતંત્રના વિકાસ માટે અમુક ટકા ફુગાવો અનિવાર્ય છે. પરંતુ, આ ફુગાવો અમુક હદ કરતા વધી જાય તો તે દેશના આર્થિક વિકાસ માટે બાધક નીવડે છે. તેથી નાણાંકીય નીતિનો એક મહત્ત્વનો ઉદ્દેશ નિયંત્રિત ફુગાવા સાથે સ્થિરતાપૂર્વકનો આર્થિક વિકાસ સાધવાનો છે.*

### 13.3.6 ભાવ સપાટીની સ્થિરતા જાળવવા (To maintain price Level Stability ) :-

*ભાવોમાં થતો સતત વધારો આર્થિક વિકાસને રૂંધે છે. આ પરિસ્થિતિમાં અર્થતંત્રમાં વપરાશી ચીજ વસ્તુઓના ભાવોમાં વધારો થવાથી ફુગાવો કે મંદીનું સર્જન થાય છે. પરિણામે તેની અસરો મૂડી રોકાણ, ઉત્પાદન, આવક અને રોજગારી પર ઊભી થાય છે. આ પ્રકારની આર્થિક અસ્થિરતા માટે વેપારી બેંકોનું વધારે પડતું શાખનું સર્જન જવાબદાર બનતું હોય છે. આ સમયે રીઝર્વ બેંક નાણાના પુરવઠા ઉપર નિયંત્રણ મેળવવા નાણા પરિણામમાં ઘટાડો થાય છે અને ભાવ સ્થિરતા અર્થતંત્રમાં લાવવાના પ્રયત્નો કરતી હોય છે.*

### 13.3.7 વિનિમય દરમાં સ્થિરતા (Stability In Exchange Rate) :-

*વેપારી બેંકો ધિરાણના પ્રમાણમાં વધારો કરે તો અર્થતંત્રમાં ભાવ સપાટી વધે છે લાવ સપાટી વધતા નાણાના મૂલ્યમાં એટલે કે નાણાનું આંતરિક મૂલ્ય ઘટે છે તેથી વિશ્વના દેશોના ચલણોની સરખામણીમાં દેશનાં નાણાનું મૂલ્ય ઘટે છે તેની સીધી અસર આંતરરાષ્ટ્રીય વ્યાપાર પર પડે છે એટલે વસ્તુઓ વિશ્વના બજારોમાં મોંઘી બનતા તેની નિકાસોમાં વધારો થાય છે. વેપારી બેંકો શાખ સર્જનમાં ઘટાડો કરે તો નાણાના મૂલ્યોમાં વધારો કરીને આયાતોમાં ઘટાડો લાવી શકાય.*

## 13.4 મધ્યસ્થ બેંકની નાણાંકીય નીતિનો પરિચય

*વિદ્યાર્થીમિત્રો, આપણે સૌ જાણીએ છીએ કે ભારતમાં નાણાંકીય નીતિનો અમલ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (મધ્યસ્થ બેંક) દ્વારા કરવામાં આવે છે. મધ્યસ્થ બેંકના અનેક કાર્યો પૈકી ચલણી નાણું બહાર પાડવાની સત્તા તે ધરાવતી હોવાથી ચલણી નાણાંના પુરવઠા પર તે જરૂર પડયે નિયંત્રણ મૂકતી હોય છે. પરંતુ વર્તમાન સમયમાં વિશ્વના લગભગ બધા જ દેશોમાં કાયદામાન્ય નાણાં ઉપરાંત બેંકનાણું (શાખીનાણું) પણ વિશેષ મહત્ત્વ ધરાવે છે. તેથી શાખનિયંત્રણના કાર્યનો પણ મધ્યસ્થ બેંકના એક અગત્યના કાર્ય તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે. જો અર્થતંત્રમાં શાખીનાણાંનું યોગ્ય રીતે નિયમન ન કરવામાં આવે તો તે સમગ્ર અર્થવ્યવસ્થાને અસ્તવ્યસ્ત કરી શકે છે. યોગ્ય અને નિયંત્રિત રીતે થતું શાખસર્જન દેશના આર્થિક વિકાસને વેગ આપે છે. તેથી ભારતમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા શાખીનાણાંના પુરવઠાને નિયંત્રિત કરવા માટે નાણાંકીય નીતિના એક ભાગરૂપે વિવિધ પગલાંઓ લે છે. રિઝર્વ બેંક નીચેના કેટલાક હેતુઓને ધ્યાનમાં રાખીને શાખનિયમનના પગલાંઓ લે છે.*

### 13.4.1 નાણાંના પુરવઠાને નિયંત્રિત કરવાના (શાખનિયમનના) પગલાંઓઃ

*તો ચાલો દોસ્તો, હવે આપણે શાખનિયંત્રણના હેતુઓ સિદ્ધ કરવા માટે રિઝર્વ બેંક મુખ્યત્ત્વે જે બે પ્રકારના પગલાંઓ (સાધનો) નો ઉપયોગ કરે છે તે અંગે કેટલીક જાણકારી મેળવીએ.*

**i. પરિમાણાત્મક શાખનિયમનના પગલાંઓ (સાધનો):**

*મધ્યસ્થ બેંકના પરિમાણાત્મક શાખનિયમનના સાધનોને સામાન્ય શાખનિયંત્રણના સાધનો તરીકે પણ ઓળખવામાં આવે છે, પરિમાણાત્મક શાખનિયમનનો સંબંધ શાખના પ્રમાણ સાથે રહેલો છે. આ સાધનોમાં મુખ્યત્ત્વે બેંકદર નીતિ, ખુલ્લા બજારની નીતિ, રોકડ અનામત પ્રમાણ, કાયદેસર અનામત પ્રમાણ વગેરે સાધનોનો સમાવેશ કરવામાં આવે છે.*

**ii. ગુણાત્મક શાખનિયમનના પગલાંઓ (સાધનો):**

*મધ્યસ્થ બેંકના ગુણાત્મક શાખનિયંત્રણના સાધનોને વિવેકયુક્ત તથા પસંદગીયુક્ત શાખનિયમનના સાધનો તરીકે પણ ઓળખવામાં આવે છે. મધ્યસ્થ બેંકના આ પગલાંનો સંબંધ શાખના ઉપયોગ સાથે રહેલો છે. વર્તમાન સમયમાં શાખનિયંત્રણ માટે ગુણાત્મક પગલાંને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. આ પગલાં અંતર્ગત મધ્યસ્થ બેંક વિવેક બુદ્ધિનો ઉપયોગ કરીને શાખનું નિયમન કરે છે. શાખનિયંત્રણના આ સાધન દ્વારા અર્થતંત્રના જે ભાગમાં જેટલા નિયંત્રણની જરૂર હોય તે જ ભાગમાં તેટલા જ પ્રમાણમાં નિયંત્રણની નીતિ અપનાવી શકાય છે અને જરૂર પડે નિયંત્રણ હટાવી પણ શકાય છે. ગુણાત્મક શાખનિયંત્રણના વિવિધ સાધનો શાખ માપબંધી સીધા પગલા, ઋણની સીમાં ફેરફાર, ઉપભોક્તા શાખ, નૈતિક દબાણ અને પ્રચાર નીતિ વગેરેનો સમાવેશ થાય છે.*

*આમ, આ બન્ને પ્રકારના સાધનોનો વધુ અભ્યાસ એકમ-14 માં કરીશું.*

## 13.5 નાણાંકીય નીતિનું મૂલ્યાંકનઃ

*દોસ્તો, આપણે સૌ જાણીએ છીએ કે કોઈપણ દેશનો મુખ્ય હેતુ આર્થિક વિકાસ સાધવાનો હોય છે. દેશના આર્થિક વિકાસને વેગ આપવા માટે નાણાંકીય નીતિ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જેનો સ્વીકાર તમામ દેશોમાં કરવામાં આવ્યો છે. આપણે આગળ જોયું તેમ નાણાંકીય નીતિઅર્થકારણમાં સ્થિરતા પૂર્વક આર્થિક વિકાસ સાધવા માટે પ્રોત્સાહક તેમજ નિયંત્રણાત્મક એમ બેવડી ભૂમિકા ભજવે છે.*

### 13.5.1નાણાંકીય નીતિની પ્રોત્સાહક ભૂમિકાઃ

*આયોજનકાળ દરમિયાન નાણાંકીય નીતિના મુખ્યત્ત્વે બે હેતુઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું*

- **i.** *અર્થતંત્રના વિકાસ પામતા ક્ષેત્રોની ધિરાણની જરૂરિયાત સમયસર, પૂરતા પ્રમાણમાં અને વાજબી દરે પૂરી પાડવી અને*
- **ii.** *આર્થિક સ્થિરતાની જાળવણી કરવી*

*ઉપરોક્ત બે હેતુઓ પૈકી પ્રથમ હેતુ કે જેમાં અર્થતંત્રના આર્થિક વિકાસ પામતા ક્ષેત્રોની ધિરાણની જરૂરિયાત પૂરી પાડવાનો સમાવેશ કરવામાં આવ્યો છે. તે અંગે કહી શકાય કે નાણાંકીય*

*નીતિની અહીં પ્રોત્સાહક ભૂમિકા છે. જે ખૂબ જ હકારાત્મક અને મહત્ત્વની રહી છે. રિઝર્વ બેંકે ખેતી, ખેતીના સાધનો, નાના પાયાના ઉદ્યોગો, નિકાસ ક્ષેત્ર, અનાજ પ્રાપ્તિ, અનાજનું વિતરણ, જીવન જરૂરિયાતની વસ્તુઓનું ઉત્પાદન કરતા ઉદ્યોગો જેવા અર્થતંત્રના અગ્રિમતા ધરાવતા ક્ષેત્રને સમયસર, પૂરતા પ્રમાણમાં અને વાજબી દરે ધિરાણ પૂરું પાડવાની ઉત્તમ કામગીરી કરી છે. એટલું જ નહીં પરંતુ તફાવતી વ્યાજના દરો' અંગેની નીતિનો અમલ કરી સમાજના નબળા વર્ગને ઓછા વ્યાજદરે ધિરાણ સરળતાથી મળી રહે તે દિશામાં પણ ઉમદા કામગીરી કરી છે. આમ, સમગ્રરીતે જોવા જઈએ તો રિઝર્વ બેંકની નાણાંકીય નીતિની પ્રોત્સાહક ભૂમિકા ખૂબ જ ઉત્તમ અને આવકારદાયક રહી છે.*

**13.5.2 નાણાંકીય નીતિની નિયંત્રણાત્મક ભૂમિકાઃ**

*વિકસતા દેશોમાં ફુગાવો એ એક સહજ ઘટના તરીકે માનવામાં આવે છે. તેથી આવા વિકસતા અર્થતંત્રમાં નાણાંકીય નીતિની નિયંત્રણાત્મક ભૂમિકા મહત્ત્વની બની રહે છે. આર્થિક વિકાસની પ્રક્રિયા દરમિયાન અર્થતંત્રમાં ફુગાવાજન્ય દબાણો જોવા મળતા હોય છે. નાણાંના પુરવઠામાં વધારો થતાં અસરકારકમાંગમાં વધારો જોવા મળે છે, જે લોકોની સીમાંત વપરાશવૃતિમાં વધારો લાવે છે. આવા સમયે બચતો કરતા લોકોની ખર્ચવૃત્તિ વધુ પ્રબળ બને છે, જે ફુગાવાને વેગ આપે છે. આવા સમયમાં આર્થિક સ્થિરતાની જાળવણી કરવી તે માટે નાણાંકીય નીતિની નિયંત્રણાત્મક ભૂમિકા આવશ્યક બની રહે છે. જો આમ ન થાય તો અર્થતંત્રમાં આર્થિક અસમતુલાનું સર્જન થાય છે જે સમગ્ર અર્થતંત્ર માટે હાનિકારક નીવડે છે.*

*નાણાંકીય નીતિ તેના બે મુખ્ય હેતુઓ પૈકી એક બાજુએ અર્થતંત્રના વિકાસ પામતા ક્ષેત્રોની ધિરાણની જરૂરિયાતો પૂરી પાડી પ્રોત્સાહક ભૂમિકા ભજવવાની અને બીજી બાજુએ આર્થિક સ્થિરતાની જાળવણી માટે નિયંત્રણાત્મક ભૂમિકા ભજવવાની હોય છે. ભારત જેવા વિકસતા અર્થતંત્રમાં નાણાંકીય નીતિનો મુખ્ય હેતુ નિયંત્રિત વિસ્તરણનો રહ્યો છે. જે અંતર્ગત શાખનિયંત્રણ અને શાખવિસ્તરણના ઉદ્દેશ વચ્ચે સમન્વય સાધવાનો પ્રયાસ કરવામાં આવે છે.*

**13.5.3 નાણાંકીય નીતિની મર્યાદાઓઃ**

**i. સુસંકલિત અને સુગ્રંથિત નાણાંબજારનો અભાવઃ**

*ભારત જેવા વિકસતા દેશોમાં નાણાંબજાર સંગઠિત અને અસંગઠિત એમ બે વિભાગમાં વિભાજીત થયેલું જોવા મળે છે. જે પૈકી સંગઠિત વિભાગ રિઝર્વ બેંકના અંકુશ હેઠળ કાર્ય કરે છે. જ્યારે અસંગઠિત વિભાગ પર તેનો પૂરેપૂરો અંકુશ જોવા મળતો નથી. તેથી રિઝર્વ બેંકના નીતિ નિયમોની અસરો એક વિભાગ પર જ સંપૂર્ણપણે જોવા મળે છે અને બીજો વિભાગ તેનાથીવંચિત જોવા મળે છે. આમ, વિકસતા દેશોમાં નાણાંબજાર સુસંકલિત અને સુગ્રંથિત જોવા મળતો નથી. તેથી નાણાંકીય નીતિની અસરકારકતા મર્યાદિત બની રહે છે.*

**ii. નાણાંકીય નીતિ અને રાજકોષીય નીતિ વચ્ચે સમન્વયનો અભાવઃ**

*નાણાંકીય નીતિની સફળતાનો આધાર દેશની રાજકોષીય નીતિ સાથે તેના યોગ્ય સંકલન પર રહેલો છે. સામાન્યરીતે નાણાંકીય નીતિનું ઘડતર અને તેનો અમલ દેશની મધ્યસ્થ બેંક દ્વારા કરવામાં આવે છે. જ્યારે રાજકોષીય નીતિનું ઘડતર અને તેનો અમલ કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવે છે. નાણાંકીય નીતિ અને રાજપોષીય નીતિ વચ્ચે યોગ્ય સંકલનનો અભાવ જોવા મળે છે. તેથી અહીં*

*નાણાંકીય નીતિની અસરકારકતા મર્યાદિત બની રહે છે. વિકસતા દેશોમાં નાણાંકીય નીતિનો ઉપયોગ જ્યારે ફુગાવાને નિયંત્રિત કરવા માટે કરવામાં આવે છે, ત્યારે જો રાજકોષીય નીતિ અન્વયે સરકારની કરવેરા નીતિ અને જાહેરખર્ચની નીતિ સાથે તેનો યોગ્ય સમન્વય સાધવામાં ન આવે તો ઈચ્છિત પરિણામો મેળવી શકાતા નથી. અહીં જો સરકારની રાજકોષીય નીતિ ફુગાવા પ્રેરક હોય તો રિઝર્વ બેંકની નાણાંકીય નીતિ ફુગાવા વિરોધી અસરોને નાબૂદ કરી દેતી હોય છે તે બાબત ખાસ ધ્યાનમાં લેવા જેવી છે.*

**iii. નિયંત્રણ બેંકિંગ ક્ષેત્ર પૂરતા જ મર્યાદિતઃ**

*રિઝર્વ બેંકની નાણાંકીય નીતિના સાધનો કેટલાક અંશે વ્યાપારી બેંકો પૂરતા જ મર્યાદિત રહ્યા છે. પરિણામે અર્થતંત્રમાં જ્યારે ફુગાવાની પરિસ્થિતિનું સર્જન થાય છે ત્યારે તેનું નિયંત્રણ કરવામાં નાણાંકીય નીતિના પરિમાણાત્મક અને ગુણાત્મક સાધનો કેટલાક અંશે સફળ થઈ શકતા નથી. ટૂંકમાં, રિઝર્વ બેંકનો અંકુશ બેંકિંગ ક્ષેત્ર પૂરતોજ મર્યાદિત હોવાથી નાણાંકીય નીતિની અસરકારકતા મર્યાદિત રહેવા પામી છે.*

**iv. કાળાનાણાંના વ્યાપમાં વધારોઃ**

*અર્થતંત્રમાં દિન-પ્રતિદિન કાળાનાણાંનું પ્રમાણ વધતું જતું હોવાથી નાણાંકીય નીતિની અસરકારકતા મર્યાદિત બની રહે છે. કાળાનાણાંનો વ્યાપ અર્થતંત્રમાં વિસ્તરતો હોવાથી નાણાંકીય નીતિ આવા સમયે અસરકારક પૂરવાર થઈ શકતી નથી.*

**v. રિઝર્વ બેંકની સ્વતંત્રતા પર અંકુશઃ**

*રિઝર્વ બેંક એક સ્વાયત સંસ્થા હોવા છતાં તે સ્વતંત્રતાપૂર્વક તેની કામગીરી બજાવી શકતી નથી. જ્યારે પણ નીતિવિષયક પ્રશ્નો ઉદ્દભવે છે ત્યારે કેન્દ્ર સરકાર તેમાં અનિવાર્યપણે હસ્તક્ષેપ કરતી રહી છે. આથીરિઝર્વ બેંકની સ્વતંત્રતા અહીં અંકુશિત બની જાય છે. રિઝર્વ બેંકની શાખનિયંત્રણની નીતિ માત્ર ખાનગી ક્ષેત્ર પૂરતીજ મર્યાદિત રહી છે. જાહેરક્ષેત્રની બાબતમાં સરકારના નીતિવિષયક નિર્ણયો રિઝર્વ બેંકે અનુસરવા પડતા હોય છે.*

*આમ, ભારત જેવા વિકસતા દેશોમાં નાણાંકીય નીતિની કેટલીક મર્યાદાઓ હોવા છતાં અહીં એ ન ભૂલવું જોઈએ કે લગભગ છેલ્લા પાંચથી વધુ દાયકામાં રિઝર્વ બેંકે અપનાવેલ નાણાંકીય નીતિના પરિણામે આર્થિક વિકાસની દિશામાં અર્થકારણ ઝડપથી આગળ વધી શક્યું છે. વળી આર્થિક વિકાસ અને આર્થિક સ્થિરતાના પ્રશ્નો એટલા બધા જટિલ અને અટપટા છે કે માત્ર નાણાંકીય નીતિ દ્વારા જ તેમનો ઉકેલ લાવી શકાતો નથી. ટૂંકમાં, નાણાંકીય નીતિનું રાજકોષીય નીતિ અને સમગ્ર આર્થિક નીતિ સાથે યોગ્ય રીતે સંકલન કરવામાં આવે તો અને તો જ ઈચ્છિત પરિણામો મેળવી શકાય છે.*

## 13.6 સારાંશ

*દોસ્તો, પ્રસ્તુત એકમમાં આપણે નાણાંના પુરવઠાના નિયંત્રણ અંગે સમજણ મેળવી જેમાં આપણે*

- *નાણાંના પુરવઠાના નિયંત્રણ અંગે માહિતી પ્રાપ્ત કરી.*
- *અર્થતંત્રમાં નાણાંકીય નીતિના મહત્ત્વ વિશે સમજૂતી મેળવી.*
- *મધ્યસ્થ બેંકની નાણાંકીય નીતિનો પરિચય મેળવ્યો.*

- *મધ્યસ્થ બેંકના શાખનિયંત્રણના/નાણાંના પુરવઠાને નિયંત્રિત કરવાના વિવિધ સાધનો અંગે ટૂંકમાં માહિતી મેળવી.*
- *નાણાંકીય નીતિની પ્રોત્સાહક ભૂમિકા, નિયંત્રણાત્મક ભૂમિકા અને તેની મર્યાદાઓ અંગે ચર્ચા કરી.*

## 13.7 ચાવીરૂપ શબ્દો

**નાણાંકીય નીતિ** : *નાણાંકીય નીતિ એટલે નાણાંના જથ્થા અને તેના મૂલ્યને અસર કરતી તમામ બાબતો અંગેની નીતિ.*

**રાજકોષીય નીતિ** : *રાજકોષીય નીતિ એટલે રાજ્યની તિજોરીની આવક અને ખર્ચ અંગેની નીતિ.*

**સંસ્થાકીય માળખું** : *અમુક ખાસ પ્રકારની કામગીરી કરવા માટે તેને અનુરૂપ ખાસ વ્યવસ્થા કે તંત્રની ગોઠવણી કરવામાં આવે છે જેને સંસ્થાકીય માળખા તરીકે ઓળખવામાં આવે છે.*

**નાણાંકીયકરણ** : *વસ્તુ વિનિમયની જગ્યાએ જ્યારે લોકો વ્યવહારમાં નાણાંના ઉપયોગમાં વધારો કરે છે ત્યારે તેને નાણાંકીયકરણ તરીકે ઓળખવામાં આવે છે.*

**આર્થિક સ્થિરતા** : *અર્થતંત્રમાં ફુગાવા અને મંદીના પ્રેરક પરિબળોને અંકુશમાં રાખવામાં આવે ત્યારે તેને આર્થિક સ્થિરતા તરીકે ઓળખવામાં આવે છે.*

**વહન પ્રક્રિયા** : *વહન પ્રક્રિયા એટલે નાણાંના પુરવઠાના ફેરફારોની અસરો અર્થકારણ પર જે માધ્યમ દ્વારા પડે છે તે.*

## 13.8તમારી પ્રગતિ ચકાસોઃ

**(ક) નિબંધ પ્રકારના પ્રશ્નોઃ**

(I)*વિકસતા દેશોના સંદર્ભમાં નાણાંકીય નીતિના હેતુઓ અંગે ચર્ચા કરો.*

(II)*મધ્યસ્થ બેંકની નાણાંકીય નીતિની અસરકારકતા તપાસો.*

(III) *નાણાંકીય નીતિનું મૂલ્યાંકન કરો.*

**(ખ) ટૂંકનોંધઃ**

(I)*મધ્યસ્થ બેંકનું મહત્ત્વ*

(II)*મધ્યસ્થ બેંકની નાણાંકીય નીતિ*

(III)*નાણાંકીય નીતિની પ્રોત્સાહક અને નિયંત્રણાત્મક ભૂમિકા*

(IV)*મધ્યસ્થ બેંકની નાણાંકીય નીતિની મર્યાદાઓ*

**(ગ) હેતુલક્ષી પ્રશ્નોઃ**

1. *દેશમાં આર્થિક સ્થિરતાની જાળવણી અને આર્થિક વિકાસને લગતા પ્રશ્નોના વિશ્લેષણમાં કઈ નીતિ મહત્ત્વનો ભાગ ભજવે છે?*
   *(ક) નાણાંકીય નીતિ* *(ખ) રાજકોષીય નીતિ*

(ગ) આર્થિક નીતિ (ઘ) એક પણ નહી

2. નાણાંકીય નીતિનું ઘડતર અને તેનો અમલ કોના દ્વારા કરવામાં આવે છે?

(ક) વ્યાપારી બેંક (ખ) મધ્યસ્થ બેંક

(ગ) સહકારી બેંક (ઘ) એક પણ નહી

3. નાણાંના જથ્થામાં ફેરફાર કરીને અર્થતંત્ર પર ઈચ્છિત અસરો ઉપજાવી શકાય છે'- આ વિધાન કયા અર્થશાસ્ત્રીનું છે?

(ક) નવ પ્રશિષ્ટ (ખ) કેઈન્સ

(ગ) ફ્રિડમેન (ઘ)પ્રશિષ્ટ

4. દેશના આર્થિક વિકાસમાં નાણાંકીય નીતિનું મહત્ત્વ પુનઃસ્થાપિત કોણે કર્યું?

(ક) પ્રો.કેઈન્સ (ખ) એડમ સ્મિથ

(ગ)પ્રો.ફ્રિડમેન (ઘ) માર્શલ

5. નાણાંકીય નીતિનું હકારાત્મક પાસું તેની..................ભૂમિકા દ્વારાદર્શાવવામાં આવે છે.

(ક) પ્રોત્સાહક (ખ) નિયંત્રણાત્મક

(ગ) તટસ્થ (ઘ) એક પણ નહી

6. નાણાંકીય નીતિ દ્વારા વ્યાજદરમાં ................ કરીને મૂડીસર્જનના દરમાંવધારોલાવી શકાય.

(ક) વધારો (ખ) ઘટાડો

(ગ) તટસ્થ રાખીને (ઘ) એક પણ નહી

7. નીચે પૈકીના કયા પગલાંઓને શાખનિયમનના પરિમાણાત્મક પગલાં તરીકે ઓળખવામાં આવતા નથી?

(ક) બેંકદરની નીતિ (ખ) ખુલ્લા બજારની નીતિ

(ગ) રોકડ અનામત પ્રમાણમાં ફેરફાર (ઘ) સીધા પગલાં

8. નીચે પૈકીના કયા પગલાંને શાખનિયમનના ગુણાત્મક પગલાં તરીકે ઓળખવામાં આવે છે?

(ક) બેંકદરની નીતિ (ખ) ખુલ્લા બજારની નીતિ

(ગ) રોકડ અનામત પ્રમાણમાં ફેરફાર (ઘ) સીધા પગલાં

9. ................ના મતે નાણાંના પુરવઠામાં જે ફેરફારો થાય છે તેની સીધી અસર આર્થિક પ્રવૃત્તિઓ પર થતી નથી.

(ક) પ્રો.કેઈન્સ (ખ)પ્રો.એડમ સ્મિથ

(ગ)પ્રો.ફ્રિડમેન (ઘ)પ્રો.માર્શલ

10. નાણાંકીય નીતિ અર્થતંત્રમાં કેટલા પ્રકારની ભૂમિકા ભજવે છે?

(ક) એક (ખ) બે

(ગ) ત્રણ (ઘ) ચાર

❖ **સંદર્ભસૂચીઃ**


- Gowland, D. (1982): Controlling the Money Supply, Croom Helm, ISBN-10, 070991105x
- Parmar, B. D. [a] al. (2004-05): Bunking and Money Mark[a], C. Jamanadas Company, Ahmedabad
- Trivedi, H. K. (1999-2000); Problems of Economic Development of India, B. S. Shah Publication, Ahmedabad
- Joshi, R. C. [a] al. (2022-23): Macro Economics, New Popular Publication, Surat
- Bornbuch, R., Stanley, F., Macroeconomics, MC. Grow Hill, New York.
- Patel, B. S., Bhatt, K. A. (1999-2000): Morden Economics-II, C. Jamanadas Company, Ahmedabad


❖ **તમારીપ્રગતિચકાસોનાજવાબો**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ક | ખ | ઘ | ગ | ક | ખ | ઘ | ઘ | ક | ખ |

| એકમ - 14 | નાણાંકીય નીતિના - II |
|---|---|

**- : રૂપરેખા : -**

**14.0 ઉદ્દેશો**

**14.1 પ્રસ્તાવના**

**14.2 નાણાકીય નીતિની વ્યાખ્યા**

**14.3 નાણાકીય નીતિના શાખ નિયંત્રણ સાધનોનો પરિચય**

**14.4 નાણાકીય નીતિના સાધનો**

**14.5 વર્તમાનનાણંકીય નીતિ**

**14.6 સારાંશ**

**14.7 શબ્દાવલી / ચાવીરૂપ શબ્દો**

**14.8 તમારી પ્રગતિ ચકાસો**

❖ **સંદર્ભ**

❖ **તમારી પ્રગતી ચકાસોના જવાબો**

## 14.0ઉદ્દેશો

*આ એકમનો અભ્યાસ કરવાથી તમે આટલું કરી શકશો.*

- *નાણાકીય નીતિ કોણ તૈયાર કરે તે સમજી શકશો.*
- *નાણાકીય નીતિના સાધનોના હેતુઓ જાણીશકશો.*
- *નાણાકીય નીતિના સાધનોનો પરિચય મળીશકશે.*
- *નાણાકીય નીતિના સાધનોની મર્યાદાઓ જાણીશકશો.*
- *પ્રવર્તમાનનાણાકીય નીતિના સાધનોનો પ્રયોજન તપાસીશકશો.*

## 14.1પ્રસ્તાવના (Introduction):-

*ભારતમાં રિઝર્વ બેંકની સ્થાપના બ્રિટીશ શાસનકાળમાં* 1935*માં કરવામાં આવી. આઝાદી પછી* 1949*માં તેનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું, ત્યારથી તેમને દેશની આર્થિક નાણાકીય નીતિ તૈયાર કરવાનું કામ સોપવામાં આવ્યું. નાણાકીય નીતિ એ ઉચ્ચ રોજગાર અને ભાવ સ્થિરતા (સામાન્ય રીતે ફુગાવાના નીચા અને સ્થિર દર તરીકે અર્થઘટન) જેવા વ્યાપક ઉદ્દેશ્યોને પૂર્ણ કરવા માટે નાણાકીય અને અન્ય પરિસ્થિતિઓને અસર કરવા માટે રાષ્ટ્રના નાણાકીય સત્તા દ્વારા અપનાવવામાં આવેલી નીતિ છે. નાણાકીય નીતિના હેતુઓ આર્થિક સ્થિરતામાં યોગદાન આપવા અથવા અન્ય ચલણ સાથે અનુમાનિત વિનિમય દરો જાળવવાના હોઈ શકે છે. આજે વિકસિત દેશોમાં મોટાભાગની મધ્યસ્થ બેંકો તેમની નાણાકીય નીતિને ફુગાવાના લક્ષ્યાંક માળખામાં ચલાવે છે. જ્યારે મોટાભાગના વિકાસશીલ દેશોની કેન્દ્રીય બેંકોની નાણાકીય નીતિઓ અમુક પ્રકારની નિશ્ચિત વિનિમય દર પદ્ધતિને પુરવઠાને લક્ષ્યાક્તિ કરતી ત્રીજી નાણાકીય નીતિ વ્યૂહરચના વ્યાપક પણે અનુસરવામાં આવી હતી. પરંતુ ત્યારથી*

*લોકપ્રિયતામાં ઘટાડો થયો છે. જોકે તે હજુ પણ સંખ્યાબંધ ઊભરતી અર્થવ્યવસ્થાઓમાં સત્તાવાર વ્યૂહરચના છે*

*દેશના વિકાસના તબક્કા, સંસ્થાકીય માળખું, પરંપરા અને રાજકીય પ્રણાલીના આધારે નાણાકીય નીતિના સાધનો મધ્યસ્થ બેંકથી બદલાય છે.વ્યાજ દર લક્ષ્યાક સામાન્ય રીતે પ્રાથમિક સાધન છે.જેપ્રત્યક્ષ રીતે મધ્યસ્થ બેંકના પોતાના વ્યાજ દરોમાં ફેરફાર કરીને અથવા પરોક્ષ રીતે ખુલ્લા બજાર દ્વારા મેળવવામાં આવે છે. વ્યાજ દરો સામાન્ય આર્થિક પ્રવૃત્તિને અસર કરે છે અને પરિણામે રોજગાર અને ફુગાવાને સંખ્યાબંધ વિવિધ માધ્યમો દ્વારા અસર કરે છે. જે નાણાકીય નીતિના સંચાલન તેમજ વિનિમય દરનો એક મહત્ત્વપૂર્ણ નિર્ણય છે. નાણાકીય નીતિને ઘણીવાર વિસ્તરણકારી (આર્થિક પ્રવૃત્તિ અને પરિણામે રોજગાર અને ફુગાવાને ઉત્તેજીત કરતી) અથવા સંકોચનકારી (આર્થિક પ્રવૃત્તિમાં ઘટાડો, તેથી રોજગાર અને ફુગાવો ઘટતો) તરીકે ઓળખવામાં આવે છે.*

*નાણાકીય નીતિ વ્યાજ દરો, વિનિમય દરો અને નાણાકીય અશકયામતોની કિંમતો જેવા નાણાકીય સાધનો દ્વારા અર્થતંત્રને અસર કરે છે. આ રાજકોષીય નીતિથી વિપરીત છે જે મંદી જેવી વ્યાપાર ચક્રની ઘટનાઓનું સંચાલન કરવા માટે સરકારની પદ્ધતિઓ તરીકે કરવેરા અને સરકારી ખર્ચમાં ફેરફારો પર આધાર રાખે છે. વિકસિત દેશોમાં નાણાકીય નીતિ સામાન્ય રીતે રાજકોષીય નીતિથી અલગ રીતે બનાવવામાં આવે છે. વિકસિત અર્થતંત્રોમાં આધુનિક કેન્દ્રીય બેંકો સીધા સરકારી નિયંત્રણ અને નિર્દેશોથી સ્વતંત્ર છે. નાણાકીય નીતિનું સંચાલન કેવી રીતે કરવું તે એક સક્રિય અને ચર્ચાસ્પદ સંશોધન ક્ષેત્ર છે. મધ્યાસ્થ બેંક નાણાકીય નીતિના પરિમાણાત્મક અને ગુણાત્મક શાખ નિયંત્રણના સાધનો દ્વારા શાખનું નિયંત્રણ કરે છે.*

## 14.2નાણાકીય નીતિનો અર્થ વ્યાખ્યા (Meaning of Definition of Moneary Policy (Definition):-

*અમુક નિશ્ચિત હેતુઓને સિદ્ધ કરવા માટે નાણાકીય સાધનોના પ્રવાહને નિયમન કરવાની નીતિ એટલે નાણાકીય નીતિ.*

- **નાણાકીય નીતિની વ્યાખ્યાઓ:-**

*મિલ્ટન ફ્રિડમેન*(Milton Friedman)*ના મત પ્રમાણે "નાણાકીય નીતિ સરકારો દ્વારા આર્થિક પ્રવૃત્તિને પ્રભાવિત કરવા નાણાં, ધિરાણના પુરવઠા અને વ્યાજના દરોમાં ફેરફાર કરવાની નીતિ છે.*

*રિઝર્વબેંક ઓફ ઇન્ડિયા*(RBI)*ના મતે 'નાણાકીય નીતિએ શાખના એકંદરે નાણા પુરવઠાને નિયંત્રિત કરવા અને આર્થિક વૃદ્ધિ હાંસલ કરવા માટેની ક્રિયાઓનો સમૂહ છે.*

*ફેડરલ બેંક* (Federal Bank)*ના મતે નાણાંઅને ક્રેડિટ કિંમત ઉપલબ્ધાને પ્રભાવિત કરવા માટે લેવામાંઆવતી ક્રિયાઓ એટલે નાણાકીય નીતિ.*

## 14.3શાખ નિયંત્રણ સાધનોનો અર્થ :

*નાણાકીય નીતિના શાખ નિયંત્રણ સાધનો એટલે શાખી નાણાના પરિમાણનો વેપાર ઉદ્યોગની જરૂરિયાતો સાથે સંકલન કરવું. બજાર આધારિત અર્થવ્યવસ્થામાં શાખ સર્જનની પ્રક્રિયા દ્વારા નાણાંના પુરવઠા ઉપર અસર પડે છે. શાખ રાર્જનની પ્રક્રિયાની ગતિ વધારે તેમ નાણાના પુરવઠામાં ઝડપી વધારો થાય છે,જે સામાન્ય ભાવસપાટી (ફુગાવા) વધારાનું કારણ બને છે.આથી વિરુદ્ધ ધીમું શાખ સર્જન મંદીજન્ય સ્થિતિ સર્જે છે. આથી શાખ પરિમાણ વેપારી બેંકોની પ્રવૃત્તિ પર આધાર રાખતું હોવાથી શાખ નિયંત્રણમાં બેંકોની ધિરાણ નીતિનો સમાવેશ થાય છે.*

## 14.4 નાણાકીય નીતિના સાધનો (Tools of Montrary Policy) :-

*નાણાકીય નીતિના શાખ નિયંત્રણના સાધનો દ્વારા મધ્યસ્થ બેંક બે રીતે શાખનું નિયમન કરે છે.*

*(અ) પરિમાણાત્મક સાધનો અથવા સામાન્ય શાખ નિયંત્રણના પગલાં*

*(બ) ગુણાત્મક શાખ નિયંત્રણના પગલાં અથવા વિવેક યુક્ત કે પસંદયુક્ત શાખ નિયંત્રણના પગલાં પરિમાણાત્મક શાખ નિયમનનો સંબંધ શાખનાપ્રમાણ સાથે રહેલો છે. જ્યારે ગુણાત્મક શાખ નિયંત્રણના સાધનોનો સબંધ શાખના 'ઉપયોગ' સાથે રહેલો છે.*

### 14.4.1(અ) પરિમાણાત્મક શાખ નિયંત્રણના પગલાં (સાધનો)(Quantitative credit Control Tools)

### 1. બેંકદરની નીતિ(Bank Rate) (BR) :-

*મધ્યસ્થ બેંક જે દરે વેપારી બેંકોના પ્રથમ પંક્તિના વિનિમય પત્રો અથવા માન્ય કરેલી જામીનગીરીઓ કે બોન્ડ વટાવી આપી ધિરાણ કરે તેને બેંકદર કહેવામાં આવે છે. કેટલાક દેશોમાં આ દરને વટાવદર તરીકે પણ ઓળખવામાં આવે છે. પ્રો. સ્પાલિંડીંગના મત પ્રમાણે બેંકદર એટલે બે બેંકનો એ ન્યૂનત્તમ દર કે જે દરે તે માન્ય કરેલા વિનિમય પત્રો વટાવી આપે છે. બેંકદર5, જૂન* 2024*ના સમયે* 6.50%*જેટલો નક્કી કરવામાં આવ્યો છે.*

*બેંકદરમાં થતા ફેરફારોની અસરો બજાર દર અને વ્યાજના દર ઉપર થતી હોય છે જે દરે નાણા બજારમાં નાણાકીય સંસ્થાઓ માન્ય કરેલા વિનિમય પત્રોને વટાવી આપે છે તે દરને બજાર દર કહેવામાં આવે છે જ્યારે વેપારી બેંકો જે દરે ગ્રાહકોને લોન આપે છે તે દર વ્યાજનો દર કહેવાય છે. બેંકદરમાં વધારો અથવાઘટાડો કરવાથી બજારદર અને વ્યાજદર ઉપર તે પ્રમાણેની અસરો થતી હોય છે. આથી નાણાકીય નીતિનાઘડતર વખતે મધ્યસ્થ બેંક દરમાં ફેરફાર કરીને શાખનું નિયમન કરે છે.*

**પ્રો.પીગુ (Prof. Pigu)ના મત** *મુજબ બેંકદર પ્રત્યક્ષ રૂપે બેંક નાણાના પરિમાણમાં અને તેની ભાવ સપાટી પર અસર કરે છે. આમપ્રથમ વિચારસરણી મુજબ બેંક નાણાના પરિમાણનું નિયંત્રણ કરવા માટે બેંકદરનો ઉપયોગ કરવામાં આવે છે.*

**પ્રો. વિક્સેલ (Prof. of Wixell)***ની વિચારસરણી મુજબ બચત અને મૂડીરોકાણ પર ધારણા મુજબની અસરો પહોંચાડવા માટે બેંકદરનો ઉપયોગ થાય છે. બેંકદરમાં ઘટાડો કરીને મૂડીરોકાણને ઉત્તેજન આપી શકાય છે.*

*નાણાકીય નીતિના શાખના સાધન તરીકે મધ્યસ્થ બેંક દરનો ઉપયોગ કરે છે. દા.ત. અર્થ તંત્રમાં વેપારી બેંકની શાખસર્જન પ્રવૃત્તિ વધી જતા નાણાનું પ્રમાણ ખૂબ જ વધતું હોય છે, ત્યારે ભાવોમાં સતત વધારો થઈ રહ્યો હોય અને તેને પરિણામે વ્યાજબી મૂડીરોકાણને બદલે સદાલક્ષી રોકાણો થઈ રહ્યા હોય તો આવી પરિસ્થિતિને અંકુશમાં લેવા માટે મધ્યસ્થ બેંક તેના બેંકદરમાં વધારો કરે છે. બેંકદરમાં વધારો થવાથી વેપારી બેંકોને મધ્યસ્થ બેંક પાસેથી ધિરાણ લેવા માટે ઊંચો દર આપવો પડે છે. આથી બેંકો પોતાનો વ્યાજનો દર વધારે છે. વ્યાજનો દર વધવાથી ઉત્પાદકો, નિયોજકો અને વેપારીઓ તરફથી ધિરાણ માટેની માંગ ઘટી જાય છે. બિનજરૂરી મૂડીરોકાણ બંધ થાય છે અને જુની લોનો પાછી આવે છે. બેંકોની શાખ સર્જનની શક્તિ પણ ઘટતી હોય છે. આમ શાખી નાણાંના પરિમાણમાં ઘટાડો થાય છે. આ રીતે બેંકદરમાં વધારો કરીને મધ્યસ્થ બેંક પરિસ્થિતિને કાબુમાં લેવાના પ્રયત્નો કરે છે.*

*આથી વિપરીત પરિસ્થિતિમાં જ્યારે અર્થતંત્રમાં તીવ્ર ભાવ ઘટાડો થઈ રહ્યો હોય ત્યારે ઉત્પાદન રોજગારી અને નફાનું પ્રમાણ સતત નીચે જઈ રહ્યું હોય અને ચારે બાજુ નિરાશાનું વાતાવરણ પ્રવૃત્ત હોય ત્યારે મૂડીરોકાણ અને ઉત્પાદન પ્રવૃત્તિને ઉત્તેજન આપવાના હેતુથી મધ્યસ્થ બેંક દરમાં ઘટાડો કરે છે. બેંકદર ઘટવાથી વેપારી બેંકો ઓછા વ્યાજના દરે મધ્યસ્થ બેંક પાસેથી ધિરાણ મેળવી શકે છે આથી વેપારી બેંકો પણ તેમનો વ્યાજનો દર ઘટાડે છે. આમ થવાથી ઉત્પાદકો અને યોજકને સસ્તા દરે નાણાં પ્રાપ્ત થવાથી ઉત્પાદન પ્રવૃત્તિને વેગ મળવાની સંભાવના વ્યક્ત કરવામાં આવે છે. બેંકદરમાં ઘટાડો કરીને મધ્યધ્યસ્થ બેંક અર્થતંત્રમાં નવી શક્તિનો સંચાર કરી શકે છે. બેંકદરમાં થતા ફેરફારોની વસ્તુના ભાવો અને ઉત્પાદન પરની અસરો અંગે બે જુદી જુદી વિચારસરણીઓ જોવા મળે છે.*

**પ્રો. આર.જી.હોટ્રેની વિચારસરણીમુજબ :-** *બેંકદરની અસર ટૂંકા ગાળાની મૂડી અથવા ચાલુ મૂડીની માંગ પર પડે છે. જથ્થાબંધ અને છૂટક વેપારીઓ સામાન્ય રીતે ટૂંકા ગાળાનું ધિરાણ મેળવીને વસ્તુઓનો સંગ્રહ કરતા હોય છે. ટૂંકા ગાળાના વ્યાજ દરમાં થતા ફેરફારોને લીધે સંગ્રહવૃત્તિમાં પરિવર્તન આવે છે. જેના પરિણામે ભાવો અને ઉત્પાદનમાં ફેરફાર થાય છે. જો ટૂંકા ગાળાના વ્યાજના દરમાં વધારો થાય તો ધિરાણ ખર્ચ અને સંગ્રહ ખર્ચ વધવાના લીધે વેપારીઓ ઓછા માલનો સંગ્રહ કરે છે. એટલું જ નહીં પરંતુ ઉત્પાદકો પાસેથી ઓછો માલ ખરીદે છે. ઉત્પાદકોને આ રીતે જ્યારે વેચાણ ઘટી ગયું હોય એવું લાગે છે ત્યારે તેઓ ભાવમાં ઘટાડો કરશે જેથી વેપારીઓ વધુ માલ ખરીદવા પ્રેરાય અથવા ઉત્પાદન ઘટાડશે. ભાવ ઘટાડો કેટલા અંશે કરવામાં આવશે તેનો આધાર ઉત્પાદન ખર્ચના સ્વરૂપ પર રહેલો છે. ઉત્પાદનમાં ઘટાડો થવાથી અમુક સાધનો છૂટા થશે, પરિણામે તેમની નાણાકીય આવક ઘટશે. આમ થવાથી છૂટક વેપારીઓનું વેચાણ ઘટે છે અને ઉત્પાદન, રોજગારી, આવક અને ભાવમાં ફરીથી ઘટાડો થાય છે અને અર્થકારણ મંદીના વિષચક્રમાં ઘેરાઈ જાય છે.*

*ટૂંકાગાળાના વ્યાજના દરમાં ઘટાડો થાય તો વસ્તુઓનો સંગ્રહ ખર્ચ ઘટે છે પરિણામે જથ્થાબંધ અને છૂટક વેપારીઓ વધુ માલ ખરીદે છે ઉત્પાદકો વધુ ઓર્ડરો મળવાથી ઉત્પાદન પ્રમાણ વધારતા હોય છે જેના લીધે નાણાકીય આવક વધતા છૂટક વેપારીઓનું વેચાણ વધે છે અને તે ઉત્પાદકો પાસેથી ફરીથી વધારે માલની ખરીદી કરે છે. આમ ઉત્પાદન, રોજગારી, આવક અને ચીજવસ્તુઓના ભાવોમાં વધારો થાય છે અને અંતે અર્થતંત્રમાં તેજીનું વાતાવરણ સર્જાય છે.*

**પ્રો. કેઈન્સની વિચારસરણી** *મુજબ:- બેંકદરની અસર લાંબા ગાળાની મૂડી અથવા સ્થાયી મૂડીની માંગ પર થાય છે. ટૂંકાગાળાના વ્યાજના દરોમાં આવતા ફેરફારો લાંબા ગાળાના વ્યાજના દરો પર અસર કરતા*

*હોય છે.દા. ત. ટૂંકાગાળાના દરમાં વધારો થાય અને લાંબાગાળાના દર સ્થિર રહે તો રોકાણ કરનારાઓ માટે ટૂંકાગાળાની જામીનગીરીઓનું આકર્ષણ વધે છે. આથી વ્યક્તિઓ અને પેઢીઓ એમની લાંબાગાળાની જામીનગીરીઓ વેચી ટૂંકાગાળાની જામીનગીરીઓ ખરીદે છે, પરિણામે લાંબા ગાળાની જામીનગીરીઓની કિંમતમાં ઘટાડો થાય છે. આ જામીનગીરીઓની કિંમતમાં ઘટાડો થતાં તેના મૂડી રોકાણ પરની આવકમાં વધારોથાય છે અને લાંબા ગાળાનો વ્યાજનો દર પણ વધવા પામે છે. આમ બેંકદરમાં વધારો થાય છે અને છેવટે લાંબાગાળાનો વ્યાજનો દર પણ વધે છે.*

*લાંબા ગાળાના વ્યાજના દરમાં વધારો થવાથી મૂડી રોકાણ પર તેની માઠી અસર પડતી હોય છે. કારણ કે સામાન્ય રીતે મૂડીરોકાણનું પ્રમાણ બે પરિબળો પર આધાર રાખે છે. એક મૂડીની સીમાંત કાર્યક્ષમતા અને બીજું વ્યાજનો દર મૂડીની સીમાંત કાર્યક્ષમતામાં કોઈ પ્રકારનો ફેરફાર થાય, નહીં તો લાંબા ગાળાના વ્યાજના દરમાં વધારો થતાં મૂડીરોકાણનું પ્રમાણ ઘટે છે, જેને લીધે ઉત્પાદન, રોજગારી અને ભાવોમાં પણ ઘટાડો થાય છે. બીજી તરફ લાંબાગાળાના વ્યાજના દરમાં ઘટાડો થાય તો આનાથી વિપરીત અસરો થાય છે. આમ કેઈન્સની વિચારસરણી મુજબ બેંકદર દ્વારા થતા લાંબા ગાળાના વ્યાજના દરમાં થતા ફેરફારો ઉત્પાદન અને ભાવોમાં પરિવર્તન લાવતા હોય છે.*

*આમ બંનેની વિચારસરણી વચ્ચે મૂળભૂત તફાવત રહેલો છે, તે માત્ર દ્રષ્ટિભેદનો જ છે. પ્રો.હોટ્રે ટૂંકા ગાળાના વ્યાજના દર તથા મૂડીની માંગ પર વધારે પડતો ભાર મૂકે છે. જ્યારે કેઈન્સ લાંબા ગાળાના વ્યાજના દર અને સ્થિર મૂડીની માંગને વધુ મહત્ત્વ આપે છે. આમ બંને વિચારધારાઓ એક જ હકીકતને જુદા જુદા દ્રષ્ટિકોણથી જુએ છે. આથી બંનેવિચારસરણીઓ એકબીજાને પૂરક તરીકે ગણવી વધારે યોગ્ય ગણાશે.*

**3 રેપોરેટ (Repo Rete) RR :-**

*રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા વેપારી બેંકોને ટૂંકા ગાળા માટે જે વ્યાજના દરે લોન આપે તે દરને રેપોરેટ તરીકે ઓળખવામાં આવે છે. આ દરમાં ઘટાડો થાય તો વેપારી બેંકોને ફાયદો થાય છે. કારણ કે વ્યાપારી બેંકોએ મધ્યસ્થ બેંકને ઓછું વ્યાજ ચૂકવવું પડે છે. જો આ દર વધે તો વ્યાપારી બેંકોએ મધ્યસ્થ બેંકને વ્યાજનો ઉંચો દર ચૂકવવો પડે છે. રેપોરેટ 6,જૂન 2024ના સમયગાળા દરમિયાન માટે 5.50ટકા નક્કી કરવામાં આવ્યો છે. મધ્યસ્થ બેંક દેશની આર્થિક નીતિની સંદર્ભમાં ત્રણ મહિને નાણાકીય નીતિની સમીક્ષા કરીને તેમાં ફેરફારો કરતી હોય છે. આ નીતિ દ્વારા મધ્યસ્થ બેંક મૂડી રોકાણને યોગ્ય દિશામાં લઈ જવાનો પ્રયાસ કરે છે.*

**4 રીવર્સ રેપોરેટ - (Reverse Rape Rete)- (RRR) :-**

*મધ્યસ્થ બેંક વ્યાપારી બેંકો પાસેથી ટૂંકા ગાળા માટે જે વ્યાજના દરે લોન મેળવે તે દરને રિવર્સ રેપોરેટ તરીકે ઓળખવામાં આવે છે. રિવર્સ રેપોરેટ 5 ,જન, 2024ના સમયગાળામાં માટે 3.35ટકા જેટલો રાખવામાં આવ્યો છે. બેંક રોકડતા અનુકૂલન સગવડતાના આધારે આ દરોમાં ફેરફારો કરતી હોય છે. રિવર્સ રેપોરેટમાં રિઝર્વબેંક ઓફ ઈન્ડિયા ને ઓછા દરે લોન પ્રાપ્ત થાય છે, જેના કારણે તેમને ફાયદો થાય છે. જ્યારે વ્યાપારી બેંકો ઓછા વ્યાજના દરે લોન આપતી હોવાથી તેમને નુકસાન જાય છે.*

*આમ બેંકદર વેપારી બેંકોને જ્યારે લાંબાગાળા માટેની લોન આપવાની થાય છે, ત્યારે તેના ઉપર તે વ્યાજનો દર વસૂલ કરવામાં આવે છે પરંતુ જ્યારે મધ્યસ્થ બેંક અને વ્યાપારી બેંકને ટૂંકા ગાળા*

*માટે નાણાની જરૂરિયાત ઊભી થાય ત્યારે રેપોરેટ અને રિવર્સ રેપોરેટની સગવડતા આપીને નાણાકીય માંગને સંતોષવામાં આવે છે.*

**(5) રોકડ અનામત પ્રમાણમાં ફેરફાર કરવાની નીતિ (Policy To Change The Cash Reserve Ratio)(CRR):-**

*નાણાકીય નીતિનું પરિમાણાત્મક શાખ નિયંત્રણનુ બીજું સાધન રોકડ અનામત પ્રમાણમાં ફેરફાર કરવાની નીતિ છે. રોકડ અનામત પ્રમાણ એટલે બેંકો પાસેની કુલ થાપણના અમુક હિસ્સો રિઝર્વબેંકમાં રોકડ સ્વરૂપમાં જમા રાખવાનો દર5 જૂન 2024માં રોકડ અનામતનું પ્રમાણ 4.50જેટલું રાખવામાં આવ્યું હતું. આજે વિશ્વના બધા જ દેશોમાં વેપારી બેંકો તેમની થાપણોના અમુક ટકા રોકડ અનામત તરીકે દેશની મધ્યસ્થ બેંક પાસે રાખતી હોય છે અને આ પ્રમાણ કાયદા દ્વારા નિશ્ચિત થયેલું હોય છે. મધ્યસ્થ બેંકને અનામતના આ પ્રમાણમાં ફેરફાર કરવાની સત્તા આપવામાં આવી છે અને તેના આ સાધન દ્વારા તે શાખ નું નિયમન કરે છે.*

*રોકડ અનામતના પ્રમાણમાં ફેરફાર કરવાથી વેપારી બેંકોની શાખસર્જન કરવાની શક્તિ પર અસર પડે છે. દા. ત. વેપારી બેંકોએ ઉદાર ધિરાણ નીતિ અપનાવી હોય અને તેને પરિણામે અર્થતંત્રમાં સટ્ટાલક્ષી અને બિનજરૂરી મૂડીરોકાણ વધી ગયું હોય ત્યારે મધ્યસ્થ બેંક રોકડ અનામતનું પ્રમાણ વધારવાના આદેશ આપે છે. રોકડ અનામતનુંપ્રમાણ પહેલા જો પાંચ ટકા (5%)હોય તો તેમાં વધારો કરીને ધારો કે દસ ટકા (10%)કરી નાખવામાં આવે છે. તો તેમણે બમણી રકમ રોકડ અનામત તરીકે જમા કરાવી પડશે. આથી બેંકોની રોકડ અનામતોમાં ઘટાડો થતાં તેમની શાખસર્જન કરવાની શક્તિ ઘટી જાય છે. બેંકો પાસે રોકડ નાણું એ તેમનો શાખ સર્જન માટે ગુણક અવયવ છે. એના પર સીધું આક્રમણ થવાથી વેપારી બેંકોની સહાય બની જાય છે અને મધ્યસ્થ બેંકની નીતિને તેમણે અનુસરવું પડે છે. આનાથી વિરુદ્ધ વેપારી બેંકો જો કડક ધિરાણ નીતિ અપનાવતી હોય તો રોકડ અનામતના પ્રમાણમાં ઘટાડો કરીને શાખનું વિસ્તરણ કરવા તેમને પ્રોત્સાહિત કરવામાં આવે છે. રોકડ અનામતના પ્રમાણમાં ફેરફાર કરવાની નીતિ બેંકદરમાં ફેરફાર કરવાની નીતિ અથવા ખુલ્લા બજારમાં જામીનગીરીના વેચાણ કરવાનીની નીતિ કરતા વધુ કડક અને તાત્કાલિક પ્રભાવ પાડનારી નીતિ છે. શાખ નિયંત્રણની નીતિ સૌપ્રથમ અમેરિકામાં 1933માં દાખલ કરવામાં આવી હતી. આ પછી મેક્સિકો, સ્વીડન, ઓસ્ટ્રેલિયા, બર્મા, જર્મની, ભારત, શ્રીલંકા, કેનેડા વગેરે દેશોમાં પણ મધ્યસ્થ બેંકોને રોકડ અનામતના પ્રમાણમાં ફેરફાર કરવાની સત્તા આપતા કાયદાઓ પસાર કરવામાં આવ્યા અને આજે શાખનું નિયંત્રણ કરવા માટે આ એક અસરકારક શસ્ત્ર ગણવામાં આવે છે. આ ઉપરાંત રિઝર્વ બેંક ઇન્ડિયા કાયદા માન્ય નાણાપ્રવાહીતામાં ફેરફાર (SLR)અને માર્જીનલ સ્ટેન્ડિંગ ફેસીલીટી (MSF)ના સાધનોનો ઉપયોગ કરીને રોકડ અનામત ના પ્રમાણમા ફેરફાર કરી શકે છે જે બે પ્રકારે કરી શકાય.*

**(6) વૈધાનિક અનામત ગુણોત્તર (Statutory Reserve Ratio) (SLR):**

*બેંક દ્વારા થતા કુલ રોકાણોના અમુક ટકા રકમ સરકારી જામીનગીરીઓમાં ફરજિયાત રોકવી પડે છે. તેને કાયદા માન્ય નાણાની પ્રવાહીતા તરીકે ઓળખવામાં આવે છે. હાલમાં રિઝર્વબેંક દ્વારા તાજેતરના વર્ષોમાં તેના પ્રમાણમાં સતત ફેરફારો કરવામાં આવ્યા છે અને તેના દ્વારા નાણાની પ્રવાહીતા જાળવવાના અસરકારક સાધન તરીકે તેનો ઉપયોગ થયો છે. હાલમાં 5,જૂન 2024ના ગાળા દરમિયાન કાયદા માન્ય નાણાની પ્રવાહીતાનો દર 18%જેટલો રાખવામાં આવ્યો છે.વૈધાનિક અનામત ગુણોત્તરની*

*અસર જ્યારે કેન્દ્રીય બેંકો SLRઆવશ્યકતાઓને સમાયોજિત કરે છે. ત્યારે તે બેંકો માટેના ભંડોળના ખર્ચને અસર કરી શકે છે. જો SLRઘટાડવામાં આવે, તો બેંકો પાસે ધિરાણ માટે વધુ ભંડોળ ઉપલબ્ધ હોઈ શકે છે, જે સંભવિતપણે હોમ લોન સહિતની લોન પરના વ્યાજ દરોમાં ઘટાડો તરફ દોરી જશે.*

- **માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી (Marginal Standing Facility Rate) (MSF):-**

*માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટ એ વ્યાજ દર છે કે જેના પર ભારતીય રિઝર્વ બેંક તરલતાની તીવ્ર અછતનોસામનો કરી રહેલી અનુસૂચિત વ્યાપારી બેંકોને નાણાપ્રદાન કરે છે. આ દર રેપોરેટથી અલગ છે અને બેંકો વિશિષ્ટ MSF દર ચૂકવીને આરબીઆઈ પાસેથી રાતોરાત ભંડોળ મેળવી શકે છે. ભારતીય અર્થતંત્રમાં સ્થિરતા જાળવવા માટે આરબીઆઈ ઋણ દર અને MST હેઠળ ઋણ લેવાના ટકામાં ફેરફાર કરી શકે છે. વ્યાપારી બેંકોને ભંડોળની સખત જરૂર હોય છે, ત્યારે તેઓ RBIને LAFઅથવા લિક્વિડિટી એડજસ્ટમેન્ટ સુવિધા હેઠળ રેપોરેટની તુલનામાં ઊંચા દરે ભંડોળ પૂરું પાડવાનું વચન આપે છે. સામાન્ય રીતે, MSF દર રેપો રેટ કરતા 0.25%અથવા 25 બેસિસ પોઈન્ટ વધુ હોય છે. જે દર અત્યારે 6.75%છે જ્યારે બેંક દર 6.50ટકા આ સુવિધાનો ઉપયોગ કરીને, RBIહેઠળની તમામ અનુસૂચિત બેંકો તેમની NDTL (ચોખ્ખી માંગ અને સમયની જવાબદારીઓ) અથવા SLR સિક્યોરિટીઝના 1% સુધીની કટોકટીની પરિસ્થિતિઓમાં નાણા મેળવી શકે છે. આ વિશેષ સુવિધા બેંકો દ્વારા કટોકટીની પરિસ્થિતિઓમાં જ ગીરવે મૂકી શકાય છે. જ્યારે આંતર-બેંક પ્રવાહિતા સંપૂર્ણપણે સ્થિર થઈ જાય છે. તાજેતરમાં સસ્તા ધિરાણની અપેક્ષાએ મધ્યસ્થ બેંક બેકિંગ પદ્ધતિમાં નાણાની પ્રવાહીતા વધારવા તેનો ઉપયોગ કરે છે.*

**8. ખુલ્લા બજારમાં જામીનગીરીઓનું વેચાણ (Sale of Securities In The Open Market):-**

*મધ્યસ્થ બેંક નાણાકીય નીતિના શાખ નિયંત્રણ ત્રીજા સાધન તરીકે ખુલ્લા બજારમાં જામીનગીરીઓનીખરીદી કે વેચાણ કરીને નાણા બજારનું નિયમન કરે છે. બોન્ડ ખરીદનાર અને રોકાણકાર વચ્ચેનો કરાર છે. ખરીદનાર ચોક્કસ રકમની લોન મેળવે છે અને પાકતી તારીખે તેનેછુટી કરવાનું વચન આપે છે તેને બોન્ડતરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે નિશ્ચિત દર સાથે બહાર પાડવામાં આવે છે અને બોન્ડધારકોનેવ્યાજની ગણતરી કરીને તેની ચુકવણી કરવામાં આવે છે. ખુલ્લા બજારમાં જામીનગીરીનું વેચાણ કરવામાં આવેતો શાખનું સંકોચન થાય છે અને જામીનગીરીની ખરીદી કરવાથી શાખનું પ્રમાણ વધે છે. અર્થતંત્રમાં ફુગાવાની પરિસ્થિતિ ઉભી થઈ હોય ત્યારે વેપારી બેંક તરફ શાખનું પ્રમાણ ખૂબ વધારી દેવામાં આવે તો બેંક દરમાં વધારો કરવાથી ધાર્યા પરિણામો ન આવ્યા હોય ત્યારે દેશની મધ્યસ્થ બેંક ખુલ્લા બજારની નીતિની જાહેરાત કરે છે. જામીનગીરીઓ ખરીદનાર વ્યક્તિઓ કે સંસ્થાઓ મધ્યસ્થ બેંકને નાણા ચુકવે છે, ત્યારે તેટલા અંશે વેપારી બેંકની રોકડ અનામતમાં ઘટાડો થાય છે. આથી તેમની શાખ સર્જન કરવાની શક્તિ ઘટતા શાખી નાણાનું વિસ્તરણ થતા અટકે છે.*

*નાણા બજારમાં નિયંત્રણ કરવા માટે બેંક દર નીતિ કરતા ખુલ્લા બજારની નીતિ વધુ અસરકારક પુરવાર થઈ શકે છે. કારણ કે ખુલ્લા બજારની નીતિ હેઠળ વ્યાપારી બેંકની રોકડ અનામતોના પ્રમાણમાં ફેરફાર લાવવા માટેની સત્તા મધ્યસ્થ બેંક પાસે હોય છે. ખુલ્લા બજાર નીતિમાં બેંકની રોકડ અનામતો પર સીધી અસર થતી હોય છે અને તે દ્વારા શાખ પર નિયંત્રણ લાવી શકાય ખુલ્લા બજારની નીતિ વેપારી બેંકની રોકડ અનામતો ઉપર પ્રત્યક્ષ રીતે અસર પહોંચાડતા હોવાથી તે વધારે ક્રિયાશીલ અને સફળ સાબિત થાય છે. ખુલ્લા બજાર ખૂબ જ નાના પાયા પર ઉપયોગ કરીને તેને વધારે અસરકારક બનાવી*

*શકાય, કારણકે તેમની કોઈ સમય મર્યાદા હોતી નથી. ખુલ્લા બજારની નીતિનો ઉપયોગ બેંક દરના વિકલ્પ તરીકે કરવામાં આવતો નથી. પરંતુ બેંક દર નીતિને વધારે અસરકારક બનાવવા તેના પૂરક અથવા સહાયક નીતિ તરીકે ઉપયોગી થાય છે. બેંક દરની નીતિ ટૂંકા ગાળાના વ્યાજના દર પર પ્રત્યક્ષ અસર પહોંચાડે છે.જ્યારે ખુલ્લા બજાર નીતિ લાંબાગાળાના વ્યાજના દર પર પ્રત્યક્ષ અસર કરે છે.આમ બંને નીતિને એકબીજાની પૂરક તરીકે ગણવી વધુ યોગ્ય લેખાશે.*

*આમ રિઝર્વ બેંકના નાણાકીય નીતિના શાખ નિયંત્રણના પરિમાણાત્મક સાધનો વેપારી બેંકના શાખા આપવાની નીતિ ઉપર સીધી અસર કરે છે. પરંતુ જ્યારે પરિમાણાત્મક સાધનો નિષ્ફળ જાય ત્યારે રિઝર્વબેંક ઓફ ઈન્ડિયા નાણાકીય નીતિના ગુણાત્મક શાખ નિયંત્રણના સાધનોનો ઉપયોગ કરીને શાખનું નિયંત્રણ કરવાનો પરપ્રયત્ન કરતી હોય છે.*

**14.4.2(બ) ગુણાત્મક શાખ નિયંત્રણના પગલાં (સાધનો) (Qualitative credit control tools):-**

*પરિમાણાત્મક શાક નિયંત્રણના સાધનો શાખનાકુલ પ્રમાણને નિયંત્રિત કરવા માટે ઉપયોગમાં લેવાય છે. પરંતુ આ સાધનની મર્યાદા એ છે કે અર્થતંત્રના પ્રત્યેક વિભાગને તે એકસરખી રીતે અસર કરતા હોય છે. આથી ધિરાણની બાબતમાં જરૂરી વિવેક કે સાવચેતી રાખી શકાતી નથી. રિઝર્વબેંક ઓફ ઈન્ડિયા બેંક દરમાં વધારો કરે તો સટ્ટાકીય હેતુ અને બિનજરૂરી મૂડી રોકાણ માટે લેવામાં આવતી લોન તેમજ ઉત્પાદનની વાસ્તવિક યોજનાઓ માટે લેવામાં આવતી લોન, આમ બધા જ પ્રકારની લોનનો પર વ્યાજનો દર એકસરખી રીતે વધે છે. તેથી ચીજ વસ્તુઓના ભાવોમાં વધારો થાય છે. જ્યારે બેંકનો હેતુ માત્ર સટ્ટાલક્ષી અને બિનજરૂરી રોકાણને અટકાવવાનો હોય છે. આ માટે ઉત્પાદનની વાસ્તવિક યોજનાઓને પ્રોત્સાહન અને પોષણ આપીને ફુગાવાની પરિસ્થિતિને અંકુશમાં લાવી શકાય. આધુનિક સમયમાં રિઝર્વ બેંકની નાણાકીય નીતિને, ગુણાત્મક શાખનિયંત્રણના પગલાંને વિશેષ મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે. આ પગલાની વિશિષ્ટતા એ છે કે મધ્યસ્થ બેંક આ સાધનો યોજના પૂર્વક ઉપયોગ કરી શાખના પ્રમાણમાં નિયમન કરી શકે.આ પગલાં તાત્કાલિક અસર કરે છે, જ્યારે સામાન્ય શાખ નિયંત્રણના પગલાની અસર ઓછી થતી હોય ત્યારે આ પગલાંઓ ઉપયોગી પુરવાર થાય છે, ગુણાત્મક શાખ નિયંત્રણના સાધનોમાં નીચેના પગલાંઓનો સમાવેશ થાય છે.*

**1. સીધા પગલાં (Direct Steps)**

*વેપારી બેંકો જ્યારે રિઝર્વ બેંકની નાણાકીય નીતિથી વિપરીત રીતે કાર્ય કરતી હોય તો આવી બેંકો સામે મધ્યસ્થ બેંક સીધા પગલાં ભરતી હોય છે. આવા સમયે મધ્યસ્થ બેંક વ્યાપારી બેંકોને ફેર વટાવ આપવાની સગવડનો ઈનકાર કરી શકે છે. આ ઉપરાંત બેંક દ્વારા આપેલી સગવડો પાછી ખેંચી લેવામાં આવે છે. રિઝર્વ બેંક વેપારી બેંકો પાસેથી શિક્ષાત્મક દર વસૂલ કરી શકે છે. વેપારી બેંકને નવું ધિરાણ અથવા નવી લોનો આપવાની બંધ કરે છે.*

**2. શાખની માપબંધી (Limitation of Credit):-**

*શાખની માપબંધી એટલે શાખ માટેની માંગણીઓને ધ્યાનમાં લઈ મધ્યસ્થ બેંક દ્વારા થતી શાખની ફાળવણી દરેક વેપારી બેંકને કેટલી સગવડો મળશે કે તેનો આધાર રિઝર્વ બેંકની નાણાકીય નીતિ પર રહેલો છે. આ પદ્ધતિમાં બેંક તરફથી પ્રાપ્ત થતી ફેર વટાવની સગવડ ટૂંકા ગાળાના વિનિમય પત્રો પૂરતી જ મર્યાદિત રાખવામાં આવે છે. કોઈ એક બેંકને આપવામાં આવતી ફેર વટાવ સગવડની મહત્તમ ટોચ મર્યાદા નક્કી કરવામાં આવતી હોય છે. યુદ્ધોતર સમય દરમિયાન જે દેશોમાં નાણાકીય કટોકટી*

*ઉભી થઈ હોય ત્યાં આ સાધનનો વ્યાપક ઉપયોગ કરવામાં આવ્યો હતો. દા. ત. શાખની માપબંધી જર્મનીમાં 1924, 1929અને 1931માં કરવામાં આવી હતી. રશિયાની નાણાકીય નીતિમાં તેને એક અસરકારક સાધન ગણવામાં આવ્યું છે. 1936માં બેંક ઓફ મેક્સિકોએ અને 1948મા બેંક ઓફ ફ્રાન્સે આ નીતિનો સફળતાપૂર્વક ઉપયોગ કર્યો હતો. જો દેશમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાનું હોય તેમના માટે શાખનું સર્જન કરવું એવો આદેશ વેપારી બેંકને મધ્યસ્થ બેંક દ્વારા આપવામાં આવે છે.*

**3. નૈતિક દબાણ અને સમજાવટ (Moral Pressure OR Persuasion):-**

*રિઝર્વ બેંક વેપારી બેંકો માટે યોગ્ય પ્રકારની નાણાકીય નીતિ તૈયાર કરીને તેમને સલાહ અને માર્ગદર્શન આપે છે. વેપારી બેંકો જ્યારે રિઝર્વ બેંકની નાણાકીય નીતિનો પૂરતો અમલ કરતી નથી ત્યારે તેમને મુશ્કેલીના સમયમાં સમજાવવા માટેના પ્રયત્નો કરે છે દેશના નાણા બજારમાં બેંકોનો વિશિષ્ટ મોભો અને પ્રતિભા જળવાઈ રહે તે માટેના પ્રયત્નો કરવામાં આવે છે. વેપારી બેંકોનું અન્ય બેંકો સાથે મુશ્કેલી ન સર્જાય તે માટે સમજાવટની પ્રક્રિયા બેંક કરે છે, જો નાણાકીય નીતિના પગલાંઓનો અસરકારક અમલ કોઈ બેંકો ન કરે તો તેમના ઉપર જરૂરી કડક પગલાં લેવાની સત્તા રિઝર્વબેંક પાસે છે. રિઝર્વ બેંક વેપારી બેંકોના પ્રશ્નોને નૈતિક સમજાવટના પગલા દ્વારા નિવારવાનો પ્રયત્ન કરે છે. દરેક બેંકો વચ્ચે સહકારની ભાવના જળવાઈ રહે અને આ નીતિનો ઉપયોગ બેંક સાથે પ્રત્યક્ષ સંબંધ ન હોય તેવી નાણાકીય સંસ્થાઓને બાબતમાં પણ તેનો ઉપયોગ થઈ શકે છે. વહીવટી નીતિ વહીવટી દ્રષ્ટિએ સરળ હોવા ઉપરાંત સૌથી વધારે પરિવર્તનશીલ હોય તેવા સાધનો ઉપયોગ થવો જોઈએ. ઈંગ્લેન્ડ, ફ્રાંસ, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ વગેરે દેશોમાં મધ્યસ્થ બેંકના પગલાનો સફળપૂર્વક ઉપયોગ થયો છે. અમેરિકા જેવા દેશોને મહદઅંશે તેને આ સફળતા મળી નથી.*

**4. આદેશો દ્વારા શાખનું નિયંત્રણ (Control of Credit Through Mandates)**

*રિઝર્વબેંક  નાણાકી નીતિ તૈયાર કરે ત્યારે વ્યાપારી બેંકોને ચોક્કસ પ્રમાણમાં ધિરાણ અંગેના આદેશો અને સૂચનો આપતી હોઈ છે. વેપારી બેંકો મધ્યસ્થ બેંકના આદેશો અનુસાર લોનને અંકુશિત કરવાના પ્રયત્નો કરે છે, તે માટેના વિવિધ આદેશો મધ્યસ્થ બેંક આપતી હોય છે. મધ્યસ્થ બેંક કથા હેતુસર ધિરાણ આપી શકાય અને કયા હેતુ માટે ધિરાણ ન આપી શકાય તે નક્કી કરે છે. તેમજ ધિરાણ આપતી વખતે તેની સામે માર્જિન કેટલો રાખવો. આ ઉપરાંત ધિરાણ આપતી વખતે કોઈ એક કંપની કે પેઢી અથવા વ્યક્તિ અથવા વ્યક્તિઓના સંગઠનને વધુમાં વધુ કેટલું ધિરાણ આપી શકાય તે નક્કી કરે છે. મધ્યસ્થ બેંક ધિરાણ કરતી વખતે વેપારી બેંકોએ કેટલો વ્યાજનો દર રાખવો તે અંગેની કઈ શરતો લાદવી વગેરે નક્કી કરે છે.*

**5. ઋણનીતિમાં ફેરફાર (Changes in Debt Policy) :**

*રિઝર્વ બેંકની નાણાકીય નીતિમાં સટ્ટાકીય હેતુ માટે થતા ધિરાણને નિયંત્રણ કરવા આ સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. કુલ થાપણની કેટલી રકમ વેપારી બેંકો ધિરાણ કરી શકે તે નક્કી કરીને શાખ પર નિયંત્રણ મૂકવામાં આવે છે. શાખ સામે તારણમાં મૂકવામાં આવેલી અશક્યામતો અથવા જામીનગીરીઓની કિંમત અને ધિરાણ અથવા લોન લેવાની રકમ વચ્ચેનો તફાવત નક્કી કરવામાં આવે છે. આ નીતિનો સૌ પ્રથમ ઉપયોગ 1934માં અમેરિકામાં થયો હતો.*

**6. ઉપભોક્તાઓનું શોખ નિયંત્રણ (Credit Control of Consumers) :**

*ગુણાત્મક શાખ નિયંત્રણના આ સાધનનો ઉપયોગ રિઝર્વબેંક નાણાકીય નીતિના એક સાધન તરીકે ભાવ વધારાને કે ફુગાવાને નિયંત્રિત કરવાનો છે. ઉપભોક્તાઓ ટકાઉ વપરાશી વસ્તુઓની ખરીદી માટે ધિરાણની માંગ કરવામાં આવે છે, ત્યારે તેને નિયંત્રણમાં રાખવા માટે આ સાધનનો ઉપયોગ થાય છે. અમેરિકામાં બીજા વિશ્વયુદ્ધ દરમિયાન આ નીતિનો ઉપયોગ થયો હતો. આ સમયે રેડિયો, ટેલિવિઝન ,રેફ્રિજરેટર, મોટર કાર, સીવવાના સંચા, વોશિંગ મશીન વગેરે અનેક વસ્તુઓ સામે કરવામાં આવતા ધિરાણનું પ્રમાણ ઘટાડી દેવામાં આવ્યું હતું. અમેરિકા ઉપરાંત ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, ઈંગ્લેન્ડ, બેલ્જિયમ, કેનેડા વગેરે દેશોએ બીજા વિશ્વયુદ્ધ બાદ આ નીતિનો ઉપયોગ કર્યો હતો. ફુગાવાના સમય ઉપરાંત આ નીતિ અર્થકારણમાં થતા ચક્રીય ફેરફાર જેમકે તેજી અને મંદીને અંકુશમાં લેવા માટે પણ સહાયભૂત બને છે. જ્યાં વપરાશી વસ્તુઓની ખરીદી બેંક ધિરાણ દ્વારા થતી હોય ત્યારે ગ્રાહકની શાખ મહત્ત્વનો ભાગ ભજવે છે. આ સંજોગોમાં ફુગાવાને અંકુશમાં રાખવા આ નીતિ વધારે અસરકારક નીવડે છે. આધુનિક અર્થવ્યવસ્થામાં ભારત જેવા દેશમાં આ નીતિ ખૂબ જ ઓછા પ્રમાણમાં ઉપયોગી નીવડી છે.*

**7. પ્રચાર (Propaganda)** :-

*નાણાકીય નીતિના ગુણાત્મક શાખ નિયંત્રણના સાધનો વ્યાપારી બેંકની નાણાકીય પરિસ્થિતિ અને કાર્ય અંગેનો અહેવાલ રિઝર્વબેંક વેપારી બેંક પાસે મેળવતી હોય છે અને તેને વખતો વખત પ્રદર્શિત કરે છે. દા. ત. વ્યાપારી બેંકો પાસે રોકડ અનામતનું પ્રમાણ, વેપારી બેંકોને અશક્યામતો, તેમની જવાબદારીઓ, તેમના કુલ ધિરાણનું પ્રમાણ વગેરે બાબતો બેંક વ્યાપારી બેંકો પાસે મેળવતી હોય છે. તેના આધારે મધ્યસ્થ બેંક દેશની અર્થવ્યસ્થાનું નાણાકીય ચિત્ર રજૂ કરતા માસિક, ત્રિમાસિક અને વાર્ષિક અહેવાલો બહાર પાડે છે. આજના આધુનિક સમયમાં વિકાસમાં રાષ્ટ્રોમાં કેળવણી અને શિક્ષણને અભાવે લોકો બેકિંગ પ્રવૃત્તિ વિશે જાણકાર હોતા નથી ત્યાં શાખ નિયમન માટે તે અસરકારક સાધન તરીકે કાર્ય કરી શકતું નથી.*

**14.3.3શાખ નિયંત્રણ સાધનોની મર્યાદાઓ ( Limitations of Credit Control Tools) :**

**1.નાણા બજાર અને મૂડી બજારનો અભાવ(Lack of money market and capital market ):-**

*વિકાસમાન દેશોમાં નાણા બજાર અને મૂડી બજારનો પૂરતો વિકાસ થયો નથી તેથી બેંકદરની, નીતિ શાખ નિયંત્રણ કરવામાં સફળ નિવડતી નથી. વ્યાપારી બેંકો પોતાની પાસે ન્યૂનતમ કરતાં વધારે રોકડ અનામતો રાખતી હોય ત્યારે આ સાધન અસરકારક સાબિત થતું નથી.*

**2. ફુગાવો કે મંદીને અંકુશિત રાખવામાં નિષ્ફળ(Failure to check inflation or recession) :-**

*મધ્યસ્થ બેંક દ્વારા બેંકદરમાં વધારો થયેલો હોવાથી બજારનો દર ઊંચો જતા સટ્ટાલક્ષી અને બિનજરૂરી મૂડી રોકાણ અટકે છે. પરંતુ વાસ્તવિક ઉત્પાદનની યોજનાઓ માટે ધિરાણ મોંઘુ હોવાથી રાષ્ટ્રીય ઉત્પાદન, રોજગારી અને આવક પર તેની માઠી અસરો પડવાની સંભાવના રહેલી છે. મંદીના સમયમાં બેંકદરની બિનઅસરકારકતા સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. અર્થતંત્રમાં તેજીની સ્થિતિ પ્રવર્તતી હોય તો વેપારી બેંક ઓછી રોકડ અનામતોથી પણ તેમનો શાખનો વ્યવહાર ચાલુ રાખતી હોય છે.*

**3.રોકડ અનામતનું વધારે પ્રમાણ (Higher proportion of cash reserves) :**

*પરિમાણાત્મક શાખ નિયંત્રણન, સાધનોમાં બેંકદરનું મહત્ત્વ હોવા છતાં બેંકદરમાં થતા ફેરફારો વેપારી બેંકના વ્યાજદરમાં ફેરફારો કરશે તેવું ચોક્કસ કહી શકાય નહીં. દા.ત. શાખી નાણાના પ્રમાણમાં ઘટાડો કરવા બેંકદરમાં વધારો કરે છે. પરંતુ વ્યાપારી બેંક પોતાની પાસે તેમને કાયદા હેઠળ રાખવાની ન્યૂનતમ રોકડ અનામત તો કરતાં વધુ પ્રમાણમાં રોકડ અનામતો ધરાવતી હોય તો તેમના માટે વ્યાજદરમાં વધારો કરવો આવશ્યક રહેતો નથી. વધારાની રોકડ અનામતને આધારે તે શાખસર્જન કરી શકે છે. વિકાસમાન રાષ્ટ્રોમાં જ્યાં પ્રથમ પંક્તિના વિનિમયપત્રનો અભાવ હોય ત્યાં આ વિશેષ બને છે.*

**4. નાણાકીય અને રાજકોષીય નીતિ વચ્ચે સંકલનનો અભાવ**

**(Lack of coordination betweenmonetary and fiscal policy):**

*અર્થતંત્રમાં રાજકોષીય નીતિનું ઘડતર સરકાર કરતી હોય છે, જ્યારે નાણાકીય નીતિ દેશની મધ્યસ્થ બેંક તૈયાર કરે છે. નાણાકીય નીતિનો અમલ કરાવવાની જવાબદારી મધ્યસ્થ બેંકની છે. રાજકોષીય નીતિનો અમલ સરકાર દ્વારા કરવામાં આવતો હોવાથી સરકાર અપ્રિય બનતી હોય છે એટલે સરકાર નાણાંકીય નીતિના અમલ દ્વારા શાખનું નિયંત્રણ કરવાનો વધુ પ્રયત્ન કરતી હોય છે. આમ બંને નીતિઓ વચ્ચે સંકલન કરવું મુશ્કેલ છે.*

**5. નફાનું પ્રમાણ (Proportion of profit):-**

*આર્થિક મંદીના સમયમાં જ્યારે નફાની શક્યતા દેખાતી ન હોય ત્યારે વ્યાજના દરોમાં ગમે તેટલો ઘટાડો કરવામાં આવે પરંતુ નિયોજકોને ધિરાણ લેવા પ્રોત્સાહિત કરી શકાતાનથી, ત્યારે રિઝર્વ બેંકનીખુલ્લા બજાર નીતિ નિષ્ફળ પુરવાર થાય છે.*

**6. બિન બેકિંગ નાણાકીય સંસ્થાઓ (Non-Banking Financial Institutions):-**

*ભારતમાં બિન* **બેકિંગ***સંસ્થાઓ જેમકે શાહુકારો અને જમીનદારો નાણાનું ધિરાણ આપવાનું કાર્ય કરતી હોય છે. પરિણામે રિઝર્વબેંક જ્યારે શાખ નિયંત્રણના નાણાકીય સાધનો ઉપયોગ કરે છે, ત્યારે આ સંસ્થાઓ નાણાકીય નીતિને સફળ થવા દેતા નથી અથવા તો તેની અસરો અર્થતંત્ર ઉપર થતી. નથી આ સંસ્થાઓ રિઝર્વબેંકના અંકુશ હેઠળ આવતી ન હોવાથી શાખનું નિયંત્રણ મુશ્કેલ બને છે.*

**7. જામીનગીરીઓનો જથ્થો (Amount of securities):**

*રિઝર્વ બેંક નાણાકીય નીતિના સાધનો સફળતાપૂર્વક ઉપયોગ ત્યારે કરી શકે જ્યારે ખુલ્લા બજારમાં જામીનગીરીઓનું વેચાણ કરવામાં આવે ત્યારે તેની પાસે જામીનગીરીનો પૂરતો પુરવઠો ઉપલબ્ધ હોવો જોઈએ. જો તેમની પાસે જામીનગીરીઓ પૂરતા પ્રમાણમાં ન હોય તો નાણાકીય નીતિના સાધનોનો અસરકારક સાબિત થશે નહીં અથવા રિઝર્વ બેંકની નાણાકીય નીતિ મર્યાદિત પ્રમાણમાં જ જામીનગીરીનું વેચાણ કરી શકશે.*

**8.ધિરાણના વૈકલ્પિક સ્ત્રોતો (Alternative sources of financing):-**

*અર્થતંત્રમાં બિન નોંધાયેલ કે કાળા નાણાનું પ્રમાણ અસ્તિત્ત્વધરાવતું હોય ત્યારે ગુણાત્મક શાખ નિયંત્રણના પગલાંઓ અસરકારક રહેતા નથી. દેશી શરાફો, દેશી બેંકદરો તેમના નાણાનું ધિરાણ ચાલુ રાખે તો તેવા સમયે નાણાકીય નીતિના ગુણાત્મક શાખ નિયંત્રણના સાધનો સફળ થતાં નથી.*

**9.ધિરાણનો બિન ઉત્પાદક ઉપયોગ (Non-productive use of credit):-**

*વેપારી બેંકો દ્વારા જ્યારે ધિરાણ આપવામાં આવે છે ત્યારે કેટલાક ધિરાણ ઉત્પાદક હેતુ માટે ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ ઘણી વખતે ધિરાણ બિન ઉત્પાદક હેતુ માટે ઉપયોગ થતો હોય ત્યારે ઉત્પાદનમાં કોઈ વધારો થતો નથી. જો ધિરાણ બિન ઉત્પાદક હેતુઓ માટે વપરાયું હોય તો નાણાકીય નીતિના સાધનોની અસરકારકતા ઓછી જોવા મળે છે.*

**10. રાજકીય અસ્થિરતા(Political instability):-**

*રાજકીય ક્ષેત્ર પણ રિઝર્વ બેંકની નાણાકીય નીતિને અસર કરે છે.જો કોઈ કારણોસર વેપારી બેંકમાંથી પોતાની ઉપાડ કરે છે અથવા વધી ગયેલ રોકડ અનામતોનો ઉપયોગ વેપારી બેંક રિઝર્વબેંકનું દેવું ચૂકવવા માટે કરે તો શાખના વિસ્તરણ ખુલ્લા બજાર નીતિને ઉપયોગી થશે નહીં.*

**11. પ્રવલંબન (Dependenet) :-**

*વેપારીઓ અને ઉત્પાદકો જો ધિરાણ પરનું તેમનું પ્રવલંબન ઘટાડીને અન્ય સ્ત્રોતો પર આધાર રાખતા થાય તો પણ નાણાકીય નીતિના પગલાંઓ અસરકારક પુરવાર થતા નથી.*

*આમરિઝર્વ બેંકની નાણાકીય નીતિના શાખ નિયંત્રણના પરિમાણાત્મક અને ગુણાત્મક સાધનો ની કેટલીક મર્યાદાઓ હોવા છતાં નાણાકીય નીતિના સંચાલન માટે રિઝર્વબેંક પાસે તે મહત્ત્વના સાધનો છે. આ સાધનોના ઈચ્છિત પરિણામો પ્રાપ્ત કરવા માટે જરૂરી બંને સાધનોનો યોગ્ય સંકલન કરવામાં આવે તો રિઝર્વબેંકને તેમના સારા પરિણામો પ્રાપ્ત થાય છે.*

**14.5 પ્રવર્તમાન નાણાકીય નીતિ (Current Monetary policy):-**

*રિઝર્વબેંક ઓફ ઈન્ડિયા નાણાકીય નીતિ* 5, *જૂન* 2024 *ના રોજ રજૂ કરી હતી. તેમણે રક્ષણાત્મક નીતિ અપનાવતા બિનકાર્યશીલ મૂડી* (NPA)*પર કેટલાક પગલાં સૂચવ્યા હતા. વર્તમાન સમય મધ્યસ્થ બેંકના ગવર્નરે ટૂંકા ગાળાના ધિરાણના દર અથવા રેપોરેટ* 6.50*ટકાના દરે સ્થિર રાખ્યો છે. જ્યારે રિવર્સ રેપો રેટ* 3.35%*બીજી તરફ રોકડ અનામત ગુણોત્તર પ્રમાણ ને* 4.50%*ટકાના દરે યથાવત તેમજ એસએલઆરને* SLR 18%*ના દરે સ્થિર રાખવામાં આવ્યો છે. આ નાણાકીય નીતિ મધ્યસ્થ બેંકના ગવર્નર ઉપરાંત બીજા છ રાભ્યો નક્કી કરે છે. રેપોરેટ યથાવત રાખવા માટે સભ્યોએ વૈશ્વિક ફૂડ ઓઈલ કિંમતમાં થયેલા વધારા અને ડોલરની કિંમતમાં સતત વધારો થતા રૂપિયો નબળો પડવાના કારણો આપ્યા હતા. અર્થતંત્રની કાયાપલટ થાય તો રેટમાં ઘટાડો કરી શકાય. આર્થિક વિકાસના દરને આગળ લઈ જવા માટે આર્થિક સમીક્ષા અંદાજપત્ર અને નાણાકીય નીતિની ધિરાણ નીતિમાં ખૂબ જ ગતિશીલ પ્રયત્ન થયા છે, ધિરાણનીતિમાં હવામાન ખાતાની સામાન્ય ચોમાસાની પરિસ્થિતિને પણ ધ્યાનમાં લેવાય. જો ચોમાસુ સારું જાય તો ખાદ્ય પદાર્થોના ઉત્પાદનમાં વધારો થતા તેની કિંમતમાં ઘટાડો થતાં વસ્તુ અને સેવા વેરા* (G.S.T.)*ના ખાદ્ય પદાર્થોની કિંમતોમાં ઘટાડો થશે. નાણા નીતિમાં સ્પષ્ટતા*

*કરવામાં આવી હતી કે મૂડી બજાર અને શેર બજારમાં વેપાર યુદ્ધની હરીફાઈ પર સીધી અસર થશે તે પ્રત્યે ધ્યાન આપી શકાય. અર્થશાસ્ત્રીઓએ વૈશ્વિક સુધારાની ગતિ જાળવી શકાશે કેમ તે અંગે પ્રશ્નાર્થ પણ કર્યો છે.*

*મધ્યસ્થ બેંકનો અંદાજ છે કે 2024- 25ના વર્ષમાં જીડીપી વૃદ્ધિદર 7.5%અને ફુગાવાનો દર 4.5%જેટલો રહેવાની ધારણા છે. નાણાકીય નીતિની સમીક્ષા બાદ જણાવ્યું કે બીટકોઈન જેવી વર્ચ્યુલ ડિજિટલ કરન્સી લોન્ચ કરવાની શક્યતા વિચારવામાં આવી છે. આ સાથે મધ્યસ્થ બેંકે દેશની તમામ બેંક તથા નિયંત્રિત સંસ્થાઓને કરન્સીમાં ડીલ કરતી વ્યક્તિઓને કે કારોબાર સાથે કોઈ સોદો ન કરવા કે તેમને કોઈ સેવા નહીં આપવા આદેશો આપ્યા છે. નાણાકીય નીતિ દ્વારા દેશની આર્થિક વૃદ્ધિને માપવા માટે ગ્રોસ વેલ્યુ એડેટ પદ્ધતિને દૂર કરીને ફરીથી ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જી.ડી.પી) આધારિત મોડલમાં અર્થતંત્રનું ઉત્પાદક કે પુરવઠા તરફસ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો છે, જેનાથી જીડીપીમાં ગ્રાહકો અથવા માંગ આધારિત સ્થિતિ જાણી શકાય છે.રિઝર્વ બેંકના ગવર્નરે જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય ધોરણો સાથે અનુકૂલન સાધવા માટે આ પદ્ધતિ અપનાવવામાં છે. વર્તમાન બેકિંગ સુધારા પૂરતા નથી પરંતુ બેકિંગક્ષેત્રના વહીવટમાં સુધારો હરીફાઈમાં વધારો અને કોર્પોરેટ બોન્ડ બજારના વિકાસના કારણે બેંક અને ધિરાણના સ્ત્રોતો પર ભારણ ઘટાડશે. આ ઉપરાંત વહીવટમાં સુધારો થતાં લાંબાગાળે તેની કાર્યક્ષમતામાં સુધારો થશે.*

## 14.4સારાંશ (Summary):-

*મધ્યસ્થ બેંક નાણાકીય નીતિ તૈયાર કરે છે. તેની પાછળના હેતુઓ ભાવ વધારાને નિયંત્રણ કરવા, સ્થિરતા સાથે આર્થિક વિકાસ કરવો, નાણા બજાર અને મૂડી બજારનું નિયંત્રણ કરવું વગેરે છે. તે દેશની બધી જ વ્યાપારી બેંકોનું નિરીક્ષણ અને તેમની શાખ કરવાની પ્રવૃત્તિ ઉપર દેખરેખ રાખવાનું કાર્ય કરે છે. આ કેન્દ્રીય બેંક એક એવી બેકિંગવ્યવસ્થા છે જેમને ચલણી નોટો છાપવાનો સંપૂર્ણ ઈજારો આપવામાં આવ્યો છે. રિઝર્વબેંક ઓફ ઈન્ડિયા નાણાકીય નીતિના સાધનો દ્વારા શાખી નાણા પરિમાણનો વેપાર ઉદ્યોગની જરૂરિયાતો સાથે સકલન કરે છે. તે પરિમાણાત્મક અને ગુણાત્મક શાખ નિયંત્રણના સાધનો દ્વારા શાખનું નિયંત્રણ કરે છે. જ્યારે નાણાકીય નીતિના પરિમાણાત્મક શાખ નિયંત્રણના સાધનો નિષ્ફળ જાય ત્યારે ગુણાત્મક શાખ નિયંત્રણન સાધનોનો ઉપયોગ કરે છે. આ બંને સાધનોની કેટલીક મર્યાદાઓ છે. આમ છતાં રાજકોષીય અને નાણાકીય નીતિના સાધનોનું યોગ્ય સંચાલન કરવામાં આવે તો દેશના આર્થિક વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપી શકે. મધ્યસ્થ બેંક દર ત્રણ મહિનાના અંતે નાણાકીય નીતિની સમીક્ષા કરે છે અને વિવિધ જરૂરિયાત અનુસાર તેમના દરોમાં ફેરફારો કરે છે. જે દેશના આર્થિક વિકાસને આગળ લઈ જાય છે.*

## 14.5 ચાવીરૂપ શબ્દો ( Key Words):-

**નાણાકીય નીતિનો અર્થ** : *અમુક નિશ્ચિત હેતુઓને સિદ્ધ કરવા માટે નાણાકીય સાધનોના પ્રવાહને નિયમન કરવાની નીતિ.*

**શાખ નિયંત્રણ :** : *શાખ નિયંત્રણ એટલે શાખી. નાણાંનો વેપાર ઉદ્યોગની તેમજ અર્થતંત્રના અન્ય વિભાગોની જરૂરિયાતો સાથે સુમેળ સાધવો.*

**બેંકદર** : *જે દરે વેપારી બેંકના પ્રથમ પંક્તિના વિનિમયુ પત્રો અથવા માન્ય કરેલી જામીનગીરીઓને વટાવી આપે તે દર આ વ્યાખ્યાને સરળ શબ્દોમાં રામજાવો*

| | | |
|---|---|---|
| **રેપોરેટ** | **:** | *ભારતની રિઝર્વ બેંક ટૂંકાગાળા માટે જે વ્યાજના દરે વેપારી બેકને લોન આપે તે દર.* |
| **રિવર્સ રેપોરેટ** | **:** | *ભારતની રિઝર્વ બેંક ટૂંકાગાળા માટે વેપારી બેક પાસે જે વ્યાજના દરે લોન મેળવે તે દર.* |
| **રોકડ અનામત પ્રમાણ** | **:** | *વ્યાપારી બેંકો તેમની કુલ થાપણોના અમુક ટકા રકમ રિઝર્વ બેંકમાં રોકડ સ્વરૂપમાં જમા રાખે છે તે પ્રમાણ.* |
| **ખુલ્લા બજાર નીતિ** | **:** | *રિઝર્વબેંક ઓફ ઇન્ડિયા દ્વારા સરકારની જામીનગીરીઓની ખુલ્લા બજારમાં ખરીદી કે વેચાણ કરે તેને.* |

## 14.6બહુવિકલ્પ પશ્નો અને ઉત્તરો.(Multiple choice questions and answers)

- **તમારી પ્રગતિ ચકાસો**

**નીચે આપેલા પ્રશ્નોનો સાચો વિકલ્પ પસંદ કરો.**

1. *રિઝર્વબેંક ઓફ ઇન્ડિયાની સ્થાપના ક્યારે થઈ ?*
   *અ.*1935 *બ.* 1947
   *ક.*1949 *ડ.*1969
2. *રિઝર્વબેંકનું રાષ્ટ્રીયકરણ ક્યારે કરવામાં આવ્યું ?*
   *અ.* 1947 *બ.*1919
   *ક.*1956 *ડ.* 1972
3. *નાણાકીય નીતિનું ઘડતર કોણ કરે છે ?*
   *અ. સરકાર બ, મધ્યસ્થ બેંક*
   *ક. સ્ટેટ બેંક ડ. ખાનગી બેંક*
4. *હાલમાં બેંકદરનું પ્રમાણ કેટલા ટકા છે?*
   *અ.* 4 *ટકા બ.* 5.75*ટકા*
   *ક.* 6.75*ટકા ડ.* 8*ટકા*
5. *રિઝર્વબેંક ઓફ ઇન્ડિયા વ્યાપારી બેંકોને લોન આપે તેને કક્યો દર કહેવાય ?*
   *અ. બેંકદર બ. વ્યાજદર*
   *ક. રેપોરેટ ડ. રિવર્સ રેપોરેટ*
6. *મધ્યસ્થ બેંક વ્યાપારી બેંકો પાસેથી જે લોન મેળવે તેને કયો દર કહેવાય છે ?*
   *અ. બેંકદર બ. વ્યાજદર*
   *ક. રેપોરેટ ડ. રિવર્સ રેપોરેટ*
7. *હાલમાં રોકડ અનામતનું પ્રમાણ કેટલું છે ?*
   *અ.* 4 *ટકા બ.* 5.75*ટકા*
   *ક.* 6.75*ટકા ડ.* 8*ટકા*
8. *ખુલ્લા બજારમાં જામીનગીરીઓનું વેચાણ કોણ કરે છે ?*
   *અ. સરકાર બ. મધ્યસ્થ બેંક*
   *ક. સ્ટેટ બેંક ડ. ખાનગી બેંક*
9. *મધ્યસ્થ બેંકની નાણાકીય નીતિના શાખ નિયંત્રણના મુખ્ય સાધનો કેટલા છે ?*

*અ. બે* *બ. ત્રણ*

*ક. ચાર* *ડ. પાંચ*

**(બ) નીચેના વિધાનો ખરાં? છે કે ખોટાં તે જણાવો.**

1. *મધ્યસ્થ બેંકનું રાષ્ટ્રીયકરણ 1949માં કરવામાં આવ્યું હતું.*
2. *નાણાકીય નીતિનું ઘડતર મધ્યસ્થ બેંક દ્વારા કરવામાં આવે છે.*
3. *ભારતમાં નાણાકીય નીતિની સમીક્ષા મધ્યસ્થ બેંક દર ત્રણ મહિને કરે છે.*
4. *બેંકદરમાં ફેરફાર કરી શકાતો નથી.*
5. *શાખ નિયંત્રણના આદેશો મધ્યસ્થ બેંક આપે છે.*
6. *હાલમાં રોકડ અનામતનું પ્રમાણ 4% છે.*
7. *પરિમાણાત્મક શાખ નિયંત્રણના સાધનોને વિવેક યુક્ત પસંદગીના શાખ નિયંત્રણના સાધનો કહેવાય છે.*
8. *રિઝર્વ બેંકની નાણાકીય નીતિના શાખ નિયંત્રણના સાધનોના બે વિભાગો પાડવામાં આવ્યા છે.*
9. *ખુલ્લા બજારમાં મધ્યસ્થ બેંક જામીનગીરીનું ખરીદ-વેચાણ કરે છે.*
10. *શાખી નાણાંના પુરવઠાને નિયંત્રિત કરવા શાખ નિયંત્રણના સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે.*

**(ક) સ્વાધ્યાય**

(1) *નાણાકીય નીતિ એટલે શું?શાખ નિયંત્રણના હેતુઓ સમજાવો.*

(2) *મધ્યસ્થ બેંકની નાણાકીય નીતિના શાખ નિયંત્રણના પરિમાણાત્મક સાધનોની ચર્ચા કરો.*

(3) *મધ્યસ્થ બેંકની નાણાકીય નીતિના ગુણાત્મક શાખ નિયંત્રણના પગલાંઓની સમજણ આપો.*

(4) *મધ્યસ્થ બેંકની નાણાકીય નીતિના પરિમાણાત્મક અને ગુણાત્મક સાધનોની ચર્ચા કરો.*

(5) *શાખ નિયંત્રણના સાધનોની મર્યાદાઓ સમજાવો.*

**(ડ) ટૂંકનોંધ લખો.**

(1) *રિઝર્વ બેંકની નાણાકીય નીતિના હેતુઓ*

(2) *મધ્યસ્થ બેંકની બેંકદર નીતિ*

(3) *પરિમાણાત્મક શાખ નિયંત્રણના સાધનો*

(4) *ગુણાત્મક શાખ નિયંત્રણના સાધનો*

(5) *શાખ નિયંત્રણ સાધનોની મુશ્કેલીઓ*

(6) *રોકડ અનામત પ્રમાણ નીતિ*

(7) *ખુલ્લા બજારમાં જામીનગીરીઓનું વેચાણ*

❖ **સંદર્ભ (Reference):-**


1. The federal Reserve bank, Fund Mon[a]ary and Capital Markets (26 July 2023). Annual
2. Report on Exchange Arrangements and Exchange Restrictions 2022. International Monetary
3. Fund ISBN 979-8-4002-3526-9. Retrieved 12 August 2023.

4. Jumo up to “Expansionary &Contractionary Monetary Policy: In Plain English”. www.stlouisfed.org. Federal Reserve Bank of St. Louis. Retrieved 15 August 2023.
5. http://www.rbi.org.in
6. http//www.britanica.com.
7. H.G. Halm. Monetary Theory. ?
8. *પિર. આર.સી. જોશી અને અન્ય. સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર, પોપ્યુલર પરકાશન, સુરત* X 1
9. R.S.Sayers, Morder Banking.
10. *રિઝર્વબેંક ઓફ ઇન્ડિયાનો વાર્ષિક રિપોર્ટ*-2023-24
10. Must Reler APA style of references.
11. *આ પુસ્તકોનો સાંદાર્ય લઈને પુનઃ* ('¾k! nothing)
12. 1, H. L. Ahaja- Macro Economics,
13. 2. M. L. JinganMacko Economics.

## ❖ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**બહુવિકલ્પ પ્રશ્નોના ઉત્તર.**

| | | | | |
|---|---|---|---|---|
| (1)*અ.*1935 | (2)*બ.* 1949 | (3)*બ. મધ્યસ્થ બેંક.* | (4) 8. 6.75*ટકા* | (5)*ક. રેપોરેટ* |
| (6)*ડ. રિવર્સ રેપોરેટ* | (7)*અ.* 4 *ટકા* | (8) *બ. મધ્યસ્થ બેંક* | (9)*અ. બે* | |

**સાચા-ખોટા વિધાનોના ઉત્તર.**

| | | | | |
|---|---|---|---|---|
| (1)*ખોટું* | (2)*ખરું* | (3)*ખરું* | (4)*ખોટું* | (5)*ખરું* |
| (6)*ખરું* | (7)*ખોટું* | (8)*ખરું* | (9)*ખરું* | (10)*ખરું* |

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar, Opp. ShriBalaji Temple
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-93-5598-817-1